હરસ-મસા
ફીશર, ભગંદર
એપોઇન્ટમેન્ટ લઇને આવવું
પીયૂષપાણિ હોસ્પિટલ
બાલમુકુન્દ પ્લોટ, શેફાલી ટાવર પાછળ,
મંગલ ભવન ટાવર પાસે, નિર્મલા રોડ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૫૭૬૩૦૦ | મો : ૯૯૨૫૯ ૧૩૨૩૧

દરરોજ બપોરે પ્રિમીયમ
ગુજરાતી થાળી
મિઠાસ અને સ્વાદનો પર્યાય
બર્થ ડે પાર્ટી હોલ + સ્પેશ્યલ મેનુ સાથે
લકઝુરીયસ 39 ROOM
સાંજે પંજાબી-ચા.ઈન્ડીયન-ચાઈનીઝ-કોન્ટીનેન્ટલ મેનુ ઉપલબ્ધ
HOTEL KAVERY
PGVCL સામે, કનક રોડ,
બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ
63566 66777
63566 66333

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

બહારગામ

પાના : ૧૨
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

ઓછા ગોળની રૂા.૧૪૦ 450g
Pride of Rajkot
જલારામ ચીકી
Since 1962
સોની બજાર - ઈન્દીરા સર્કલ
લીમડા ચોક - કુવાડવા રોડ (કી-માર્ટ પાસે)

૪૧ વર્ષનો બહોળો અનુભવ ધરાવતી
હરસ,ભગંદર,ફીશરની
સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક ફોક્સ-વેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S. વી
આધુનિક સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
લાખો દર્દીઓની દવા અને પરેજીથી સફળ સારવાર

ફોન: ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪ ■ વર્ષ: ૪૯ ■ અંક: ૮૮ ■ 27 November 2026 ■ શુક્રવાર ■ કારતક વદ-૩/૪ ■ પ્રકાશન સ્થળ:અકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

પાટીદાર અનામત આંદોલનના પૂર્વ નેતાઓ વચ્ચે 'પોસ્ટર વોર': શાબ્દિક યુદ્ધ છેડાયું

બેઠકો ૫૪૩ રહેશે કે ૮૫૦ થશે ? મહિલા અનામત અંગે સંસદમાં ફરી છેડાશે રાજકીય યુદ્ધ

અમેરિકામાં થેંક્સગિવિંગની ઉજવણી પર વાવાઝોડાનો કહેર: ૯ લાખ ઘરોમાં અંધારપટ : ૪૦૦થી વધુ ફ્લાઇટસ રદ

47 YEARS OF EXCELLENCE
SRAMAYEVA JAYATHE
NARAYANA SCHOOLS

Proudly Launching
Our New Branch in
NANAMAVA-RAJKOT,
ON 29TH NOVEMBER 2026.

FULFIL DREAMS
TO EXCEL IN ACADEMICS,
SPORTS, AND LIFE.










Integrated curriculum- best of multiple boards
LIFE SKILLS
YOGA VEEKSHAN
nLearn Online learning app
nSports Age-appropriate sports curriculum
disha YOUR JOURNEY
nConnect Stay Connected, Stay Informed.

ADMISSIONS OPEN
NURSERY TO VII

NANAMAVA - RAJKOT
Survey No.-49,T.P.NO.-20, F.P.No.-28/1 & 28/2.
Satyam Park-1,B/H, Sayaji Hotel, Nana Mava Main Road,
Nana Mava Village, Rajkot, Gujarat-360005
Ph: 9247921595, 9978023499.

#YourDreamsAreOurDreams
1800 102 3344 narayanaschools.in

campaign

કચ્છના ઐતિહાસિક ગુરુદ્વારા લખપત સાહિબ ખાતે દિલજીત દોસાંજે ઝુકાવ્યું શીશ

ગુરુનાનક દેવજીના જ્યાં પાવન પગલાં થયા હતા એ પવિત્ર સ્થળ શ્રી લખપત સાહિબ ગુરુદ્વારાની જાણીતા ગાયક અને અભિનેતાએ મુલાકાત લઈને આધ્યાત્મિક વારસાને કર્યા નમન

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા ૨૭:.. ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વ ઐતિહાસિક ગુરુદ્વારા શ્રી લખપત સાહિબ કચ્છની ધરતી માત્ર કુદરતી સૌંદર્ય અને ધરાવતાં ધાર્મિક સ્થળોથી પણ સમૃદ્ધ છે. ખાતે જાણીતા ગાયક અને અભિનેતા દિલજીત સાંસ્કૃતિક વારસાથી જ નહીં, પરંતુ આવી જ પવિત્ર ધરતી પર આવેલા દોસાંઝે શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. રણોત્સવ બાદ તેમણે ગુરુદ્વારાની મુલાકાત લઈ ગુરુ નાનક દેવજી મહારાજની પાવન સ્મૃતિ સાથે જોડાયેલા આ સ્થળના ઈતિહાસ અને આધ્યાત્મિક મહત્ત્વ વિશે જાણકારી મેળવી હતી.

દિલજીત દોસાંઝે ગુરુદ્વારા સાહિબ ખાતે નતમસ્તક થઈ ગુરુઘરની આશીર્વાદી પ્રાપ્તિ કરી હતી. ગુરુ નાનક દેવજી મહારાજના ચરણસ્પર્શથી પવિત્ર બનેલી આ ભૂમિની આધ્યાત્મિક મહત્તા, ઐતિહાસિક ગૌરવ અને સેવાભાવની પરંપરા વિશે જાણીને તેઓ અભિભૂત થયા હતા.

આ મુલાકાતનું વિશેષ મહત્ત્વ એ પણ રહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલજીત દોસાંઝ સાથેના સંવાદ દરમિયાન ગુરુદ્વારા શ્રી લખપત સાહિબના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. જેના પગલે આ પવિત્ર સ્થળ ફરી એકવાર દેશભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૧ માં આવેલા વિનાશક ભૂકંપ બાદ ગુરુદ્વારા પરિસરની જાળવણી, પુનઃસ્થાપન અને સંરક્ષણ માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી રહેલા અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન આ ઐતિહાસિક ધરોહરના પુનઃનિર્માણ અને જાળવણીની કામગીરીને વેગ મળ્યો હતો. ગુજરાત સરકાર દ્વારા આશરે રૂ. ૫ કરોડની માતબર રકમ ફાળવી ગુરુદ્વારા પરિસરના નવીનીકરણ તથા નૂતન ભવનના નિર્માણની કામગીરી પણ કરવામાં આવી હતી. આજે ગુરુદ્વારા શ્રી લખપત સાહિબ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બન્યું છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં દર્શનાર્થે આવે છે અને આ પવિત્ર સ્થળના ઐતિહાસિક વારસાને નિહાળે છે.

દિલજીત દોસાંઝની મુલાકાત દરમિયાન ગુરુદ્વારા પ્રબંધક સમિતિ દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમિતિના જુગરાજસિંહ (રાજુભાઈ સરદાર), જગતારસિંહ ગિલ, સૌદાગરસિંહ, રણજીતસિંહ સૈની, નિર્મલજીતસિંહ, સુખચૈનસિંહ, ગુરજીતસિંહ અને હરનામસિંહ સહિતના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વવિખ્યાત કલાકાર દિલજીત દોસાંઝની આ આધ્યાત્મિક મુલાકાતથી ગુરુદ્વારા શ્રી લખપત સાહિબના ગૌરવશાળી ઈતિહાસ, ગુરુ નાનક દેવજી સાથેના ઐતિહાસિક સંબંધો અને કચ્છની સમૃદ્ધ આધ્યાત્મિક વિરાસતને રાષ્ટ્રીય તથા વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પ્રસંગ ઉમેરાયો છે. (પ-૭)



કરોડોના બે મોલ પણ સમાજસેવા માટે આપી દીધા

દાનવીર હોય તો આવા! દરરોજ કરે છે એક લાખ રૂપિયાનું દાન



સોનીપત: તા.૨૭: ભારતીય સંસ્કૃતિમાં દાનને સૌથી મોટાં પુણ્યકાર્યોમાંનું એક માનવામાં આવે છે. હરિયાણાના સોનીપતમાં રહેતા શશિકાંત કૌશિક પોતાની દાનવૃત્તિને કારણે ચર્ચામાં છે. તેઓ દરરોજ સરેરાશ એક લાખ રૂપિયા દાન કરતા હોવાનો દાવો કરે છે. તેમણે કરોડોની કિંમતના બે મોલ સમાજસેવા માટે સમર્પિત કર્યા છે. અહીં ગરીબ બાળકો માટે લાઈબ્રેરી અને આંખની હોસ્પિટલ પણ ચલાવવામાં આવે છે. શશિકાંત રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે જોડાયેલા છે અને ભાજપના પૂર્વ ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે.

શશિકાંતનો જન્મ ચુલકાના ગામમાં થયો હતો. તેમના પિતા શિક્ષક હતા. તેમણે જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો હતો. શરૂઆતના ૧૦થી ૧૨ વર્ષ સુધી વ્યવસાય અને રાજકારણમાં નિષ્ફળતાઓનો સામનો કરવો પડ્યો હતો. તેઓ પોતાને ભગવાનના કામમાં માત્ર એક માધ્યમ માને છે. તેમના જણાવ્યા અનુસાર, ભગવાન તેમને સંપત્તિ આપે છે અને તેઓ જરૂરિયાતમંદો સુધી પહોંચાડે છે.

શશિકાંત વ્યવસાયે બિલ્ડર છે. એક સમયે તેમણે ૪૦ હજાર રૂપિયાનો પ્લોટ વેચીને રેતી-કપચીનો ધંધો શરૂ કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, ૨૦૦૮ આસપાસ તેમના જીવનમાં એક મોટું પરિવર્તન આવ્યું અને તેમણે કમાણીનો એક હિસ્સો સમાજસેવા માટે સમર્પિત કરવાનો નિર્ણય લીધો. કોરોના દરમિયાન તેમણે ફૂડ વાન શરૂ કરી હતી, જેના દ્વારા ૨,૦૦૦ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શશિકાંતના જણાવ્યા અનુસાર, તેઓ ૫૦૦ બાળકોને મદદ કરે છે અને સારી આદતો કેળવવા માટે દરેક બાળકને ૫૦૦ રૂપિયા આપે છે. કરોડોના મોલમાં લાઈબ્રેરી ચલાવવા ઉપરાંત તેમણે મિત્રો અને સંબંધીઓનાં બાળકોના નામે પણ **FD** કરાવી છે. તેઓ દર અઠવાડિયે એક દિવસ સંબંધીઓને મળવા માટે ફાળવે છે. શશિકાંતનું કહેવું છે કે તેઓ કોઈનું ખરાબ વિચારતા નથી અને પોતાનું જીવન વધુ સારું બનાવવાની સાથે બીજાની મદદ કરવાનો પ્રયાસ કરે છે.(૪૧.૬)

કરોડો રૂપિયાના દાનને ગુપ્ત રાખવા વિનંતી કરી

એક ભક્તે સાંઈ બાબાના ચરણોમાં અમૂલ્ય હાર મૂક્યો

બીજા ભક્તે સાંઈ બાબાના ચરણોમાં ૨ કિલો ચાંદીના બિસ્કિટ પણ અર્પણ કર્યા



શિરડી, તા.૨૭: દેશના મુખ્ય તીર્થસ્થળોમાંના એક, શિરડીમાં સાંઈ બાબા મંદિરમાં ભક્તો નિયમિતપણે કિંમતી ભેટ અર્પણ કરે છે. તાજેતરમાં, એક ભક્તે આવી કિંમતી ભેટ અર્પણ કરી. આ એક સુંદર અને કિંમતી હીરા જડિત સોનાનો હાર છે, જેની કિંમત ટ્રસ્ટ દ્વારા રૂ.૧ કરોડ આંકવામાં આવી છે. બીજા ભક્તે સાંઈ બાબાના ચરણોમાં ૨ કિલો ચાંદીના બિસ્કિટ પણ અર્પણ કર્યા છે.

નામ ગુપ્ત રાખવા વિનંતી: કિંમતી હાર અને ચાંદીના બિસ્કિટ અર્પણ કરનારા બંને ભક્તોએ નામ ન આપવાની વિનંતી કરી છે. કિંમતી હારનું દાન કરનાર ભક્ત મુંબઈનો હોવાનું જાણવા મળે છે. તેણે સાઈ બાબાના ચરણોમાં કિંમતી હાર અર્પણ કર્યો અને મંદિર ટ્રસ્ટને પોતાનું નામ ગુપ્ત રાખવા વિનંતી કરી.

એ જ રીતે, ચાંદીના બિસ્કિટનું દાન કરનાર બીજા ભક્તે પણ પોતાનું નામ ગુપ્ત રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ૨ કિલો ચાંદીના બિસ્કિટની કિંમત રૂ.૩૭,૦૦૦ હોવાનું કહેવાય છે. એવું કહેવાય છે કે તેની ઈચ્છા પૂર્ણ થયા પછી, ભક્તે સાઈ બાબા મંદિરમાં ૨ કિલો ચાંદીનું દાન કર્યું.

હાર પર હીરા 'ઓમ' ડિઝાઇન: કરીને દેશભરમાં હલચલ મચાવી હતી. મુંબઈના ભક્ત દ્વારા અર્પણ કરાયેલ સોનાનો હાર કિંમતી પથ્થરોથી જડિત છે. તેમાં અસંખ્ય હીરા અને હીરા 'ઓમ' ડિઝાઇન છે. આ હાર માત્ર કિંમતી જ નહીં પણ અત્યંત સુંદર પણ છે. **IANS** ના અહેવાલ મુજબ, મંદિર ટ્રસ્ટના **CEO** ગોરક્ષ ગાડિલકરે જણાવ્યું હતું કે બપોરની આરતી દરમિયાન સાઈ બાબાને હાર અર્પણ કરવામાં આવ્યો હતો.

સાઈ બાબા મંદિર ટ્રસ્ટ, વિશાળ અન્નછત્ર ચલાવવા ઉપરાંત, વિવિધ સખાવતી પ્રવૃત્તિઓ પણ કરે છે, જેમાં બે હોસ્પિટલો, ભક્ત નિવાસસ્થાનો અને શિક્ષણ સંકુલ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. આ સુવિધાઓ જાળવવા માટે મોટી રકમનું દાન વપરાય છે.

તિરુમાલા મંદિરમાં ભક્ત ૧૨૧ કિલોગ્રામ દાગીના અર્પણ: અગાઉ, તિરુમાલા મંદિરમાં એક ભક્તે ૧૨૧ કિલોગ્રામ સોનાના દાગીના અર્પણ આ ઐતિહાસિક દાનની વ્યાપક ચર્ચા થઈ રહી છે. શ્રી વેંકટેશ્વર સ્વામીને અર્પણ કરાયેલા ૧૨૧ કિલોગ્રામ સોના અને કિંમતી પથ્થરના દાગીનાની કિંમત રૂ.૨૦૭ કરોડ હોવાનો અંદાજ છે. ભક્તો વર્ધમાન જૈન અને રાધિકા જૈને તેમના પરિવારો સાથે આ અમૂલ્ય ભેટ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ને અર્પણ કરી. ચંદ્રબાબુ નાયડુની હાજરીમાં મંદિર ટ્રસ્ટને સોંપવામાં આવ્યું હતું.

તેમાં ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી માટે ૪૬ ઉત્કૃષ્ટ રીતે બનાવેલા આભૂષણો છે. ૨૪ કેરેટ સોનાથી બનેલા, આ આભૂષણો હીરા, નીલમ, પોખરાજ, માણેક અને નીલમણિ જેવા કિંમતી પથ્થરોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા છે. આ આભૂષણોમાં ૧૦૬ કિલોગ્રામ સોનું છે, અને બાકીના ૧૫ કિલોગ્રામનો ઉપયોગ તિરુચાનુર મંદિરમાં સ્થાપિત દેવી માટે શ્રી પદ્મવતી અમ્માવરી વસ્ત્રમ બનાવવા માટે કરવામાં આવશે.(૨૩.૯)

સમિતિએ જૂન ૨૦૨૪માં રિપોર્ટ સુપરત કર્યો પણ હજુ નિર્ણય નહીં

૨૦૧૭માં નક્કી થયેલા ફીના ધોરણોને ૯મું વર્ષ છતાં યથાવત

પ્રાથમિક વિભાગ માટે વાર્ષિક રૂ. ૧૫ હજાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહ માટે રૂ. ૩૦ હજારની ફીની મર્યાદા બાંધવામાં આવી હતી

અમદાવાદ, તા.૨૭: રાજ્યની ખાનગી શાળાઓની ફી નિર્ધારણની પ્રક્રિયા હાલ સરકારની ઉદાસીનતા અને ઢીલી નીતિનો ભોગ બની રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. વર્ષ ૨૦૧૭માં રાજ્ય સરકારે ખાનગી સ્કૂલો માટે ફીના જે સ્લેબ નક્કી કર્યા હતા, તેને આજે નવમું વર્ષ ચાલી રહ્યું છે, પરંતુ તેમાં એક રૂપિયાનો પણ ફેરફાર કરાયો નથી. આશ્ચર્યની વાત એ છે કે ફીના સ્લેબમાં સુધારો કરવા માટે રચાયેલી સમિતિએ પોતાનો અહેવાલ સરકારને સુપરત કર્યાને પણ લગભગ અઢી વર્ષ જેટલો સમય વીતી ગયો છે, છતાં આ અહેવાલ શિક્ષણ વિભાગના કબાટમાં ધૂળ ખાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

રાજ્યમાં ફી નિર્ધારણ કાયદો અમલમાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૭માં સરકારે ખાનગી શાળાઓ માટે ત્રણ મુખ્ય સ્લેબ નક્કી કર્યા હતા. આ નિયમ મુજબ, પ્રાથમિક વિભાગ માટે વાર્ષિક રૂ. ૧૫ હજાર, માધ્યમિક અને



ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહ માટે રૂ. ૩૦ હજારની ફીની મર્યાદા બાંધવામાં આવી હતી. જોકે, સમય જતાં મોંઘવારી, શિક્ષકોના પગાર અને શાળાના નિભાવ ખર્ચમાં સતત વધારો થવા છતાં ફીના આ માળખામાં કોઈ સુધારો કરાયો નહોતો. લાંબા સમયથી ફીના સ્લેબ યથાવત રહેતા ખાનગી શાળાના સંચાલક મંડળોએ રાજ્ય સરકાર સમક્ષ અનેક વખત રજૂઆત કરી ફીમાં વધારો કરવાની માગ કરી હતી. સંચાલકોની સતત રજૂઆતો અને માગણીઓને ધ્યાનમાં રાખીને આખરે જૂન ૨૦૨૩માં શિક્ષણ વિભાગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી હતી. આ સમિતિમાં રાજ્યના ચાર મુખ્ય મહાનગરના જિલ્લા શિક્ષણાધિકારીને પણ સભ્ય તરીકે સામેલ કરાયા હતા. સમિતિની રચના બાદ ફીના સ્લેબમાં સુધારણા અંગે સંચાલકો અને સામાન્ય નાગરિકો પાસેથી પણ સૂચનો મગાવાયા હતા.

તમામ પાસાઓનો અભ્યાસ અને સૂચનોની ચકાસણી કર્યા બાદ શિક્ષણ બોર્ડના તત્કાલિન સચિવે જૂન ૨૦૨૪માં એક વિસ્તૃત અહેવાલ શિક્ષણ વિભાગને સુપરત કર્યો હતો. સંચાલકોને આશા હતી કે અહેવાલ રજૂ થયા બાદ નવા શૈક્ષણિક સત્રથી ફીના સ્લેબમાં સુધારો થશે, પરંતુ, જૂન ૨૦૨૪માં રિપોર્ટ સોંપાયા બાદ અઢી વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં સરકારે આ મામલે કોઈ જ નક્કર નિર્ણય લીધો નથી.

શિક્ષણ જગતમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે જો સરકારને કોઈ નિર્ણય લેવો જ નહોતો તો સમિતિની રચના અને લોકો પાસેથી સૂચનો મગાવવાની કવાયત શા માટે કરવામાં આવી? ફીના જૂના સ્લેબ જ અમલમાં છે, જેને કારણે શાળા સંચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.(૩૬.૪)

૮મા પગાર પંચ: ૩.૧૮,૦૦૦ નો લઘુત્તમ મૂળ પગાર આશરે ૩.૩૩,૦૦૦ થશે: ૩.૩.૪૦ લાખ સુધીનું એરિયર્સ મળશે

કર્મચારીઓના પગારમાં દર મહિને સરેરાશ ૩.૧૫,૪૦૦નો વધારો થઈ શકે છે



નવી દલ્હી: તા.૨૭: ૮મા પગાર પંચ અંગે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મહત્વપૂર્ણ સમાચાર છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેપી મોર્ગન અનુસાર, ૮મા પગાર પંચની ભલામણો લાગુ થયા પછી, કર્મચારીઓ અને પેન્શનરોને દર મહિને સરેરાશ વધારાના રૂ.૧૫,૪૦૦ મળી શકે છે. વધુમાં, દરેક લાભાર્થીને સરેરાશ રૂ.૩.૪૦ લાખ જેટલું એરિયર્સ મળવાની ધારણા છે.

જેપી મોર્ગને તેના ઈન્ડિયા ઈક્વિટી સ્ટ્રેટેજી રિપોર્ટ ૨૦૨૭ માં આ અંદાજ રજૂ કર્યો છે. રિપોર્ટ અનુસાર, આશરે ૧૨ મિલિયન કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને ૮મા પગાર પંચનો લાભ મળશે. નાણાકીય વર્ષ ૨૦૨૮ અને ૨૦૨૯ વચ્ચે પગાર, ભથ્થાં અને પેન્શન માટે સરકાર પર વધારાનો બોજ કુલ રૂ.૭.૨ લાખ કરોડ હોવાનો અંદાજ છે.

જેપી મોર્ગને તેના અંદાજ ૧.૮૩ ના ફિટમેન્ટ ફેક્ટર પર આધારિત છે. આ હેઠળ, રૂ.૧૮,૦૦૦ નો વર્તમાન લઘુત્તમ મૂળભૂત પગાર લગભગ રૂ.૩૩,૦૦૦ સુધી વધી શકે છે. બ્રોકરેજ જણાવે છે કે ૧.૮૩ ફિટમેન્ટ ફેક્ટર કાગળ પર મૂળભૂત પગારમાં ૮૩ ટકાનો વધારો કરશે, પરંતુ તેમાં ૬૦ ટકા મોંઘવારી ભથ્થું (DA) પણ શામેલ હશે. પરિણામે, કર્મચારીઓ માટે વાસ્તવિક પગાર વધારો લગભગ ૧૪ ટકા હોવાનો અંદાજ છે.

કેન્દ્રીય કર્મચારી સંગઠનોએ ૮મા પગાર પંચ સમક્ષ ૩.૮૩ ફિટમેન્ટ ફેક્ટરની માંગણી કરી છે. જો મંજૂરી મળે તો લઘુત્તમ મૂળ પગાર રૂ.૧૮,૦૦૦ થી વધીને આશરે રૂ.૬૯,૦૦૦ થઈ શકે છે. વધુમાં, કર્મચારી સંગઠનોએ વાર્ષિક પગાર વધારા દરમાં વર્તમાન ૩% થી ૬% વધારો કરવાની પણ માંગણી કરી છે.

જેપી મોર્ગનનો અંદાજ છે કે ૮મા પગાર પંચની ભલામણો ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવી શકે છે, જ્યારે વધેલા પગારની ચુકવણી નવેમ્બર ૨૦૨૭ થી શરૂ થઈ શકે છે. આ સ્થિતિમાં, જાન્યુઆરી ૨૦૨૬ થી ઓક્ટોબર ૨૦૨૭ સુધીના ૨૨ મહિનાના બાકી બાકી રકમ ઊભી થશે.

બ્રોકરેજ મુજબ, કુલ બાકી રકમ આશરે રૂ.૪ લાખ કરોડ હોઈ શકે છે. તે બે નાણાકીય વર્ષોમાં ચૂકવવાનો અંદાજ છે. ૪૦% નાણાકીય વર્ષ ૨૦૨૮ માં અને બાકીના ૬૦% નાણાકીય વર્ષ ૨૦૨૯ માં ચૂકવવાની અપેક્ષા છે.

આ પણ વાંચો: કર્મચારીઓ ૬% વાર્ષિક પગાર વધારો, ૫ પ્રમોશન અને ૨૩ રૂ.૧૫ લાખ વીમા કવરની માંગ કરે છે જોકે, આ જેપી મોર્ગનનો અંદાજ છે. સરકારે હજુ સુધી પગાર સુધારણા અને બાકી ચૂકવણીની અસરકારક તારીખને અંતિમ સ્વરૂપ આપ્યું નથી. ૮મું પગાર પંચ મે ૨૦૨૭ સુધીમાં તેનો અહેવાલ સુપરત કરવાનું છે. ત્યારબાદ સરકાર પગાર વધારો અને બાકી ચૂકવણી અંગે નિર્ણય લેશે.(૪૧.૧૩)

શ્રી જામદુધઈ યુવક મંડળ - રાજકોટ દ્વારા વિદ્યાર્થી સન્માનનું પણ આયોજન

રાજકોટમાં વસતા જામદુધઈ ગામના સર્વજ્ઞાતિજનોનું રવિવારે સ્નેહ મિલન

રાજકોટ: શહેરમાં વસતા જામદુધઈ ગામના સર્વજ્ઞાતિજનોના સ્નેહમિલનની વર્ષ-૨૦૧૨ થી શરૂઆત કરવામાં આવેલ છે. આ વર્ષે પણ સ્નેહમિલન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સરસ્વતી સન્માન, રાસ ગરબા તથા સમુહ ભોજનનું આયોજન તા. ૨૯ ને રવિવારના રોજ કરવામાં આવેલ હોવાનું કારોબારી સમિતિ, શ્રી જામદુધઈ યુવક મંડળ, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

કાર્યક્રમની ઝલક: જામ દુધઈ ગામના સર્વજ્ઞાતિ પરિવારના સભ્યોને આવકાર, હોદેદારો, અધ્યક્ષ, સહયોગીઓ તથા મહેમાનોને આવકાર અને સ્ટેજ પર સ્થાન ગ્રહણ, દિપ પ્રાગટ્ય તથા સંતશ્રી ગોપાલદાસબાપુની સમુહ આરતી, અધ્યક્ષ, સહયોગીઓ તથા મહેમાનોનું સન્માન, ધોરણ ૧ થી કોલેજના વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, કાર્યક્રમને અનુરૂપ ટુંકું શાબ્દિક પ્રવચન, આભાર વિધી, સ્વરૂચિ સમુહ ભોજન વધુ માહિતી માટે મનસુખભાઈ પરમાર, મો.૯૪૨૬૭ ૮૩૦૬૭, ડાયાભાઈ વિરડા, મો. ૯૮૭૬૩ ૯૬૩૩૦ નો સંપર્ક સાધવો. તા.૨૯, રવિવાર, સમય: સાંજે ૪:૩૦ કલાકે, સ્થળ: શ્રી રંગીલા હનુમાનજી મંદિર, કોઠારીયા મેઈન રોડ, વિવેકાનંદ શેરી નં. ૧૪, આંબેડકર ભુવનની સામે, રાજકોટ (૩૫-૮)



ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રધ્ધાંજલી
સ્વ. ત્રિભોવનદાસ
મૂળજીભાઈ આહ્યા
સ્વ. તા. ૨૭/૧૧/૨૦૨૩, સોમવાર

"જગતની દરેક સમૃધ્ધિ અમોને મળે પરંતુ કલ્પવૃક્ષ સમી આપની પ્રેમાળ છાંયા ક્યાંય ના મળે" આપ અમારા સાચા પથદર્શક અને પ્રેરકબળ હતા, આપનો મિલનસાર અને લાગણીશીલ સ્વભાવ કાયમ અમારી આસપાસ સુવાસ બનીને આર્શિવાદ રૂપે પ્રસરતો રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
ગં.સ્વ. પ્રભાબેન ત્રિભોવનદાસ આહ્યા
તથા સમગ્ર આહ્યા પરિવાર

MANISH ADS



દુઃખદ અવસાન - બેસણું
સ્વ. મહેન્દ્રભાઈ
ધીરજલાલ રાણપરા
સ્વ. તા. ૨૬-૧૧-૨૦૨૬, ગુરૂવાર
(ઉ.વ. - ૬૪)
મું. ટંકારાવાળા, હાલ રાજકોટ
ગો.વા. મોહનલાલ રાજશીભાઈ રાણપરાવાળા
સ્વ. ધીરજલાલ મોહનલાલ રાણપરાના પુત્ર તે હીરેનભાઈ, જીજ્ઞેશભાઈ ના પિતા, મહેન્દ્રભાઈ ધીરજલાલ રાણપરા (ઉ.વ. ૬૪) તા. ૨૬-૧૧-૨૦૨૬ ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

સાથ ભલે છોક્યો તમે અમે તમને ભુલવાના નથી, તમારી ખોટ કદીયે પુરાશે નહી, તમારો હસમુખો ચહેરો, પ્રેમાળ સ્વભાવ, ઉદાર પરોપકારી વૃત્તિ કૌટુંબીક ભાવના હર હંમેશા યાદ રહેશે.પ્રભુ તમાસ દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સદગતનું બેસણુ
તારીખ : ૨૮-૧૧-૨૦૨૬ શનિવાર
સ્થળ : વાધેશ્વરી વાડી, યુનીટ નં. ૪, રામનાથપરા, રાજકોટ
સમય : સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાકે

હિરેનભાઈ - મો. ૯૪૨૭૫ ૬૪૭૪૮, જીજ્ઞેશભાઈ - મો. ૮૮૬૬૧ ૮૮૬૬૮

PINTU

દુઃખદ અવસાન શ્રદ્ધાંજલી
ઉઠમણું બેસણું ની જાહેરાતનો દર
₹.૪૦૦/- (અંદરના પાને)
સાઇઝ ૫ સે.મી. ×૨ કોલમ
અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ
વધારાના પ્રત્યેક
એક કોલમ સે.મી.ના રૂા.૧૨૦
+ 5 % GST EXTRA
અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો. તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક સાધી શકો છો.

સવારે ચા ની સાથે
અકિલા
www.akilanews.com
વાચકોએ નોંધ લેવી
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક: અકિલા

અવસાન નોંધ

મહેન્દ્રભાઇ રાણપરા

રાજકોટ: ગો.વા. મોહનલાલ રાજશીભાઈ રાણપરાવાળા સ્વ. ધીરજલાલ મોહનલાલ રાણપરાના પુત્ર, તે હિરેનભાઈ, જીજ્ઞેશભાઈના પિતા મહેન્દ્રભાઈ ધીરજલાલ રાણપરા (ઉ.વ. ૬૪)નું તા.૨૬ ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૮, શનિવારે સ. ૧૦:૩૦ થી ૧૨ વાધેશ્વરવાડી, રામનાથપરા, રાજકોટ ખાતે રાખેલ છે. (૩૫-૬)

વસંતબેન કાટબામણા

જુનાગઢ: બ્રહ્મક્ષત્રિય અ.સૌ. વસંતબેન હરિલાલ કાટબામણા (ઉ.વ. ૭૦) તે હરિલાલ ડાયાલાલ કાટબામણા (નિવૃત પા.પૂ બોર્ડ)ના ધર્મપત્ની તથા અરુણ કાટબામણા (પા.પૂ બોર્ડ જુનાગઢ) નયનાબેન વીંછી (સુરત), પલ્લવીબેન સોનેજી (રાજકોટ), મીનાબેન પડિયા (સુરત) ના માતુશ્રી અને અમૃતલાલ કાટબામણા ના ભાભી અને શ્રેયાંશ, અંશ ના દાદીમાં તા. ૨૬/૧૧/૨૦૨૬ ગુરુવાર ના શ્રીજી ચરણ પામેલ છે. સદગત ની પ્રાર્થનાસભા, તા.૨૭ શુક્રવાર, બપોરે ૪.૩૦ થી ૬.૦૦, શ્રી ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ, રેલ્વે ફાટક પાસે, ગાંધીગ્રામ મેઈન રોડ, જુનાગઢ ખાતે રાખેલ છે.(મો.નં. ૮૪૬૦૦ ૨૫૩૫૨, મો.નં. ૭૫૭૩૦ ૪૯૪૫૦)

કુત્બુદીનભાઈ માંકડા

રાજુલા: મ. કુત્બુદીનભાઈ ગુલામહુસેન માંકડા (બુરહાની ફોટો ફ્રેમ) (ઉ.વ. ૫૮) તે મ.મોઈઝભાઈ ના નાનાભાઈ, ફાતેમાબેન (બાબરા), અમતુલ્લાબેન (લીમડી), મુસ્તુફા ના બાવાજી, તથા નીલોફર બેન (બાબરા), મુનીરાબેન (રાજકોટ), રજીયાબેન (અમદાવાદ-વટવા), સલમાબેન (કરાચી) ના ભાઈ, શબ્બીર તથા સકીનાબેન (લીમડી) ના કાકા તા.૨૬ ને ગુરૂવાર ના રોજ રાજુલા મુકામે વફાત થયેલ છે. તેમના જીયારતના સીપારા તા. ૨૮ શનિવારના રોજ બપોરના ૧૨ કલાકે મસ્જીદમાં રાજુલા ખાતે મરદો-બૈરોના સાથે રાખેલ છે.(૬.૬)

આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥
વિક્રમ સંવત-૨૦૮૩
વીર સંવત ૨૫૫૩
શાલિવહન શક-૧૯૪૮
ઇસ્વીસન-૨૦૨૬
તા.૨૮-૧૧-૨૦૨૬ શનિવાર
કારતક વદ-૫
જૈન સુવિધિનાથ
જન્મ કલ્યાણક

આજના ગ્રહો
સૂર્ય-વૃશ્ચિક
ચંદ્ર-મિથુન
મંગળ-સિંહ
બુધ-તુલા
ગુરૂ-સિંહ
શુક્ર-તુલા
શનિ-મીન
રાહુ-કુંભ
કેતુ-સિંહ
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલ્ટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

સૂર્યોદય-૭-૦૯
સૂર્યાસ્ત- ૬-૦૦
જૈન નવકારશી- ૭-૫૭
ચંદ્ર રાશિ : મિથુન (ક.છ.ઘ.)
૭-૨૪ થી કર્ક (ડ. હ.)

નક્ષત્ર-પુનર્વસ
રાહુ કાળ ૯-૫૨ થી ૧૧-૧૩
દિશાશૂળ-પૂર્વ
માંગલિક કાર્યોનો શુભ સમય
અભિજિત વિજય મુહુર્ત
૧૨-૧૩ થી ૧૨-૫૬ સાંજનો શુભ સમય ૧૮-૦૧ થી ૨૦-૩૫ સુધી
૮-૩૦ થી શુભ ૯-૫૨ સુધી ૧૨-૩૫ થી ચલ-લાભ-અમૃત ૧૬-૩૯ સુધી
૧૮-૦૧ થી લાભ ૧૯-૩૯ સુધી
૨૧-૧૮ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૪ સુધી

શુભ હોરા
૮-૦૩ થી ૮-૫૭ સુધી ૧૦-૪૩ થી ૧૩-૨૯ સુધી ૧૪-૨૩ થી ૧૫-૧૮ સુધી, ૧૭-૦૬ થી ૨૦-૧૨ સુધી

બ્રહ્માંડના સીતારા
જન્મ કુંડલીમાં સૂર્યની સાથે શનિ હોય તો શું ફળાદેશ કરવું. સૂર્યને પિતા કારકનો ગ્રહો માનવામાં આવે છે. અને શનિને પુત્રનો ગ્રહ માનવામાં આવે છે. ઘણી વખત શનિ

૧૦૦ વર્ષમાં પ્રથમવાર મેસીની પરેડ સ્થગિત: ૧૦૦ કિમી ક્લાક્ની ઝડપે આવેલા વાવાઝોડાએ ક્રોડોના ઘરો અને વાહનો તણાઈ ગયા

અમેરિકામાં થેંક્સગિવિંગની ઉજવણી પર વાવાઝોડાનો કહેર: ૯ લાખ ઘરોમાં અંધારપટ : ૪૦૦થી વધુ ફ્લાઇટસ રદ

પેન્સિલવેનિયા-વર્જિનિયામાં વીજળી ગુલ: ન્યૂજર્સીમાં કટોકટી જાહેર: ૨,૨૦૦થી વધુ ફ્લાઇટ્સ મોડી પડતાં લાખો મુસાફરો રઝળી પડ્યા







વોશિંગ્ટન, તા.૨૭: અમેરિકામાં 'થેંક્સગિવિંગ'ના તહેવારની ઉજવણી વચ્ચે કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દેશના પૂર્વીય અને મધ્યપશ્ચિમ ભાગોમાં ત્રાટકેલા ભયંકર વાવાઝોડા, મુશળધાર વરસાદ અને દરિયાકાંઠાના પૂરે જનજીવન સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. આ કુદરતી આફતને કારણે ૯ લાખથી વધુ ઘરો અને વ્યવસાયોમાં વીજળી ગુલ થઈ ગઈ છે, જ્યારે હવાઈ મુસાફરી ઠપ થતાં ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી છે.

ભારે પવન અને ખરાબ હવામાનના જોખમને ધ્યાનમાં રાખીને ન્યૂયોર્કની જગવિખ્યાત વાર્ષિક 'મેસીની થેંક્સગિવિંગ પરેડ' શનિવાર સુધી મુલતવી રાખવામાં આવી છે. આ પરેડના વિશાળકાય ફુગ્ગાઓ મુખ્ય આકર્ષણ હોય છે, પરંતુ તેજ પવનને કારણે અકસ્માતનો ભય હોવાથી આ નિર્ણય લેવાયો છે. પરેડના ૧૦૦ વર્ષના ઈતિહાસમાં હવામાનને કારણે તે મુલતવી રાખવામાં આવી હોય તેવી આ પ્રથમ ઘટના છે (અગાઉ માત્ર બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ત્રણ વર્ષ પરેડ બંધ રહી હતી). આયોજકોએ કલાકારો અને દર્શકોની સુરક્ષાને સર્વોપરી ગણાવી છે. ઉલ્લેખનીય છે કે ૧૯૯૭માં ભારે પવનને કારણે ૧૮ ફૂટ ઊંચું 'કેટ ઈન ધ હેટ' બલૂન લેમ્પપોસ્ટ સાથે અથડાતા એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ બેભાન થઈ ગઈ હતી, જેવી દુર્ઘટના ટાળવા આ તકેદારી લેવાઈ છે.

વીજળીની સ્થિતિ પર નજર રાખતી વેબસાઈટ 'પાવરઆઉટેજ'ના આંકડા મુજબ, ભારે પવન અને વરસાદથી જમીન પોચી પડતા ઠેર-ઠેર વૃક્ષો ઘરો અને વીજળીની લાઈનો પર ધરાશાયી થયા છે. જેના પરિણામે ૯,૦૦,૦૦૦થી વધુ ગ્રાહકો અંધારામાં ધકેલાયા છે. સૌથી વધુ ગંભીર અસર પેન્સિલવેનિયા, મેરીલેન્ડ અને વર્જિનિયામાં જોવા મળી છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા ન્યૂ જર્સીના ગવર્નર મિકી શેરિલે કટોકટીની સ્થિતિ (સ્ટેટ ઓફ ઈમરજન્સી) જાહેર કરી છે અને નાગરિકોને તૂટેલા વીજ વાયરોથી દૂર રહેવા તથા ફોન ચાર્જ રાખવા અપીલ કરી છે. બીજી તરફ, મેરીલેન્ડમાં પાણી પુરવઠો ખોરવાવાની આશંકાએ અંદાજે ૨૦ લાખ લોકોને નળના પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા સૂચના અપાઈ છે અને જોરદાર પવનને કારણે અનેક મોટા પુલ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા છે.

અમેરિકન ઓટોમોબાઈલ એસોસિએશનના અંદાજ મુજબ, થેંક્સગિવિંગની રજાઓમાં ૮૧.૫ મિલિયન (૮ કરોડથી વધુ) અમેરિકનો મુસાફરી કરવાના હતા. પરંતુ તોફાને મુસાફરોના આયોજન પર પાણી ફેરવી દીધું છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટઅવેર અનુસાર, ગુરુવારે સમગ્ર અમેરિકામાં ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ છે અને ૨,૨૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી છે, જેના કારણે હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાયા છે. માત્ર પૂર્વી જ નહીં, પશ્ચિમ અમેરિકાના કેલિફોર્નિયામાં પણ દરિયાના ઊંચા મોજાઓને કારણે લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે અને સાન ફ્રાન્સિસ્કોમાં ભારે વરસાદ નોંધાયો છે.

વ્યાપક તબાહી અને વીજળી ગુલ થવા છતાં લોકોએ ઉત્સાહ જાળવી રાખ્યો હતો. સેલિબ્રિટી શેફ જોસ એન્ડ્રેસે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેઓ વીજળી વિના મીણબત્તીના અજવાળે ગેસ સ્ટવ પર લોબસ્ટર રાંધીને થેંક્સગિવિંગની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. હાલ તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. (૨૩.૭)

'ચિંગારી ભડકાવીને ઉંદરો ઉછળ્યા': વરૂણ પટેલનો પ્રહાર

પાટીદાર અનામત આંદોલનના પૂર્વ નેતાઓ વચ્ચે 'પોસ્ટર વોર' : શાબ્દિક યુદ્ધ છેડાયું

હાર્દિક પટેલ બાદ હવે અલ્પેશ કથીરિયા અને વરુણ પટેલે એકબીજા પર આડકતરા નિશાન સાધ્યા : હાર્દિકના સમર્થનમાં અલ્પેશ કથીરિયાએ ખોટી કમજોરી ન સમજવા ચેતવણી આપી, તો વરુણ પટેલે 'ઉંદરો ઉછળવા લાગ્યા' અને 'તમામ દરો બંધ થઈ જશે' જેવા આકરા કટાક્ષ કરતા રાજકીય ગરમાવો વધ્યો



નવી દિલ્હી: તા.૨૭: ગુજરાતના રાજકારણમાં એક સમયે ખભેખભા મિલાવીને લડનારા પાટીદાર અનામત આંદોલનના પૂર્વ યુવા અગ્રણીઓ વચ્ચે ફરી એકવાર આંતરિક ખેંચતાણ સપાટી પર આવી છે. આ આગેવાનો વચ્ચે હાલ સોશિયલ મીડિયામાં જબરદસ્ત 'પોસ્ટર વોર' શરૂ થયું છે. હાર્દિક પટેલ બાદ હવે અલ્પેશ કથીરિયા અને વરુણ પટેલે પણ સોશિયલ મીડિયાના માધ્યમથી એકબીજા સામે આકરા નિશાન સાધતા પાટીદાર સમાજ અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

આ સમગ્ર વિવાદ અને પોસ્ટર વોરમાં અલ્પેશ કથીરિયા ખુલીને હાર્દિક પટેલના સમર્થનમાં આવ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. અલ્પેશ કથીરિયાએ સોશિયલ મીડિયા પર એક સૂચક પોસ્ટ કરીને વિરોધીઓને આડકતરી ચેતવણી આપી છે. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'અમારી ખામોશીને કમજોરી સમજવાની ભૂલ ન કરતા.' આ સાથે જ તેમણે સ્વાભિમાનનો મુદ્દો ઉઠાવતા વધુમાં ઉમેર્યું હતું કે, 'અમારા સ્વાભિમાનને શરતોમાં તોળતા નહીં.' કથીરિયાની આ પોસ્ટને હાર્દિક પટેલના સમર્થનમાં અને વિરોધી જૂથને જડબાતોડ જવાબ તરીકે જોવામાં આવી રહી છે.

બીજી તરફ, અનામત આંદોલનના જ અન્ય એક અગ્રણી વરુણ પટેલે પણ સોશિયલ મીડિયામાં અત્યંત આક્રમક અને કટાક્ષભરી પોસ્ટ કરીને માહોલને વધુ ગરમાવ્યો છે. વરુણ પટેલે કોઈનું નામ લીધા વિના સીધું નિશાન સાધતા લખ્યું છે કે, 'અત્યારે તો માત્ર ચિંગારી ભડકાવી છે અને ઉંદરો ઉછળવા લાગ્યા છે.' તેમણે વધુમાં પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, 'સમય આવ્યે તમામ દરો બંધ થઈ જશે.' વરુણ પટેલના આ તીખા શબ્દોને અલ્પેશ કથીરિયા અને હાર્દિક પટેલ સામેના સીધા પલટવાર તરીકે જોવામાં આવી રહ્યા છે.

પાટીદાર અનામત આંદોલનના પૂર્વ આગેવાનો વચ્ચે જાહેરમાં થઈ રહેલી આ શાબ્દિક ટપાટપી અને ખેંચતાણે ફરી એકવાર તેમના આંતરિક મતભેદોને ઉજાગર કરી દીધા છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલા આ પોસ્ટર વોરને કારણે કાર્યકરો અને સમર્થકોમાં પણ અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. આગામી સમયમાં આ ત્રણેય યુવા નેતાઓ વચ્ચેનું આ શાબ્દિક યુદ્ધ કયો નવો વળાંક લે છે, તેના પર સૌની નજર ટકેલી છે. (૪૧.૪)

સ્ટાફ જોઈએ છે-ઓફિસ બોય
લાઈટીંગ ના કામકાજના અનુભવી/બિન અનુભવી માણસની જરૂર છે
શીતલ લાઈટીંગ કંફોર્ટર્સ
એન્ડ ઓફ અમીન માર્ગ, સિલ્વર કલાસીક બિલ્ડીંગની બાજુમાં, રાજકોટ.
M.98250 75759

ઓફિસ વેચવાની છે
- ટ્રસ્ટ તથા ઈન્કમ ટેકસની પ્રેકિટસ કરતા વકીલ માટે જરૂરી ફર્નિચર અને સુવિધાઓ સાથેની ઓફિસ
- રાજકોટ શહેરની મધ્યમાં, ફુલછાબ ચોકમાં, 'આદિત્ય સેન્ટર', પહેલો માળ, લીફ્ટ પાસે, ૧૩૦ સ્કવેર ફીટ.
સંપર્ક: ૯૮૨૫૨ ૧૮૯૦૩

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૬ થી અમલમાં)
6.50% જનરલ ડિપોઝીટર માટે
7.00% વરીષ્ઠ નાગરીકો માટે
૨૫ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ 9.00% વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

સડેલા અને જીવાત લાગેલા કાજુને સારી ગુણવત્તાના કાજુ સાથે ભેળવીને વેચવાના કિસ્સાઓ સામે આવ્યા : સામે આવ્યું મોટું કૌભાંડ

મોંઘા કાજુમાં પણ ભેળસેળનો ખેલ! સડેલા ખાવાથી આરોગ્યને જોખમ

સડેલા કે જૂના કાજુને વધુ આકર્ષક દેખાડવા માટે તેની ઉપર તેલ અથવા અન્ય ચીકણા પદાર્થનું પડ લગાવવામાં આવે છે



નવી દિલ્હી: તા.૨૭: બજારમાંથી મોંઘા ભાવે કાજુ ખરીદીએ ત્યારે તેની ગુણવત્તા સારી જ હશે એવી સામાન્ય માન્યતા હોય છે. પરંતુ કાજુ જેવી મોંઘી ખાદ્ય વસ્તુમાં પણ ભેળસેળ અને છેતરપિંડી થઈ શકે છે. જૂના, સડેલા અને જીવાત લાગેલા કાજુને સારી ગુણવત્તાના કાજુ સાથે ભેળવીને વેચવાના કિસ્સાઓ સામે આવ્યા છે. અમદાવાદમાં પણ થોડા મહિના પહેલાં આવી જ ગંભીર ગેરરીતિનો પર્દાફાશ થયો હતો, જ્યાંથી અંદાજે ૩,૦૦૦ કિલો સડેલા અને જીવાતવાળા કાજુનો જથ્થો પકડાયો હતો.

કાજુમાં થતી છેતરપિંડીની એક રીતમાં જૂના, તૂટેલા અથવા જીવાત લાગેલા કાજુને સારા કાજુ સાથે ભેળવી દેવામાં આવે છે. ઘણી વખત પેકેટની ઉપર સારી ગુણવત્તાના કાજુ રાખવામાં આવે છે, જ્યારે અંદરના ભાગમાં હલકી ગુણવત્તાવાળા કાજુ ભરવામાં આવે છે. પરિણામે ગ્રાહકને પેકેટ ખોલ્યા પછી જ તેની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવે છે.

બીજી રીતમાં સડેલા કે જૂના કાજુને વધુ આકર્ષક દેખાડવા માટે તેની ઉપર તેલ અથવા અન્ય ચીકણા પદાર્થનું પડ લગાવવામાં આવે છે. આથી કાજુ ચમકદાર અને તાજા દેખાય છે, પરંતુ તેની અંદરની ગુણવત્તા ખરાબ હોઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં લોટ, સ્ટાર્ચ અને અન્ય સસ્તી સામગ્રીનો ઉપયોગ કરીને કાજુ જેવો આકાર બનાવવાની પણ વાત સામે આવી છે. ક્યાંક મગફળીના ટુકડાને આકાર આપીને કાજુ જેવો દેખાવ તૈયાર કરવામાં આવે છે. આવા ઉત્પાદનોને અસલી કાજુ સાથે ભેળવીને વેચવામાં આવે તો ગ્રાહક છેતરાઈ શકે છે. જોકે, બજારમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકના કાજુ વેચાય છે એવો કોઈ સામાન્ય નિષ્કર્ષ કાઢવો યોગ્ય નથી.

નફો વધારવાની લાલચમાં જો જૂના, બગડેલા અથવા જીવાતવાળા કાજુ વેચવામાં આવે તો તે ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. ભેજના કારણે આવા કાજુમાં ફૂગ વિકસવાની શક્યતા રહે છે. કેટલીક ફૂગ ઝેરી પદાર્થો ઉત્પન્ન કરી શકે છે, જે આરોગ્યને નુકસાન પહોંચાડી શકે છે. બગડેલા ખોરાકના સેવનથી પેટની તકલીફો પણ થઈ શકે છે. એટલે માત્ર કાજુનો ચમકદાર દેખાવ જોઈને તેની ગુણવત્તા નક્કી ન કરવી. ખરીદી કરતી વખતે પેકેટની સીલ, પેકિંગની તારીખ, એક્સપાયરી અથવા બેસ્ટ બિફોર તારીખ અને ખાદ્ય સુરક્ષાને લગતી વિગતો તપાસવી જરૂરી છે.

અમદાવાદમાં પણ કાજુની ગુણવત્તા સાથે ચેડાં થવાનો કિસ્સો સામે આવ્યો હતો. થોડા મહિના પહેલાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમે કઠવાડા GIDC વિસ્તારમાં આવેલા એક એસ્ટેટમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન એક એકમમાં ગેરરીતિ મળી આવી હતી. તપાસ દરમિયાન અહીંથી અંદાજે ૩,૦૦૦ કિલો સડેલા અને જીવાત લાગેલા કાજુનો જથ્થો મળી આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ એકમના સંચાલકો અન્ય રાજ્યોની ફેક્ટરીઓમાંથી રિજેક્ટ કરવામાં આવેલા સસ્તા કાજુ મંગાવતા હતા. ત્યારબાદ તેનું પ્રોસેસિંગ કરીને તેને બજારમાં વેચવાની તૈયારી કરવામાં આવતી હતી. તપાસમાં કાજુની થેલીઓમાં મોટા પ્રમાણમાં જીવાત હોવાની પણ વિગતો સામે આવી હતી.

ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળનો ખતરો ટાળવા માટે ગ્રાહકોએ ખરીદી વખતે થોડી વધુ કાળજી રાખવી જરૂરી છે. કાજુ મોંઘા હોય કે સસ્તા, તેની ગુણવત્તા અને સલામતી સાથે કોઈ સમાધાન ન કરવું જોઈએ. (૪૧.૧૦)

કાજુ ખરીદતી વખતે આ બાબતોનું ધ્યાન રાખો

કાજુના પેકેટનું સીલ અને પેકિંગ બરાબર તપાસો. પેકેટ પર દર્શાવેલી ઉત્પાદન અને બેસ્ટ બિફોર તારીખ વાંચો. કાજુમાં અસામાન્ય ગંધ, ભેજ, ફૂગ કે જીવાત દેખાય તો તેનું સેવન ન કરો. ખુલ્લા કાજુ ખરીદતા હોવ તો સ્વચ્છ અને વિશ્વસનીય દુકાનમાંથી જ ખરીદો. ખૂબ જ સસ્તા ભાવે મળતા કાજુની ગુણવત્તા અંગે સાવચેત રહો.

નામ બદલાવેલ છે

હું **અપેક્ષા પ્રકુલભાઇ વારોતરીયા** જાહેર કરું છું કે મારું નામ **અપેક્ષાબેન પ્રકુલભાઇ વારોતરીયા** માંથી બદલીને **અપેક્ષા પ્રકુલભાઇ વારોતરીયા** કરેલ છે. હવેથી હું **અપેક્ષા પ્રકુલભાઇ વારોતરીયા**તરીકે ઓળખાઈશ.

અપેક્ષા પ્રકુલભાઇ વારોતરીયા

પશ્ચિમ રેલવે રાજકોટ મંડળ

વ્યૂહાત્મક સલાહકાર સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી

ટેન્ડર સૂચના નંબર: C127-RJT-BDU-HC-2025-26-2 (1) કામનું નામ: પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ હેઠળ રાજકોટ જિલ્લામાં માલ પરિવહન (માલસામાન અને પાર્સલ) ટ્રાફિકમાં વધારો કરવા માટે વ્યૂહાત્મક સલાહકાર સેવાઓ પૂરી પાડવા મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી. (2) કન્સલ્ટન્સી કાર્યની કુલ અંદાજિત કિંમત ("કન્સલ્ટન્સી ખર્ચ"): ₹28,96,900/- (GST સહિત) (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ છન્નું હજાર નવસો પૂરા). (3) બિડ સિક્યોરિટી (EMD): ₹58,000/- (અંકે રૂપિયા અઠ્ઠાવન હજાર પૂરા). (4) કરારનો સમયગાળો: 06 મહિના. (5) બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: તારીખ 23-12-2026 ના રોજ 15:00 કલાક સુધી. (6) બિડ ખોલવાની તારીખ અને સમય: તારીખ 23-12-2026 ના રોજ 15:30 કલાકે. (7) ટેન્ડર પ્રક્રિયાનો પ્રકાર: સિંગલ સ્ટેજ ટુ પેકેટ (8) ઈ-પ્રોક્યોરમેન્ટ પોર્ટલ: www.ireps.gov.in (9) કચેરીનું સરનામું: વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, રાજકોટ મંડળ, પશ્ચિમ રેલવે, ડિવિઝનલ રેલવે મેનેજરની કચેરી, કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ-360001. RJT 190

આપને રાજ્ય સરકાર: facebook.com/WesternRly

NAME HAS BEEN CHANGED

I ASHVINBHAI GOVINDBHAI GHONIYA herby declaire that my name formerly ASHVINKUMAR GOVINDBHAI GHONIYA has been changed to ASHVINBHAI GOVINDBHAI GHONIYA and henceforth I shall be known as ASHVINBHAI GOVINDBHAI GHONIYA.

ASHVINBHAI GOVINDBHAI GHONIYA

જાહેર નોટીસ

આથી નીચે સહી કરનાર બોડા રમાબેન રમેશભાઈ (BODA RAMABEN RAMESHBHAI), ઉ.વ.આ. ૬૦, રહે. મુ. સરપદડ, તા.પડધરી, જી.રાજકોટ આથી જાહેર કરૂ છું કે, મારૂ નામ બોડા રમાબેન રમેશભાઈ(BODA RAMABEN RAMESHBHAI) અને રમાગૌરી જે. સાધરીયા (RAMAGAURI J. SADHARIYA). આ બન્ને નામ ધરાવતી વ્યકિત હું પોતે એક જ વ્યકિત છું અને આ બન્ને નામ મારા પોતાના જ છે એવુ હું સોગંદપુર્વક અને ખાત્રી સાથે જણાવું છું.

સ્થળ : રાજકોટ
તારીખ : ૩૦-૧૦-૨૦૨૬ લી. : રમાબેન રમેશભાઈ બોડા

જાહેર નિવિદા
મોરબી વન વિભાગ મોરબી

મોરબી વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની ગોંડલ ક્ષેત્રિય રેંજના કાર્યક્ષેત્ર વિસ્તારમાં **Construction of a Rubble Masonry Protection Boundary Wall** ની કામગીરી ભાવો **https://tender.nprocure.com** પર ઓનલાઈન ઈ-ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

ઓનલાઈન ટેન્ડર બીડ ભરવાની છેલ્લી તા.૧૧/૧૨/૨૦૨૬ ના ૧૫-૦૦ કલાક સુધીની રહેશે

અ.નં.	ટેન્ડર નોટીસ નંબર	ઈ-ટેન્ડર આઈ.ડી. નંબર	રેન્જનું નામ
1	31/2026-27	368081	ગોંડલ

નાયબ વન સંરક્ષક
મોરબી વન વિભાગ મોરબી
સરનામુ :
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
મોરબી વન વિભાગ, અરૂણોદય મીલ રોડ, મોરબી-૨
પીનકોડ-૩૬૩૬૪૨
ફોન નં.૦૨૮૨૨-૨૪૧૬૧૧, Email: dcfmorbi@gmail.com
માહિતી/રાજ/૧૧૮૪/૨૦૨૬-૨૭



ચોટીલાના પીપળીયા (ઘા) ગામે રાઠોડબાપુ ઘાઘલ પરિવાર દ્વારા ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

તા.૩૦ ને સોમવારથી શાસ્ત્રી સતીશભાઈ વ્યાસ કથાનું રસપાન કરાવશે: સંતો-મહંતોનું સાનિધ્ય અને વિવિધ ધાર્મિક પ્રસંગો બનશે

આકર્ષણનું કેન્દ્ર: કથાશ્રવણ સાથે સંતોના આશીર્વાદ અને મહાપ્રસાદનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ



(જીજ્ઞેશ શાહ દ્વારા) ચોટીલા, તા.૨૬: ચોટીલા પંથકના પીપળીયા (ઘાધલ) ગામે રાઠોડબાપુ ઘાઘલ પરિવાર દ્વારા ધાર્મિક શ્રદ્ધા અને ભક્તિભાવના માહોલમાં આગામી તા. ૩૦ નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે વ્યાસપીઠ પરથી મોટી સાણથલીના સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી સતીશભાઈ વ્યાસ પોતાની અમૃતવાણી અને સંગીતમય શૈલીમાં શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવશે. સાત દિવસીય આ ધાર્મિક મહોત્સવમાં ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ સર્જાશે.

ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ સવારે ૮:૩૦થી બપોરે ૧૨:૦૦ કલાક સુધી તથા બપોરે ૩:૦૦થી સાંજે ૬:૦૦ કલાક સુધી કથાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૦ નવેમ્બરના રોજ સવારે ૯:૦૦ કલાકે પોથીયાત્રા, ભાગવતજીનું મહાપૂજન અને સ્થાપના સાથે ભાગવતજીનું મહાતમ, રચના, ભિષ્મ સ્તુતી, કપિલ પ્રાગટય, દિપ પ્રાગટય જેવા પ્રસંગો સાથે કથાનો મંગલ પ્રારંભ થશે. તા. ૧ ડિસેમ્બરે સતી અનસુયા ચરિત્ર, તા. ૨ ડિસેમ્બરે પ્રહલાદ ચરિત્ર અને નૃસિંહ પ્રાગટય, જ્યારે તા. ૩ ડિસેમ્બરે વામન પ્રાગટય, રામ પ્રાગટય, શ્રીકૃષ્ણ પ્રાગટય તથા નંદ મહોત્સવની ભક્તિમય ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત તા. ૪ ડિસેમ્બરે ગિરિરાજ પૂજા અને ગોવર્ધન પૂજા, તા. ૫ ડિસેમ્બરે શ્રીકૃષ્ણપ્રરુકિમણી વિવાહનો ભવ્ય ધાર્મિક પ્રસંગ યોજાશે. જ્યારે તા. ૬ ડિસેમ્બરના રોજ પરીક્ષિત મોક્ષ અને દશાંશ યજ્ઞ સાથે સપ્તાહનું સમાપન કરવામાં આવશે.

આ ધાર્મિક મહોત્સવમાં વિવિધ ધાર્મિક સંપ્રદાયોના પૂજનીય સંતોપ્રમહંતો અને મહાત્માઓનું પાવન સાનિધ્ય પ્રાપ્ત થશે. જેમાં થાનગઢના વાસુકી મંદિરના મહંત ભરતગીરી બાપુ, ગરણીના શકિતધામનાં આઈ વાલબાઈમાં, ધજાળા લોમેવધામ ના મહંત ભરતબાપુ, જાનીવડલા મહંત ગોપાલગીરી બાપુ, ચોટીલા ચામુંડા માતાજી મંદિર પરિવારના મહંત ઈશ્વરગીરી બાપુ, બોટાદના ભજનાનંદ આશ્રમના ગુરુ પ.પૂ. સ્વામી આત્માનંદ સરસ્વતી, સોનગઢ જગ્યાના મહંત કિશોર બાપુ, કાળાસર હિંગળાજધામના મહંત રજનીગીરી, જોગેશ્વર આશ્રમના મહંત શૈલેન્દ્રગીરી બાપુ, મોલડીના બાવન વિર હનુમાન જગ્યાના મહંત દયાનંદબાપુ સહિતના સંતોપ્રમહંતો તેમજ પીપળીયા ભુવાજી અનકભાઈ ધાઘલ અને સમઢિયાળાના ભુવાજી મહાવિરભાઈ ધાઘલ ની ઉપસ્થિતિ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરશે. સંતોના આશીર્વચન અને સાનિધ્યનો લાભ મેળવવાનો અવસર પણ ભાવિકોને પ્રાપ્ત થશે. સપ્તાહ દરમિયાન દરરોજ બપોરે ૧૨:૦૦ કલાકે અને સાંજે ૬:૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાઠોડકાપુ ઘાઘલ પરિવાર દ્વારા આ પાવન ધાર્મિક અવસરે પંથકના ધર્મપ્રેમી ભાઈઓ-બહેનો અને ભાવિક ભક્તોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગવત કથાનું શ્રવણ કરવા, સંતોના આશીર્વાદ મેળવવા અને ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સમગ્ર ભાગવત સપ્તાહ આયોજન દરમ્યાન મહા પ્રસાદ, સંતો મહંતોની ધર્મસભા તેમજ અતિથિઓના આગમન સહિતની વ્યવસ્થા માટે પીપળીયા (ઘા) ના યુવા સભ્યો ની ટીમ દ્વારા સતત જહેમત સાથે સેવાટીમો કાર્યરત થયેલ છે.(૨૩.૧૪)

ભાગવતપ્રવકતા પુ. કૃષ્ણદત્તભાઇ શાસ્ત્રીની આગામી કૃષ્ણગાથા



(મનીષ દવે) ભાવનગર: મુંબઈના પ્રભાવક ભાગવત રામાયણના પ્રવકતા પૂ. કૃષ્ણદત્ત નીરંજન શાસ્ત્રીજી આગામી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ૧૪ થી ૨૧ ડિસેમ્બર મુદ્રા(કચ્છ) અને તા. ૩૧ ડિસેમ્બર કાદીવલી મુંબઈ તેમજ ૮ થી ૧૫ જાન્યુઆરી દરમ્યાન વાલ્મીકી રામાયણ ડાકોર ૯ થી ૧૫ માર્ચ વૃંદાવન(યુ.પી.) ખાતે યોજાશે તેમ પુષ્ટિરસ પરિવારની યાદીમાં જણાવાયું છે. (૩૫-૭)

આબોહવા પરિવર્તન: પૃથ્વી માટેની ગંભીર ચેતવણી

(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ તા.૨૬: આબોહવા પરિવર્તન એટલે પૃથ્વીના તાપમાન અને હવામાનની લાંબા ગાળાની સ્થિતિમાં થતો ફેરફાર. આજે આ સમસ્યા સમગ્ર માનવજાત માટે ગંભીર ખતરો બની ગઈ છે.

ઔદ્યોગિક યુગ પહેલાંના સમયગાળા (૧૮૫૦-૧૯૦૦)ની સરખામણીએ પૃથ્વીનું સરેરાશ તાપમાન વધી ચૂક્યું છે. વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક સરેરાશ તાપમાન ઔદ્યોગિક યુગ પહેલાં કરતાં આશરે **1.55°C** વધારે નોંધાયું હતું. એક જ વર્ષનો આંકડો લાંબા ગાળાની મર્યાદા સમાન નથી, પરંતુ તે ભયજનક ચેતવણી છે.

જો ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન સતત વધતું રહેશે, તો ભવિષ્યમાં ગરમીની લહેરો વધુ ઘાતક બની શકે છે. પાણીની અછત, ખેતીમાં નુકસાન, ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો, જંગલોમાં આગ, વિનાશક પૂર અને દરિયાની સપાટીમાં વધારો માનવજીવનને મુશ્કેલીમાં મૂકી શકે છે. અનેક વિસ્તારોમાં લોકોનું જીવન અને રોજગાર જોખમમાં આવી શકે છે. આ માત્ર પર્યાવરણનો પ્રશ્ન નથી; આ આપણી અર્થવ્યવસ્થા અને આવનારી પેઢીઓના અસ્તિત્વનો પ્રશ્ન છે. પરંતુ પરિવર્તનની શરૂઆત આપણે કરી શકીએ છીએ. વીજળી અને પાણી બચાવવું, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો, વૃક્ષો વાવવા, જાહેર પરિવહન વાપરવું અને સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવું જેવા નાના પગલાં મોટો ફાળો આપી શકે છે. પ્રશ્ન એ નથી કે પૃથ્વી આપણને બચાવશે કે નહીં; પ્રશ્ન એ છે કે આપણે પૃથ્વીને બચાવવા આજે શું કરીશું?(૨.૧૪)

સંકલન
શિવરાજ જે. ધોરડા જસદણ



જામજોધપુર તાલુકાનુ ભોજાબેડી આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર રાષ્ટ્રીય કક્ષાએ ઝળહળ્યું

જામજોધપુર: આરોગ્યની ઉત્તમ ગુણવત્તા પૂર્ણ સેવા માટે રાષ્ટ્રીય કક્ષાએથી **NQAS** એવોર્ડ આપવામાં આવે છે. તાજેતરમાં જામજોધપુર તાલુકાના શેઠવડાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ભોજાબેડી આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા આ એસેસમેન્ટમાં ૯૧.૩૨% માર્ક્સ સાથે ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. આ સફળતા માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પંકજકુમાર સિંગ જામજોધપુર તાલુકા હેલ્થ ઓફિસર ડો. જોશનાબેન કરંગીયા દ્વારા આયુષ્યમાન આરોગ્ય મંદિરની ટીમ સી.એચ.ઓ પ્રદિપભાઈ સાગઠીયા, મેડિકલ ઓફિસર યસ્વી ડઢાણીયા એમ.પી.એસ ભાવેશ અમરુતિયા,જશુબેન વારસંકીયા,વિજયભાઈ કંડોરીયા, નિલેશભાઈ જોષી,નયનાબેન જોષી, પુનિતાબેન, દયાબેન, વિજયાબેન,સતિબેન, અંકિતાબેન અને શેઠવડાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના તમામ સ્ટાફ ની ટીમ ને અભિનંદન પાઠવ્યા હતા. જામનગર જિલ્લામાં **NQAS** ની કામગીરી ઉતરોતર પ્રગતિ કરી રહી છે જેના માટે ક્વોલિટી ઓફિસર ડો.રાજેશ ગુપ્તા અને સોહમભાઈ અને ઝાહિદભાઈ આ તકે બિરદાવવામાં આવેલ છે.(૨.૧૪)

જસદણમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંત પ્રબોધજીવનસ્વામીની સત્સંગ સભા યોજાઈ



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ, તા.૨૭: જસદણમાં ચિતલીયા રોડ વિસ્તારમાં અક્ષરધામ ગુણાતીત બાગ ખાતે સ્વામિનારાયણ સંપ્રદાયના સંત પૂજ્ય પ્રબોધજીવન સ્વામીની દિવ્ય સત્સંગ સભા યોજાણી હતી.

સત્સંગ સભા પૂર્વે રાજુભાઈ ધારૈયા, ગુણુભાઈ નારિયા, વિનુભાઈ ચાવ દ્વારા સ્વામીજીને પુષ્પ માળા પહેરાવવામાં આવી હતી. પ્રવચન પહેલા કીર્તન આરાધના યોજાઈ હતી. સ્વામિનારાયણ સંપ્રદાયના વડા પરમ પૂજ્ય પ્રબોધજીવનસ્વામીજીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે જસદણમાં ભકતોએ ખાલી છ મહિના જાત મહેનત કરી અને સરસ મંદિર તૈયાર કરી દીધુ, જસદણના બધા ભક્તો ભક્તિ પ્રધાન છે નિષ્ઠા પ્રધાન છે. આરસ હોય તો તે પથ્થર કહેવાય. આરસ પગથિયામાં લગાવ્યો કે મૂર્તિમાં પરંતુ તે આરસ છે. પરંતુ આરસની મૂર્તિનું સંત પૂજન કરે પછી જ તે મૂર્તિ થાય, ભગવાનની મૂર્તિમાં ભાવ રાખવો જોઈએ. ભગવાનના ભક્તોને જ્ઞાતી જાતી દ્વારા ઓળખવા નહીં ભગવાનના મૂર્તિ એ જાતિ ભાવમાંથી બહાર નીકળવા માટે લેવી જોઈએ. ત્યાં દિલથી ભજન થવું જોઈએ.ભાવથી કરેલી પ્રાર્થના ભગવાન સો ટકા સાંભળે છે.

સંત નિરંજન સ્વામીએ જણાવ્યું હતું કે સંત આપણને પોતાના ચરણમાં સ્વીકારિ પોતાનો પ્રેમ આપીને આપણા માટે પ્રાર્થના કરીને આપણને સુધારવા માટેનો પ્રયત્ન કરે છે.

સદગુણોનો સંચાર કરીને આપણને વિવેક આપીને આપણને સુધારે અને ભગવાનના પવિત્ર દીકરાઓ બનાવે છે એટલા માટે જીવનમાં મંદિરની અનિવાર્યતા છે .શાસ્ત્ર, મંદિર અને મંત્રની સાથે આપણા જીવનમાં સંતનું મહત્વ જરૂરી છે. પ્રાદેશિક સંત પૂ. સર્વાતિતસ્વામિજી સહિતના સંતો ઉપસ્થિત રહ્યા હતા. સભા સ્થળે જસદણ મંદિર નિર્માણ અંગેની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી. સત્સંગ સભા પૂર્ણ થયા બાદ તમામ ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.(૨.૪)



ઉનામાં વણકર સમાજ દ્વારા સરસ્વતી સન્માન :

ઊના: ગીરગઢડા તાલુકાના વણકરના તેજસ્વી તારલાઓનો ને સન્માનિત કરવામાં આવ્યા હતા.અધ્યક્ષ સ્થાનેથી બાબુભાઈ એમ.ઝાલા,તેમજ સર્વોદય ફાઉન્ડેશન ના પ્રમુખ રાજાભાઈ બાંભણિયા દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી. વણકર સમાજ કેળવણી મંડળ ના મહામંત્રી પૂનમચંદ ઝાલા બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર મીના, રિઝર્વે બેન્ક ઓફ ઈન્ડિયા ના નિવૃત અધિકારી ટી.પી.બાબરીયા ઉપસ્થિત રહયા હતાં ડો.બાબા સાહેબ ને પુષ્પ અર્પિત કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. તે તસ્વીર (તસ્વીર: હરેશ દવે-ઉના) (૩૫-૪)

દ્વારકાની મુલાકાતે આવતા પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર



જામનગર, તા. ૨૬: પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર રામાશ્રય પાંડે ૨૮ નવેમ્બરના દ્વારકાની મુલાકાતે રાત્રે દ્વારકા આવી જશે તથા સવારે ૯ વાગ્યે ઓખાથી ખાસ ટ્રેનમાં ઓખા દ્વારકા, ખંભાળિયા અને જામનગરની મુલાકાત લેશે ખંભાળિયામાં ભોજન લેશે તથા ઓખા દ્વારકા અને ખંભાળિયા જામનગરમાં રેલવે તંત્રની કામગીરી અંગે જાણકારી મેળવશે ઉલ્લેખનીય છે કે ૧૦ મી એપ્રિલ ૨૦૨૬ ના તેઓ એ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર તરીકે ચાર્જ સંભાળેલો આ તેમની પ્રથમ મુલાકાત છે.(૬.૮)

સુરેન્દ્રનગર જિલ્લાના ૭,૬૨૯ છાત્રો જવાહર નવોદય વિદ્યાલય માટે પ્રવેશ પરીક્ષા આપશે

ધ્રાંગધ્રામાં આવેલ કેન્દ્ર સરકાર સંચાલીત જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટે શનીવારે પ્રવેશ પરીક્ષા યોજાનાર છે. જિલ્લાના ૧૦ તાલુકાના ૩૫ કેન્દ્રો પરથી નોંધાયેલા ૭,૬૨૯ વિદ્યાર્થીઓ પ્રવેશ પરીક્ષા આપશે.

કેન્દ્ર સરકાર સંચાલીત શાળામાં ધો. ૬થી વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે. અને સીબીએસઈ અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરાવાય છે. જેમાં અભ્યાસ સાથે વિદ્યાર્થીઓને રહેવા તથા જમવાની સગવડતા પણ ત્યાં જ હોય છે.

સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણાધીકારી એ.એમ.ઓઝાના માર્ગદર્શન નીચે મદદનીશ શિક્ષણ નિરીક્ષક બી.ડી.રાણવા દ્વારા સમગ્ર પરીક્ષા વ્યવસ્થા માટે તૈયારીઓ કરી રહી છે. જેમાં પરિક્ષા માટે સુરેન્દ્રનગર જિલ્લાના ૧૦ તાલુકામાં ૩૫ પરીક્ષા કેન્દ્રોમાં ૩૨૨ બ્લોક બનાવાયા છે. આ પરીક્ષા માટે જિલ્લાભરમાં ૭,૬૨૯ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા માટે સુરેન્દ્રનગરની શેઠ એન.ટી.એમ. હાઈસ્કૂલને ઝોનસ્થળ બનાવાયુ છે. જયાંથી પેપરો તા. ૨૮મીના રોજ સવારે પરીક્ષા કેન્દ્રો પર જશે.

પરીક્ષા માટે ૩૫ સ્થળ સંચાલક અને ૩૫ પરિક્ષા કેન્દ્ર નીરીક્ષકના ઓર્ડરો પણ કરી દેવાયા છે. તા. ૨૫ના રોજ પરીક્ષાના ઝોનલ અધીકારીએ પરીક્ષા કેન્દ્રોની અને ધ્રાંગધ્રા સ્થીત જવાહર નવોદય સ્કુલની વીઝીટ કરી શાળાના આચાર્ય સાથે પરીક્ષા સબંધીત વ્યવસ્થાની ચકાસણી પણ કરી હતી. આ પરિક્ષા તા. ૨૮મીના રોજ સવારે ૧૦-૩૦ કલાકે શરૂ થશે. જેમાં છાત્રોને ૩ સેકશનમાં ઓબ્જેકટીવ ટાઈપના સવાલોના જવાબો આપવાના રહેશે. પ્રથમ સેકશનમાં ૫૦ ગુણના ૪૦ પ્રશ્નો માટે ૬૦ મીનીટના સમયમાં છાત્રોને મેન્ટલ એબીલીટી ટેસ્ટ અને એન્વાયરમેન્ટલ સ્ટડીઝ વિશે પુછાશે. જયારે બીજા સેકશનમાં ૨૫ ગુણના ૨૦ પ્રશ્નો એરીથમેટીક પર પુછાશે. જેના માટે છાત્રોને ૩૦ મીનીટ મળશે. આ ઉપરાંત અંતીમ સેકશનમાં ભાષાને લગતા ૨૫ ગુણના ૨૦ સવાલો માટે પરિક્ષાર્થીઓને ૩૦ મીનીટ મળશે. (૩.૩)

ધ્રાંગધ્રા હોસ્પિટલમાં તબીબોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા માંગણી

વઢવાણ, તા.૨૭: ધ્રાંગધ્રાશહેર ખાતેની સરકારી હોસ્પિટલમાં લાંબા સમયથી મહત્વના ડોકટરોની ખાલી જગ્યાઓના કારણે શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓને પારાવાર મુશ્કેલી પડતી હોવાથી પુર્વ મંત્રીએ આરોગ્ય મંત્રીને સમસ્યા ઉકેલવા રજુઆત કરી છે. હોસ્પીટલમાં લાંબા સમયથી સ્ત્રી રોગ નિષ્ણાંત, કાનના ડોકટર, આંખ વિભાગમાં મશીનરી, એકસરે મશીન, પેથોલોજીના સાધનો અને ટેકનીશીયનના અભાવે હજારો દર્દીઓને ભારે મુસ્કેલી ભોગવવી પડી રહી છે. દર્દીઓને ખાનગી હોસ્પીટલમાં ઉંચા ખર્ચ કરી કે સુરેન્દ્રનગર સુધી જઈને નાણા અને સમયનો વ્યય કરી સારવાર કરાવવી પડે છે. આ ગંભીર સમસ્યા ઉકેલવા માટે પુર્વ મંત્રી આઈ. કે. જાડેજાએ ગાંધીનગર આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાને સમસ્યા ઉકેલવા માટે લેખિતમાં રજૂઆત કરી છે. આ ઉપરાંત તાલુકા મથકની સરકારી હોસ્પિટલમાં પુર્ણ સમયના સ્ત્રી રોગ નિષ્ણાંત તબીબના અભાવે સરકારી હોસ્પિટલમાંથી મહિલા દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં હજારો રૂપિયા ખર્ચીને સારવાર લેવી પડતી હોવાથી સામાન્ય પરીવારજનોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે.

ઠંડીના સુસવાટા સાથે તસ્કરો સક્રિય થતા ફફડાટ

વઢવાણની વિધવા મહિલાના મકાનમાં સવા લાખની ઘરફોડી



વઢવાણ તા.૨૭: વઢવાણની સુડવેલ સોસાયટીમાં રહેતા વિધવા મહિલાના મકાનને તસ્કરોએ નીશાન બનાવ્યુ હતુ. અને સોના-ચાંદીના આભુષણો તથા રોકડ મળી કુલ રૂપીયા ૧,૧૧,૫૦૦ની મત્તા ચોરાયાની વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. વઢવાણની સુડવેલ સોસાયટીમાં આવેલ હુસૈની મસ્જીદ પાછળ ૫૬ વર્ષીય સુભાનબેન રઝાકભાઈ ઠાસરીયા રહે છે. તેમના પતિ તથા પુત્રનું મરણ થયેલ છે. અને તેઓ પોતાના ૧૦ વર્ષના પૌત્ર સાથે રહી રસોડાકામની મજૂરી કરે છે. દસાડાના અણીયારી ગામે ખોળો ભરવાનો પ્રસંગ હોઈ તા. ૧૪-૧૧ના રોજ સાંજે તેઓ રસોડાકામે ગયા હતા. જયાંથી તા. ૧૫-૧૧ના રોજ ઘરે પરત ફર્યા હતા. અને ઘરનો મેઈન દરવાજો ખોલી અંદર જતા રૂમના દરવાજા ખુલ્લા જોવા મળ્યા હતા. જયારે ઘરમાં સામાન અસ્તવ્યસ્ત હતો. ઘરની તીજોરી ખુલ્લી હતી અને તેમાંથી રોકડ ચોરાઈ હતી. જયારે ઘરમાં રહેલ એક લીલા કલરનો લોખંડનો ટંક નજરે પડયો ન હતો. આથી આજુબાજુમાંથી પડોશીઓ ભેગા થતા અને તપાસ કરતા ઘર પાછળ બાવળમાં ટંક નકુચા તુટેલી હાલતમાં હતો અને તેમાં રહેલ કપડા વીખેર હતા જયારે તેમાં મુકેલ ઘરેણા તસ્કરો લઈ ગયા હતા.

તપાસ એએસઆઈ આર.એન. જોગરાણા ચલાવી રહયા છે.(૨.૨)

લખતરના વણા ગામના મૂળ વતની

સિદ્ધિબાએ આર્યલેન્ડમાં ફ્રેન્ચ ભાષામાં વકતવ્ય આપી ઝાલાવાડનું ગૌરવ વધાર્યું



વઢવાણ, તા.૨૭: સમગ્ર રાજપૂત સમાજ સહિત ઝાલાવાડ પંથક માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. લખતર તાલુકાના વણા ગામના મૂળ વતની અને હાલ આયર્લેન્ડમાં વસવાટ કરતા જોરાવરસિંહ રાણાની દીકરી સિદ્ધિબા રાણાએ આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ મેળવી છે. ૧૫ વર્ષના સિદ્ધિબા રાણાની આયર્લેન્ડની વિવિધ સ્કૂલોમાંથી ફ્રેન્ચ ભાષામાં વકતવ્ય સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી.

આ સિદ્ધિના પરિણામે તેમને ફ્રાન્સના સ્ટ્રાસબર્ગ ખાતે આવેલી યુરોપિયન સંસદમાં વકતવ્ય આપવાની તક મળી હતી. ખાસ વાત એ છે કે ફ્રાન્સ સરકાર દ્વારા તેમના પ્રવાસ સહિતનો સંપૂર્ણ ખર્ચ ભોગવી તેમને આ આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની સ્કૂલ તેમજ આયર્લેન્ડ દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક આપવામાં આવી હતી.

વિદેશની ધરતી પર રહીને ફ્રેન્ચ ભાષામાં વકતૃત્વ કૌશલ્યના આધારે યુરોપિયન સંસદ જેવા આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચેલી સિદ્ધિબા રાણાની આ સિદ્ધિથી પરિવારજનો, વણા ગામ સહિત સમગ્ર ઝાલાવાડ પંથક અને રાજપૂત સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. સિદ્ધિબાના દાદા વણા ખાતે પ્રાથમિક શાળામાં આચાર્ય હતા. તેઓ જિલુભા માસ્તર તરીકે ઓળખાતા. આથી આ વાક્ચાતુર્યના ગુણ સિદ્ધિબામાં ઉતર્યા હોવાનું માની શકાય.(૨૩.૮)



સુત્રાપાડા: માયાભાઇ અને કિર્તીદાન સાથે મુલાકાત

સુત્રાપાડા: તાલુકાના અબતક અકિલા લોકસામના ન્યુઝ ચેનલ તેમજ ભારતીય કિસાન યુનિયન પ્રમુખ તેમજ પત્રકાર રામસિંહભાઈ મોરીના પુત્ર સૌરવ મોરીએ કલાકાર માયાભાઈ આહીર અને કિર્તીદાન ગઢવી સાથે સ્નેહભરી મુલાકાત કરી હતી. માયાભાઈ આહીરે સૌરવ મોરીને પ્રેમપૂર્વક આવકાર આપી, ખભે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતા અને ભવિષ્યમાં ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.(તસ્વીર: રામસિંહ મોરી-સુત્રાપાડા)(૬.૮)

થાન પંથકમાં ૨૦ મેટ્રીક ટન કાર્બોસેલ કોલસો જપ્ત



વઢવાણ તા.૨૬: થાનગઢ પોલીસે ખાખરાળી ગામની સીમમાં ખેતરમાંથી ૨૦ મેટ્રિક ટન કાર્બોસેલ કોલસો અને ખનનનાં સાધનો મળી ૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ મામલે વિશાલભાઈ રાજુભાઈ દેગામાને પકડવામાં આવ્યા છે.

પોલીસને ખાખરાળી ગામની સીમમાં આવેલી રણછોડભાઈ વિરજીભાઈ શેટાણીયાની માલિકીના ખેતરમાં ગેરકાયદે કોલસાનું ખનન થતું હોવાની બાતમી મળી હતી.

પોલીસે એક ટ્રેક્ટર, બે લોખંડના પાઇપ, એક બકેટ અને ૨૦ મેટ્રિક ટન કાર્બોસેલ કોલસો જપ્ત કર્યો હતો. કાયદેસરની કાર્યવાહી માટે ખાણ-ખનિજ વિભાગ, સુરેન્દ્રનગરને જાણ કરવામાં આવી છે.

પકડાયેલા વિશાલભાઈ રાજુભાઈ દેગામા ખાખરાળી, તાલુકો થાનગઢના રહેવાસી છે. દરોડાની કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર વી.યુ. ગડરીયાની આગેવાનીમાં થઈ હતી.

ટીમમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ જયદીપભાઈ કલોત્રા અને પોલીસ કોન્સ્ટેબલ નરેશભાઈ ભોજીયા, અભયરાજસિંહ સીસોદીયા, હરપાલસિંહ પરમાર તથા મહિપતસિંહ ખેર જોડાયા હતા.(૨.૬)

વઢવાણ યાર્ડમાં દૈનિક ૨૪ થી ૩૦ ટન મરચાની આવક

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ, તા.૨૬: મરચાંનું નામ પડતાં જ મોંમાંથી સિસકારો નીકળી જાય તેવો તીખો સ્વાદ યાદ આવી જાય છે, પરંતુ ઝાલાવાડની ધરતી પર પાકતા પ્રખ્યાત 'વઢવાણી મરચાં' પોતાની આગવી ઓળખ ધરાવે છે. સ્વાદમાં એકદમ મોળાં અને ઓછા તીખાં હોવાના કારણે વઢવાણી મરચાંની માંગ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશના અન્ય રાજ્યો અને વિદેશમાં પણ વધી રહી છે. આ વર્ષે સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોએ કુલ ૧,૮૬૭ હેક્ટર વિસ્તારમાં લીલા મરચાંનું વાવેતર કર્યું છે. વઢવાણવાસીઓ જેઓ રોજગાર કે વ્યવસાય અર્થે દુબઈ, ઈંગ્લેન્ડ અને અમેરિકા જેવા દેશોમાં સ્થાયી થયા છે, તેઓ ખાસ વતનથી વઢવાણી મરચાં અને તેના રાયતા મરચાં મંગાવે છે, જેના કારણે ઝાલાવાડના આ મરચાંની સોડમ સાત સમુદ્ર પાર પ્રસરી છે. વઢવાણી મરચા અને તેના મૂલ્યવર્ધિત (વેલ્યુ એડેડ) ઉત્પાદનો રાયતા, અથાણાં અને ભરેલા મરચાં સહિતના વેલ્યુ એડિશનનું કુલ બજાર અંદાજે રૂા. ૧૫થી રૂા.૨૦ કરોડથી વધુનું આંકવામાં આવે છે. આ મરચાની સૌથી મોટી ખાસિયત એ છે કે, તેનું બિયારણ બજારમાં સરળતાથી ઉપલબ્ધ હોતું નથી. ખેતી નિષ્ણાતોના મતે, એક હેક્ટરમાં વાવેતર કરવા માટે આશરે ૫૦૦ થી ૭૫૦ ગ્રામ બિયારણની જરૂર પડે છે. જો કોઈ ખેડૂત ખાસ બિયારણ માટે પાક રાખે તો હેક્ટર દીઠ અંદાજે ૧૫૦ થી ૨૫૦ કિલો જેટલું શુદ્ધ બિયારણ નીકળી શકે છે. સિઝન દરમિયાન વઢવાણ **APMC** માર્કેટમાં દરરોજ આશરે ૧,૨૦૦ થી ૧,૫૦૦ મણ વઢવાણી મરચાની આવક થાય છે. એક મણ એટલે ૨૦ કિલો મુજબ દૈનિક આશરે ૨૪ થી ૩૦ ટન જેટલો મરચાનો જથ્થો બજારમાં ઠલવાય છે. વઢવાણી મરચાની સિઝનની શરૂઆતમાં જથ્થાબંધ બજારમાં ૨૦ કિલો (૧ મણ) ના આશરે રૂા.૩,૦૦૦ સુધીના ઊંચા ભાવ મળે છે, જ્યારે સિઝન પૂરબહારમાં ખીલે અને આવક વધે ત્યારે ભાવ રૂા. ૮૦૦ આસપાસ સુધી પહોંચે છે. છૂટક બજારમાં ગ્રાહકોને આ વઢવાણી મરચા સામાન્ય રીતે રૂા. ૧૦૦ થી ૬ ૨૦૦ પ્રતિ કિલો વચ્ચેના ભાવે મળે છે. એર ટાઈટ પેકિંગ અને પ્રિઝર્વેશન થકી ૧૨ માસ સુધી બગડતા નથી વર્ધમાન ગૃહ ઉદ્યોગના પન્નાબેન શુક્લે જણાવ્યું કે, વઢવાણી રાયતા મરચા તૈયાર કરવા માટે રાઈ, હળદર અને મીઠાના ઉપયોગની સાથે તે લાંબા સમય સુધી બગડે નહીં તે માટે લીંબુનો રસ અને સરસવના તેલનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. ખાસ પ્રકારના એર ટાઈટ પેકિંગના કારણે આ રાયતા મરચા ૧૨ માસ સુધી બિલકુલ બગડતા નથી. ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી મરચાની મુખ્ય સિઝનમાં ૫૦ થી વધુ મહિલાઓ કામ કરી દૈનિક ૩૫૦ થી ૫૦૦ સુધીની આવક મળી રહે છે. ગૃહ ઉદ્યોગ દ્વારા વર્ષે ૬૦,૦૦૦ કિલોથી વધુ રાયતા મરચાના વેચાણ થકી ૨૦ લાખથી વધુની આવક રહે છે.

સામાન્ય રીતે કોઈપણ મરચામાં તીખાશ તેમાં રહેલા કેપ્સાઈસિન નામના રાસાયણિક તત્વને કારણે હોય છે. પરંતુ વઢવાણી મરચાની પરંપરાગત જાત એવી છે કે, તેમાં કેપ્સાઈસિનનું પ્રમાણ અન્ય તીખા મરચાંની સરખામણીમાં કુદરતી રીતે જ ઘણું ઓછું નીચા સ્કોવિલ હીટ યુનિટ્સ હોય છે. તેના બદલે આ મરચામાં કુદરતી શર્કરા અને ભેજનું પ્રમાણ વધુ હોવાથી તે સ્વાદમ

EDITORIAL
તંત્રી સ્થાનેથી....
અકિલા
તા.૨૭-૧૧-૨૦૨૬

ગિરનાર બદનામ કરનારને કાઢો

ઘણા શંકાસ્પદ તત્વો ઘુસી ગયા હશે: સતત વિવાદો અને હુમલા સનાતનની શરમ ગણાય: સાધુના વેશમાં ઘબકતા ભાંગફોડિયાઓની દવા કરો

સૌરાષ્ટ્રની ધરા પર અડીખમ ઊભેલો ગિરનાર માત્ર એક પર્વત નથી, પરંતુ સનાતની આધ્યાત્મિક ચેતનાનું જીવંત તીર્થ છે. અહીંના કણ-કણમાં યોગ, સાધના અને ભક્તિનો સ્પંદન અનુભવાય છે. ગુરુ દત્તાત્રેયના ચરણસ્પર્શથી પાવન થયેલી આ ભૂમિ, અંબાજી માતાનું શક્તિપીઠ, જૈન તીર્થો અને અસંખ્ય સિદ્ધો-સંતોની તપોભૂમિ તરીકે સમગ્ર આધ્યાત્મિક વિશ્વમાં આદરણીય છે. શાંતિ, વૈરાગ્ય અને આત્મખોજ માટે આવતા શ્રદ્ધાળુઓ માટે ગિરનાર હંમેશા એક પવિત્ર આશ્રયસ્થાન રહ્યું છે.

દુ:ખની વાત એ છે કે આ દિવ્ય ભૂમિ પર છેલ્લા કેટલાક સમયથી આધ્યાત્મિકતાને બદલે વિવાદો અને હિંસાના પડછાયા દેખાઈ રહ્યા છે. બે દિવસ પહેલા જૂનાગઢમાં એક અખાડાના મહામંડલેશ્વર પર થયેલા હુમલાની ઘટનાએ સમગ્ર સમાજને હચમચાવી નાખ્યો છે. હાથમાં ગદા લઈને નગ્નાવસ્થામાં ઘૂસેલાના આ કૃત્યએ કાયદો અને વ્યવસ્થા સામે તો પ્રશ્નો ઊભા કર્યા જ છે, સાથે જ પવિત્ર તીર્થની સુરક્ષા અને મર્યાદાને પણ ડાઘ લગાડ્યો છે.

આ કોઈ છૂટીછવાયી ઘટના નથી. નજીકના ભૂતકાળમાં પણ ગિરનાર અને આસપાસના ધાર્મિક પરિસરમાં જમીન-મિલકતના વિવાદો, ગાદી-વારસાના ઝઘડા, અસામાજિક પ્રવૃત્તિઓ અને સંતો-મહંતો વચ્ચેના સંઘર્ષોના બનાવો સપાટી પર આવ્યા છે. ત્યાગ અને સેવાની પરંપરા ધરાવતા સંતસમાજની છબિને આવા બનાવો ગંભીર નુકસાન પહોંચાડે છે.

સાધુના વેશમાં શંકાસ્પદ અને ભાંગફોડિયા તત્વો ઘૂસી જાય છે, ત્યારે સાચી સાધના કરનારા નિષ્કલંક સંતોની ગરિમા પણ જોખમાય છે. ભગવા વસ્ત્ર અને સંતત્વનો આડંબર રચીને અરાજકતા ફેલાવનારા તત્વો સનાતન ધર્મ માટે શરમજનક સ્થિતિ સર્જે છે. આવા તત્વો સામે માત્ર કડક પોલીસ કાર્યવાહી જ નહીં, પરંતુ અખાડાઓ અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા પણ કડક આંતરિક ચકાસણી અને શિસ્તબદ્ધ પગલાં ભરવા અનિવાર્ય છે.

ગિરનારની દિવ્યતા અને પવિત્રતા જાળવી રાખવી એ દરેક શ્રદ્ધાળુ, સંત અને તંત્રની સહિયારી જવાબદારી છે. ગિરનારને બદનામ કરનારા અને છદ્મ વેશમાં છુપાયેલા ભાંગફોડિયા તત્વોની કડક ''દવા'' થશે, ત્યારે જ આ તીર્થક્ષેત્ર ફરી એકવાર નિર્ભય, શાંત અને આધ્યાત્મિક તેજથી ઝળહળતું રહેશે. (૩.૨)

૧ ડિસેમ્બરથી અમલમાં આવનારા આ પાંચ ફેરફારો સામાન્ય નાગરિકોથી લઈને વેપારીઓ, વાહન ખરીદનારાઓ અને શેરબજારના રોકાણકારો સુધીની અલગ-અલગ કેટેગરીને અસર કરી શકે છે

૧ ડિસેમ્બરથી ૫ મોટા ફેરફારો: LPGના ભાવથી લઈને ક્રેડિટ કાર્ડ સુધી બદલાશે નિયમો

LPGના ભાવમાં ફેરફારથી ઘરનું બજેટ પ્રભાવિત થઈ શકે છે, જ્યારે SBI ક્રેડિટ કાર્ડના નવા ચાર્જથી કાર્ડધારકોનો ખર્ચ વધી શકે છે

નવી દિલ્હી, તા. ૨૭ : નવેમ્બર મહિનો પૂર્ણ થવા જઈ રહ્યો છે અને ૧ ડિસેમ્બરથી વર્ષના છેલ્લા મહિનાની શરૂઆત થશે. નવા મહિનાની શરૂઆત સાથે જ દેશભરમાં અનેક મહત્વપૂર્ણ ફેરફારો થવા જઈ રહ્યા છે. આ ફેરફારોની સીધી અસર સામાન્ય નાગરિકોના ખિસ્સા, ઘરનું બજેટ, વાહનોની ખરીદી અને બેંકિંગ વ્યવહારો પર પડી શકે છે. LPG ગેસ સિલિન્ડરના ભાવથી લઈને ક્રેડિટ કાર્ડના નિયમો સુધી પાંચ મોટા ફેરફારો ૧ ડિસેમ્બરથી અમલમાં આવવાના છે. આ ઉપરાંત ટાટા મોટર્સની કાર ખરીદવી પણ મોંઘી બની શકે છે. તો જાણીએ આ પાંચ ફેરફારો કયા છે અને તેની સામાન્ય લોકો પર કેવી અસર પડશે.

૧. LPG ગેસ સિલિન્ડરના ભાવમાં થઈ શકે છે ફેરફાર

દર મહિનાની પહેલી તારીખે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ LPG ગેસ સિલિન્ડરના ભાવની સમીક્ષા કરે છે. ત્યારે ૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ પણ ગેસ સિલિન્ડરના નવા ભાવ જાહેર થઈ શકે છે. ખાસ કરીને ઘરેલુ ૧૪.૨ કિલોગ્રામ અને કોમર્શિયલ ૧૯ કિલોગ્રામના ગેસ સિલિન્ડરના ભાવ પર લોકોની નજર રહેશે. અગાઉ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, જ્યારે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવ લાંબા સમયથી સ્થિર છે. જો ઘરેલુ ગેસના ભાવમાં વધારો થાય તો તેની સીધી અસર સામાન્ય પરિવારોના માસિક બજેટ પર પડી શકે છે. બીજી તરફ હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય વ્યવસાયોને પણ કોમર્શિયલ ગેસના ભાવમાં ફેરફારની અસર થશે. LPG ઉપરાંત ઉડ્ડયન ક્ષેત્રમાં વપરાતા ATF એટલે કે એર ટર્બાઈન ફ્યુઅલના ભાવમાં પણ ફેરફાર થઈ શકે છે.

૨. SBI ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફાર

૧ ડિસેમ્બરથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના ક્રેડિટ કાર્ડધારકો માટે પણ મહત્વનો ફેરફાર થવા જઈ રહ્યો છે. બેંક દ્વારા ૨૭ ઓક્ટોબરના રોજ આ અંગે માહિતી આપવામાં આવી હતી. નવા નિયમ મુજબ, ક્રેડિટ કાર્ડ મારફતે કરવામાં આવતા ચોક્કસ ટ્રાન્ઝેક્શન પર વધારાનો ચાર્જ લાગુ થઈ શકે છે. રૂ.૩૦,૦૦૦થી વધુના ટ્રાન્સપોર્ટ વ્યવહારો અને રૂ.૫૦,૦૦૦થી વધુના ફ્યુઅલ ખર્ચ પર ૧% ચાર્જ લાગુ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ફેરફારને કારણે મોટા પ્રમાણમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ટ્રાન્સપોર્ટ અને ઈંધણની ચુકવણી કરતા ગ્રાહકોએ હવે વધુ ખર્ચ કરવો પડી શકે છે. તેથી SBI ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા ગ્રાહકોએ નવા નિયમો અને લાગુ પડતી શરતોની જાણકારી મેળવી લેવી જરૂરી છે.

૩. ટાટાની કાર અને SUV ખરીદવી થશે મોંઘી

જો તમે ડિસેમ્બર મહિનામાં નવી કાર ખરીદવાનું આયોજન કરી રહ્યા છો તો તમારા માટે મહત્વના સમાચાર છે. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ દ્વારા ૧ ડિસેમ્બરથી કાર અને SUVની કિંમતોમાં વધારો કરવાની



જાહેરાત કરવામાં આવી છે. કંપનીના જણાવ્યા અનુસાર, વાહનોની કિંમતોમાં વેરિઅન્ટ પ્રમાણે ફેરફાર થશે અને સરેરાશ ૦.૫% સુધીનો વધારો થઈ શકે છે. આ ભાવવધારામાં પેટ્રોલ, ડીઝલ અને ઈલેક્ટ્રિક વાહનોનો સમાવેશ થઈ શકે છે. એટલે કે ટાટાની લોકપ્રિય કાર અને SUV ખરીદવા ઈચ્છતા ગ્રાહકોએ હવે વધારે કિંમત ચૂકવવી પડી શકે છે. વાહનના મોડલ અને વેરિઅન્ટ પ્રમાણે ભાવવધારાની રકમ અલગ-અલગ રહેશે. આથી નવી કાર ખરીદવાનું વિચારી રહેલા ગ્રાહકો માટે ૧ ડિસેમ્બર પહેલાં ખરીદી કરવાનો વિકલ્પ પણ મહત્વનો બની શકે છે.

૪. કોમોડિટી ટ્રેડિંગ માટે SEBIના નવા નવા માર્જિન નિયમો

શેરબજાર અને કોમોડિટી માર્કેટમાં રોકાણ તથા ટ્રેડિંગ કરતા લોકો માટે પણ ૧ ડિસેમ્બરથી મહત્વનો ફેરફાર થવાનો છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા કોમોડિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ માટે માર્જિનના નિયમોમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. નવા નિયમો હેઠળ કોમોડિટીના ભાવમાં થતી વધઘટ અને જોખમના આધારે ટ્રેડર્સે જરૂરી પ્રારંભિક માર્જિન જાળવવું પડશે. આ માટે કોમોડિટીને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવી છે. ઓછી વધઘટ ધરાવતી કોમોડિટી માટે ૬%, મધ્યમ વધઘટ ધરાવતી કોમોડિટી માટે ૮% અને વધુ વધઘટ ધરાવતી કોમોડિટી માટે ૧૦% માર્જિનની જોગવાઈ કરવામાં આવી છે. આ નિયમનો મુખ્ય હેતુ બજારમાં જોખમનું સંચાલન અને ટ્રેડિંગ વ્યવહારોમાં નાણાકીય શિસ્ત જાળવવાનો છે. નવા નિયમોને કારણે કોમોડિટી ટ્રેડિંગ કરતા રોકાણકારોએ પોતાની મૂડી અને માર્જિનની ગણતરીમાં ફેરફાર કરવો પડી શકે છે.

૫. GST રજિસ્ટ્રેશન રદ કરવાની પ્રક્રિયામાં ફેરફાર

GST કરદાતાઓ માટે પણ ૧ ડિસેમ્બરથી મહત્વપૂર્ણ ફેરફાર લાગુ થવાની તૈયારી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા સેન્ટ્રલ GST નિયમો, ૨૦૧૭માં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારા હેઠળ GST રજિસ્ટ્રેશન રદ કરવાની અરજી અને તેની પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવશે. નવા નિયમ મુજબ પાત્ર અરજીઓની પ્રક્રિયા GST કોમન પોર્ટલ મારફતે ઈલેક્ટ્રોનિક રીતે કરવામાં આવશે. જોકે, જેમના GST રિટર્ન બાકી હશે અથવા જેમની સામે કોઈ લેણાં બાકી હશે તેવા કિસ્સાઓની વધુ તપાસ માટે સંબંધિત અધિકારીને મોકલવામાં આવશે. આ ફેરફારથી GST રજિસ્ટ્રેશન રદ કરવાની પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત અને ડિજિટલ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વેપારીઓ અને નાના ઉદ્યોગકારોએ નવા નિયમો અનુસાર પોતાની GST સંબંધિત કામગીરી અને બાકી રિટર્નની સ્થિતિ તપાસવી જરૂરી રહેશે.

સામાન્ય લોકોના ખિસ્સા પર પડશે અસર

આમ, ૧ ડિસેમ્બરથી અમલમાં આવનારા આ પાંચ ફેરફારો સામાન્ય નાગરિકોથી લઈને વેપારીઓ, વાહન ખરીદનારાઓ અને શેરબજારના રોકાણકારો સુધીની અલગ-અલગ કેટેગરીને અસર કરી શકે છે. LPGના ભાવમાં ફેરફારથી ઘરનું બજેટ પ્રભાવિત થઈ શકે છે, જ્યારે SBI ક્રેડિટ કાર્ડના નવા ચાર્જથી કાર્ડધારકોનો ખર્ચ વધી શકે છે. બીજી તરફ ટાટાની કારની કિંમતોમાં વધારો થવાથી વાહન ખરીદવાનું આયોજન કરતા લોકોને વધુ નાણાં ખર્ચવા પડશે. તેથી ડિસેમ્બર મહિનો શરૂ થાય તે પહેલાં આ નવા નિયમો અને ફેરફારો અંગે જાણકારી મેળવવી જરૂરી છે.

અમેરીકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નિવેદન

પુતિન રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા સમજૂતિ કરવા માંગે છે

ફ્લોરિડા, તા. ૨૭ : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે એક સમજૂતિ કરવા માંગે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેમની પ્રાથમિકતા જાનહાનિને અટકાવવાનું છે અને સાથે જ રશિયન નેતા સાથે સંબંધ બનાવી રાખવાના પોતાના દૃષ્ટિકોણ વિશે પણ જણાવ્યું હતું.

ફ્લોરિડામાં આવેલા તેમના નિવાસસ્થાન 'માર-એ-લાગો'થી અમેરિકન સૈન્ય કર્મીઓ સાથે 'થેંક્સગિવિંગ' નિમિત્તે વાતચીત કરતી વખતે, ટ્રમ્પે કહ્યું કે તેઓ મોસ્કો સાથે એક સમજૂતિ કરવા માંગે છે. તેમણે દલીલ કરી કે વાટાઘાટોની પ્રક્રિયા માટે પુતિન સાથે સંબંધો જાળવી રાખવા મહત્વપૂર્ણ છે.

પુતિનને અગાઉ 'મિત્ર' તરીકે સંબોધવા અને ત્યારબાદ રશિયન સૈન્ય આક્રમકતા અંગે કરેલી ટિપ્પણીઓ વિશે પત્રકારના સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું, 'જુઓ, ઘણી વાતો કહી શકાય છે, પરંતુ તમારે એક વાત સમજવી પડશે. અમે એક સમજૂતિ કરવા માંગીએ છીએ. અમે લોકોના જીવ જતા રોકવા માંગીએ છીએ.'



ટ્રમ્પે કહ્યું, 'હું એમ ન કહી શકું કે તે મિત્ર છે અથવા મારી સાથે છે...પણ, મારે એક સમજૂતિ કરવી છે. મારે આ સમજૂતિ પાર પાડવી પડશે. ત્યાં દર મહિને ૨૫૦૦૦ લોકો જીવ ગુમાવી રહ્યા છે.'

પોતાની રણનીતિ સમજાવતા, ટ્રમ્પે કહ્યું કે પુતિન પ્રત્યે દુશ્મનાવટ દર્શાવવાથી સમાધાનના પ્રયાસો જટિલ બની શકે છે. તેમણે રશિયન નેતા અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોનું ઉદાહરણ આપ્યું હતું.

ટ્રમ્પે કહ્યું, 'હું ત્યાં જઈને એમ કહી શકું કે, 'મને તમે પસંદ નથી', અને પછી આપણી સામે એ જ સમસ્યા ઊભી થાય જે ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચે છે. જુઓ, આવા સમાધાનમાં સૌથી મોટી સમસ્યા એ છે કે અહીં બે એવા નેતાઓ છે જેઓ એકબીજાને ખરેખર ધિક્કારે છે.?'

ટ્રમ્પે અમેરિકન રાજકારણમાં રશિયાના કથિત હસ્તક્ષેપ અંગેની તપાસનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેને તેમણે ખોટી તપાસ ગણાવી હતી. સાથે જ તેમણે પુનરોચ્ચાર કર્યો કે પુતિન સાથેની તેમની તાજેતરની વાતચીત સકારાત્મક રહી હતી.

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે તેઓ અપેક્ષા રાખે છે કે પુતિન ફ્લોરિડામાં આવેલા તેમના 'ડોરલ રિસોર્ટ' ખાતે યોજાનારી આગામી G૨૦ સમિટમાં હાજરી આપશે, ત્યારે ટ્રમ્પે કહ્યું કે તેમને ખાતરી નથી, પરંતુ તેઓ રશિયન નેતાનું સ્વાગત કરશે. (૩૭.૬)

વેનેઝુએલામાં ડીઝલના ભાવ ફક્ત ૩૯ પૈસા પ્રતિ લિટર અને ઈરાનમાં ૫૩ પૈસા

વિશ્વમાં સૌથી સસ્તું પેટ્રોલ ૩.૨.૧૫ અને ડીઝલ ૩.૧ પ્રતિ લિટરથી પણ ઓછું

લિબિયામાં પેટ્રોલના ભાવ પ્રતિ લિટર ૩.૨.૧૫ છે: ભારતમાં સૌથી સસ્તું પેટ્રોલ અને ડીઝલ પોર્ટ બ્લેરમાં છે

નવી દિલ્હી: તા.૧૨: વિશ્વમાં સૌથી સસ્તું પેટ્રોલ અને ડીઝલ વેચતા દેશો લિબિયા, ઈરાન અને વેનેઝુએલા છે. GlobalPetrolPrices.com અનુસાર, લિબિયામાં પેટ્રોલની કિંમત પ્રતિ લિટર ૩.૨.૧૫ છે. ઈરાનમાં તે થોડું મોંઘુ છે ૩.૨.૬૫ પ્રતિ લિટર, અને વેનેઝુએલામાં ૩.૩.૨૫ પ્રતિ લિટર. ડીઝલની કિંમત વેનેઝુએલામાં પ્રતિ લિટર માત્ર ૩.૩૯ અને ઈરાનમાં ૩.૫૩ છે, એટલે કે બંને દેશોમાં ડીઝલની કિંમત પ્રતિ લિટર ૩.૧ કરતા ઓછી છે. દરમિયાન, લિબિયામાં, ૧ લિટર ડીઝલની કિંમત ૩.૨.૧૫ છે. બીજી તરફ, ભારતમાં સૌથી સસ્તું પેટ્રોલ અને ડીઝલ પોર્ટ બ્લેરમાં વેચાય છે. અહીં પેટ્રોલ ૩.૮૮.૬૬ પ્રતિ લિટર છે, જ્યારે ડીઝલ ૩.૮૪.૫૬ છે.

હવે આપણે સૌથી સસ્તુ પેટ્રોલ અને ડીઝલની ચર્ચા કરી છે, ચાલો સૌથી મોંઘા પેટ્રોલ તરફ આગળ વધીએ. વિશ્વમાં સૌથી મોંઘુ પેટ્રોલ હોંગકોંગમાં છે, જેની કિંમત ૩.૪૧૦.૭૫ પ્રતિ લિટર છે. માલાવી બીજા ક્રમે છે, જ્યાં એક લિટરની કિંમત ૩.૩૦૦.૬૮ છે. બીજી તરફ, ભારતમાં સૌથી મોંઘુ પેટ્રોલ આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ૩.૧૧૮.૩૪ પ્રતિ લિટર છે.

ડીઝલની વાત કરીએ તો, હોંગકોંગમાં પણ ડીઝલ સૌથી મોંઘુ છે. અહીં એક લિટર ડીઝલની કિંમત ૩.૪૪૧.૬૩ છે. માલાવી આ સંદર્ભમાં બીજા ક્રમે છે, જ્યાં ડીઝલની કિંમત ૩.૩૧૩.૭૫ પ્રતિ લિટર છે. બીજી બાજુ, ભારતમાં, આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ડીઝલની કિંમત ૩.૧૦૬.૦૬ પ્રતિ લિટર છે.

શ્રીમંત દેશોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારે છે, જ્યારે ઓછી આવક ધરાવતા અને ક્રૂડ ઓઈલ ઉત્પાદક દેશોમાં ઈંધણ સસ્તું છે. જોકે, યુનાઈટેડ સ્ટેટ્સ એક અપવાદ છે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક હોવા છતાં, ત્યાં પેટ્રોલના ભાવ પ્રમાણમાં ઓછા છે.

વૈશ્વિક ઉર્જા સંકટને કારણે, ડીઝલના ભાવ પેટ્રોલ કરતાં ઝડપથી વધી રહ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી, ૨૦૨૬ માં ઈરાન યુદ્ધે પણ ડીઝલના પુરવઠાને અસર કરી છે. પરિણામે, વિશ્વભરના ઘણા બજારોમાં ડીઝલ પેટ્રોલ કરતાં વધુ મોંઘુ વેચાઈ રહ્યું છે.

નવેમ્બર ૨૦૨૬ માં, વૈશ્વિક ડીઝલ અને પેટ્રોલના ભાવનો ગુણોત્તર ૧.૧૨૯ થયો. આનો અર્થ એ થયો કે સરેરાશ, ડીઝલના ભાવ પેટ્રોલ કરતાં આશરે ૧૨.૯ ટકા વધુ છે. જાન્યુઆરી ૨૦૨૧ માં, આ ગુણોત્તર ૦.૯૧૨ હતો.

રશિયા-યુક્રેન યુદ્ધની અસર ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુદ્ધ શરૂ થયા પછી, રશિયાથી ડીઝલના પુરવઠા પર અસર પડી. આના કારણે પહેલા



યુરોપમાં અને પછી વૈશ્વિક બજારમાં ડીઝલની અછત સર્જાઈ. નવેમ્બર ૨૦૨૨ માં ડીઝલ-પેટ્રોલ ગુણોત્તર વધીને ૧.૦૯૭ થયો.

ઈરાન યુદ્ધ કટોકટીને વધારે છે માર્ચ ૨૦૨૬ માં ઈરાન યુદ્ધ શરૂ થયા પછી, ગલ્ફ દેશોમાંથી ડીઝલનો પુરવઠો લગભગ બંધ થઈ ગયો. આનાથી વૈશ્વિક બજારમાં ડીઝલની અછત વધી ગઈ. માર્ચમાં ડીઝલ-પેટ્રોલ ગુણોત્તર ૧.૦૫૯ હતો, જે ઓક્ટોબરમાં વધીને ૧.૧૦૫ અને નવેમ્બરમાં ૧.૧૨૯ થયો.

બ્રેન્ટ ક્રૂડમાં વધઘટ: ઓક્ટોબર ૨૦૨૬ માં બ્રેન્ટ ક્રૂડ ૧૦૮.૧૮ પ્રતિ બેરલ પર પહોંચ્યું. નવેમ્બરમાં તે ઘટીને ૯૬ થઈ ગયું. આમ છતાં, ડીઝલના ભાવ પેટ્રોલ કરતા વધારે રહે છે.

ડીઝલ અને ગેસોલિન બંને ક્રૂડ તેલમાંથી મેળવવામાં આવે છે, પરંતુ તેમના ઉત્પાદન માટે વિવિધ પ્રકારના ક્રૂડ તેલ અને રિફાઈનિંગ પ્રક્રિયાઓની જરૂર પડે છે. ડીઝલનું ઉત્પાદન મુખ્યત્વે મધ્ય પૂર્વ, રશિયા, કેનેડા અને લેટિન અમેરિકાના ભારે ક્રૂડ તેલમાંથી થાય છે. જ્યારે, ગેસોલિનનું ઉત્પાદન મુખ્યત્વે યુનાઈટેડ સ્ટેટ્સ, ઉત્તર સમુદ્ર અને પશ્ચિમ આફ્રિકાના હળવા ક્રૂડ તેલમાંથી થાય છે.(૪૧.૧૨)

બરડા અભયારણ્યમાં ફક્ત ૩૦ થી ૪૦ સિંહો જ રહી શકે છે : એકવાર આ મર્યાદા પૂર્ણ થઈ જાય, પછી સિંહો ભાણવડ, રાણાવાવ, માધવપુર અને કલ્યાણપુર જેવા બિન-સુરક્ષિત મહેસૂલ વિસ્તારોમાં સ્થળાંતર કરે તેવી શક્યતા

બરડામાં સિંહોની ગર્જના : ૪ વર્ષમાં સિંહોની વસ્તી હવે ૨૬ સુધી પહોંચી ગઈ

અમદાવાદ, તા. ૨૭ : જાન્યુઆરી ૨૦૨૩ માં બરડા વન્યજીવન અભયારણ્યમાં જ્યારે એક પુખ્ત સિંહ કુદરતી રીતે આવ્યો, ત્યારે વન અધિકારીઓ અને વન્યજીવન પ્રેમીઓએ તેને એક મોટી સિદ્ધિ તરીકે ઉજવી. જો કે, ચાર વર્ષથી ઓછા સમયમાં સિંહોની વસ્તીમાં ઝડપી વધારાએ હવે વન વિભાગ માટે નવા વ્યવસ્થાપન પડકારો ઉભા કર્યા છે. પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફેલાયેલા આ ૧૯૧ ચોરસ કિલોમીટરના અભયારણ્યમાં સિંહોની વસ્તી હવે ૨૬ સુધી પહોંચી ગઈ છે. અધિકારીઓ માને છે કે અભયારણ્ય ઝડપથી તેની મહત્તમ વહન ક્ષમતાની નજીક પહોંચી રહ્યું છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII) ના અંદાજ મુજબ, બરડા અભયારણ્યમાં ફક્ત ૩૦ થી ૪૦ સિંહો જ રહી શકે છે. એકવાર આ મર્યાદા પૂર્ણ થઈ જાય, પછી સિંહો ભાણવડ, રાણાવાવ, માધવપુર અને કલ્યાણપુર જેવા બિન-સુરક્ષિત મહેસૂલ વિસ્તારોમાં સ્થળાંતર કરે તેવી શક્યતા છે.

લગભગ ૧૪૫ વર્ષથી તેમના કુદરતી ઘર બરડામાં સિંહોનું પાછા ફરવું એ એક દાયકાથી વધુની મહેનતનું પરિણામ છે. ૨૦૧૪ માં જ્યારે વન વિભાગે સાંભર અને ચિતલ માટે સંવર્ધન કેન્દ્રની સ્થાપના કરી ત્યારે પાયો નાખવામાં આવ્યો હતો. સિંહો માટે મજબૂત શિકાર પુરવઠો પૂરો પાડવા માટે જંગલમાં પહેલાથી જ નોંધપાત્ર જંગલી ડુક્કરની વસ્તી સાથે, સેંકડો શાકાહારી પ્રાણીઓને અહીં છોડવામાં આવ્યા હતા. ૨૦૧૫ સુધીમાં, આ ડુંગરાળ વિસ્તારને આ મોટા શિકારીઓને આવકારવા માટે સંપૂર્ણપણે તૈયાર માનવામાં આવતો હતો.

૨૦૨૩ માં, લાંબા સમય સુધી અહીં પ્રથમ નર સિંહ સ્થાયી થયા પછી, વન અધિકારીઓએ ગીરના જંગલોમાંથી પાંચ વધુ સિંહણને બરડામાં સ્થાનાંતરિત કરી. કુદરતી સંવર્ધન દ્વારા પરિવાર ઝડપથી વધ્યો. ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં, સિંહોની વસ્તી ૧૭ સુધી પહોંચી ગઈ હતી, અને આ વર્ષે ઓગસ્ટમાં, તે ૨૬ પર પહોંચી ગઈ.

પોરબંદરના નાયબ વન સંરક્ષક (DCF) ચિરાગ ચાંડગુડેએ જણાવ્યું હતું કે બધા ૨૬ સિંહ સંપૂર્ણપણે સ્વસ્થ અને ફિટ છે, અને વિભાગ સતત તેમનું નિરીક્ષણ કરી રહ્યું છે. તેમણે કહ્યું, 'અમારું માનવું છે કે અહીં મેટા-વસ્તી પહેલાથી જ સ્થાપિત થઈ ગઈ છે. આગામી થોડા વર્ષોમાં તેમની સંખ્યા વધુ વધશે, તેથી અમે નવા કોરિડોરની શક્યતા શોધી રહ્યા છીએ.'



સંરક્ષણ જીવવિજ્ઞાનમાં, 'મેટા-વસ્તી' એ એક જ પ્રજાતિની અલગ પેટા-વસ્તીનો ઉલ્લેખ કરે છે જે સમયાંતરે હલનચલન દ્વારા જોડાયેલા રહે છે. અધિકારીઓ કહે છે કે વર્તમાન પરિસ્થિતિ ૧૯૯૦ ના દાયકાની યાદ અપાવે છે, જ્યારે જૂનાગઢના સંરક્ષિત વિસ્તારોમાં જગ્યાને કારણે સિંહો અમરેલી, ભાવનગર અને બોટાદના મહેસૂલ વિસ્તારોમાં ફેલાઈ ગયા હતા.

આ સમયે વન વિભાગની સૌથી મોટી ચિંતા એ છે કે વર્તમાન બરડા વસ્તીમાં મોટાભાગે બચ્ચાઓનો સમાવેશ થાય છે. જેમ જેમ આ બચ્ચાં નાના બાળકોમાં મોટા થાય છે, તેમ તેમ તેઓ કુદરતી રીતે નવા પ્રદેશો શોધવાનું શરૂ કરશે. આનાથી પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના મોટા ભાગોમાં સિંહોનો ફેલાવો ઝડપી થવાની શક્યતા છે.

ભવિષ્યમાં સ્થાનિક વસ્તી ૭૦ થી ૮૦ સિંહો સુધી પહોંચવાની ધારણા હોવાથી, વહીવટીતંત્રે તૈયારીઓ શરૂ કરી દીધી છે. અધિકારીઓ માનવ વસાહતો સાથે સિંહોનું સલામત સહઅસ્તિત્વ સુનિશ્ચિત કરવા માટે વન્યજીવન કોરિડોરનું સક્રિયપણે મેપિંગ કરી રહ્યા છે. વન્યજીવન નિષ્ણાંતો આગાહી કરે છે કે આગામી વર્ષોમાં, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગર જૂનાગઢ, અમરેલી અને ભાવનગરની જેમ વધુ સિંહોની ઘનતા ધરાવતા જિલ્લાઓની યાદીમાં જોડાશે.(૩૭.૭)

તમારી પ્રેસનોટ-ફોટા મેઈલ કરજો

રાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓને જણાવવાનું કે તમારા કાર્યક્રમ અંગેની પ્રેસનોટ અને ફોટા મેઈલ **akiladailyphoto@gmail.com** મોકલવા વિનંતી. મેઈલ કર્યા બાદ ફોન.૦૨૮૧-૨૪૪૫૩૫૪/ ૨૪૪૫૧૧૧ ઉપર જાણ કરવી જરૂરી છે.(૪૦.૨)

મોટા વેપારીઓ માટે સેન્ટ્રલાઈઝ્ડ વહીવટ, નાના કરદાતાને ઓનલાઈન સુવિધા

કરદાતાઓ માટે એપ્રિલથી ફેસલેસ એસેસમેન્ટની તૈયારી

સીબીઆઈસી ટૂંક સમયમાં ડ્રાફ્ટ જાહેર કરી સંકળાયેલા લોકો પાસે અભિપ્રાય મંગાવશે

નવી દિલ્હી, તા. ૨૭ : ઈન્કમટેક્સમાં ફેસલેસ એસેસમેન્ટ કરવામાં આવ્યા બાદ પારદર્શિતા વધી છે. તેવી જ રીતે હવે જીએસટીમાં પણ ફેસલેસ એસેસમેન્ટ કરવા માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. તે કામગીરી આગામી એપ્રિલ ૨૦૨૭થી શરૂ કરવામાં આવનાર છે.

પ્રિસ્તાવિત વ્યવસ્થામાં મોટા વેપારીઓ અને અનેક રાજ્યોમાં જીએસટી રજિસ્ટ્રેશન ધરાવતી કંપનીઓ માટે સેન્ટ્રલાઈઝ્ડ વહીવટી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. હાલ અનેક રાજ્યોમાં અથવા એક જ રાજ્યમાં જુદા જુદા જીએસટી અધિકાર ક્ષેત્ર હેઠળ નોંધણી ધરાવતી કંપનીઓને વિવિધ કચેરીઓ સાથે સંકલન કરવું પડે છે. જેના કારણે રજિસ્ટ્રેશન, રિટર્નની ચકાસણી, નોટિસ, વિવાદો અને અપીલ સહિતની કામગીરીમાં સમય અને ખર્ચ વધે છે. નવી વ્યવસ્થામાં આવા મોટા કરદાતાઓને એક જ કેન્દ્રિય કચેરી મારફતે જીએસટી સંબંધિત વિવિધ સેવાઓ પૂરી પાડવાનો વિચાર છે. તેમાં રજિસ્ટ્રેશન, રિટર્નની સ્ક્રુટિની, કર વિવાદોનું એડજ્યુડિકેશન, રિવ્યૂ અને અપીલ જેવી કામગીરીનો સમાવેશ થઈ શકે છે. કંપની પાસે કેટલાં રાજ્યોમાં જીએસટી નંબર છે તેના આધારે અલગ અલગ કચેરીઓના ધક્કા ખાવામાંથી છુટકારો મળે તેવા આશયથી ફેસલેસ એસેસમેન્ટ સુવિધા શરૂ કરવામાં આવનાર છે. બીજી તરફ નાના વેપારીઓ, ઉદ્યોગકારો અને સ્થાનિક સ્તરે નોંધાયેલા કરદાતાઓ માટે ફેસલેસ આસિસ્ટન્સ સિસ્ટમ અમલમાં મૂકવાની યોજના છે. આ વ્યવસ

ભજન કરીને ધર્મગુરૂ સિધ્ધાંત અને સદ્‌ગુરૂ સત્ય આપે : પૂ. મોરારીબાપુ

ભાવનગર જિલ્લાના તલગાજરડામાં શ્રી ચિત્રકુટધામમાં પૂ. પ્રભુદાસબાપુની પૂણ્યતિથી પ્રસંગે સમુહલગ્ન : સંતવાણી આરાધકોનું સન્માન

(મેઘના/વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર તા.૨૭: શ્રી ચિત્રકૂટધામ તલગાજરડામાં શ્રી પ્રભુદાસબાપુની પુણ્યતિથિ પ્રસંગે સમૂહલગ્ન અને સંતવાણી સન્માનનો સાત્વિક ઉપક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી મોરારિબાપુ કહ્યું કે, ભજન કરી ધર્મગુરુ સિદ્ધાંત આપે છે, સદગુરુ સત્ય આપે છે.

શ્રી મોરારિબાપુ દ્વારા શ્રી ચિત્રકૂટધામ તલગાજરડામાં યોજાયેલ કાર્યક્રમમાં સંતવાણી ગાયક, સંગીતકાર આરાધકોનું સન્માન અભિવાદન કરવામાં આવ્યું.

શ્રી મોરારિબાપુએ આ સન્માન કાર્યક્રમ એ ભજન વંદનાનો પ્રતીક ઉપક્રમ ગણાવી પોતાનો રાજીપો વ્યક્ત કર્યો અને તેમના પ્રેરક હરખ ઉદ્બોધનમાં કહ્યું કે, ભજન કરી ધર્મગુરુ સિદ્ધાંત આપે છે, સદગુરુ સત્ય આપે છે. ભજનથી શું મળે? તે પ્ર' છોડી શ્રી મોરારિબાપુએ તુલસીદાસજીના ઉલ્લેખ સાથે



કહ્યું કે, તેને પછી ભજન સિવાય કશું જ ગમતું નથી. ભજન વડે થતી પ્રાપ્તિનો પણ ઉલ્લેખ કર્યો.

આ કાર્યક્રમમાં શ્રી સુખરામજીબાપુ મોટાભમોદરાની આદિ સર્જક વંદના થઈ, ભજનિક શ્રી દેવરાજ ગઢવી નાનો ડેરો (બાડા કચ્છ), તબલાવાદક શ્રી પ્રતાપભાઈ બારોટ (જૂનાગઢ), તબલા વાદક શ્રી હિતેશગીરી ગોસાઈ (બાબરા રાજકોટ) અને મંજીરવાદક શ્રી સંજયભાઈ કાપડી (જામનગર) આ પ્રતિભાઓને સંતવાણી સન્માન એનાયત થયાં.

આ સન્માન કાર્યક્રમ સંચાલન કરતાં શ્રી હરિચંદ્રભાઈ જોષીએ સંતવાણી પરંપરાનો ઉલ્લેખ કરી અલગ અલગ પ્રાંતોની સંતવાણી સંદર્ભે રસ પીરસ્યો અને શ્રી મોરારિબાપુ પ્રેરિત આ આયોજન વિશે પ્રાસંગિક વિગત આપી.

શ્રી પ્રભુદાસબાપુની પુણ્યતિથિ પ્રસંગે અહીંયા યોજાયેલ સમૂહલગ્નમાં ગામની દીકરીઓએ લગ્નજીવનમાં પગલાં પાડ્યાં.

તલગાજરડામાં આ સમૂહલગ્ન અને સંતવાણી સન્માનનો સાત્વિક ઉપક્રમ યોજાઈ ગયો, જેમાં સાવરકુંડલાના ભક્તિરામબાપુ સાથે લોકસાહિત્યકાર ભિખુદાન ગઢવી, ભજનિક શ્રી નિરંજનભાઈ પંડ્યા, લોકગાયક ભજનિક હેમંતભાઈ ચૌહાણ, સાંસદ શ્રી પુરુષોત્તમ રૂપાલા, ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ અને કલાકાર ભજનિકો બિહારીભાઈ ગઢવી, ભારતીબેન વ્યાસ, કિર્તીદાન ગઢવી, માયાભાઈ આહિર, નીતિનભાઈ વડગામા સહિત સાહિત્યકારો, કલાકારો, ધાર્મિક તથા સામાજિક અગ્રણીઓ અને ભાવિકો મોટી સંખ્યામાં જોડાયાં અને આ પ્રસંગ માણ્યો. આ સન્માન પસંદગી સેવામાં શ્રી પરષોત્તમપરી ગોસ્વામી તથા શ્રી ખેતશીભાઈ ગઢવી રહ્યાં હતાં.

તલગાજરડા ચિત્રકુટધામમાં સંતવાણીના આ સન્માન ઉપક્રમ સાથે નામી અનામી ભજનિક કલાકારો દ્વારા સંતવાણી લાભ મળ્યો હતો. (૯.૨૦)

જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલો હોવાની આશંકા: જરોદ વિસ્તારમાંથી ઝડપાયેલો વ્યક્તિ મૂળ આસામનો: સુરક્ષા એજન્સીઓ એલર્ટ

વડોદરામાં ગુજરાત ATSનું મોટું ઓપરેશનઃ AK-47 અને ૨૩ જીવતા કારતુસ સાથે એક વ્યક્તિની ધરપકડ

અમદાવાદ, તા.૨૭: ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ દ્વારા વડોદરામાં એક અત્યંત મોટી અને સફળ કાર્યવાહી કરીને આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા હોવાની આશંકા ધરાવતા શંકાસ્પદ આતંકીની ધરપકડ કરવામાં આવી છે. વડોદરાના જરોદ વિસ્તારમાંથી ઝડપાયેલા મૂળ આસામના આ શખ્સ પાસેથી ઘાતક ઓટોમેટિક હથિયાર AK-૪૭ અને ૨૩ જીવતા કારતુસ કબ્જે કરવામાં આવતા સમગ્ર રાજ્યની સુરક્ષા એજન્સીઓ એલર્ટ બની ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગુજરાત ATSને મળેલી ચોક્કસ માહિતીના આધારે વડોદરાના જરોદ વિસ્તારમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું,ATSની ટીમે જરોદ બસ સ્ટેન્ડ પાસેથી વોચ ગોઠવીને મૂળ આસામના એક આરોપીની ધરપકડ કરી છે.ઝડપાયેલો શખ્સ કુખ્યાત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.તપાસ દરમિયાન આરોપી પાસેથી અત્યંત ઘાતક ઓટોમેટિક હથિયાર AK-૪૭ અને ૨૩ જીવતા કારતુસ મળી આવ્યા છે, જેને ATSએ કબ્જે લીધા છે.

પૂછપરછમાં આતંકી કનેક્શન અને હથિયારના ઉપયોગ અંગે થઈ શકે છે મોટા ખુલાસા, ગુજરાત ATS દ્વારા આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આરોપી આ ઘાતક હથિયાર ક્યાંથી લાવ્યો હતો, વડોદરામાં કોને આપવાનો હતો અને આ હથિયારનો કયા હેતુથી ઉપયોગ થવાનો હતો તે અંગે સઘન તપાસ હાથ ધરાઈ છે. ATSની આકરી પૂછપરછમાં આગામી કલાકોમાં આતંકી કનેક્શન અને હથિયાર અંગે મોટા ખુલાસા થવાની પૂરી શક્યતા છે.(૨૨.૮)

ભચાઉ નજીક મોડી રાત્રે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપ

કચ્છની ધરતી વધુ એક વખત ધ્રુજી ઉઠી છે. ભચાઉ નજીક મોડી રાત્રે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે: કેન્દ્રબિંદુ ભચાઉથી ૮ કિ.મી. દૂર ઉત્તર-ઉત્તર પૂર્વમાં નોંધાયું હતું, ભૂકંપની ઉંડાઈ ૨૦.૧ કિ.મી. નોંધાયાનું જાહેર થયું છે. (૭.૨૦)

ઉના તાલુકામાં કાળચક્ર ફર્યું : ૮ કલાકમાં ૨ વાહન અકસ્માતોમાં ૨ મોતઃ ૪ને ઇજા

(નવીન જોષી દ્વારા) ઉના, તા.૨૭: ઉના પંથકમા કાળ ચક્ર ફરી વળતા આઠ કલાકમા વાહન અકસ્માતના બે બનાવોમા બે યુવાનના મોત અને ચારને ઈજા પહોંચી હતી.

યમ રાજાએ મુકામ કરેલ હોય તેમ કાળ ચક્ર ફરીવાળિયું હતું. પ્રથમ બનાવમા મોડી રાત્રે ઉના ભાવનગર નેશનલ હાઈ વે બાય પાસ રોડ ઉપર મછુંદરી નદીના પુલ ઉપર એક મોટર સાયકલ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો જેમા એક અજાણીયો યુવાન નુ મોત થયું હતું. ઉના પોલીસ ને જાણ થતા પી. એસ. આઈ. એચ. પી. સરવીયા અને પોલીસ કોન્સ્ટેબલ રવિભાઈ સોલંકી સ્થળ ઉપર જઈ મૃતકને ઉના સરકારી હોસ્પિટએ પી. એમ. માટે લઈ ગયા હતા. યુવાનની ઓળખ ન થઈ હોય સોસીયલ મીડિયા મા ફોટા મુકતા તેમના પરિવાર સવારે જોતા હોસ્પિટલે પહોંચેલ અને મૃતક જીલુભાઈ ડાયાભાઈ પરમાર રે. ઉનાં ઓળખી બતાવેલ હતું.

આ અકસ્માત બાદ ટ્રક ચાલક પણ સવારે ઉના પોલીસ સ્ટેશનમા હાજર થઈ ગયો હતો.

બીજા બનાવમા સવારે આઠ વાગ્યા બાદ ઉના તાલુકાના કંસારી ગામ થી ભાચા જતા રોડ ઉપર ખોડિયાર મંદિર આગળ ધાર ઉતરતા રોડ ઉપર ત્રણ મોટર સાયકલ ભટકાઈ હતી. જેમાં ઉના તાલુકાના મુળ આથમણા પડા ગામ ના હાલ સુરત રહેતા અજીતસિંહ જીલુભા ગોહિલ ના કૌટુંબિક શાળા ના લગ્ન તલાળા તાલુકા ના મોરુકા ગામે લગ્ન હોય. સવારે જાન મોરુકા ગામે જવા રવાના થઈ હતી.

અજીતસિંહ મોટર સાયકલ ઉપર લગ્નમા મોરુકા ગામે જતા હતા ત્યારે ભાચા ગામ આગળ ખોડિયાર ધાર પાસે પહોંચતા સામેથી આવતી બે મોટર સાયકલ ભટકાતા અજીતસિંહ રોડ ઉપર પડી ગયા હતા અને ગંભીર ઈજા થતા સ્થળ ઉપર મોત થયું હતું.

બીજી મોટર સાયકલ મા ભાવનગર તાલુકા ના ગારિયાધાર ગામે જતા જમાલભાઈ ઓસમાણ ભાઈ ઉઢેચા, પત્ની સલમાબેન જમાલભાઈ, પુત્ર રેહાન, અને વારિસ ને ઈજા થતા ઉના ની ખાનગી હોસ્પિટલ મા સારવાર માટે દાખલ કરેલ છે. જેમાં જમાલભાઈ ની સ્થિતિ ગંભીર હોવાનું તબીબ એ જણાવેલ છે.(૨૩.૧૨)

ચાલતા યંત્રે

મહાનદીના IPO નું નબળું લિસ્ટીંગ: BSE પર ૨.૧૦%નાં ડિસ્કાઉન્ટ સાથે રૂા. ૧૩૩-૧૫ પર લિસ્ટીંગ: NSE પર ૧૩૪ રૂા. પર શેર લિસ્ટઃ ૧૩૬ બેઝ પ્રાઇઝ હતી. (૭.૨૦)

બંગાળની ખાડીમાં ચોથુ વાવાઝોડુ બને, તે અંગે હજુ દ્વીધા

ઋણ દિ'બાદ આકાર લેનારી સીસ્ટમ સાયકલોન બને તે અંગે આઇએમડી હજુ મૌન

(મહમદ રાઠોડ દ્વારા) વાંકાનેર, તા. ૨૭: બંગાળની ખાડીમાં ડીસેમ્બરની પ્રથમ તારીખથી આકાર લેનાર સીસ્ટમ વધુ મજબુત બનીને સમાહના સમયગાળા દરમ્યાન સાયકલોન અર્થાત વાવાઝોડાની કેટેગરીએ પહોંચશે કે કેમ? કે પછી ડીપ્રેશન-ડીપ ડીપ્રેશન સુધીની જ કેટેગરી એ દક્ષિણના તામીલનાડુ આસપાસ લેન્ડફોલ કરશે? એ હજુ અનિશ્ચિત છે.

ગુજરાતમાં આ સીસ્ટમથી વાતાવરણમાં કમોસમી પલ્ટાની સંભાવના રહે છે કે કેમ? કારણ કે આ સમયગાળામાંજ ઉતરના રાજયો પરથી એક મજબુત વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનું આગમન થતુ હોઈ, ગુજરાતમાં વાતાવરણમાં ડીસેમ્બરના પ્રથમ સમાહમાં ઠંડી તો વધશે જ પણ કમોસમી માહોલ રચાશે કે કેમ? એ હવે નકકી થઈ શકે. સાયકલોન બનવા અંગે હજુ આઈએમડી મૌન છે.(૬.૭)

ભાવનગરમાં પથુભા ગોહિલનો મૃતદેહ હજુ ન સ્વીકારાયોઃ આજે ક્ષત્રિય સમાજ રણનીતિ ઘડશે

ખોટી ફરિયાદ નોંધાવનારા તથા તપાસમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ સામે ગુન્હો નોંધવા અને 'સીટ' દ્વારા તપાસની પરિવારની માંગ

(મેઘના વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર તા.૨૭ :.. ભાવનગર જિલ્લા જેલમાં ગુજસીટોકના આરોપી પથુભા ગોહિલ (પીપરાળી)ના મોતને પગલે ક્ષત્રિય સમાજનો રોષ યથાવત્ છે. પથુભાના મોતના બીજા દિવસે પણ પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરતાં સર ટી. હોસ્પિટલમાં મૃતદેહ રાખવામાં આવ્યો છે. પથુભા સામે ખોટી ફરિયાદ નોંધાવનાર ફરિયાદી તેમજ તપાસમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવાની અને સમગ્ર મામલે SIT દ્વારા તપાસ કરાવવાની પરિવારજનોની માંગ હજુ અધૂરી રહી છે. આ માંગણીઓ સંતોષાય નહીં ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવાના નિર્ણય પર પરિવાર અડગ છે.

પથુભા ગોહિલના જેલમાં થયેલા મોત બાદ ક્ષત્રિય સમાજ મેદાને પડ્યો છે અને ખોટી ફરિયાદ કરનાર અને તપાસ અધિકારી વિરુદ્ધ ગુનો નોંધવાની માંગ સાથે ક્ષત્રિય સમાજ દ્વારા દરેક તાલુકામાં કેન્ડલ માર્ચ અને બાદમાં દરેક જિલ્લામાં કાર્યક્રમો રાખવાની ચિમકી ઉચ્ચારાઈ હતી, પરંતુ હાલ પૂરતો આ કાર્યક્રમ મોકૂફ રખાયો હોવાનું જણાવાયું છે.

ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ પરિવાર દ્વારા આજે ભાવનગર શહેરની સર ટી. હોસ્પિટલ ખાતે એકત્રીત થવાના છે. પથુભાના મોતને લઈને પરિવારજનો દ્વારા અગાઉ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં અરજી આપી તત્કાલીન ASP અંશુલ જૈન, મૂળ ફરિયાદી વલ્લભભાઈ વિરડીયા સહિત જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. પથુભાને ખોટી રીતે કેસમાં સંડોવી માનસિક ત્રાસ આપવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે નિષ્પક્ષ તપાસની માંગ પણ કરવામાં આવી છે. જોકે, આ મામલે હજુ સુધી પરિવારની માંગ મુજબ કાર્યવાહી ન થતાં મૃતદેહ સ્વીકારવાનો મુદ્દો યથાવત્ રહ્યો છે. હવે આજે સર ટી. હોસ્પિટલ ખાતે ક્ષત્રિય સમાજની બેઠક અને આગળની રણનીતિ પર સૌની નજર રહેશે. (પ-૧૩)

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું જોર વધ્યુઃ નલીયા ૧૦.૮, અમરેલી ૧૩.૪ ડિગ્રી

મોડી રાત્રીના અને વહેલી સવારના સમયે ઠંડકની વધુ અસર: બપોરે ધોમધખતો તાપ

રાજકોટ, તા. ૨૭: રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે ઠંડીના જોરમાં વધારો થયો છે અને લઘુતમ તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતરી ગયો છે.

આજે કચ્છના નલીયામાં ૧૦.૮, અમરેલી ૧૩.૪, રાજકોટમાં ૧૪.૪, જામનગરમાં ૧૬.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છની સાથે ગુજરાતમાં શિયાળાની શરૂઆત સાથે જ ઠંડીનું જોર વધવા લાગ્યું છે, આજે નોંધાયેલા લઘુત્તમ તાપમાનના આંકડા મુજબ રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૦.૮ ડિગ્રી નોંધાયું છે, જ્યારે અમરેલીમાં ૧૩.૪ ડિગ્રી, રાજકોટમાં ૧૪.૪ ડિગ્રી, ડીસામાં ૧૪.૮ ડિગ્રી અને પોરબંદરમાં ૧૪.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે, આ ઉપરાંત અમદાવાદમાં ૧૭.૦ ડિગ્રી, વડોદરામાં ૧૬.૨ ડિગ્રી, ભાવનગરમાં ૧૮.૨ ડિગ્રી,ભુજમાં ૧૭.૨ ડિગ્રી,દમણમાં ૧૭.૬ ડિગ્રી,દીવમાં ૧૬.૫ ડિગ્રી,દ્વારકામાં ૧૮.૭ડિગ્રી,કંડલામાં ૧૭.૫ ડિગ્રી,સુરતમાં ૧૯.૧ ડિગ્રી, ઓખામાં ૨૦.૬ ડિગ્રી અને વેરાવળમાં ૨૦.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે, જ્યારે ડાંગ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરના આંકડા ઉપલબ્ધ થયા નથી, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ઠંડીનો ચમકારો અનુભવાયો છે,જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન પ્રમાણમાં ઊંચું રહ્યું છે,આગામી દિવસોમાં ઠંડીમાં હજુ વધારો થવાની શક્યતા છે.

કયાં કેટલી ઠંડી

શહેર	લઘુતમ તાપમાન
અમદાવાદ	૧૭.૦ ડિગ્રી
અમરેલી	૧૩.૪ ડિગ્રી
બરોડા	૧૬.૨ ડિગ્રી
ભાવનગર	૧૮.૨ ડિગ્રી
ભુજ	૧૭.૨ ડિગ્રી
દમન	૧૭.૬ ડિગ્રી
ડીસા	૧૪.૯ ડિગ્રી
દીવ	૧૬.૫ ડિગ્રી
દ્વારકા	૧૮.૭ ડિગ્રી
કંડલા	૧૭.૫ ડિગ્રી
નલિયા	૧૦.૮ ડિગ્રી
પોરબંદર	૧૪.૮ ડિગ્રી
રાજકોટ	૧૪.૪ ડિગ્રી
સુરત	૧૯.૧ ડિગ્રી
વેરાવળ	૨૦.૭ ડિગ્રી
જામનગર	૧૬.૪ ડિગ્રી

જામનગર

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર: બાજરા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાપમાન ૧૬.૪ ડિગ્રી, મહતમ તાપમાન ૩૦.૫ ડિગ્રી, ભેજનું પ્રમાણ ૫૮ ટકા અને પવનની ગતિ ૪ કિ.મી. રહી છે.(૬.૮)

૧૦ ડિસેમ્બર પછી ઠંડીનું જોર વધી શકે , રાજ્યના કેટલાક વિસ્તારોમાં પારો ૧૦થી ૧૨ ડિગ્રી સુધી ગગડશે

૧૦થી ૨૪ ડિસેમ્બર કેટલાક વિસ્તારોમાં હળવાં વરસાદી ઝાપટાંની પણ સંભાવના: હવમાનખાતું

રાજકોટ: ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. કચ્છનું નલિયા ૧૦.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું છે.રાજકોટમાં પણ પારો ગગડીને ૧૪.૪ ડિગ્રીએ પહોંચ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં વહેલી સવારે ઠંડીની વધુ અસર અનુભવાઈ રહી છે.પોરબંદર ૧૪.૮, ડીસા ૧૪.૯, વડોદરા ૧૬.૨, દીવ ૧૬.૫, અમદાવાદ ૧૭, કંડલા ૧૭.૫, ભુજ ૧૭.૬, દ્વારકા ૧૮.૭ અને સુરતમાં ૧૯.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગની તાજી આગાહી અનુસાર આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. તા. ૩ ડિસેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ માટે કોઈ વિશેષ હવામાન ચેતવણી જાહેર કરવામાં આવી નથી. રાજ્યમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે અને ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાશે.

હવામાન વિભાગના લાંબા ગાળાના પૂર્વાનુમાન અનુસાર તા. ૧૦ ડિસેમ્બર પછી ઠંડીનું જોર વધી શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં લઘુતમ તાપમાન ૧૦થી ૧૨ ડિગ્રી સુધી ગગડવાની સંભાવના છે. તા. ૧૦થી ૨૪ ડિસેમ્બર દરમિયાન કેટલાક વિસ્તારોમાં હળવાં વરસાદી ઝાપટાંની પણ પ્રાથમિક સંભાવના દર્શાવવામાં આવી છે. (૩૫-૯)

રાજકોટમાં રહી ઇવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતાં કોડીનારના રીયાઝ શેખનો ફાંસો ખાઇ આપઘાત

પત્નિ ફોન કરતી હોઇ રિસીવ ન થતાં પરિચીતને ઘરે જોવા મોકલતાં ઘટનાની જાણ થઇ: મનહરપુર ખાતે બનાવ બન્યો: સાત મહિનાની દિકરીએ પિતાનું છત્ર ગુમાવ્યું: પરિવારમાં માતમ



રાજકોટ તા. ૨૭: શહેરના કાલાવડ રોડ પર સયાજી હોટેલ નજીક ગંગોત્રી પાર્ક પાસેના આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતાં મુળ કોડીનારના યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. પત્નિ પોતાના કામ પર હોઈ ત્યાંથી ફોન જોડતી હોઈ રિસીવ ન થતાં તેણે પરિચીતને ઘરે તપાસ કરવા મોકલતાં આ ઘટનાની જાણ થઈ હતી. કલેશને કારણે પગલુ ભર્યું કે અન્ય કારણે? તે વિગતો બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે.

જાણવા મળ્યા મુજબ કાલાવડ રોડ પર સયાજી હોટેલ નજીક આવેલી આવાસ યોજનામાં રહેતાં રીયાઝભાઈ ઈસુબભાઈ શેખ (ઉ.વ.૨૬) નામના યુવાને ઘરે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આપઘાત કરનાર રીયાઝભાઈ ત્રણ ભાઈ અને એક બહેનમાં વચેટ હતો. તેના લગ્ન બે વર્ષ પહેલા મુંબઈની અલમાઝ નામની યુવતિ સાથે થયા હતાં. સંતાનમાં સાત મહિનાની દિકરી છે.

વધુ વિગત મુજબ રીયાઝભાઈ મુળ કોડીનારનો વતની હતો. તેના પિતા માછીમારીનો વ્યવસાય કરે છે. પોતે અહિ પત્નિ સાથે રાજકોટ રહી ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતો હતો. પત્નિ પણ નોકરી કરે છે. ગઈકાલે બપોર બાદ પત્નિ પતિને ફોન જોડતી હોઈ વારંવાર કોલ કરવા છતાં રિસીવ ન થતાં તેણે પરિચીતને ઘરે તપાસ કરવા મોકલતાં દરવાજો અંદરથી બંધ હતો. ખખડાવવા છતાં દરવાજો ખોલાતો ન હોઈ પત્નિ પણ ઘરે પહોંચી હતી. બાદમાં પોલીસને બોલાવી દરવાજો તોડાવતાં અંદર રીયાઝભાઈ લટકતી હાલતમાં મળ્યો હતો. ૧૦૮ના તબિબે તેને નિષ્પ્રાણ જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. તાલુકા પીએસઆઈ ડી.જે.જોષીએ જરૂરી કાર્યવાહી હતી. કારણ જાણવા તપાસ યથાવત રખાઈ છે.(૧૪.૬)

પત્ની સાથેના ઝઘડાનો ખાર રાખી પુત્રને ઉંબરા સાથે ભટકાડી મારી નાખવાનો પ્રયાસ કર્યોતો

કોટડાસાંગાણીમાં માસુમ પુત્રની હત્યાની કોશિષ કરનાર પિતા રણજીત પરમારની ધરપકડ



રાજકોટ, તા.૨૭: કોટડાસાંગાણીમાં પત્ની સાથેના ઝઘડાનો ખાર રાખી માસુમ પુત્રની હત્યાની કોશિષ કરનાર પિતાને પોલીસે ઝડપી લીધો હતો.

મળતી વિગતો મુજબ ફરીયાદી કાજલબેન વા/ઓ રણજીતભાઈ પરમાર તથા આરોપી રણજીત ઉર્ફે ટીનો હસમુખભાઈ પરમાર બન્ને પતિ-પત્નિ થતા હોય અને ફરીયાદી ઉપર આરોપી શંકા-વહેમ કરી અવાર-નવાર શારીરીક તથા માનસીક ત્રાસ આપતા ફરીયાદી બાળકોને મુકી પોતાના માતા-પિતાના ઘરે રીસામણે જતા રહેલ હોય અને બાદ ફરીયાદીને પોતાનો દિકરાની તબીયત સારી ન હોય તેમ જાણવા મળતા કોટડાસાંગાણી પોતાના ઘરે આવતા આરોપી જોઈ જતા એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને કહેલ કે તારે અહીયા આવવુ નહી તેમ કહેતા ફરીયાદીએ કહેલ કે મારે મારા દિકરા રાજને મળવું છે તેમ કહેતા આરોપી ફરીયાદી સાથે જપા-જપી કરી લાકડી વડે માર મારી શરીરે મુંઢ ઈજા કરી નાસી ગયેલ હોય ત્યારે ફરીયાદીની દિકરી જયોતીએ ફરીયાદીને વાત કરેલ કે પપ્પા એમ કહેતા હતા કે તારી માએ અને તે ઉપાડો લીધો છે આજે તો તેને પતાવી દેવો છે તેમ કહી આરોપીએ રાજને પાટો બાંધેલ હાથ પકડીને મારી નાખવાના ઈરાદે ઉબરા સાથે ભટકાડી માથાના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજા કરી નાસી ગયો હતો.

આ બનાવની ફરીયાદ થયા બાદ કોટડાસાંગાણી પોલીસે નાસી છુટેલ આરોપી રણજીત ઉર્ફે ટીનો હસમુખભાઈ પરમાર રહે.કોટડાસાંગાણી સરકારી દવાખાના પાછળની ઘરપકડ કરી હતી. પકડાયેલ રણજીત સામે પોકસ અને પ્રોહીબીશનના અગાઉ ૧૧ ગુન્હાઓ નોંધાયો છે.આ કાર્યવાહી કોટડાસાંગાણી પો.સ્ટે.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. એસ.આર. ગોહીલ, પો.હેડ કોન્સ રવિરાજસિંહ હેમેન્દ્રસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ સવુભા ઝાલા તથા પો.કોન્સ. હિંમતસિંહ પાલ દ્વારા કરવામાં આવેલ છે.(૬.૯)



દુઃખદ અવસાન

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે,
મે. છોટાલાલ એન્ડ કંપની
પેટ્રોલ પંપ વાળા

શ્રી કિરીટકુમાર છોટાલાલ ભગદેવ

શ્રીમતી અમીતા ભગદેવના પતિ, સ્વ. શ્રીમતી નીલમબેન ભગદેવ તથા સ્વ. શ્રી છોટાલાલ ભગદેવ ના સુપુત્ર, સ્વ. હેમાંગીની સુતરિયા, ઉષા ભમ્મર તથા સ્વ. હિમાંશુ ભગદેવ ના ભાઈ, ચૈતાલી, નિરાલી તથા મીતના પિતાશ્રી, સ્વ. વસંતલાલ ઠક્કરના જમાઈ, વિહાન અને યાનાના નાનાશ્રી તથા ઈશાનના દાદાશ્રી

શ્રી કિરીટકુમાર છોટાલાલ ભગદેવ (ઉ.વ.૭૭) નું

તા. ૨૪-૧૧-૨૦૨૬, મંગળવારના રોજ સિયાટલ (USA) ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતની અંતિમવિધિ સિયાટલ (USA) ખાતે જ તા. ૨૭-૧૧-૨૦૨૬, શુક્રવારના રોજ રાખવામાં આવેલ છે.

ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

લી. શોકાતુર સમસ્ત ભગદેવ પરિવાર

લૌકિક વ્યવહાર બંધ છે.

જય શ્રી કૃષ્ણ

૪૫ હજાર સ્વયંસેવકો, ૫૦૦ ચુલા અને ૧૫૦૦ વીઘામાં ભવ્ય આયોજનઃ તૈયારીઓ વેગવંતી

બગદાણામાં ૨૦થી ૨૫ જાન્યુઆરીએ ૨૫ લાખ ભક્તોનો મહાસાગર ઉમટશે!

ભાવનગરના બગદાણા ગુરુ આશ્રમમાં બજરંગદાસ બાપાની ૫૦મી મહાપરિનિર્વાણ તિથિ નિમિત્તે ૨૦થી ૨૫ જાન્યુઆરીએ અર્ધશતાબ્દી મહોત્સવ યોજાશે





અમદાવાદઃ તા.૨૭: ભાવનગર જિલ્લામાં સ્થિત સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા ગુરુ આશ્રમમાં બજરંગદાસ બાપાની ૫૦મી મહાપરિનિર્વાણ તિથિ નિમિત્તે યોજાનારા અર્ધશતાબ્દી મહોત્સવને લઈને તૈયારીઓ વેગવંતી બની છે. આગામી ૨૦થી ૨૫ જાન્યુઆરીના રોજ યોજાનારા આ મહોત્સવમાં દેશ-વિદેશમાંથી અંદાજે ૨૫ લાખ શ્રદ્ધાળુઓ ઉમટશે તેવી શક્યતા છે.

આ મહોત્સવની સૌથી મોટી વિશેષતા માત્ર ભક્તોની સંખ્યા જ નહીં પરંતુ ૪૫ હજાર સ્વયંસેવકોની શિસ્તબદ્ધ સેવા અને ૨૮ સમિતિઓનું સંકલન છે. અંદાજે ૧૫૦૦ વીઘા વિસ્તારમાં ફેલાયેલા આ આયોજનમાં યજ્ઞશાળા, ધર્મસભા, ભોજનશાળા અને પાર્કિંગ સહિતની સુવિધાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

બજરંગદાસ બાપાની ૫૦મી મહાનિર્વાણ તિથિના અવસરે આયોજિત મહોત્સવ દરમિયાન આવતા શ્રદ્ધાળુઓ માટે ત્રણ ટાઈમ ભોજન અને મહાપ્રસાદની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેના માટે વિશાળ આયોજનની વિગતે વાત કરીએ તો, ભોજન વ્યવસ્થા માટે અંદાજે ૨.૨૬ લાખ કિલો ઘઉંનો લોટ વપરાશે. મહાપ્રસાદ તૈયાર કરવા માટે આશરે ૫૦૦ ચુલા કાર્યરત કરવામાં આવશે, ઉપરાંત વિશાળ ભોજનશાળામાં એક સાથે અંદાજે ૨ લાખ લોકો મહાપ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા છે.

અંદાજે ૬ લાખ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી સંભાવના અને પરિસરમાં એકસાથે ૨ લાખ લોકો હાજર રહી શકે તે રીતે માળખાગત સુવિધાઓ ગોઠવવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓને કોઈ હાલાકી ન પડે તે હેતુથી પીવાના, સ્નાન અને શૌચાલયના ઉપયોગ માટે દરરોજ ૭૨ લાખ લિટર પાણી તથા ૨,૦૦૦થી વધુ શૌચાલય યુનિટ ઉપલબ્ધ કરાશે.

આશરે ૫૦ હજાર લોકો માટે રાત્રિ રોકાણની વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે. તેની સાથે સાથે સમગ્ર પરિસરમાં ૫૦૦થી વધુ CCTV કેમેરા, ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ, ૧૦ મેડિકલ પોસ્ટ અને ૨૫ એમ્બ્યુલન્સ તૈનાત રાખવાનું આયોજન કરાયું છે. તેમજ ૩૦૦ એકરનો વિશાળ પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બગદાણા ગુરુ આશ્રમ ટ્રસ્ટ હેઠળ દર્શન, મહાપ્રસાદ, પાર્કિંગ, પાણી, સ્વચ્છતા, આરોગ્ય, સુરક્ષા અને ઉતારાની જવાબદારી અલગ-અલગ સમિતિઓને સોંપાઈ છે. ત્રણ શિફ્ટમાં કામ કરતા સ્વયંસેવકો છેલ્લા બે મહિનાથી સક્રિય છે.

સ્વયંસેવક મનજીભાઈ ડોડિયાના જણાવ્યા મુજબ, યજ્ઞશાળા, રસોડાં અને નવા બિલ્ડિંગનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. બગદાણા ઉપરાંત સમગ્ર ગુજરાતમાંથી સમાજના ભાઈઓ-બહેનો સહભાગી બને ત્રણ મહિનાથી સેવામાં જોડાયેલા છે અને રહીને સેવા આપવાનો સંકલ્પ ધરાવે ભક્તો અને સેવકો જોડાયા છે, અને દરેક તેવું આયોજન કરાયું છે. તેઓ પોતે છેલ્લા મહોત્સવ પૂર્ણ થાય ત્યાં સુધી બગદાણામાં છે.(૪૧.૧૪)

રાજકોટ શહેર ભાજપના સંગઠન શિલ્પી અને લોકલાડીલા પ્રમુખ માધવ દવેનો જન્મદિવસ



રાજકોટ : ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગરના અધ્યક્ષ તથા રાજકોટ નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર માધવભાઈ દવેનો આજે જન્મદિવસ છે. રાજકીય સંગઠન અને સહકારી ક્ષેત્ર એમ બંને ક્ષેત્રોમાં જવાબદારી નિભાવતા માધવભાઈ દવે માટે જન્મદિવસ તેમના જીવનની સફર, કાર્યક્ષેત્ર અને આગામી સમયની નવી આશાઓ સાથે જોડાયેલો વિશેષ પ્રસંગ બની રહ્યો છે.

રાજકારણમાં માત્ર હોદ્દો મેળવવો પૂરતો નથી, પરંતુ સંગઠનને સતત સક્રિય રાખવું, કાર્યકરો સાથે સંવાદ જાળવવો અને પક્ષની વિચારધારાને લોકો સુધી પહોંચાડવી એ પણ એટલી જ મહત્વપૂર્ણ જવાબદારી છે. રાજકોટ મહાનગર ભાજપના અધ્યક્ષ તરીકે માધવભાઈ દવે સંગઠનની કામગીરી સાથે જોડાયેલા રહી વિવિધ કાર્યક્રમો, પક્ષની પ્રવૃત્તિઓ અને કાર્યકરો સાથેના સંકલન દ્વારા પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે.

રાજકોટ જેવા રાજકીય રીતે સક્રિય શહેરમાં પક્ષના સંગઠનનું સંચાલન અનેક પડકારો સાથે જોડાયેલું હોય છે. કાર્યકરોને સાથે રાખવા, જુદા જુદા વિસ્તારોમાં સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વેગ આપવો, પક્ષના કાર્યક્રમોને સફળ બનાવવા અને લોકો સાથે પક્ષનો સંપર્ક મજબૂત કરવો એ શહેર પ્રમુખની ભૂમિકાના મહત્વના પાસાં છે. આ દિશામાં સંગઠનાત્મક કામગીરી અને કાર્યકરો સાથેનો સંપર્ક રાજકીય ક્ષેત્રે તેમની જવાબદારીને વધુ મહત્વપૂર્ણ બનાવે છે.

સહકારી ક્ષેત્રે રાજકોટ નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર તરીકેની તેમની ભૂમિકા પણ વિશેષ ઉલ્લેખનીય છે. સહકારી બેંકિંગ ક્ષેત્રમાં વિશ્વાસ, પારદર્શિતા, જવાબદારી અને ગ્રાહકો સાથેનો સંબંધ મહત્વ ધરાવે છે. સહકારી સંસ્થાઓ સામાન્ય નાગરિકોની આર્થિક જરૂરિયાતો સાથે જોડાયેલી હોવાથી તેના સંચાલનમાં જવાબદારી અને સંસ્થાના હિતને પ્રાધાન્ય આપવાની બાબત મહત્વપૂર્ણ બની રહે છે.

રાજકીય સંગઠન અને સહકારી ક્ષેત્ર એમ બંને ક્ષેત્રોમાં કામગીરી કરવાથી જાહેર જીવનમાં જવાબદારીનું વર્તુળ વિસ્તરે છે. એક તરફ પક્ષના સંગઠનને ગતિશીલ રાખવાની જવાબદારી અને બીજી તરફ સહકારી સંસ્થાની કામગીરીમાં સહભાગી બનવાની ભૂમિકા તેમના કાર્યક્ષેત્રને બે અલગ પરંતુ મહત્વપૂર્ણ દિશાઓમાં જોડે છે.

જન્મદિવસ એ માત્ર શુભેચ્છાઓ મેળવવાનો પ્રસંગ નથી, પરંતુ અત્યાર સુધીની કામગીરીને યાદ કરવાની અને આવનારા સમય માટે નવી ઊર્જા સાથે આગળ વધવાનો અવસર પણ છે. માધવભાઈ દવેના જન્મદિવસ નિમિત્તે રાજકીય ક્ષેત્રના આગેવાનો, કાર્યકરો, મિત્રો, શુભેચ્છકો અને પરિવારજનો તરફથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે (મો. ૯૮૨૫૩ ૫૫૮૦૭) (૩૬.૨)

લોધીકાના હરીપર પાળ ગામે ૨૧ હજારના ગાંજા સાથે મગન પરમાર પકડાયો

મેટોડા જીઆઇડીસી પોલીસનો દરોડો: ૨૬ હજારનો મુદ્દામાલ કબ્જે

રાજકોટ તા. ૨૭ :.. લોધીકાના હરીપર પાળ ગામે રામદેવપીરના મંદિર પાછળ મકાનમાં દરોડો પાડી મેટોડા જીઆઈડીસી પોલીસે ૨૧ હજારના ૪૩૦ ગ્રામ ગાંજા સાથે એક શખ્સને પકડી લઈ કાર્યવાહી કરી હતી.

લોધીકાના હરીપર પાળ ગામે રામદેવના મંદિર પાસે રહેતાં મગન કાળુભાઈ પરમાર (ઉ.૩૨)નાં મકાનમાં બાતમીના આધારે મેટોડા જીઆઈડીસી પોલીસનાં પી. આઈ. એમ. જે. પરમાર સહિતની ટીમે દરોડો પાડી તેને પકડી લઈ મકાનની ઝડતી કરતાં રૂમમાં રાખેલ ટીવી પાછળથી એક કાળા કલરનું ઝબલુ મળી આવ્યુ હતું. જેમાં તપાસ કરતા ગાંજો હોવાનું ખુલતાં પોલીસે રૂા. ૨૧,૫૦૦ ની કિંમતનો ૪૩૦ ગ્રામ ગાંજો અને ફોન મળી કુલ રૂા. ૨૬,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આ ગાંજાનો જથ્થો તે કયાંથી લાવ્યો હતો ? તે સહિતની દિશામાં તપાસનો દૌર શરૂ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં ગઈકાલે અલગ-અલગ ચાર સ્થળે પોલીસે દરોડા પાડી ગાંજા સાથે ચાર શખ્સોને પકડી કાર્યવાહી કરી હતી. ત્યારે મેટોડા પોલીસે પાંચમો કેસ કરી કાર્યવાહી કરી છે. (૫-૧૫)

જસદણના શિવરાજપુરના યુવાનને સમાધાન માટે બોલાવી જમાઇ સહિતનાનો લાકડીથી હુમલો

રાજકોટ તા.૨૭: જસદણના શિવરાજપુરના યુવાનને સમાધાન માટે બોલાવી જમાઈ સહિતના પરિવારજનોએ લાકડીથી હુમલો કર્યો હતો.

મળતી વિગમો મુજબ વજુભાઇ ભગુભાઈ સારોલિયા (ઉ.વ.૪૦) ધંધો.મજુરી રહે.શિવરાજપુર ગામે આરોપી (૧) પાંચાભાઈ બાબુભાઈ વાઘેલા, (૨) સાગરભાઈ પાંચાભાઈ, (૩) સાયરભાઈ પાંચાભાઈ વાઘેલા (૪) વિલાશબેન પાંચાભાઈ વાઘેલા (૫) હેતલબેન પાંચાભાઈ તથા અન્ય પાંચ ઈસમો રહે બધા અમરેલી જેશિંગપરા, શેરી નં.૧, તળાવના કાંઠે, તા.જી.અમરેલી સામે જસદણ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ અમરેલી ખાતે રહેતા પાંચાભાઈ બાબુભાઈ વાઘેલાના દિકરા સાથે ફરીયાદીના દિકરીના લગ્ન આઠ મહિના અગાઉ થયેલ હતા અને દિકરી તથા જમાઈ સાયરભાઈ પાચાભાઈ વાઘેલાને અવારનવાર લડાઈ થતી હોય જેથી જસદણ પો.સ્ટે. ખાતે ફરીયાદ કરેલ હોય અને કેસ ચાલુ હોય જે બાબતને સમાધાન અર્થે ગોખલાણા રોડ કનૈયા હોટલ પાસે બોલાવી બાદ અચાનક પાચાભાઈ, સાગરભાઈ, વિલાશબેન પાંચાભાઈ વાઘેલા, હેતલબેન પાચાભાઈ તથા તેમના જોડે આવેલ અન્ય ઈસમો ગાળો આપી બાદમાં લાકડીથી ત્રણ ઘા મારેલ હતા જેથી ફરીયાદીને હાથના ભાગે ચાર ટાંકા આવેલ છે અને શરીરના ભાગે પણ સામાન્ય મુંઢ ઈજા પહોંચાડેલ હતી. આ ફરીયાદ અન્વયે જસદણ પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથધરી છે.(૨.૧૩)

રાજકોટ શહેર-જીલ્લાની સંકલિત મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિઃ એક મહીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

રવીવાર તથા ૬ અને ૧૩ ડીસેમ્બરે બૂથ ઉપર સવારે ૧૦ થી સાંજે ૫ ખાસ કેમ્પ

રાજકોટ, તા. ૨૭: રાજકોટ જિલ્લામાં ૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જે મુજબ, આજે શુક્રવારે સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ કરવામાં આવી છે. આજથી ૨૬ ડિસેમ્બર દરમિયાન મતદારો પાસેથી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે.

૧૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં હક્ક-દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવશે. મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ કરવામાં આવશે.

આ ઉપરાંત તા. ૨૯ નવેમ્બર ને રવિવાર, ૬ ડિસેમ્બર ને રવિવાર તથા ૧૩ ડિસેમ્બર ને રવિવાર ખાસ ઝુંબેશના દિવસો રહેશે. આ દરમિયાન બૂથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) સવારે ૧૦થી સાંજે ૫ સુધી બૂથ પર હાજર રહેશે. (૩.૮)

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ મસ્કની અનોખી પહેલ!

અમેરિકાના દરેક બાળકને મળશે SpaceXના ૨ શેર

ટ્રમ્પ એકાઉન્ટ્સ યોજના હેઠળ દરેક સક્રિય ખાતામાં સ્પેસએક્સ એક શેર આપશે અને મસ્ક પણ પોતાની તરફથી એક શેર આપશે: કંપનીના શેર ડિસેમ્બર ૨૦૨૬માં જ્યારે મસ્કના વ્યક્તિગત શેર જૂન ૨૦૨૭માં ટ્રાન્સફર કરવાની યોજના છે



ન્યુયોર્કઃતા.૨૭: વિશ્વના અગ્રણી ઉદ્યોગપતિ એલોન મસ્કે અમેરિકાના બાળકો માટે એક અનોખી ભેટની જાહેરાત કરી છે. સ્પેસએક્સના સીઈઓએ જણાવ્યું છે કે અમેરિકાના દરેક બાળકને કંપનીના બે શેર મળશે. આ બે શેરમાંથી એક શેર સ્પેસએક્સ આપશે, જ્યારે બીજો શેર મસ્ક પોતાની વ્યક્તિગત માલિકીમાંથી ભેટ આપશે. આ જાહેરાતથી અમેરિકાના લાખો બાળકોને વિશ્વની અગ્રણી અંતરિક્ષ કંપનીમાં હિસ્સેદારી મળવાની શક્યતા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની 'ટ્રમ્પ એકાઉન્ટ્સ' યોજના હેઠળ સ્પેસએક્સે આ પહેલની જાહેરાત કરી છે. કંપનીએ ૨૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે દરેક સક્રિય ટ્રમ્પ એકાઉન્ટમાં તેના ક્લાસ-ક કોમન સ્ટોકનો એક નવો શેર જમા કરવામાં આવશે. મસ્ક પણ કંપની દ્વારા આપવામાં આવનારા શેર જેટલા જ શેર પોતાની તરફથી આપશે. આ રીતે દરેક પાત્ર બાળકને બે શેર મળવાની યોજના છે.

સ્પેસએક્સના જણાવ્યા અનુસાર કંપની તરફથી આપવામાં આવનારા શેર આગામી મહિને એટલે કે ડિસેમ્બર ૨૦૨૬માં ટ્રાન્સફર કરવામાં આવશે. બીજી તરફ, મસ્કે સ્પષ્ટ કર્યું છે કે તેમના વ્યક્તિગત શેર જૂન ૨૦૨૭માં તેમનો શેર લોક-અપ સમયગાળો પૂર્ણ થયા બાદ ટ્રાન્સફર કરવામાં આવશે. જોકે, મસ્કના વ્યક્તિગત શેરનું વિતરણ પણ ટ્રમ્પ એકાઉન્ટ મારફતે જ થશે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ટ્રમ્પ એકાઉન્ટ્સ અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે બનાવવામાં આવેલી ટેક્સ-લાભદાયક રોકાણ ખાતાની યોજના છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને નાની ઉંમરથી બચત અને રોકાણ સાથે જોડવાનો તથા તેમને લાંબા ગાળે આર્થિક સુરક્ષા આપવાનો છે. આ યોજના દ્વારા બાળકોને શેરબજારમાં રોકાણનો લાભ મેળવવાની તક પણ મળી શકે છે.

સ્પેસએક્સનાં પ્રમુખ અને ચીફ ઓપરેટિંગ ઓફિસર ગ્વિન શોટવેલે પણ આગામી પેઢી માટે મોટી ભેટ જાહેર કરી છે. તેમણે વ્યક્તિગત રીતે ૨૦ લાખથી વધુ સ્પેસએક્સ શેર આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, રોઈટર્સના અહેવાલ મુજબ અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં અંદાજે ૩.૨ કરોડ બાળકો છે. બુધવારના શેરના બંધ ભાવ પ્રમાણે મસ્કની આ શેર ભેટનું કુલ મૂલ્ય આશરે ૧૮ અબજ ડોલર થાય છે.(૪૧.૧૧)

બેટરી પૂરી થઈ ગઈ હોય તો પણ શીડ્યુલ કરેલા સમયે મેસેજ પહોંચી જશે

વોટ્સએપમાં ૧૪ દિવસ પછી મોકલવો હોય તેવા મેસેજ પણ શીડ્યુલ થઈ શકશે

નવી દિલ્હી, તા.૨૭ : વોટ્સએપમાં મેસેજ શેડ્યૂલ કરવાનું ફીચર રોલઆઉટ થઈ ગયું છે, જેનાથી યુઝર્સ મેસેજ લખીને તે કયા દિવસે અને કયા સમયે મોકલવો તે અગાઉથી નક્કી કરી શકશે. આ સુવિધા પ્રાઈવેટ અને ગ્રૂપ ચેટ બંનેમાં કામ કરશે. તેની મદદથી ૧૦ મિનિટથી લઈને ૧૪ દિવસ સુધીની આગળની તારીખ માટે કોઈ પણ મેસેજ શેડ્યૂલ કરી શકાશે. આ ફીચર ટેક્સ્ટ, ફોટો અને વીડિયો મેસેજ માટે ઉપલબ્ધ રહેશે, જે હાલમાં કંપનીએ પસંદગીના યુઝર્સને જ આપ્યું છે.

શીડ્યૂલ કરેલો મેસેજ મોકલવાના સમયે ફોન બંધ હોય કે તેની બેટરી પૂરી થઈ ગઈ હોય, તો પણ મેસેજ નક્કી કરેલા સમયે સામેવાળી વ્યક્તિને પહોંચી જશે. વોટ્સએપના જણાવ્યા અનુસાર, આ મેસેજ પણ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ રહેશે, એટલે કે તેને કોઈ ત્રીજી વ્યક્તિ વાંચી શકશે નહીં. નિર્ધારિત સમય પહેલા ડિલીટ કરી શેડ્યૂલ કરેલા મેસેજ એક્સાથે જોવાની મેસેજ શીડ્યુલ કર્યા પછી પણ તેને શકો છો. વોટ્સએપમાં આગામી તમામ સુવિધા પણ મળશે. (૩૬.૮)

નવા ફીચરની ખાસિયત



★ પર્સનલ અને ગ્રુપ ચેટ બંનેમાં આ સુવિધા મળશે
★ ટેક્સ્ટ, ફોટો અને વીડિયો મોકલવાનો સમય નક્કી કરી શકાશે
★ મેસેજ નક્કી કરેલા સમયે આપમેળે મોકલાઈ જશે
★ ફોન બંધ હોય કે બેટરી પૂરી થઈ ગઈ હોય તો પણ મેસેજ પહોંચી જશે
★ મોકલતા પહેલા શીડ્યૂલ કરેલા મેસેજને ડિલીટ કરી શકાશે.
★ આ સુવિધા એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શનથી સુરક્ષિત રહેશે.

યુઝરને શું લાભ થશે?

જન્મદિવસ અને લગ્નની વર્ષગાંઠની શુભેચ્છાઓ યોગ્ય સમયે મોકલી શકાશે, મીટિંગ, એપોઈન્ટમેન્ટ અને જરૂરી કામના રિમાઈન્ડર મોકલી શકાશે. ઓફિસ અને બિઝનેસ ગ્રુપમાં જરૂરી અપડેટ્સ અગાઉથી તૈયાર રાખી શકાશે. અલગ-અલગ ટાઈમ ઝોનમાં રહેતા લોકોને તેમના યોગ્ય સમયે મેસેજ મોકલી શકાશે. મેસેજ મેળવનાર (રિસીવર)ને તે સામાન્ય વોટ્સએપ મેસેજ જેવો જ દેખાશે. એટલે કે મેસેજ અગાઉથી શીડ્યૂલ કરાયેલો હતો, તેવી ખબર નહીં પડે

અમુક યુઝર્સે નવા ફીચર માટે રાહ જોવી પડશે

વોટ્સએપે આજથી ભારત સહિત વિશ્વભરના યુઝર્સ માટે મેસેજ શેડ્યૂલ કરવાનું ફીચર શરૂ કરવાની જાહેરાત કરી છે. આ સુવિધા ધીમે-ધીમે તમામ યુઝર્સ સુધી પહોંચશે. હાલમાં અમુક યુઝર્સ તેનો ઉપયોગ કરી શકે છે, જ્યારે બાકીના લોકોએ તેના માટે થોડા અઠવાડિયા રાહ જોવી પડી શકે છે.

Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી, પૂ.મોરારીબાપુ અને પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, આરએસએસના સર કાર્યવાહ કૃષ્ણ ગોપાલ, વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોકકુમાર સહિતના મહાનુભાવોને નાથ અને કાપડી સંપ્રદાયના સંતો-મહંતો તથા દેશના વિવિધ અખાડાઓના મઠાધીશોની ઉપસ્થિતિ

કચ્છના સિદ્ધ યોગી શ્રી હાજલદાદાના સમાધિ સ્થાન ભારાપર જાગીરમાં ભવ્ય ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવ

આઠમાન બત્રીસ ધૂણી ભંડારા મહોત્સવ, શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમ સ્કંધના મૂળ શ્લોકોનું પારાયણ, દ્વાદશાક્ષર મંત્ર હોમાત્મક યજ્ઞ મહોત્સવ તેમજ બ્રહ્મલીન મહંત શ્રી દેવજીરાજા ગુરુશ્રી મૂળજીરાજાની દિવ્ય મૂર્તિની સ્થાપના સાથે સંતવાણી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૭:.. કચ્છની પાવન ધરતી પર આવેલા સિદ્ધ યોગી શ્રી હાજલદાદાના સમાધિ સ્થાન ભારાપર જાગીર ખાતે આગામી તા. ૨ થી ૪ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન ભવ્ય ત્રિદિવસીય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય મહંત શ્રી ભરતરાજા ગુરુશ્રી દેવજીરાજા કાપડીની પાવન નિશ્રામાં યોજાનારા આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, સંતવાણી, લોકડાયરો અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં શ્રી આઠમાન બત્રીસ ધૂણી ભંડારા મહોત્સવ, શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમ સ્કંધના મૂળ શ્લોકોનું પારાયણ, દ્વાદશાક્ષર મંત્ર હોમાત્મક યજ્ઞ મહોત્સવ તેમજ બ્રહ્મલીન મહંત શ્રી દેવજીરાજા ગુરુશ્રી મૂળજીરાજાની દિવ્ય મૂર્તિની સ્થાપના સહિતનાં પવિત્ર ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે.

મહોત્સવનું વિશેષ આકર્ષણ દેશભરમાંથી પધારનારા નાથ સંપ્રદાય, કાપડી સંપ્રદાય તેમજ વિવિધ અખાડાઓના પૂજ્ય સિદ્ધ યોગીઓ, સંતો, મહંતો અને મઠાધીશોનું સાનિધ્ય રહેશે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પૂજ્ય યોગી આદિત્યનાથજી મહારાજ, પૂજ્ય મોરારીબાપુ, પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, કચ્છના રાજવી પરિવારનાં મહારાણી શ્રી પ્રીતિદેવીજી સાહેબ સહિતના રાષ્ટ્રીય સ્તરની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા અગ્રગણ્ય મહાનુભાવો ઉપસ્થિત રહી મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

ધાર્મિક મહોત્સવના ત્રણેય દિવસ રાત્રિના સમયે ભવ્ય સંતવાણી અને લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર અને લોકગાયકો કીર્તિદાન ગઢવી, માયાભાઈ આહીર, રાજભા ગઢવી અને દેવાયત ખવડ સહિતના કલાકારો પોતાની આગવી કલાના માધ્યમથી ભક્તિરસ, લોકસંસ્કૃતિ અને કચ્છ-ગુજરાતની લોકપરંપરાની રંગત જમાવશે.

આમ, સિદ્ધ યોગી શ્રી હાજલદાદાના પાવન સમાધિ સ્થાન ભારાપર જાગીર ખાતે યોજાનારો આ ત્રિદિવસીય મહોત્સવ ધાર્મિક અનુષ્ઠાનો, સંતોના સાનિધ્ય અને લોકસંસ્કૃતિના સંગમરૂપ બની કચ્છના ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ત્રિવસીય ધાર્મિક અનુષ્ઠાન દ્વારા જ્ઞાન, ભક્તિ અને સમર્પણની ભારતીય સનાતન ધર્મ પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાનો પવિત્ર સંકલ્પ સાકાર થશે. (પ-૧૨)



કેવડિયા ખાતે સંખ્યાબંધ લગ્ન સમારોહ યોજાશે: ૧ થી ૩ કરોડનો ખર્ચ

ડેસ્ટીનેશન વેડિંગથી ગુજરાતની ઇકોનોમીને ૩.૪૦,૦૦૦ કરોડની વેગ મળશે: સ્ટેચ્યુ ઓફ યુનિટ ફેવરીટ

વારાણસી-ઉદયપુર-જેસલમેર પણ લોકોની પસંદગીના સ્થળો: આ વખતે ૨૦ થી ૨૫ ટકા ખર્ચ વધ્યો



નવી દિલ્હી: તા.૨૭: નવેમ્બરથી જાન્યુઆરીની લગ્નની મોસમમાં ગુજરાતમાં લગ્ન સંબંધિત ખર્ચ આશરે રૂ.૪૦,૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે, જે ગુજરાતના અર્થતંત્રને મોટો વેગ આપશે. ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રના અંદાજ મુજબ, ગુજરાતી પરિવારો દ્વારા અન્ય રાજ્યોમાં થતા ડેસ્ટિનેશન વેડિંગનો બજારઆંક આનાથી ત્રણ ગણો અથવા વધુ હોઈ શકે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા) માં માંગ: નવેમ્બર-ડિસેમ્બર સીઝન માટે કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આશરે ૩૦ લગ્નોનું બુકિંગ નોંધાયું છે. અહીં હોટેલ અને ટેન્ટ સિટી સહિત આશરે ૫૦૦ રૂમની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

નાના અને અંગત સમારોહનો ટ્રેન્ડ: અગાઉના ૧,૫૦૦ મહેમાનોના મોટા મેળાવડાને બદલે હવે ૧૦૦ થી ૨૦૦ મહેમાનો સાથેના ઈન્ટિમેટ (નાના અને અંગત) ડેસ્ટિનેશન વેડિંગ તરફ વલણ વધ્યું છે.

વધતો ખર્ચ અને મર્યાદિત તારીખો: નવેમ્બર અને ડિસેમ્બરમાં ઓછા શુભ મુહૂર્ત તેમજ ફૂલો, શણગાર, ખોરાક અને મજૂરીના દર વધવાને કારણે સંચાલન ખર્ચમાં ૨૦-૨૫% નો વધારો નોંધાયો છે

રાજ્ય બહાર થતા લગ્નો: હોટેલ અને રેસ્ટોરન્ટ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ગુજરાતમાંથી દર વર્ષે આશરે ૫૦૦ ડેસ્ટિનેશન વેડિંગ એકલા રાજસ્થાનમાં થાય છે, જેનું બજેટ રૂ. ૩ કરોડ સુધી પહોંચે છે.

લગ્નો કદાચ વધુ ઘનિષ્ઠ બની રહ્યા છે, પરંતુ ઉજવણીઓ વધુ જોરદાર, ભવ્ય અને નોંધપાત્ર રીતે વધુ ખર્ચાળ બની રહી છે. આ લગ્નની મોસમમાં, ડેસ્ટિનેશન વેડિંગ્સ, સેલિબ્રિટી કલાકારો અને ઈમર્સિવ અનુભવો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતનું સ્ટેચ્યુ ઓફ યુનિટી, વારાણસી અને ઋષિકેશ રાજસ્થાનના શાહી લગ્ન સર્કિટની સાથે માંગવાળા સ્થળો તરીકે ઉભરી રહ્યા છે.

ડેસ્ટિનેશન વેડિંગ્સમાં નિષ્ણાત ઈવેન્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટ કંપની, ટુ ઈવેન્ટ્સના સ્થાપક ડો. જયદીપ મહેતાએ જણાવ્યું હતું કે કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) એ ખૂબ જ રસ દાખવ્યો છે, નવેમ્બર-ડિસેમ્બર સીઝન માટે લગભગ ૩૦ લગ્નો બુક થયા છે. ''ડેસ્ટિનેશન (SoU) પાસે અંદાજે ૫૦૦ હોટેલ રૂમ છે, જેમાં ટેન્ટ-સિટી રહેઠાણનો સમાવેશ થાય છે. જોકે, અગાઉ જોવા મળેલા ૧,૫૦૦ લોકોના મોટા મેળાવડાને બદલે ૧૦૦-૨૦૦ મહેમાનો ધરાવતા ઘનિષ્ઠ ડેસ્ટિનેશન વેડિંગ્સ તરફ વલણ બદલાઈ રહ્યું છે,'' ઈવેન્ટ મેનેજમેન્ટ ફેડરેશન ગ્લોબલના પ્રમુખ મહેતાએ જણાવ્યું હતું.

મહેતાનો અંદાજ છે કે નવેમ્બર-જાન્યુઆરી સીઝન દરમિયાન ગુજરાતનો લગ્ન સંબંધિત ખર્ચ આશરે રૂ. ૪૦,૦૦૦ કરોડ હોઈ શકે છે, જેમાં રાષ્ટ્રીય બજારમાં ગુજરાતથી અન્ય રાજ્યોમાં યોજાતા લગ્નો માટે ત્રણ ગણો કે તેથી વધુનો વધારો થવાની સંભાવના છે.

નવેમ્બર અને ડિસેમ્બરમાં ઓછા શુભ લગ્ન તારીખોએ મોસમને જટિલ બનાવી દીધી છે, એમ વૈભવી લગ્ન આયોજન, ઈવેન્ટ ડિઝાઈન અને પ્રોડક્શન કંપની હાઉસ ઓફ પ્રસનના એમડી કેયુર પટેલે જણાવ્યું હતું. મર્યાદિત કેલેન્ડરથી એવા વિકેતાઓને ફટકો પડ્યો છે જેમણે ઓછા બુકિંગ છતાં ટીમો અને માળખાગત સુવિધાઓ જાળવી રાખવી પડે છે. પટેલનો અંદાજ છે કે મોંઘા ફૂલો, સુશોભન સામગ્રી, ખોરાક અને મજૂરોની અછતને કારણે સંચાલન ખર્ચમાં ૨૦-૨૫ ટકાનો વધારો થયો છે.

''તે જ સમયે, કેટલાક ગ્રાહકો ખર્ચ કરવામાં વધુ સાવચેત બની રહ્યા છે, કારણ કે લગ્નની સીઝન પહેલા સોના અને ઝવેરાતની ખરીદીમાં નોંધપાત્ર રકમ ખર્ચ થઈ ગઈ છે. પરિણામે, બજેટ દબાણ હેઠળ આવી ગયું છે અને વિકેતાઓ વ્યવસાય જાળવી રાખવા માટે ઓછા નફાના માર્જિનને સ્વીકારી રહ્યા છે,'' પટેલે જણાવ્યું હતું.

''છતાં મનોરંજન હજુ પણ અસ્પૃશ્ય છે. બોલિવૂડના લોકપ્રિય કલાકારો અને સંગીત કલાકારો ૨૦ લાખથી લઈને ૧ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરે છે, જેમાં બોલિવૂડના સ્થાપિત નામો એક રાત્રિ માટે લગભગ ૪૦-૫૦ લાખ રૂપિયા ચાર્જ કરે છે,'' તેમણે ઉમેર્યું.

ઉદ્યોગના નિષ્ણાતો કહે છે કે ઉજવણીઓ લગ્ન સમારોહથી લાંબી સંગીત રાત્રિઓ તરફ આગળ વધી રહી છે, તેથી ખોરાક અને સજાવટના બિલમાં પણ વધારો થયો છે. એક સમયે પ્રતિ પ્લેટ ૧,૫૦૦ રૂપિયાથી શરૂ થતી કેટરિંગની કિંમત હવે લગભગ ૨,૫૦૦ રૂપિયાથી શરૂ થાય છે, જ્યારે પ્રીમિયમ મેનુની કિંમત પ્રતિ પ્લેટ ૮,૦૦૦-૧૫,૦૦૦ રૂપિયા હોઈ શકે છે. એક મોટું સમારોહ સરળતાથી ૧ કરોડ રૂપિયાને સ્પર્શી શકે છે, જેમાં ફક્ત સજાવટનો ખર્ચ ૩૦-૫૦ લાખ રૂપિયા છે.

ગુજરાતી પરિવારો માટે, રાજસ્થાન એક મુખ્ય સ્થળ છે, ખાસ કરીને ઉદયપુર, જયપુર અને જેસલમેર. લગ્ન આયોજકો માને છે કે ઉદયપુરના ડેસ્ટિનેશન વેડિંગ માર્કેટમાં ગુજરાતીઓનો હિસ્સો ૪૦-૫૦ ટકા હોવાનો અંદાજ છે.(૪૧.૧૬)

વહેલી સવારે ઠંડા પવન અને ધુમ્મસને કારણે ઠંડીનો અનુભવ વધી રહ્યો છે

દિલ્હીમાં ઠંડીનો ચમકારો! તાપમાન ગગડીને ૯ ડિગ્રી



નવી દિલ્હી, તા. ૨૭ : દેશની રાજધાની દિલ્હી સહિત ફ્ધ્ય વિસ્તારમાં હવે શિયાળાની અસર વધવા લાગી છે. વહેલી સવારે ઠંડા પવન અને ધુમ્મસને કારણે ઠંડીનો અનુભવ વધી રહ્યો છે. અનેક વિસ્તારોમાં ધુમ્મસના કારણે વાહનચાલકોને ઓછી દૃશ્યતાની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, ગુરુવાર, ૨૬ નવેમ્બરે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૯.૦°C નોંધાયું હતું, જ્યારે મહત્તમ તાપમાન ૨૭.૨°C રહ્યું હતું. બીજી તરફ, ઠંડી વધવાની સાથે દિલ્હીની હવાની ગુણવત્તામાં થોડો સુધારો નોંધાયો છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB)ના આંકડા મુજબ શુક્રવાર, ૨૭ નવેમ્બરે દિલ્હીની સરેરાશ હવાની ગુણવત્તા સૂચકાંક (AQI) ૨૨૧ નોંધાઈ હતી. જોકે હવાની ગુણવત્તા હજુ પણ 'ખરાબ' શ્રેણીમાં છે, પરંતુ અગાઉના દિવસોની સરખામણીએ પ્રદૂષણના સ્તરમાં ઘટાડો જોવા મળ્યો છે.

કેટલાક વિસ્તારોમાં AQI ૨૦૦થી નીચે, આજે કેવું રહેશે દિલ્હીમાં હવામાન? દિલ્હીના કેટલાક વિસ્તારોમાં હવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. પૂસામાં AQI ૧૩૫, લોધી રોડ પર ૧૪૧ અને નજફગઢમાં ૧૪૯ નોંધાયો છે. બીજી તરફ, ગાઝિયાબાદમાં મહત્તમ તાપમાન ૨૮°C નોંધાયું હતું. હવામાન વિભાગના અનુમાન મુજબ શુક્રવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૫ઓછ્યી ૨૭°C અને લઘુત્તમ તાપમાન ૮°C થી ૧૦°C વચ્ચે રહેવાની શક્યતા છે. સવારના સમયે હળવું ધુમ્મસ અને ઝાકળ જોવા મળી શકે છે, જોકે દિવસ આગળ વધતાં આકાશ સ્વચ્છ થવાની અને તડકો નીકળવાની સંભાવના છે. આગામી ૨ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તેમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. એટલે આગામી દિવસોમાં દિલ્હીમાં ઠંડીનું પ્રમાણ વધુ વધી શકે છે. હવામાન વિભાગે ઠંડીથી બચવા ગરમ કપડાં પહેરવાની સલાહ આપી છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોએ સાવચેતી રાખવી જરૂરી છે.

અયોધ્યામાં ૧૫ દિવસમાં ૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા



અયોધ્યા: પવિત્ર કારતક મહિના દરમિયાન રામનગરી અયોધ્યામાં દેશ-વિદેશમાંથી આવેલાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓની સંખ્યાએ તમામ રેકોર્ડ તોડી નાખ્યાં છે. છેલ્લાં ૧૫ દિવસમાં એક કરોડથી વધુ ભક્તોએ અહીં રામલલાના દર્શન કર્યા છે. દીપોત્સવ, ચૌદ કોસી-પંચકોસી પરિક્રમા તેમજ કારતક પૂર્ણિમાના પવિત્ર સ્નાન દરમિયાન સમગ્ર નગરી ભક્તિભાવપૂર્ણ બની હતી. સ્થાનિક વેપારીઓના જણાવ્યાં અનુસાર, આટલી જંગી મેદની અને આટલો સારો વેપાર પહેલાં ક્યારેય નથી જોવા મળ્યો. રામ મંદિરના દર્શનની સાથે અન્ય ધાર્મિક સ્થળો પર પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સૂર્યકુંડ, ગુપ્તારઘાટ અને ભરતકુંડમાં દર્શન-પૂજન કરનારાઓની સંખ્યા નોંધપાત્ર રહી હતી. વેપારીઓ અને સ્થાનિક લોકોના મતે, અયોધ્યા આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યામાં હજુ વધુ વધારો થશે.(૩૭.૧૦)



કેલીફોર્નિયા: અલ નીનો, કિંગ ટાઇડ્સનો કહેર

કેલીફોર્નિયાના દરિયાકાંઠે કિંગ ટાઇડ્સ અને અલ નીનોની અસરના કારણે દરિયાઈ પૂરનું જોખમ વધી ગયું છે. દરીયામાં પાણીનું સ્તર સામાન્ય કરતા ઘણું ઉંચુ જતા અનેક દરિયાકાંઠાના વિસ્તારોમાં રસ્તાઓ, ઘરો અને દુકાનોમાં પાણી ઘુસી ગયા છે. પેસીફીકા શહેરમાં વિશાળ મોજાના કારણે ૩૫૦ મીટર લાંબા પિયરના એક ભાગને નુકશાન થયુ હતુ અને તેનો કેટલોક હિસ્સો દરીયામાં તૂટી પડ્યો હતો.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન ૨૨ માં સીનીયર સિવિલ જજ સાહેબ **શ્રી પી. એલ. રાઠોડ** સાહેબની કોર્ટમાં **દી.પ.અ. નં. ૨૩૨૧/૨૦૨૬** ના કામમાં અરજદાર **શ્રી રાઘવજીભાઈ ભીખાભાઈ રામાણી**, ધર્મે :-હિંદુ, ઉ.વ.આ. :- ૭૦, ધંધો :- વેપાર, રહે:- ચંપક નગર શેરી નં ૪, પેડક રોડ, રાજકોટ એ **ગુજ. ડાહીબેન ભીખાભાઈ રામાણી**ની સ્થાવર મિલ્કત કે જે.....

/૧/ ગુજરાત રાજ્યના સબ ડીસ્ટીકટ રાજકોટના રાજકોટ શહેર રે.સ.નં. ૧૮૬ પૈકી, શ્રી ચંપક નગર કો.ઓપ.હા.સોસાયટી લી., પ્લોટ નં ૫ /એ સીટી સર્વે વોર્ડ નં.૧૨/૧, સીટી સર્વે નં. ૧૭૫૫ ની કુલ જમીન ચો.મી.આ. ૧૬૫.૮૫ (સીટી સર્વે રેકર્ડ મુજબ), જમીન ચો. વા. આ. ૨૦૦-૦૦ જેના ચો.મી.આ. ૧૬૭.૨૨ થાય છે (સોસાયટીના રેકર્ડ મુજબ) ઉપર ઊભા ઈમલા વાળું રહેણાંક મકાન આવેલ છે આ મિલકત અંગે વારસાઈ સર્ટીફીકેટ મેળવવા તેમના **વકીલ શ્રી લલિત કે. તોલાણી, કલ્પેશ એલ. સાકરિયા** મારફત અત્રેની કોર્ટમાં દી.પ.અ. દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોઈ તો તેમણે **મુદત તા. ૧૧/૦૧/૨૦૨૭** ના રોજ સવારે ૧૦.૪૫ કલાકે અત્રેની કોર્ટ માં હાજર રહેવું, ગેર હાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૨૬ / ૧૧/ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

તૈયાર કરનાર (આર. પી. કુવાડીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન ૧૯ માં એડી. સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ પ્રિયા દુઆ સાહેબશ્રી ની કોર્ટમાં (રાજકોટ) કોર્ટમાં પરચૂરણ અરજી નં. ૭૫૪૪/૨૦૨૬ ના કામના અરજદાર શ્રી સિદપરા અનિલભાઈ બટુકભાઈ રહે. ગામ : મહીકા તા.જી. રાજકોટ. ના એ તેના પિતા સ્વ સિદપુરા બટુકભાઈ સવજીભાઈ નું અવસાન તા. ૨૯/૧૦/૨૦૨૪ ન રોજગામઃ મહીકા તા.જી. રાજકોટ મુકામે તેના રહેણાક મકાનમાં અવસાન થયેલ હતું જે અવસાન નોંધ શ્રી મહીકા ગ્રામ પંચાયતના મરણ રજીસ્ટર માં કરાવવા સારું તેમના વકીલ શ્રી રાજ એમ. માડુ મારફત અત્રે ની કોર્ટ માં ઉપરોકત વિગતવાળી પરચુરણ અરજી દાખલ કરેલ છે તે સબંધે જે કોઈ વ્યક્તિને વાંધા તકરાર હોય તો તેમને મુદત તારીખ ૩૦/૧૨/ ૨૦૨ ૬ ના રોજ અત્રે ની રાજકોટ ના મહેરબાન ૧૯ માં એડી. સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ પ્રિયા દુઆ સાહેબશ્રી ની કોર્ટમાં (રાજકોટ) કોર્ટમાં ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ એફ.સી.આઈ. ગોડાઉન પાસે માધાપર રાજકોટ સમક્ષ રજૂ કરવા, ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૨૬ માંહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

તૈયાર કરનાર (એમ. બી. ગાબુ) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના સી. ૨૦ માં એડી. સિનિયર સીવીલ જજ સાહેબ **શ્રી સુનિલ ચૌધરી** સાહેબ ની કોર્ટમાં **દીવાની પરચૂરણ અરજી નંબર ૨૩૪૩/૨૦૨૬** થી અરજદાર **મુકેશગીરી બાબુગીરી ગોસ્વામી એ સ્વ. બાબુગીરી ભીખાલાલ ગોસ્વામી** ની સ્થાવર મિલકત અંગે જે હેરશિપ સર્ટિફિકેટ સી.એમ.એ નંબર - ૧૮૨૮ - ૨૦૨૩ થી મેળવેલ તે સર્ટિફિકેટ માં ચૂક સુધારો જે પૈકી ૨૦૧.૬ ચોરસ વાર ની બદલે ૧૦૦.૮૦ ચોરસ વાર કરવા તેમજ દક્ષિણ દિશામાં પ્લોટ નંબર ૧૩ ની બદલે પ્લોટ નંબર - ૧૨ પૈકી જમીન આવેલ છે તે તરફ માપફુટ ૫૫-૦૦ છે તેવા સુધારા કરવા અંગે અરજી તેમના **વકીલો શ્રી ભાવેશ ડી રંગાણી, વિશાલ એસ. ગિણોયા, ઈશાન એચ. ભટ્ટ તથા રુતુરાજસિંહ આર. ઝાલા** મારફતે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે, તે સંબંધે જો કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૦૭.૦૧.૨૦૨૭ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૨૬ માંહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

તૈયાર કરનાર (એમ. બી. ગાબુ) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (સંદિપ એન.ભટ્ટ) રજીસ્ટ્રાર ચીફ જયુડીસીયલ મેજીસ્ટ્રેટ, કોર્ટ રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ સોદો રદ કર્યા અંગેની જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, :-

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ કોટડા સાંગાણીના ગામ **અનીડા-વાછરાના રેવન્યુ સર્વે નં.૯૪૦(જુના સર્વે નં.૩૮૧ પૈકી ૨૧)** ની જુની શરતની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન **હેક્ટર-૧ આરે-૪૧ ચો.મી.-૬૪ રજાક મુંગળ ઠેબા તથા રમેશભાઈ દેશાભાઈ હરીજન**ની સ્વપાર્જીત સયુંકત માલીકી તથા કબજા ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની ખેડવાણ જમીનનો તમામ પ્રકારે વેચાણ, વ્યય, વ્યવસ્થા વિગેરે કરવાનો તેઓને સંપુર્ણ હકક, સત્તા અને અધિકાર હોય તેથી ઉપરોકત મિલ્કત/જમીન ઉપરોકત મિલ્કત/જમીન માલીકો પાસેથી ખરીદ કરવા મારા અસીલ **શ્રી ભાવેશભાઈ રણછોડભાઈ બાલધા** સાથે સોદો થયેલ હતો અને જે અંગે મારા અસીલ **શ્રી ભાવેશભાઈ રણછોડભાઈ બાલધા** તરફથી ઉપરોકત માલીકની સમંતીથી ખરીદી અંગેની જાહેર નોટીસ ''**અકીલા**'' દૈનિકમાં તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજના રોજપ્રસિધ્ધ કરાવેલ પરંતુ અનીવાર્ય કારણોસર આ સોદો પુર્ણ થઈ શકે તેમ ન હોવાથી ઉપરોકત વિગતે ખરીદ-વેચાણ અંગેનો સોદો ખરીદનાર-વેચનાર બંનેની રાજીખુશીથી રદ કરેલ હોય તેથી મારા અસીલ **શ્રી ભાવેશભાઈ રણછોડભાઈ બાલધા**એ જે સોદા સમયે ટોકનની રકમ (સુથી) મિલ્કત જમીન માલીકને આપેલ હતી તે રકમ મારા અસીલ **શ્રી ભાવેશભાઈ રણછોડભાઈ બાલધા**એ રાજીખુશીથી પરત સ્વીકારી લીધેલ હોય અને આ મિલ્કત/જમીનના સોદા બાબતે હવે મારા અસીલ **શ્રી ભાવેશભાઈ રણછોડભાઈ બાલધા**નો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો વાંધો-તકરાર રહેતો નથી કે ભવિષ્યમાં વાંધો કે તકરાર લેવાનો નથી જેની સ્પષ્ટતા સાથે આ સોદો રદ કર્યા અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે.

સ્થળ: રાજકોટ, તા.: ૨૭/૧૧/૨૦૨૬ **અસીલના કહેવાથી અને સંમતી સહ..**

''ધી લો-પોઇન્ટ'' એડવોકેટ એશોસીએટસ

ભાવેશ ડી.રંગાણી - વિશાલ એસ.ગીણોયા

૧૧૪-૧૧૫, સંસ્કાર કોમ્પલેક્ષ, કેકેવી હોલની સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

મો. ૯૪૨૬૨ ૬૭૧૩૨ મો. ૯૯૦૯૦ ૫૦૦૭૯

જાહેર નોટીસ

ગુજરાત રાજયના મોરબી જીલ્લાના **ટંકારા** તાલુકાના મોજે **ગામ છતર** ની નીચેની વિગતની ખેતી જમીન તેઓના માલીક પાસેથી મારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

ખાતા નં.	રે.સ.નં.	હે.આરે.ચો.મી.	જમીન માલીક
૮૪૯	૨૦૯/૪	૦-૨૫-૨૯	શ્રી પીયુષ ચતુરભાઈ લીંબાસીયા
૮૪૯	૨૦૯/૫	૦-૪૦-૪૭	શ્રી પીયુષ ચતુરભાઈ લીંબાસીયા

રહે. મધુવન પાર્ક શેરી નં. ૫, મોરબી રોડ, રાજકોટ

સદરહુ મિલ્કત પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દશ)**માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહી તો આ મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણનો ચુકત અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી. કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદ જો કોઈનો હકક, દાવો હોય તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬

અમારા મારફત

અનિલ જે. ડોબરીયા

હર્ષદ વી. ડોબરીયા

(એડવોકેટસ)

બીઝનેશ બે, ઓફીસ નં. ૨૦૨, સેકન્ડ ફલોર, રોયલ પાર્ક શેરી નં. ૬ કોર્નર, ક્રિષ્ના મેડીકલની બાજુમા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની સામે, કાલાવડ રોડ, રાજકોટ

અનિલ જે. ડોબરીયા

એડવોકેટ

લોધીકા તાલુકાના ગામ ચીભડાના રેવન્યુ સર્વે નં.૧૨૬ (જુના સર્વે નં.૫૬) ની "ધારવાળુ" તરીકે ઓળખાતી ખેડવાણ જમીન એકર ૩-૨૫ ગુંઠા અંગે.

જાહેર નોટીસ

ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, લોધીકા તાલુકાના ગામ **ચીભડાના રેવન્યુ સર્વે નં.૧૨૬ (જુના રેવન્યુ સર્વે નં.૫૬) ની 'ધારવાળું'** તરીકે ઓળખાતી ખેડવાણ **જમીન હે.આરે.ચો.મી.૧-૪૭-૨૨ પટેલ લખમણભાઈ મોહનભાઈ** રહે. મુ. લોધીકા, તા. લોધીકા, જી. રાજકોટના સ્વતંત્ર માલિકી અને કબજા, ભોગવટાની આવેલ છે. સદરહુ ઉપરોકત ખેડવાણ જમીન અમારા અસીલ તેના માલિક પાસેથી ખરીદ કરવા માંગે છે. સદરહુ ખેડવાણ જમીન બાબતે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર હોય, તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં અમોને નીચે જણાવેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહીં, તો ઉપરોકત ખેડવાણ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને જો હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ ઉપરોકત ખેડવાણ જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા-તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની તમામએ નોંધ લેવી. રાજકોટ તા.

નશાને 'ના' કહેવાની સ્વતંત્ર નિર્ણયશક્તિ કેળવવી એ સ્વસ્થ સમાજના નિર્માણનું પ્રથમ પગલું



યુવા પેઢીને નશા સામે જાગૃત કરવા પ્રેરણાદાયી આયોજન, ભુજની અદાણી મેડિકલ કોલેજમાં યુવાનોને મિત્રવર્તુળના દબાણ સામે મક્કમતાથી નિર્ણય લઈ નશાથી દૂર રહેવા પ્રેરતી અનોખી આંતરટીમ સ્પર્ધા યોજાઈ

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૭ :.. યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી જાગૃત કરવા અને મિત્રવર્તુળના દબાણ વચ્ચે પણ પોતાના સ્વાસ્થ્ય તથા ભવિષ્યને પ્રાધાન્ય આપીને યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવા અદાણી સંચાલિત જી.કે.જનરલ હોસ્પિટલના મનોચિકિત્સા વિભાગ દ્વારા અદાણી મેડિકલ કોલેજ ખાતે અનોખી આંતરટીમ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ સમજાવતાં મનોચિકિત્સા વિભાગનાં વડા ડો. રિદ્ધિબેન ઠક્કરે જણાવ્યું હતું કે યુવાનોને નશાના નુકસાન અંગે જાગૃત કરવા જેટલું જ જરૂરી છે, નશા તરફ પ્રેરિત કરતી પરિસ્થિતિઓ અને મિત્રવર્તુળના દબાણ વચ્ચે પણ આત્મવિશ્વાસપૂર્વક યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા કેળવવી.

કાર્યક્રમની વિશેષતા એ રહી કે ગંભીર સામાજિક વિષયને પરંપરાગત વ્યાખ્યાન કે ચર્ચા પુરતો સીમિત રાખવાને બદલે મનોરંજક અને સંવાદાત્મક સ્પર્ધાના માધ્યમથી રજૂ કરવામાં આવ્યો હતો. વિવિધ ટીમોએ નાટ્યાત્મક રજૂઆતો, સંવાદ, પ્રશ્નોત્તરી, પરિસ્થિતિ આધારિત ચર્ચા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા નશા સામે જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓએ મિત્રવર્તુળના દબાણને ઓળખવું, નશા માટે પ્રેરિત કરતી પરિસ્થિતિઓનો સામનો કરવો, આત્મવિશ્વાસપૂર્વક 'ના' કહેવાની કળા, નશા અંગેની ગેરમાન્યતાઓ અને વૈજ્ઞાનિક તથ્યો વચ્ચેનો તફાવત સમજવો તેમજ નશાની લત તરફ વળતા મિત્રને યોગ્ય મદદ કેવી રીતે કરવી જેવા મહત્ત્વના મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કર્યા હતા.

સરકારના 'નશામુક્ત યુવા, વિકસિત ભારત'ના ૧૦૦ રવિવાર સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા મનોચિકિત્સક અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. નીરવ ચાનપા, ડો. ગુંજન પ્રજાપતિ, ડો. હર્ષ ગોધાણી તથા કાઉન્સેલર હેતલ ગોહિલે જહેમત ઉઠાવી હતી. જ્યારે નિર્ણાયક તરીકે ફાર્માકોલોજી વિભાગનાં ડો.હિરલ ગોલકિયા અને ફિઝિયોલોજી વિભાગના વડા ડો. હિતેશ સોલંકીએ સેવા આપી હતી. (પ-૬)

કચ્છમાં ૩૦મી થી ટેકાના ભાવે મગની ખરીદીનો પ્રારંભ

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૬: કચ્છ જિલ્લામાં ખરીફ સિઝનમાં મગનું વાવેતર કરનારા ખેડૂતો માટે રાહતના સમાચાર છે. આગામી ૩૦ નવેમ્બર, ૨૦૨૬થી સરકાર દ્વારા ટેકાના ભાવે મગની ખરીદી શરૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે મગનો ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૮,૭૮૦ એટલે કે પ્રતિ ૨૦ કિલોના રૂ. ૧,૭૫૬ નક્કી કરાયો છે. ખરીદીમાં ખેડૂતદીઠ મહત્તમ ૨,૫૦૦ કિલો અને પ્રતિ હેક્ટર ૫૫૦ કિલોની મર્યાદા રાખવામાં આવી છે. હાલ ખુલ્લા બજારમાં મગનો સરેરાશ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૮,૧૯૦ હોવાથી ટેકાના ભાવથી ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫૯૦ વધુ મળશે. નોંધણી કરાવનારા ખેડૂતોને એસએમએસ મારફતે ખરીદીની તારીખ અને સમયની જાણ કરવામાં આવશે. ખરીદેલી મગની રકમ ડીબીટી મારફતે સીધી ખેડૂતોના આધારલિંક બેંક ખાતામાં જમા કરાશે.(૨.૧૪)

સૂરજબારી ચેકપોસ્ટ ઉપર કારમાં સાડા ત્રણ લાખનો દારૂ ઝડપાયો

કારની ડેકીમાં છુપાવાયો હતો, રાધનપુરના બે શખ્સ ઝડપાયા



(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૭: પૂર્વ કચ્છ પોલીસ જિલ્લાના સૂરજબારી ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ દરમિયાન પોલીસે સફેદ મારુતિ સિયાઝ કારમાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન બે શખ્સોને પકડી કુલ રૂ. ૩,૪૩,૭૭૮નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસે કારની તલાશી લેતાં તેની ડેકીમાં છુપાવેલી રોયલ સ્ટેગ ડીલક્સ વ્હિસ્કીની ૭૫૦ એમએલની ૨૩ બોટલ અને કિંગફિશર રિંગલ સ્ટ્રોંગ પ્રીમિયમ બિયરના ૫૦૦ એમએલના ૧૪૪ ટીન મળી આવ્યાં હતાં.

આ ગુનામાં પોલીસે સંજયભાઈ રતાભાઈ ચૌધરી (રહે. પૂર્વી પાર્ક સોસાયટી, મુન્દ્રા, મૂળ નાનાપુરા, તા. રાધનપુર) અને રાણુભા કનુભા પરમાર (રહે. મોટા કપાયા, તા. મુન્દ્રા, મૂળ મોટી પીપળી, તા. રાધનપુર)ને ઝડપી પાડ્યા હતા. ઈન્સ્પેક્ટર જે.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ સામખિયાળી પોલીસ સ્ટાફે આ કાર્યવાહી હાથ ધરી હતી. (૭.૧૯)

ગો. ૧૦૮ શ્રી ભાગવતકુમારજી મહોદયના વચનામૃત સાથે જસદણની વૈષ્ણવ હવેલીમાં ભવ્યતાથી ગોવર્ધનનાથજીનો પાટોત્સવ ઉજવાયો

નંદ મહોત્સવ દર્શન બાદ ભક્તોએ મહાપ્રસાદ લીધો



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ તા.૨૭: સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની હવેલીમાં ગોવર્ધનનાથજીના ૩૮ માં પાટોત્સવ પ્રસંગે પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ભાગવતકુમારજી મહોદયની પધરામણી થઈ હતી. વૈષ્ણવ બહેનોએ ગુલાબના પુષ્પોની પાંદડી સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. હવેલીના હોદ્દેદારોએ તેમજ કીર્તનિયાઓએ પૂજ્ય મહારાજશ્રીને માલાજી અર્પણ કર્યા હતા. પૂજ્ય મહારાજશ્રીએ તેમના વચનામૃતમાં ઠાકોરજીની સેવા ભક્તિ, અન્યાશ્રય સેવા ભાવના વગેરે અંગે જણાવ્યું હતું. હવેલી ટ્રસ્ટમાં ચાલતા ચંદુલાલ કાંતિલાલ પટેલ હસ્તે કિરીટભાઈ ચંદુલાલ પટેલ ગોવર્ધનનાથજી પાટોત્સવ ફંડના ઉપક્રમે યોજાયેલા આ મહોત્સવમાં વચનામૃત બાદ નંદમહોત્સવ, તિલક દર્શન, રાજભોગ વગેરે યોજાયા હતા. નંદમહોત્સવ દરમિયાન કીર્તનીયાઓ એ કીર્તનની રમઝટ બોલાવી હતી. પૂજ્ય મહારાજશ્રીના ચરણસ્પર્શનો વૈષ્ણવોએ લાભ લીધો હતો. સમગ્ર ઉત્સવને અંતે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ બહેનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો તેમ શ્રીનાથજી હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદી જણાવે છે.(૨.૧૦)

પાટડીમાં ખારાઘોડા-કુલ્કી RCC રોડની કામગીરી વિવાદમાં



વઢવાણ તા.૨૬: દસાડા તાલુકાના પાટડી શહેરમાંથી પસાર થતા ખારાઘોડા-કુલ્કી રોડની કામગીરી હાલ ભારે વિવાદમાં સપડાઈ છે. પાટડી શહેર વિસ્તારમાં નિર્માણ પામી રહેલા આ નવા ૧૮૬ રોડની કામગીરીમાં જૂનો ડામર રોડ તોડ્યા વગર જ તેના પર સીધું બાંધકામ શરૂ કરી દેવામાં આવતા વિવાદ સર્જાયો છે.

રસ્તાની ઊંચાઈ વધી રહી છે. રોડ વધુ પડતો ઊંચો બનવાનું શરૂ થતા આસપાસના નીચાણવાળા વિસ્તારો, રહેણાંક મકાનો અને દુકાનોમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાઈ જવાની પ્રબળ શક્યતા સેવાઈ રહી છે.

સ્થળ તપાસ બાદ હવે આ સમગ્ર મામલે તંત્ર હરકતમાં આવ્યું છે. રોડની ઊંચાઈ અને પાણીના નિકાલના પ્રશ્નને ધ્યાનમાં રાખીને ચર્ચા-વિચારણા કર્યા બાદ રોડની કામગીરી આગળ કેવી રીતે વધારવી તે અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. આ રોડ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યો છે અને નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ તેને પાટડી નગરપાલિકાને સોંપવામાં આવનારા છે. ભવિષ્યમાં પાણી ભરાવાની સમસ્યા ન સર્જાય તે માટે પાટડી નગરપાલિકા દ્વારા સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક અસરથી સ્થળ તપાસ કરવામાં આવી હતી.(૨.૩)

પૂર્વ કચ્છના ગાગોદર ગામે ચાઇના ક્લેનું ગેરકાયદે ખનન ઝડપાયું

એક હિટાચી એક્સકેવેટર સહિત ૧૪ ડમ્પર સીઝ કરાયા



(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૭ :.. પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં રાપર તાલુકાના ગાગોદર ગામની સીમમાં ફલાઈંગ સ્કવોડની ટીમે દરોડો પાડી ચાઈના ક્લેનું ગેરકાયદે ખનન ઝડપી પાડ્યું હતું. કાર્યવાહી દરમિયાન એક હિટાચી એક્સકેવેટર મશીન અને ૧૪ ખાલી ડમ્પર સહિત કુલ રૂ. ૪.૪૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી સીઝ કરવામાં આવ્યો હતો.

કલેકટરના માર્ગદર્શન હેઠળ ભુજની મદદનીશ નિયામક, ફલાઈંગ સ્કવોડની ટીમે ખાનગી વાહનમાં સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરતાં ગેરકાયદે ખનન થતું હોવાનું બહાર આવ્યું હતું. ખનન માટે ઉપયોગમાં લેવાતું એક્સકેવેટર અને ખનિજ ભરવા આવેલા ૧૪ ડમ્પરને અટકાવી તમામ વાહનો તથા મશીનરી જપ્ત કરવામાં આવ્યાં હતાં.

જપ્ત કરાયેલો તમામ મુદ્દામાલ ગાગોદર પોલીસ સ્ટેશન ખાતે મુકાવવામાં આવ્યો હોવાનું ખાણ-ખનિજ વિભાગ દ્વારા જણાવાયું હતું. (તસવીર :.. મુકેશ રાજગોર, રાપર) (૫-૧૧)

ભુજના કુ. જાગૃતિ વકીલને ડીસેમ્બરમાં દેવધર્મ પુરસ્કાર



(મનીષ દવે) ભાવનગર: ભુજ (કચ્છ)ના સર્જક કુ. જાગૃતિબેન આર.વકીલને શ્રેષ્ઠ સાહિત્ય સર્જનને અનુલક્ષી દેવધર્મ પુરસ્કાર એનાયત થશે

ડો. રમેશભાઈ ભટ્ટ તથા રશ્મિના જણાવ્યા અનુસાર ૨૦ ડિસેમ્બરના સવારે ૧૦:૧૫ કલાકે પંચમુખી હનુમાન આશ્રમ આદિપુર (કચ્છ) ખાતે મહંત પૂ. બ્રહ્મચારી પ્રકાશ નંદસ્વામિના હસ્તે એવોર્ડ અર્પણ થશે.(૩૫-૬)

સુરેન્દ્રનગરના નરેશ કેલાની શ્રી શ્રી રવિશંકર મહારાજ સાથે મુલાકાત



(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ, તા.૨૭: ગુજરાત રાજ્ય ફી રિવિઝન કમિટીના સભ્ય અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી નરેશ કેલાએ બેંગલુરુ સ્થિત આર્ટ ઓફ લિવિંગ આશ્રમ ખાતે પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની શુભેચ્છા મુલાકાત લઈ તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

આ પાવન પ્રસંગે નરેશ કેલાએ સુરેન્દ્રનગરની આગવી ઓળખ અને હસ્તકલાનો ઉત્તમ નમૂનો એવી પટોળા શાલ તેમજ તેમના દ્વારા લિખિત પ્રથમ પુસ્તક **'India - A Nation Rising'** પૂજ્ય ગુરુદેવને સાદર અર્પણ કર્યા હતા.

મુલાકાત દરમિયાન પૂજ્ય ગુરુદેવની સહજતા, સ્નેહ અને માર્ગદર્શનથી નરેશ કેલાએ અપાર માનસિક શાંતિ અને નવી સકારાત્મક ઊર્જાનો અનુભવ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગુરુદેવના સાનિધ્યમાં વિતાવેલી આ પળો તેમના જીવનની અમૂલ્ય સ્મૃતિ બની રહેશે.

નરેશ કેલા હાલ ગુજરાત રાજ્ય ફી રિવિઝન કમિટીના સમિતિના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે અને વિવિધ સામાજિક, શૈક્ષણિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રોમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે. (૩.૬)



સુરેન્દ્રનગરમાં NDPS એક્ટ અંગે પોલીસ કર્મચારીઓને તાલીમ અપાઇ: વઢવાણ: સુરેન્દ્રનગરમાં **ÒNO DRUGS IN SURENDRANAGARÓ** અભિયાન હેઠળ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને **NDPS** એક્ટ અંગે તાલીમ આપવામાં આવી. કાર્યક્રમમાં નશીલા પદાર્થોના ગુનાઓની તપાસ અંગે માર્ગદર્શન અપાયું. જિલ્લા પોલીસ દ્વારા યુવાધનને નશાથી બચાવવા અને નશીલા પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા આ કાર્યક્રમ યોજાયો હતો. ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક વેદિકા બિહાનીના માર્ગદર્શન હેઠળ તાલીમ આપવામાં આવી. નશીલા પદાર્થોની હેરાફેરી અને વેચાણ સામે કાર્યવાહી કરવા તથા નશામુક્ત અને સુરક્ષિત સમાજના હેતુથી જિલ્લા પોલીસ આ અભિયાનને વધુ અસરકારક બનાવવાના પ્રયાસ કરી રહી છે. પોલીસનું કહેવું છે કે આવા તાલીમ કાર્યક્રમોથી તપાસની ક્ષમતા અને ટેકનિકલ સમજણ વધશે.(૨૩.૧૦)

લખતરના જયોતિપરા ગામે રસ્તા ઉપર પાણી ભરાય છે !

વઢવાણ, તા.૨૬: લખતર તાલુકાના જ્યોતિપરા ગામના રહેણાંક વિસ્તારમાં પાણી ભરાઈ રહેતા સ્થાનિકો પરેશાન છે. પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે.

પાણી ભરાતી જગ્યા પાસેથી લીંબડ તરફ જતો જૂનો માર્ગ, ગામના સ્મશાન તરફ જતો મુખ્ય માર્ગ અને ભાસ્કરપરા ગામને જોડતા રસ્તો પસાર થાય છે. આ રસ્તેથી જતા લોકોને મુશ્કેલી પડે છે.

અહીં ભૂગર્ભ ગટરના પાણી ઉભરાય છે. ઘરોમાં વપરાયેલું પાણી પણ અહીં આવીને ભરાય છે. સતત પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને સ્થાનિકોમાં રોગચાળાની ભીતિ છે.

મોટરસાઇકલ, ટ્રેક્ટર અને રાહદારીઓને આ રસ્તેથી પસાર થવામાં મુશ્કેલી પડે છે. પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવે તો સમસ્યા ઉકેલી શકાય છે.(૨૩.૫)

મધ્યપ્રદેશના એક મધ્યમવર્ગીય પરિવારની દર્દભરી દાસ્તાન, દીકરીને જીવિત જોઈ માતા-પિતા ધ્રુસકે ધ્રુસકે રડ્યાં

દસ વર્ષ સુધી રખડતી-ભટકતી માતાનું પરિવાર સાથે ભુજમાં પુનઃમિલન



(વિનોદ ગાલા દ્વારા) ભુજ, તા.૨૬: મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લાની આશરે ત્રીસ વર્ષની એક મહિલા દસ વર્ષ પહેલાં પરિવારથી વિખૂટી પડી હતી. ત્યારથી તે અનેક રાજ્યોનાં શહેરો અને ગામડાંઓમાં રખડતી-ભટકતી રહી હતી. લાંબી ભટકતી બાદ રેલવે માર્ગે તે ભુજ આવી પહોંચી હતી. આ દરમિયાન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભુજના સિનિયર પેરાલીગલ વોલન્ટિયર પ્રબોધ મુનવરના ધ્યાન પર આ મહિલા આવી હતી.

મહિલાની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેને માનવજ્યોત સંસ્થા, ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ, પાલારા-કચ્છ ખાતે આશ્રય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ભુજની માનસિક આરોગ્ય હોસ્પિટલમાં તેની સારવાર કરાવવામાં આવી હતી. યોગ્ય સારવાર અને સંભાળના પરિણામે મહિલા સ્વસ્થ બની હતી. તેની પાસેથી મળેલી માહિતીના આધારે સેવાશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ મહિલાના ઘર અને પરિવારની શોધખોળ શરૂ કરી હતી. અથાગ પ્રયાસોના અંતે આખરે મહિલાના પરિવારજનોનો સંપર્ક સાધવામાં સફળતા મળી હતી. દીકરી જીવિત હોવાની અને ભુજમાં હોવાની જાણ થતાં જ તેના માતા-પિતા તેને લેવા ભુજ આવી પહોંચ્યા હતા. દસ વર્ષ બાદ દીકરીને નજર સામે જોતાં જ માતા-પિતા ભાવુક બની ગયાં હતાં. માતા, પિતા અને દીકરી એકબીજાને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં હતાં. દસ વર્ષના વિયોગની વેદના અને વર્ષો બાદ મળ્યાનો આનંદ આંસુ બનીને છલકાઈ રહ્યો હતો.

આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ હૃદયસ્પર્શી પાસું મહિલાનાં બે સંતાનોનું છે. મહિલાએ જ્યારે ઘર છોડ્યું ત્યારે તેનાં બંને સંતાનોની ઉંમર માંડ બે-ચાર વર્ષની હતી. આજે એક સંતાન બાર વર્ષનું અને બીજું ચૌદ વર્ષનું થઈ ગયું છે. દસ વર્ષથી બંને સંતાનો માતાના મમતાભર્યા સ્નેહથી વંચિત રહ્યાં છે. માતા ઘરેથી વિખૂટી પડી ત્યારે તેઓ એટલાં નાનાં હતાં કે માતાની ઓળખ અને તેની સાથે વિતાવેલી પળોની કોઈ સ્પષ્ટ સ્મૃતિ પણ તેમની પાસે નથી. હવે દસ વર્ષ બાદ માતા પરિવાર સુધી પહોંચી છે ત્યારે બંને સંતાનો પણ માતા ઘરે પાછી આવે અને તેનો મમતાભર્યો પાલવ ફરી મળે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.

આમ, દસ વર્ષનો લાંબો વિયોગ, અનેક મુશ્કેલીઓ અને અજાણ્યાં સ્થળોએ ભટકતી બાદ એક માતા ફરી પોતાના પરિવાર સુધી પહોંચી શકી છે. એક તરફ માતા-પિતાને પોતાની દીકરી પાછી મળી છે, તો બીજી તરફ માતૃસુખથી વંચિત રહેલાં બે સંતાનોને હવે માતાની મમતા મળવાની આશા જાગી છે. માનવતા, સંવેદના અને સેવાભાવનાના સમન્વયથી શક્ય બનેલું આ પુનર્મિલન સમાજ માટે માનવસેવાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે. આ માનવતાભર્યા કાર્યમાં પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, સહદેવસિંહ જાડેજા, દીપેશ શાહ, કનૈયાલાલ અબોટી અને રફીક બાવાએ સહભાગી બની સરાહનીય યોગદાન આપ્યું હતું. (૨૨.૧૦)

બેફામ મોંઘવારી અને બજારમાં વેચાતી ભેળસેળયુક્ત ચીજવસ્તુઓ સામે ઉપલેટામાં આમ આદમી પાર્ટી મેદાનમાં

ઉપલેટા આપ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી ભાવ નિયંત્રણ, બજારોમાં નિયમિત તપાસ અને ભેળસેળખોરો સામે કડક કાર્યવાહીની ઉગ્ર માંગ



(જગદીશ રાઠોડ દ્વારા) ઉપલેટા, તા.૨૭: દિવસે ને દિવસે બેફામ વધી રહેલી મોંઘવારી અને બજારમાં વેચાતી નકલી તેમજ ભેળસેળયુક્ત ચીજવસ્તુઓના કારણે સામાન્ય જનતા અને મધ્યમ વર્ગના પરિવારોની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે.

જીવનજરૂરિયાતની વસ્તુઓના આસમાને પહોંચેલા ભાવથી સામાન્ય માણસનું ઘરનું બજેટ ખોરવાઈ ગયું છે. ત્યારે મોંઘવારી પર નિયંત્રણ લાવવા અને ભેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે ઉપલેટા આમ આદમી પાર્ટી દ્વારા મામલતદારશ્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ઉપલેટા આમ આદમી પાર્ટી દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પર યોગ્ય નિયંત્રણ લાવવામાં આવે, બજારોમાં નિયમિત તપાસ હાથ ધરવામાં આવે, નકલી અને ભેળસેળયુક્ત વસ્તુઓનું વેચાણ અટકાવવામાં આવે તેમજ ખેડૂતોને મોંઘા ખાતર, બિયારણ અને દવાઓના ભાવમાંથી રાહત મળે તે માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં આવે.

સામાન્ય જનતા, મધ્યમ વર્ગ અને ખેડૂતોને મોંઘવારીના બોજમાંથી રાહત મળે તથા લોકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓ વાજબી ભાવે મળી રહે તે માટે તંત્ર તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ સાથે આ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપલેટા આમ આદમી પાર્ટીના પ્રમુખ અમુભાઈ ગજેરા, મંત્રી દિલીપભાઈ પંડ્યા સહિત પાર્ટીના મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો અને યુવા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસ્વીર: ભોલુ રોડ, ઉપલેટા) (૨૨.૫)

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર વકીલ **અંકુરભાઈ આર. દેસાઈ એડવોકેટ-ગોંડલ** વાળા આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે, **ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના ગોંડલ શહેર તાલુકાના ગોંડલ-૫ ગામના રેવન્યુ સર્વે નં. ૭૪૪/૨ પૈકી ૪,ની ખેતીની સીમ જમીન જેના હે.૦-૪૮-૫૬ ખેતર નામે 'તળાવવાળુ' જેના રેવન્યુ ખાતા નં.૪૯૯** વાળી ખેતીની સીમ જમીન **શ્રી ભાવેશભાઈ ધુસાભાઈ વેકરીયા**ના સ્વતંત્ર ખાતે તથા નામે આવેલ છે. સદરહું ખેતીની જમીન તેઓની પાસેથી મારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીન અંગેના માલિકી ટાઈટલ કબજા પરત્વે તથા અસલ દસ્તાવેજો તથા વેચાણ સબંધે કે રસ્તા બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો લાગ-ભાગ દરદાવો વારસાઈ હકક,ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ કરજ, બોજો ગીરો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હિત,હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોયતો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ અવેજની બાકી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી.કરાવી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે સ્પષ્ટ નોધ લેશો.

સ્થળ: ગોંડલ તા. ૨૭-૧૧-૨૦૨૬

અંકુરભાઇ આર. દેસાઈ બી.કોમ.એલએલ.બી. એડવોકેટ-ગોંડલ

એડ્રેસ: કનૈયા ઝેરોક્ષ, કોર્ટની સામે, ડોકટર રાદડિયા હોસ્પિટલની બાજુમાં, ગોંડલ, તા. ગોંડલ જી. રાજકોટ, મોબાઈલ નં. ૮૨૩૮૭ ૪૨૭૭૫

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર વકીલ **ગૌતમ એ. શેખડા એડવોકેટ - ગોંડલ** વાળા આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે, **ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના રૂપાવટી ગામના બિનખેતી રેવન્યુ સર્વે નં.૧૩૬ પૈકીની જમીન એકર ૫-૦૦ ગુંઠાના પાડવામાં આવેલ રહેણાંક હેતુના પ્લોટો પૈકી પ્લોટ નં.૧૮ ની જમીન ચો.મી. ૩૫૨-૨૦** વાળી રહેણાંક ખુલ્લા પ્લોટની જમીન **શ્રી દામજીભાઈ ભીમજીભાઈ પાદરીયા** ના સ્વતંત્ર નામે આવેલ છે. સદરહું રહેણાંક ખુલ્લા પ્લોટની જમીન તેઓની પાસેથી મારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની રહેણાંક ખુલ્લા પ્લોટની જમીન જમીન અંગેના માલીકી ટાઈટલ કબજા પરત્વે તથા અસલ દસ્તાવેજો તથા વેચાણ સબંધે કે રસ્તા બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક,હિત,હિસ્સો લાગ-ભાગ દરદાવો વારસાઈ હકક,ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ કરજ, બોજો ગીરો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હિત,હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોયતો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ અવેજની બાકી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી. કરાવી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે સ્પષ્ટ નોધ લેશો.

સ્થળ: ગોંડલ તા. ૨૭-૧૧-૨૦૨૬

ગૌતમ એ. શેખડા બી.કોમ.એલએલ.બી. એડવોકેટ-ગોંડલ

એડ્રેસ: કનૈયા ઝેરોક્ષ, કોર્ટની સામે, ડોકટર રાદડિયા હોસ્પિટલની બાજુમાં, ગોંડલ, તા. ગોંડલ જી. રાજકોટ, મોબાઈલ નં. ૮૧૪૧૯ ૨૦૧૧૧

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ **વાજડી (વીરડા) ના રેવન્યુ સર્વે નં.૪૧/૧** પૈકીની **''કૈલાશ પાર્ક-એ''** તરીકે ઓળખાતી બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૩૮ ની જમીન ચો.વા.આ.૨૮૮-૪૬ બરાબર ચો.મી.આ.૨૪૧-૧૯** વાળો ખુલ્લો પ્લોટ **પ્રતાપભાઈ આણંદભાઈ ગઢવી** પાસેથી ખરીદ કરવાનું નકિક કરેલ છે.

ઉપરોકત વિગતેની મિલ્કત અંગેના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણના હકક કે કોઈનું લેણુ, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૭** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી, જો નિયત સમય મર્યાદામાં કોઈપણ વ્યકિતના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, વાંધા-તકરાર આવશે નહી તો, ઉપરોકત મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, વારસાઈ, દરદાવો નથી કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર નથી અને હોઈ તો તે જતા (Waive) કરેલ છે તેમ સમજી અમારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યાર બાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને બંધન કર્તા રહેશે નહી. જે બાબતની જાહેર જનતાએ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬ અમારા મારફત :-

ચેતન જે. ચોવટીયા એડવોકેટ મો. ૯૬૨૪૨ ૧૨૩૩૩

ઉમેશ કોમર્શીયલ કોમ્પલેક્ષ, ઓફીસ નં. ૨૧૨, ત્રીજો માળ, ચૌધરી હાઈસ્કુલની બાજુમા, કસ્તુરબા રોડ, રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેર ના **રેવન્યુ સર્વે નં.૩૩૮** પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમાં આવેલ **''શ્રી ધર્મજીવન કો.ઓ.હા.સો.લી.''** (રજી.નં.ઘ-૬૪૯૭, તા.૦૩/૦૫/૧૯૮૦) ના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨૪/બ ની જમીન ચો.વા.આ.૮૦-૯૮ બરાબર ચો.મી.આ. ૬૭-૭૧** સહીતના ઉભા ઈમલા ઈમારતવાળા મકાન (સીટી સર્વે વોર્ડ નં.૮/૧) **શ્રી નારાયણભાઈ દામજીભાઈ ભાલારા** ની માલીકી કબજા ભોગવટાનું આવેલ છે. તે મકાન મારા અસીલએ ખરીદવા નકકી કરેલ છે. તો સદરહું મકાન પરત્વે કોઈ બેન્કનું કે કોઈનું કરજ, બોજો, માલીકી હકક, કબજા, ભોગવટા વારસાઈહકક, ભરણપોષણ, ટાઈટલ, ગીરો, લીયન, પરત્વે કોઈપણ વ્યકિતને કોઈપણ જાતના વાંધા તકરાર હોયતો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮** માં નીચે દર્શાવેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન કોઈપણના કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર નહીં આવે તો કોઈપણને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી. અને હોયતો સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મકાન નો ચુકતે અવેજ ચુકવીને ધારાસર વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની આથી દરેક લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:-રાજકોટ, તા: ૨૭/૧૧/૨૦૨૬ મારા મારફત

એન. પી. રૂપારેલીયા (એડવોકેટ & નોટરી)
દિક્ષી એમ. મકવાણા (એડવોકેટ)
મીનાક્ષી એચ. દવે (એડવોકેટ)

વાણીયાવાડી શેરી નં.૧/૬ કોર્નર,ભટુક બાલાજી હનુમાન મંદિરની બાજુમાં,રાજકોટ-૨.

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ **વાજડી (વીરડા) ના રેવન્યુ સર્વે નં.૪૧/૧** પૈકીની **''કૈલાશ પાર્ક-એ''** તરીકે ઓળખાતી બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૩૮ ની જમીન ચો.વા.આ.૨૮૮-૪૬ બરાબર ચો.મી.આ.૨૪૧-૧૯** વાળો ખુલ્લો પ્લોટ **પ્રતાપભાઈ આણંદભાઈ ગઢવી** પાસેથી ખરીદ કરવાનું નકિક કરેલ છે.

ઉપરોકત વિગતેની મિલ્કત અંગેના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણનો હકક કે કોઈનું લેણુ, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૭** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી, જો નિયત સમય મર્યાદામાં કોઈપણ વ્યકિતના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, વાંધા-તકરાર આવશે નહી તો, ઉપરોકત મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, વારસાઈ, દરદાવો નથી કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર નથી અને હોઈ તો તે જતા (Waive) કરેલ છે તેમ સમજી અમારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી ઉપરોકત મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યાર બાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને બંધન કર્તા રહેશે નહી. જે બાબતની જાહેર જનતાએ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬ અમારા મારફત :-

ચેતન જે. ચોવટીયા એડવોકેટ મો. ૯૬૨૪૨ ૧૨૩૩૩

ઉમેશ કોમર્શીયલ કોમ્પલેક્ષ, ઓફીસ નં. ૨૧૨, ત્રીજો માળ, ચૌધરી હાઈસ્કુલની બાજુમા, કસ્તુરબા રોડ, રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, રાજકોટ જીલ્લાના જસદણ તાલુકાના ગામ **સાણથલીના રેવન્યુ સર્વે નં. ૬૦/૧ પૈકી ૫/ પૈકી ૨** ના રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧૧ ની જમીન ચો.મી.આ. ૬૬૨-૧૨** આવેલ છે. જે **બ્રિજરાજસિંહ પૃથ્વીરાજસિંહ જાડેજા**ની સ્વતંત્ર માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાની આવેલ છે. અને સદરહું જમીન તેઓની પાસેથી અમારા અસીલએ ખરીદ કરવા નક્કી કરેલ છે. સદરહું ઉપરોકત જમીન ઉપર અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો અને ભરણ પોષણ કે લીયનનો કે સદરહું જમીનના ટાઈટલ અંગે કોઈને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી, મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર નથી અને જો હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદર હું જમીન પરત્વેના વેચાણ વહેવારો પુર્ણ કરી, સદર હું જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને કે તેમના હકક હિત હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬

પંકજ બી. પાંભર એડવોકેટ

ધ મિલેનીયમ, ઓફીસ નં. ૫૦૮. પાંચમો માળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાનામવા સર્કલ પાસે, રાજકોટ. મો. ૯૯૧૩૩ ૨૪૮૦૫

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેર ના **રેવન્યુ સર્વે નં.૩૩૮** પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમાં આવેલ **''શ્રી ધર્મજીવન કો.ઓ.હા.સો.લી.''** (રજી.નં.ઘ-૬૪૯૭, તા.૦૩/૦૫/૧૯૮૦) ના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨૪/બ ની જમીન ચો.વા.આ.૮૦-૯૮ બરાબર ચો.મી.આ. ૬૭-૭૧** સહીતના ઉભા ઈમલા ઈમારતવાળા મકાન (સીટી સર્વે વોર્ડ નં.૮/૧) **શ્રી નારાયણભાઈ દામજીભાઈ ભાલારા** ની માલીકી કબજા ભોગવટાનું આવેલ છે. તે મકાન મારા અસીલએ ખરીદવા નકકી કરેલ છે. તો સદરહું મકાન પરત્વે કોઈ બેન્કનું કે કોઈનું કરજ, બોજો, માલીકી હકક, કબજા, ભોગવટા વારસાઈહકક, ભરણપોષણ, ટાઈટલ, ગીરો, લીયન, પરત્વે કોઈપણ વ્યકિતને કોઈપણ જાતના વાંધા તકરાર હોયતો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮** માં નીચે દર્શાવેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન કોઈપણના કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર નહીં આવે તો કોઈપણને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી. અને હોયતો સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મકાન નો ચુકતે અવેજ ચુકવીને ધારાસર વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની આથી દરેક લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:-રાજકોટ, તા: ૨૭/૧૧/૨૦૨૬ મારા મારફત

એન. પી. રૂપારેલીયા (એડવોકેટ & નોટરી)
દિક્ષી એમ. મકવાણા (એડવોકેટ)
મીનાક્ષી એચ. દવે (એડવોકેટ)

વાણીયાવાડી શેરી નં.૧/૬ કોર્નર,ભટુક બાલાજી હનુમાન મંદિરની બાજુમાં,રાજકોટ-૨.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૨૧ માં એડીશ્નલ સીનીયર સીવીલ જજ શ્રી ગૌરવ શર્મા સાહેબની કોર્ટ સમક્ષ દિ.પ.અ.નં-૨૨૫૨/૨૦૨૬ ના કામના અરજદાર અજય દિનેશચંદ્ર અધ્યારૂ, રહે.ફલેટ નં.ઈ-૨૦૪, લોટસ એવન્યુ, રવિ પાર્ક પાસે, પ્રેમ મંદીર પાછળ, કાલાવડ રોડ, રાજકોટવાળા એ તેમના ગુજરનાર પિતાશ્રી દિનેશચંદ્ર હિમતલાલ અધ્યારૂ અવસાન સ્થળ: રાજકોટ, અવસાન તા.૨૪/૧૨/૨૦૨૦ ની સ્વતંત્ર માલીકીની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ તાલુકાના ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૧૦૧ પૈકી બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી ટી.પી. સ્કીમ નં.૫(નાનામવા) ના એફ.પી.નં.૨૨૫/૨ અને એફ.પી.નં.૨૨૫/૧ ની મળી કુલ જમીન ચો.મી.આ.૫૪૩૨-૦૬ ઉપર આવેલ 'લોટસ એવન્યુ' ના નામથી ઓળખાતા સાત રેસીડેન્શીયલ બિલ્ડીંગો પૈકી 'લોટસ એવન્યુ-ઈ' બિલ્ડીંગમાં બીજા માળ ઉપર આવેલ ફલેટ નં. ઈ-૨૦૪ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૯૯-૧૭ છે તે ફલેટ ગુજરનાર દિનેશચંદ્ર હિમતલાલ અધ્યારૂ એ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૬૨૦, તા.૦૬/૦૨/૨૦૧૮ ના રોજ મેસર્સ કેસીડી પ્રોજેકટસના નામની ચાલતી ભાગીદારી પેઢી પાસેથી ખરીદ કરેલ જે ફલેટ અંગેનું વારસા સર્ટીફીકેટ- હેરશીપ સર્ટીફીકેટ મેળવવા અંગે તેમના **વકીલશ્રી ગજેન્દ્ર એમ.જાની** મારફતે ઉપરોકત દિવાની પરચુરણ અરજી અંગે કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમણે મુદત તા. ૭/૧/૨૦૨૭ ના સવારના ૧૧ કલાકે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૨૬ માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
(ડી. ડી. ગોહિલ)
આસીસ્ટન્ટ
૨૧મી અધિક સીનીયર સીવીલ કોર્ટ, રાજકોટ

કોર્ટનો સિક્કો

હુકમથી
(એન. આર. વ્યાસ)
રજીસ્ટ્રાર

વાગુદડના રે.સ.નં.૪૭ પૈકી ૧, ૪૭ પૈકી ૪, (નવા સર્વે નં.૪૭ પૈકી ૧) ના ''સહજાનંદ પાર્ક'' ના પ્લોટ નં.૪ તથા ૫ તથા ૧૧ ની જમીન અંગે

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી સૌને જણાવવાનું કે, રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના ગામ **વાગુદડ ના રે.સ.નં.૪૭ પૈકી ૧, ૪૭ પૈકી ૪,(નવા સર્વે નં.૪૭ પૈકી ૧)** ના રહેણાંક ના હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **''સહજાનંદ પાર્ક''** તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી નીચે કોષ્ટકમાં દર્શાવેલ પ્લોટસ તેમના માલીકીના અને કબજા, ભોગવટા ના આવેલ છે.

ક્રમ	પ્લોટ નં.	ચો.મી.આ.	માલીકનુ નામ
૧	૪	૧૪૪-૦૦	શ્રી રણજીતભાઈ વિરમભાઈ હેરમા
૨	૫	૧૭૫-૬૫	
૩	૧૧	૧૪૪-૦૦	શ્રી નરેન્દ્રસિંહ દેશળજીભાઈ ચાવડા

સદરહુ ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ પ્લોટ તેમના માલીકો પાસેથી અમારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે. સદરહુ મિલ્કત સંબંધે કે તેના વેચાણ, વ્યવહાર, કબજા અંગે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો, ગીરો, કરજ, બોજો, લેણુ, વારસાઈ હકક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** ની અંદર અમોને આધાર પુરાવા સાથે લેખીતમાં નીચેના સરનામા ઉપર જાણ કરવા આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે. સદરહુ સમય મર્યાદા દરમ્યાન કોઈના ધ્યારા કોઈપણ પ્રકારના વાંધો તકરાર આપવામાં નહી આવે તો સદરહુ મિલકત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો, ગીરો, કરજ, બોજો, લેણુ, વારસાઈ હકક કે અન્ય કોઈ હિત સંકળાયેલ નથી અને હોય તો તેઓએ તે સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહુ મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે તથા સદરહુ સમય મર્યાદા વીત્યે કોઈના ધ્વારા કોઈપણ પ્રકારનો વાંધો તકરાર આપવામાં આવશે તો તેવા વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની લાગતા વળગતા સૌ કોઈએ જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ તા.૨૭/૧૧/૨૦૨૬

જગદીશ એમ. ડાંગર એડવોકેટ એન્ડ નોટરી મો. ૯૭૨૬૫ ૦૦૨૯૭

અંકિત વી. કુવાડીયા - એડવોકેટ

૬૦૪-બી,આલ્ફા પ્લસ, રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે, ૧૫૦-ફુટ રીંગ રોડ, રાજકોટ

નારણકા ગામના રેવન્યુ સર્વે નંબર ૧૫૩, ''આશુતોષ પાર્ક'' પ્લોટ નં.૪૧ ની જમીન ચો.મી.આ.૨૧૧-૩૭ ચો.વા.આ.૨૫૨-૭-૦ અંગે

જાહેર નોટીસ

રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ **નારણકાના રેવન્યુ સર્વે નંબર ૧૫૩** ની જમીન એકર ૦૬-૩૪ ગુંઠાના રહેણાંક હેતુ માટે બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના **''આશુતોષ પાર્ક''** તરીકે ઓળખાતા પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૧ ની**જમીન ચો.મી.આ.૨૧૧-૩૭ ચો.વા.આ.૨૫૨-૭-૦ અનીલકુમાર જયંતીભાઈ ગાંગાણી** ની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહુ જમીન તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માગે છે. તેથી સદરહુ જમીનના પ્લોટ પરત્વે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે જો કોઈનો, કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો, કે અન્ય કોઈપણ રીતે વાંધો તકરાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ ૮ (આઠ)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહી, તો આ મીલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હત, હિસ્સો નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહું મીલ્કત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે, તો તે અમારા અસીલ ને બંધન કર્તા રહેશે નહી. જેની તમામએ નોંધ લેવી.

અમારા મારફત રાજકોટ, તા.૨૭/૧૧/૨૦૨૬

રાહુલ એ. પંડયા એડવોકેટ મો.૯૯૨૪૬ ૯૯૨૨૭

૬૦૨, ૨ન વે હાઇટસ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગરોડ, રાજકોટ

જાહેર નોટીસ

રાજકોટ શહેરમાં ઢેબર રોડ ઉપર આવેલ રાજકોટના **સીટી સર્વે વોડે નં.૭/૨, સીટી સર્વે નં.૩૩૭૦ ની જમીન ચો.મી.આ.૩૭૭-૨૭** માંડેથી દક્ષિણ તરફની સીટી સર્વે મુજબની જમીન **ચો.મી.આ.૧૮૮-૬૪**(દસ્તાવેજ મુજબ જમીન ચો.વા.આ. ૨૨૮-૦૦) વાળી મિલ્કત **ગુજ.મનહરલાલ મોહનલાલ વાઘેલા**ના કાયદેસરના અને સીધીલીટીના વારસદાર **શ્રી જયેશ મનહરલાલ વાઘેલા તથા શ્રી રાજેશ મનહરલાલ વાઘેલા**ની સયુંકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત મિલ્કત મારા અસીલ સદરહુ મિલ્કતના માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે સદરહુ મિલ્કતની માલીકી કબજા ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હકક, હિત, હિસ્સો, બક્ષીસ ગીરો દર દાવો,કે અન્ય કોઈપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે **દિવસ-૮ (આઠ)**માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી.જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહિ, તો સદરહુ મિલ્કતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મારા અસીલ સદરહુ મિલ્કત ખરીદ કરશે અને ત્યાર બાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલ ને બંધન કર્તા રહેશે નહિ જેની આથી દરેક લાગતા વળગતાઓ એ સ્પસ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૨૭/૧૧/૨૦૨૬

વિમલ એસ. ડાંગર એડવોકેટ મો.૯૫૧૦૭ ૭૭૦૦૭

ઓફીસ નં.૨૨, પહેલા માળે, નવસર્જન મ્યુ.શોપીંગ સેન્ટર, ફાયર સ્ટેશનવાળુ બિલ્ડીંગ, મવડી મેઈન રોડ, રાજકોટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ ને જાણ કરવામાં આવે છે કે :- રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના **કોલીથડ** ગામના રેવન્યુ રેકર્ડના **ખાતા નંબર-૨૬૮** માં લખી વિગતે કોલીથડ ગામની સીમની જમીનના **સર્વે નં.૬૫ પૈકી ૧ ની જુની શરતની ખેતરનામે ઓરીયાવાળું ૧ તરીકે ઓળખાતી ખેતીની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૧-૨૧-૪૧** વાળો નંબર **શ્રી ધીરજબેન બાબુભાઈ હરસોડા તથા શ્રી લીલાબેન બાબુભાઈ હરસોડા તથા શ્રી ભાવનાબેન બાબુભાઈ હરસોડા તથા શ્રી મંજુલાબેન બાબુભાઈ હરસોડા**ની માલીકી હકકનો આવેલ છે તેમની પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. જેથી તે નંબર પરત્વે કોઈ નો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ,ગીરો બોજો કે અન્ય કોઈ રીતે વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે થી દિવસ દસ (૧૦) માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહિ તો આ નંબર માં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી અમારા અસીલ તે નંબર નો પાકો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર બાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ જેની તમામ એ નોંધ લેવી.

તારીખ: ૨૭-૧૧-૨૦૨૬

હિતેષ એચ. ભાલાળા બી.એ.એલએલ.બી. એડવોકેટ

ઓ.બી.-વિશાલ કોમર્શિયલ કોમ્પલેક્ષ, પહેલો માળ, દુકાન નં. ૫, વેરાવળ મેઈન રોડ, વેરાવળ (શાપર) તા. કોટડા સાંગાણી જી. રાજકોટ. મો. નં. ૯૮૨૫૮ ૦૯૬૦૦

જાહેર નોટીસ

જામકંડોરણાનાં મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મું.જામકંડોરણા, જી.રાજકોટ

ફોજદારી પરચુરણ અરજી નં. ૭૬/૨૦૨૬

ચંપકલાલ હિરાભાઈ પરમાર
રહે. ખોડીયાર ચોક, જામકંડોરણા, જી.રાજકોટ
... અરજદાર

-વિરૂધ્ધ-

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
જામકંડોરણા ગ્રામ પંચાયત ક

મહિલા અનામત અને સીમાંકન પર વિપક્ષને શાંત કરવામાં સરકારને એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરવો પડશે: સરકાર ૬૭ મતોના અંકગણિતને ઉકેલવા માટે સંઘર્ષ કરી રહી છે

બેઠકો ૫૪૩ રહેશે કે ૮૫૦ થશે ? મહિલા અનામત અંગે સંસદમાં ફરી છેડાશે રાજકીય યુદ્ધ

લોકસભામાં ખાસ બહુમતી મેળવવા માટે સરકારની ફ્લોર મેનેજમેન્ટ વ્યૂહરચના મહત્વપૂર્ણ: એપ્રિલમાં બંધારણ સુધારા બિલ ૫૪ મતોથી હારી ગયું

નવી દિલ્હી,તા.૨૭: એપ્રિલમાં સંસદમાં અણધારી હાર બાદ મોદી સરકાર ફરી એકવાર રાજકીય પડકારનો સામનો કરી રહી છે. મુદ્દો ફક્ત મહિલા અનામત લાગુ કરવાનો નથી, પરંતુ લોકસભા બેઠકોની સંખ્યા વધારવા અને સીમાંકન પ્રક્રિયાને આગળ વધારવા માટે જરૂરી સમર્થન મેળવવાનો પણ છે. ૩૦ નવેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદીય સત્રમાં સરકાર માટે ખરી કસોટી ફ્લોર મેનેજમેન્ટની હશે. તેણે ફક્ત તેના સાથી પક્ષોને એક રાખવાની જ નહીં, પણ એપ્રિલમાં અધૂરી રહી ગયેલી કાયદાકીય ગણતરીઓ પૂર્ણ કરવા માટે વિપક્ષી છાવણીમાં રાજકીય જગ્યા પણ શોધવી પડશે.

એપ્રિલની હાર અને ૬૭ મતોના પડકારની ગણતરી

સરકાર માટે આ પડકાર વધુ મોટો છે કારણ કે ૧૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ લોકસભામાં બંધારણ (૧૩૧મો સુધારો) બિલ પસાર થઈ શક્યું ન હતું. આ બિલમાં ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીઓ પહેલા લોકસભામાં સભ્યોની મહત્તમ સંખ્યા ૫૫૦ થી વધારીને ૮૫૦ કરવાની અને મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાની જોગવાઈ હતી. મતદાન દરમિયાન, ૫૨૮ સભ્યો ગૃહમાં હાજર હતા. તેમાંથી ૨૯૮ સભ્યોએ બિલના પક્ષમાં મતદાન કર્યું અને ૨૩૦ સભ્યોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું.

બંધારણીય સુધારા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતી તે સમયે ૩૫૨ હતી. આમ, સરકાર ૫૪ મતોથી ઓછી પડી ગઈ. તે સમયે NDA ને ૨૯૩ સાંસદોનું સમર્થન હતું. આ હાર સરકાર માટે પણ મહત્વપૂર્ણ હતી કારણ કે તેનાથી બંધારણ સુધારા બિલ પસાર કરવા માટે સંખ્યાબંધ મુદ્દાઓનો અભાવ સ્પષ્ટપણે ઉજાગર થયો.

ગૃહ પરત ફર્યું, પરંતુ કાર્યસૂચિ પર સસ્પેન્સ યથાવત: કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ૨૬ નવેમ્બરે સંસદ ફરી બોલાવવાની જાહેરાત કરી. તે મુજબ, લોકસભા ૩૦ નવેમ્બરે અને રાજ્યસભા ૨ ડિસેમ્બરે ફરી મળશે. બંને ગૃહોની કાર્યવાહી ૩ ડિસેમ્બર સુધી ચાલુ રહેવાની ધારણા છે. સરકારે આને તાત્કાલિક સરકારી કામકાજ માટે બોલાવવામાં આવેલી બેઠક તરીકે વર્ણવી છે, પરંતુ સત્તાવાર રીતે જાહેર કર્યું નથી કે કયા બિલ રજૂ કરવામાં આવશે. જો કે, અટકળો પ્રવર્તી રહી છે કે મહિલા અનામત અને સીમાંકન સંબંધિત બિલ ફરીથી રજૂ કરવામાં આવશે.

દરમિયાન, એક મહત્વપૂર્ણ સંસદીય પાસું છે. ચોમાસુ સત્ર ૧૩ ઓગસ્ટના રોજ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યું હતું, પરંતુ તે હજુ સુધી ઔપચારિક રીતે પૂર્ણ થયું નથી. તેથી, બંને ગૃહો નવા સત્રને બદલે એક જ સત્ર માટે ફરી



બોલાવવામાં આવી રહ્યા છે.

લોકસભામાં સૌથી મુશ્કેલ કસોટી

બંધારણના અનુચ્છેદ ૩૬૮ હેઠળ, સુધારા બિલ પસાર કરવા માટે બે શરતો પૂરી કરવી આવશ્યક છે. પ્રથમ, ગૃહના કુલ સભ્યપદના બહુમતી સભ્યએ બિલને સમર્થન આપવું આવશ્યક છે. બીજું, હાજર અને મતદાન કરતા ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોએ તેને સમર્થન આપવું આવશ્યક છે. આ બીજી શરત સરકાર માટે સૌથી મોટો પડકાર છે.

એપ્રિલ મતદાનમાં, ૫૨૮ સભ્યો હાજર હતા, અને તે બધાએ મતદાન કર્યું. પરિણામે, ૩૫૨ મતોની જરૂર હતી, જ્યારે બિલને ફક્ત ૨૯૮ મત મળ્યા. આ વખતે પણ, જો બધા વિપક્ષી સાંસદો મતદાનમાં ભાગ લે છે અને તેની વિરુદ્ધ મતદાન કરે છે, તો સરકારે વધારાનું સમર્થન મેળવવું પડશે. જો કે, જરૂરી મતોની સંખ્યા ગૃહમાં હાજર અને મતદાન કરતા સભ્યોની સંખ્યા દ્વારા નક્કી કરવામાં આવશે. તેથી, તેને ફક્ત લોકસભાના કુલ સભ્યોની સંખ્યા સાથે જોડી શકાય નહીં.

વિપક્ષી છાવણી તોડવી કે મતદાનથી દૂર રહેવું?

સરકાર પાસે સમર્થન મેળવવાના બે સંભવિત રસ્તા છે. પ્રથમ, બિલને સમર્થન આપવા માટે વિરોધ પક્ષોના કેટલાક સાંસદો મેળવીને. પરંતુ પક્ષપલટા વિરોધી કાયદા અને પક્ષના વ્હીપ્સને કારણે આ સરળ રહેશે નહીં. કોઈ સાંસદ પોતાના પક્ષના નિર્દેશો વિરુદ્ધ મતદાન કરે તો તેમના માટે રાજકીય અને સંસદીય મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

બીજો વિકલ્પ મતદાન દરમિયાન વિપક્ષી સભ્યોની ગેરહાજરી હોઈ શકે છે. જો કેટલાક વિપક્ષી સાંસદો ગેરહાજર રહે, તો હાજર અને મતદાન કરનારા સભ્યોની સંખ્યા ઘટશે. આનાથી બે તૃતીયાંશ બહુમતી પ્રાપ્ત કરવા માટે જરૂરી મતોની સંખ્યા પણ ઘટશે. ઉદાહરણ તરીકે, જો ૪૪૦ સભ્યો મતદાન કરે, તો બે તૃતીયાંશ બહુમતી માટે ૨૯૪ મતોની જરૂર પડે છે. આવી સ્થિતિમાં, NDA ના ૨૯૩ સાંસદોનો ટેકો પણ પૂરતો નહીં હોય; તેને ઓછામાં ઓછા એક વધુ મતની જરૂર પડશે. આ જ કારણ છે કે સરકારની રણનીતિ ફક્ત તેની સંખ્યા વધારવાની નહીં, પરંતુ સમગ્ર મતદાન સમીકરણને તેના પક્ષમાં ફેરવવાની રહેશે.

મહિલા અનામત પર વિપક્ષની અલગ અલગ શરતો

એપ્રિલમાં, ભારત ગઠબંધન એક થયું અને માંગ કરી કે હાલની ૫૪૩ લોકસભા બેઠકોમાં મહિલા અનામત લાગુ કરવામાં આવે. વિપક્ષે દલીલ કરી હતી કે મહિલાઓને ૩૩ ટકા અનામત આપવા માટે સીમાંકન અને લોકસભા બેઠકોમાં વધારો ફરજિયાત શરતો ન હોવી જોઈએ. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ આ મુદ્દા પર સરકારના પ્રસ્તાવ સાથે અસંમતિ વ્યક્ત કરી છે.

ડીએમકેએ હાલની લોકસભા બેઠકોમાં રાજ્યોનો હિસ્સો જાળવવા પર પણ આગ્રહ રાખ્યો છે. દક્ષિણ ભારતીય રાજ્યો ચિંતિત છે કે વસ્તીના આધારે સીમાંકન વસ્તી નિયંત્રણમાં વધુ સારા પ્રદર્શન સાથે રાજ્યોના સંસદીય પ્રતિનિધિત્વને અસર કરી શકે છે. આરજેડી સાંસદ મનોજ ઝાએ મહિલા અનામતને સીમાંકન સાથે જોડવાના સરકારના અભિગમ પર પણ પ્રહાર કર્યા હતા. સરકાર માટે વિપક્ષી પક્ષોમાં સર્વસંમતિ બનાવવી મુશ્કેલ બનશે.

સુપ્રિયા સુલેના વલણથી રાજકીય અવકાશ વધ્યો છે

જોકે, વિપક્ષમાં કેટલાક સંકેતો છે કે સરકાર રાજકીય રીતે અનુકૂળ ગણી શકે છે. એનસીપી (શરદચંદ્ર પવાર) ના સાંસદ સુપ્રિયા સુલેએ ૨૫ નવેમ્બરના રોજ કહ્યું હતું કે પ્રસ્તાવિત બિલ પહેલા સંસદમાં રજૂ થવું જોઈએ. તેની જોગવાઈઓની સમીક્ષા કર્યા પછી જ અંતિમ વલણ નક્કી કરવું જોઈએ. તેમણે રાષ્ટ્રીય હિતમાં સરકાર અને વિપક્ષ એકસાથે આવવાની શક્યતા પણ વ્યક્ત કરી હતી.

અગાઉ, સુલેએ તમામ રાજ્યોમાં લોકસભા બેઠકોની સંખ્યામાં ૫૦ ટકા સમાન રીતે વધારો કરવાના પ્રસ્તાવ પર સકારાત્મક વિચારણા વ્યક્ત કરી હતી. તેમણે ભાર મૂક્યો હતો કે બેઠકોમાં વધારો વસ્તીના આધારે ન હોવો જોઈએ અને મહિલા અનામતનો અમલ સમાન પ્રક્રિયા દ્વારા થવો જોઈએ. જો કે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમના પક્ષને હજુ સુધી કોઈ ઔપચારિક બિલ મળ્યું નથી અને સાથી પક્ષો સાથે ચર્ચા કર્યા પછી જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

રાજ્યસભા અને રાજ્ય મંજૂરી પણ મહત્વપૂર્ણ

સરકાર માટે ફક્ત લોકસભા ગણિત ઉકેલવું પૂરતું રહેશે નહીં. બંધારણ સુધારા બિલને રાજ્યસભામાં સમાન વિશેષ બહુમતી સાથે પસાર કરવાની જરૂર પડશે. વધુમાં, જો સુધારો રાષ્ટ્રપતિની ચૂંટણી અને રાજ્ય પ્રતિનિધિત્વ જેવી સંઘીય જોગવાઈઓને અસર કરે છે, તો ઓછામાં ઓછા અડધા રાજ્ય વિધાનસભાઓની મંજૂરી પણ જરૂરી રહેશે. તેથી, પ્રાદેશિક પક્ષો અને રાજ્ય સરકારોની ભૂમિકા પણ મહત્વપૂર્ણ બની જાય છે.

૩૦ નવેમ્બરથી શરૂ થતી સંસદીય કાર્યવાહીમાં સરકાર બિલનું કયું સંસ્કરણ રજૂ કરે છે અને વિપક્ષ સાથે સર્વસંમતિ મેળવવા માટે કયો માર્ગ અપનાવે છે તેના પર હવે બધાની નજર રહેશે. એપ્રિલમાં ૫૪ મતોથી હારી ગયેલી સરકાર માટે આ વખતે પડકાર ફક્ત બિલ રજૂ કરવાનો નથી પરંતુ બંધારણમાં સુધારો કરવા માટે જરૂરી વિશેષ બહુમતી મેળવવાનો છે.(૨૩.૪)

CM વિજયની ઐતિહાસિક જાહેરાત

બાળકના જન્મ પર પુરુષ કર્મચારીઓને મળશે ૧૫ દિવસની રજા

રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વખત પુરુષ કર્મચારીઓને આ સુવિધા મળશે: બાળકના જન્મના ૧૫ દિવસ પહેલા અથવા જન્મના ૬ મહિનાની અંદર આ રજા લઈ શકાશે



ચેન્નાઃ તા.૨૭: તમિલનાડુ સરકારે રાજ્યના પુરુષ સરકારી કર્મચારીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા તેમને ૧૫ દિવસની પિતૃત્વ રજા (પેટરનિટી લીવ) આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ગુરુવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરવાની સાથે જ જરૂરી આદેશો પણ જારી કરી દીધા છે. રાજ્યના ઈતિહાસમાં પ્રથમ વખત પુરુષ કર્મચારીઓને આ પ્રકારની સુવિધા મળવા જઈ રહી છે.

રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, પુરુષ કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી પિતૃત્વ રજાની માંગ કરવામાં આવી રહી હતી. કર્મચારીઓની આ લાગણી અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણય પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકના ઉછેરમાં પિતાની ભૂમિકાને મહત્વ આપવાનો છે, જેથી તેઓ પણ પોતાના નવજાત શિશુની યોગ્ય દેખભાળ કરી શકે.

સરકારે આ પિતૃત્વ રજાનો લાભ લેવા માટે ચોક્કસ સમયમર્યાદા નિર્ધારિત કરી છે. નવા નિયમ મુજબ, પરિણીત પુરુષ સરકારી કર્મચારીઓ બાળકના જન્મના ૧૫ દિવસ પહેલા અથવા બાળકના જન્મ થયાના ૬ મહિનાની અંદર ગમે ત્યારે આ ૧૫ દિવસની રજા મેળવી શકશે. આ વ્યવસ્થાને કારણે કર્મચારીઓને પોતાની અને પરિવારની અનુકૂળતા મુજબ રજા પસંદ કરવાનો પૂરતો વિકલ્પ મળી રહેશે.

તમિલનાડુ સરકારનું સ્પષ્ટ માનવું છે કે બાળકની સંભાળ અને ઉછેરની જવાબદારી માત્ર માતા પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ તેમાં પિતાનો સક્રિય સહયોગ પણ એટલો જ આવશ્યક છે. આ રજા મળવાથી પુરુષ કર્મચારીઓ બાળકના જન્મ સમયે પોતાના પરિવાર સાથે રહી શકશે અને જવાબદારી વહેંચી શકશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં મહિલા સરકારી કર્મચારીઓને અગાઉથી જ ૩૬૫ દિવસની માતૃત્વ રજા (મેટરનિટી લીવ) આપવામાં આવે છે, ત્યારે હવે પુરુષ કર્મચારીઓ માટે ૧૫ દિવસની રજાની શરૂઆત કરવામાં આવી છે.

૨૦૨૮ કર્ણાટક ચૂંટણી પહેલા કુમારસ્વામીનું વચન

જો NDA સરકાર બનશે તો ગ્રામીણ મહિલાઓને બે ગાયો મળશે

આશા કાર્યકરોના આંદોલન પર કોંગ્રેસ સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા



બેંગલુરુ:તા.૨૭: ૨૦૨૮ ની કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે રાજકીય શેતરંજની પટ્ટી પહેલેથી જ ગોઠવાઈ ગઈ છે. કેન્દ્રીય મંત્રી અને જેડીએસ નેતા એચડી કુમારસ્વામીએ ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે એક મોટું વચન આપ્યું છે, તેમણે કહ્યું છે કે જો ૨૦૨૮ માં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) સરકાર બનાવે છે, તો ગ્રામીણ પરિવારની દરેક મહિલાને બે ગાય આપવામાં આવશે. કુમારસ્વામીએ દાવો કર્યો હતો કે આ યોજના મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરશે. તેમણે આશા કાર્યકરોના આંદોલન અંગે રાજ્ય સરકારના અભિગમ પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

એચડી કુમારસ્વામીએ કહ્યું કે વિવિધ પક્ષો ચૂંટણી દરમિયાન લોકોના ખાતામાં સીધા રોકડ ટ્રાન્સફરના વચનો આપી રહ્યા છે. તેમણે કોંગ્રેસની ગેરંટી યોજનાઓની ટીકા કરતા કહ્યું કે તેમને ખબર નથી કે કોંગ્રેસ ભવિષ્યમાં કઈ નવી ગેરંટી રજૂ કરશે.

તેમણે કહ્યું કે જો ૨૦૨૮ માં એનડીએ સત્તામાં આવશે, તો ગ્રામીણ પરિવારોની મહિલાઓને આજીવિકા અને આર્થિક સશક્તિકરણ માટે બે ગાય આપવામાં આવશે. તેમના મતે, આનાથી મહિલાઓ નિયમિત આવક મેળવી શકશે અને તેમને તેમની નાણાકીય જરૂરિયાતો માટે અન્ય પર નિર્ભર રહેવું પડશે નહીં.

કુમારસ્વામીએ બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં આશા કાર્યકરો દ્વારા ચાલી રહેલા વિરોધ પ્રદર્શન માટે રાજ્ય સરકારની પણ ટીકા કરી. તેમણે આરોપ લગાવ્યો કે સરકારનું વલણ 'અમાનવીય' અને ગરીબો પ્રત્યે અસંવેદનશીલ છે. કુમારસ્વામીએ કહ્યું કે મુખ્યમંત્રી કે કોઈ જવાબદાર મંત્રીએ વિરોધ કરી રહેલા આશા કાર્યકરોને ઔપચારિક વાતચીત માટે બોલાવ્યા નથી. તેમણે કહ્યું કે મહિલાઓ ૧૦ દિવસથી તેમની માંગણીઓ માટે વિરોધ કરી રહી છે, પરંતુ સરકાર તરફથી કોઈ અર્થપૂર્ણ પહેલ જોવા મળી નથી.

આશા વર્કર્સ યુનિયનના ઉપપ્રમુખ ઉમા દેવીએ કહ્યું કે તેઓ છેલ્લા ૧૦ વર્ષથી માનદ વેતનમાં વધારો કરવાની માંગ કરી રહ્યા છે. તેમના મતે, છેલ્લા નવ વર્ષમાં માનદ વેતનમાં ફક્ત રૂ.૧,૫૦૦ નો વધારો થયો છે, અને હાલમાં તેમને ફક્ત રૂ.૫,૦૦૦ મળે છે. વિરોધ કરી રહેલા આશા કાર્યકરો રૂ.૧૫,૦૦૦ ના માસિક માનદ વેતનની માંગ કરી રહ્યા છે.

ઉમા દેવીએ જણાવ્યું હતું કે વરસાદ, ઠંડી અને અન્ય મુશ્કેલ પરિસ્થિતિઓ હોવા છતાં, નાના બાળકો સાથે ઘણી મહિલાઓ વિરોધ સ્થળ પર હાજર છે, પરંતુ સરકાર તેમની માંગણીઓને ગંભીરતાથી લઈ રહી નથી.

કર્ણાટકના મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે આશા કાર્યકરોને તેમનો વિરોધ સમાપ્ત કરવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર તેમની સમસ્યાઓથી વાકેફ છે અને ઉકેલ શોધવાના પ્રયાસો કરી રહી છે. મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે તેઓ આ બાબતે ચર્ચા કરવા અને યોગ્ય ઉકેલ શોધવા માટે નાણાં વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરશે.(૪૧.૫)

આ વર્ષે બોક્સ ઓફિસ અને દર્શકોના દિલ પર રાજ કરનારી ખાસ ફિલ્મોની યાદી

બોક્સઓફિસ પર 'હનુમાન અંશ', 'મિર્ઝાપુર' થી લઈને 'મૈં વાપસ આઉંગા' સુધીની ૫ ગેમ ચેન્જર ફિલ્મો



મુંબઈ: તા.૨૭: વર્ષ ૨૦૨૬માં ઘણી નોંધપાત્ર ફિલ્મો રિલીઝ થઈ, જેણે દર્શકોને સતત સિનેમાઘરો તરફ ખેંચ્યા. જો તમે પણ આ વર્ષની શ્રેષ્ઠ ફિલ્મો વિશે વિચારી રહ્યા હોવ, તો ચાલો પાછળ વળીને આ ખાસ ફિલ્મો પર એક નજર કરીએ. ૨૦૨૬ની ૫ ફિલ્મો જે સાબિત થઈ 'ગેમ ચેન્જર'.

'હનુમાન અંશ' ૧૩ વર્ષના લક્ષ્મી નારાયણની આધ્યાત્મિક યાત્રાની વાર્તા છે. માતાના અવસાન બાદ તેમને ફરી મળવાની આશાએ તે હનુમાનજી દ્વારા ભગવાન રામની શોધમાં ઘર છોડી દે છે. તમામ સાંસારિક સુખોનો ત્યાગ કરીને તે વર્ષો સુધી ભ્રમણ કરે છે અને ભક્તિનો સાચો અર્થ શોધે છે. મોટા થઈને જ્યારે તે લક્ષ્મણ દાસ બને છે, ત્યારે તેને સમજાય છે કે ભગવાન સુધી પહોંચવાનો માર્ગ સંસાર છોડવામાં નહીં, પરંતુ નિઃસ્વાર્થ સેવા અને જરૂરિયાતમંદોની મદદ કરવામાં છે.

'મિર્ઝાપુર: ધ મૂવી' માં કાલીન ભૈયા અને પંડિત ભાઈઓ એક ખતરનાક સત્તા સંઘર્ષમાં ફસાઈ જાય છે, જ્યારે એક હરીફ બિઝનેસમેન બબ્બન યાદવ મોટા કન્સાઈનમેન્ટ સાથે મિર્ઝાપુરમાં પ્રવેશે છે. એક ડીલ તેમને જેસલમેર લઈ જાય છે, જ્યાં અણધાર્યા વિશ્વાસઘાત અને બદલાતી વફાદારી બધાને એકબીજાની સામે લાવી દે છે. કાલીન ભૈયાને બચાવવા માટે ગુડ્ડુ, બબલુ અને મુન્ના એક સાથે આવે છે, જેનાથી તણાવ વધે છે અને મિર્ઝાપુરની ગાદી પર કબજો જમાવવા માટે એક ભીષણ જંગનો તખ્તો તૈયાર થાય છે.

'ઓબ્સેશન' બેર નામના એક શરમાળ મ્યુઝિક સ્ટોર વર્કરની વાર્તા છે, જે એક જાદુઈ ઈચ્છા માંગે છે કે તેનો વર્ષો જૂનો કશ નિક્કી તેને દુનિયામાં સૌથી વધુ પ્રેમ કરે. જોકે, તેની આ ઈચ્છા એક ભયાનક વળાંક લે છે જ્યારે નિક્કી અત્યંત પઝેસિવ પાર્ટનર બની જાય છે અને તેનો પ્રેમ ખતરનાક વર્તનમાં ફેરવાઈ જાય છે. જેમ-જેમ નિક્કીનું ઝનૂન વધતું જાય છે, તેમ બેરને ખબર પડે છે કે અસલી નિક્કી પોતાના જ મગજમાં કેદ થઈ ગઈ છે, અને હવે તેણે પોતાની જ ઈચ્છાના ભયાનક પરિણામોનો સામનો કરવો પડે છે.

'મૈં વાપસ આઉંગા' નિર્વેર નામના યુવાનની વાર્તા રજૂ કરે છે, જે ડિમેન્શિયા (ભૂલી જવાની બીમારી) થી પીડિત પોતાના દાદા ઈશર સિંહનું વર્ષો જૂનું અધૂરું વચન પૂરું કરવા લંડનથી પાકિસ્તાનના સરગોધા જાય છે. ફ્લેશબેક દ્વારા ફિલ્મમાં યુવાન ઈશર અને અફસાનાના પ્રેમની દાસ્તાન બતાવવામાં આવી છે, જેમની જિંદગી ભાગલા (પાર્ટીશન) ના કારણે વેરવિખેર થઈ ગઈ હતી. નિર્વેર તેમના દર્દનાક ભૂતકાળના ટુકડાઓને જોડીને ઈતિહાસથી અલગ થયેલા બે પ્રેમીઓને ફરી મિલાવવા અને દાયકાઓથી અધૂરા રહેલા વચનને પૂરું કરવાની એક ભાવનાત્મક સફર નીકળે છે.

'વાઈલ્ડવુડ' બાર વર્ષની પ્રુ મેકકીલની વાર્તા છે, જેના નાના ભાઈને કાગડાઓનું એક ટોળું ઓરેગોનના પોર્ટલેન્ડ બહાર આવેલા એક રહસ્યમય જાદુઈ જંગલમાં ઉપાડી જાય છે. પોતાના ભાઈને બચાવવાના દ્રઢ નિશ્ચય સાથે પ્રુ આ પ્રતિબંધિત જંગલમાં પ્રવેશે છે, જ્યાં તેનો સામનો બોલતા પ્રાણીઓ, કાળા જાદુ અને જંગલના શક્તિશાળી જૂથો સાથે થાય છે. પોતાના ક્લાસમેટ કર્ટિસ સાથે મળીને તે જંગલના શાસકના એક ખતરનાક ષડયંત્રનો પર્દાફાશ કરે છે અને પોતાના ભાઈને બચાવવા તથા વાઈલ્ડવુડમાં શાંતિ સ્થાપવા અણધાર્યા સાથીઓને એકત્ર કરે છે.(૪૧.૭)

વરરાજા પક્ષના પરિવારે લગ્નની તૈયારીઓ માટે કન્યા પક્ષ દ્વારા ખર્ચવામાં આવેલી રકમ પરત કરી દીધી

'વરરાજો મારો બોયફ્રેન્ડ છે' : કોન્સ્ટેબલના લગ્નમાં મહિલા પોલીસનો હોબાળો : લગ્ન તોડાવી જતી રહી



ફિરોઝાબાદ : ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાંથી એક લગ્ન સમારંભમાં અચાનક ત્યારે હોબાળો થઈ ગયો, જ્યારે સાત ફેરાની તૈયારી ચાલી રહી હતી, ત્યારે એક મહિલા પોલીસકર્મી મેરેજ હોલમાં આવી ગઈ. તેણે વરરાજાને પોતાનો બોયફ્રેન્ડ ગણાવ્યો અને લગ્નનો વિરોધ કર્યો.

મહિલાના આ દાવા બાદ દુલ્હન પક્ષે લગ્નની વિધિ અટકાવી દીધી. મામલો એટલો વધી ગયો કે પોલીસને વચ્ચે આવવું પડ્યું. આખરે બંને પક્ષો વચ્ચે પોલીસ સ્ટેશનમાં સમાધાન થયું. વરરાજાના પરિવારે લગ્નની તૈયારીઓ પર થયેલા ખર્ચ દુલ્હન પક્ષને પાછો આપી દીધો.

હકીકતમાં જોઈએ તો, આ આખો મામલો ટૂંડલાના સ્ટેશન રોડ સ્થિત રોયલ ગાર્ડન મેરેજ હોલનો છે. અહીં ૨૪ નવેમ્બરના રોજ મૈનપુરીના બરનાહલ વિસ્તારની એક યુવતીના લગ્ન થવાના હતા. તેના લગ્ન નારખી વિસ્તારના નગલા રામકુંવરી જાટઉના રહેવાસી યુવક સાથે નક્કી થયા હતા. વરરાજો ઉત્તર પ્રદેશ પોલીસમાં સિપાહી છે.

લગ્નની વિધિઓ ચાલી રહી હતી. પરિવાર અને સંબંધીઓ કાર્યક્રમમાં આવી ગયા હતા. સવારે સાત ફેરાની તૈયારી થઈ રહી હતી. આ દરમ્યાન એક યુવતી અચાનક મેરેજ હોલમાં આવી પહોંચી. તેણે વરરાજા સાથે પ્રેમ સંબંધ હોવાનો દાવો કર્યો. યુવતીએ લગ્ન પર પણ સવાલો ઊઠાવ્યા.

મહિલાના દાવા બાદ લગ્ન રોકાયા, યુવતીએ અચાનક પહોંચ્યા બાદ સમારંભમાં અફરાતફરી મચી ગઈ. દુલ્હન પક્ષના લોકોએ તેની વાત સાંભળ્યા બાદ લગ્ન કરવાની ના પાડી દીધી. તેમણે લગ્નની વિધિઓ અટકાવી દીધી. કહેવાય છે કે વર પર પ્રેમ સંબંધનો દાવો કરનારી યુવતી પણ યૂપી પોલીસમાં કોન્સ્ટેબલ છે.

યુવતીએ પોતાનો દાવો કર્યા બાદ મેરેજ હોલમાંથી નીકળી ગઈ. પણ ત્યાં સુધીમાં લગ્નનો માહોલ બદલાઈ ચુક્યો હતો. સાત ફેરાની તૈયારી વચ્ચે લગ્ન અટકી ગયા. ત્યાર બાદ વરના પરિવારમાં પણ તણાવની સ્થિતિ ઊભી થઈ.

પોલીસ સ્ટેશનમાં થઈ પંચાયત, લગ્નનો ખર્ચ પરત કર્યો. વિવાદની જાણ થતાં જ ટૂંડલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બંને પક્ષના કેટલાક લોકોને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. ત્યાં બંને પરિવારના સંબંધીઓ વચ્ચે વાતચીત થઈ હતી. લાંબા સમય સુધી ચાલેલી પંચાયત બાદ બંને પક્ષો સમાધાન કરવા માટે રાજી થઈ ગયા હતા.

સમાધાન મુજબ, વરરાજા પક્ષના પરિવારે લગ્નની તૈયારીઓ માટે કન્યા પક્ષ દ્વારા ખર્ચવામાં આવેલી રકમ પરત કરી દીધી હતી. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે સહમતી બની હતી અને મામલો શાંત થયો હતો.

પોલીસે આ મામલે વરરાજા, દુલ્હન કે આરોપ લગાવનાર યુવતીની ઓળખ જાહેર કરી નથી. બંને પક્ષો વચ્ચે સમાધાન થયા બાદ પોલીસે પણ આ મામલે વધુ કોઈ માહિતી આપી નહોતી. આમ, જે લગ્નમાં સાત ફેરા થવાના હતા, તેનો અંત પોલીસ સ્ટેશનમાં થયેલા સમાધાન સાથે આવ્યો હતો. (૩૬.૩)

બંગાળીઓને મદદ કરવાને બદલે, ભારતે પાકિસ્તાનને નબળું પાડ્યું, અને શેખ હસીનાના શાસનમાં બાંગ્લાદેશ ભારતીય વસાહત બની ગયું

પાકિસ્તાનના મહેમાન બનેલા બાંગ્લાદેશના સ્પીકરે ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું



નવી દિલ્હીઃ તા.૨૭: પાકિસ્તાનની મુલાકાતે આવેલા બાંગ્લાદેશના સંસદના સ્પીકર હાફિઝ ઉદ્દીન અહેમદે ભારત વિશે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ભારતે ૧૯૭૧માં બંગાળીઓને મદદ કરી ન હતી, પરંતુ પાકિસ્તાનને નબળું પાડ્યું હતું. ઈસ્લામાબાદમાં પોતાના નિવેદનમાં, અહેમદે ૧૯૭૧ના યુદ્ધના ઈતિહાસમાં ભારતની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા.

બુધવારે ઈસ્લામાબાદમાં સંસદ ભવનની મુલાકાત લેતી વખતે, હાફિઝ ઉદ્દીન અહેમદે ૧૯૭૧ના યુદ્ધ અને ઢાકાના પતનની આસપાસની ઘટનાઓને યાદ કરી. બીબીસી ઉર્દૂ અનુસાર, તેમણે કહ્યું કે ભારતે ૧૯૭૧માં બંગાળીઓને મદદ કરી ન હતી, પરંતુ પાકિસ્તાનને નબળું પાડ્યું હતું.

અહેમદે એવો પણ આરોપ લગાવ્યો કે શેખ હસીનાના ૧૫ વર્ષના શાસન દરમિયાન, બાંગ્લાદેશ ભારતની વર્ચ્યુઅલ ક્લવસાહતક્ષ બની ગયું હતું, અને તેના પરિણામે દેશના લોકોએ ભોગવવું પડ્યું હતું. અહેમદ પોતે પાકિસ્તાની સેનામાં ભૂતપૂર્વ કેપ્ટન છે. તેમણે ૧૯૭૧ના યુદ્ધમાં ભાગ લીધો હતો અને બાદમાં બાંગ્લાદેશમાં બહાદુરી માટે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

હાફિઝ ઉદ્દીન અહેમદે કહ્યું કે ૧૯૭૧માં બંગાળીઓ લોકશાહીની માંગ કરી રહ્યા હતા, પરંતુ તેમને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા. બાંગ્લાદેશ અને પાકિસ્તાનની સંસદીય પ્રણાલીઓની તુલના કરતા, તેમણે કહ્યું કે ૧૯૭૫માં બાંગ્લાદેશમાં એક-પક્ષીય વ્યવસ્થા લાગુ કરવામાં આવી હતી. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે દેશમાં સાચી લોકશાહી પ્રાપ્ત થઈ નથી. જો કે, તેમણે ફેબ્રુઆરી ૨૦૨૬માં યોજાયેલી બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીઓને મુક્ત અને ન્યાયી ગણાવી.

બાંગ્લાદેશ સ્પીકરે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના અંગે ભારત પર પણ નિશાન સાધ્યું. ઓગસ્ટ ૨૦૨૪ માં બાંગ્લાદેશ છોડ્યા પછી શેખ હસીના ભારતમાં છે. અહેમદે કહ્યું કે જો હસીના બાંગ્લાદેશ પરત ફરશે, તો તેમને સીધા જેલમાં મોકલવામાં આવશે. તેમણે હસીનાના વાપસી અંગેના નિવેદનોને તેમના સમર્થકોને આશ્વાસન આપવાના પ્રયાસ તરીકે વર્ણવ્યા અને દાવો કર્યો કે તેઓ ઓછામાં ઓછા આગામી ૧૦ વર્ષ સુધી બાંગ્લાદેશ પાછા ફરે તેવી શક્યતા નથી.

તેમણે હસીના પર એવો પણ આરોપ લગાવ્યો કે તેઓ એવા દેશમાં આશ્રય માંગે છે જેને તેમણે મુસ્

સાયલા પાસે લોખંડના વાલના પાર્સલની આડમાં સંતાડેલ ૧૮ લાખનો દારૂ ઝડપાયો

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ, તા.૨૭: સાયલા પો.સ્ટે. વિસ્તારમાં લીંબડી-રાજકોટ હાઈવે ઢેઢુકી ટોલનાકા પાસેથી અશોક લેલન ટ્રક નં. **GJ-03-BW-1571**માં લોખંડના વાલના પાર્સલની આડમાં સંતાડેલ દારૂની બોટલ નંગ ૧૦,૬૦૮ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૧,૨૨,૮૧,૦૮૧/- ના મુદ્દામાલ સાથે બે આરોપીને પકડી પાડતી રાજકોટ રેન્જ ટીમે સફળ કામગીરી કરી છે.

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય (**IPS**) રાજકોટ વિભાગ રાજકોટનાઓ દ્વારા આગામી સમયમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાનાર હોય અને રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ચૂંટણી શાંતિમય વાતાવરણમાં યોજાય તે હેતુસર પ્રોહિબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ઈસમોને શોધી કાઢી પકડી પાડવા સૂચના આપેલ હતી.

જે અન્વયે રાજકોટ રેન્જના પો.ઈન્સ. અપૂર્વ પટેલના માર્ગદર્શન મુજબ રાજકોટ રેન્જના પો.સબ.ઈન્સ. પી.એન. મોરી, બી.સી. મિયાત્રા, એસ.પી. ગોહિલ, એ.વાય. ઉધાસ તથા સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી જરૂરી ટેકનિકલ એનાલીસીસ તથા વર્કઆઉટ કરી રહેલ હતા, દરમ્યાન દિવ્યેશભાઈ સુવા, નિકુલભાઈ પંપાણીયા તથા રવિરાજસિંહ વાળાને મળેલ હકીકત આધારે પો.સ.ઈ. બી.સી. મિયાત્રા તથા સ્ટાફના વિજયસિંહ પરમાર, ફતેસંગ પરમાર તથા રાજુભાઈ પઢેરીયા અશોક લેલન ટ્રક રજી. નં. **GJ-03-BW-1571**માં બહારના રાજ્યમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી લીંબડી-રાજકોટ હાઈવે પરથી પસાર થનાર હોવાની મળેલ હતી.

આ ટ્રકની વોચમાં હતા ત્યારે આ ટ્રક ઢેઢુકી ટોલનાકા પાસેથી પસાર થતા તેને રોકી ચેક કરતા ટ્રકમાંથી લોખંડના વાલના પાર્સલની આડમાં સંતાડેલ ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૧૦,૬૦૮ કુલ કિ.રૂ. ૧૮,૦૩,૩૬૦/- સાથે આરોપીઓ જાવીદ જાકીરહુશેન મટારી તથા આરીફ હુસેનભાઈ સમા મળી આવતા અશોક લેલન ટ્રક, ઈંગ્લીશ દારૂની બોટલો, મોબાઈલ ફોન તથા ટ્રકને લગતા કાગળો મળી કુલ રૂ. ૨૮,૪૩,૩૬૦/- નો મુદ્દામાલ કબજે કરી (૧) જાવીદ જાકીરહુશેન મટારી રહે. મટારી મંઝીલ, ખામધ્રોળ રોડ, જૂનાગઢ તથા (૨) આરીફ હુસેનભાઈ સમા રહે. હુસેની ચોક, રામદેવપરા, જૂનાગઢનાઓને અટક કરેલ તેમજ પકડવાના બાકી આરોપીઓ (૩) માલ મંગાવનાર તોસીફ રહે. જૂનાગઢ તથા (૪) માલ ભરી આપનાર તથા તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

તેમજ લોખંડના વાલ ભરેલા બોક્સ નંગ-૪૧ જેની કુલ કિ.રૂ.૯૪,૩૭,૭૨૧/- ગણી બી.એન.એસ.એસ. કલમ-૧૦૬(૧) મુજબ પંચનામાની વિગતે અલગથી કબજે કરી સાયલા પોલીસ સ્ટેશન ખાતે સ્ટે.ડા. નોંધ કરાવી મુદ્દામાલ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારુ સાયલા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે. (૩.૭)



જૂનાગઢના જાવીદ મટારી અને આરીફ સમા પકડાયા: માલ મંગાવનાર તોસીફ સહિત અન્ય સામે ગુનો

જુની ખુરશી આપો નવી ખુરશી લઇ જાઓ
માત્ર રીનોવેશન સોફા સેટ
» રીવોલ્વીંગ ચેર
» વીઝીટર ચેર
» ડાયનીંગ ચેર
» કોમ્પ્યુટર ચેર
» ઓફીસ ચેર
મોમાઇ લાઈનીંગ વર્કસ
શનીભાઈ
રીપેરીંગ તેમજ નવી બનાવી આપીશું
99243 45419


vamika
Z STUDIOS
Z STUDIOS & VAMIKA PRODUCTION PRESENT
JAI HANUMAN
KING OF SALANGPUR
तुम रक्षक काहू को डरना
A FILM BY PRASHANT DESHAVAL
PRODUCED BY DHRUV DESHAVAL, AMIT SANTOKI, CHETAN THUMMAR, ANAND AGHARA
HARDIK GADARA CO-PRODUCER MOHIT VAGHASIYA
આજથી સિનેમાઘરોમા
BOOK TICKETS book my show
OVERSEAS RELEASE BY OMG PICTURES
A Z STUDIOS RELEASE

ભેંસાણના ખજુરીયા હડમતીયામાં બાઇક સ્લીપ થતાં ૨૬ વર્ષના સુનિલ જમરેનું મોત

રાજકોટમાં સારવારમાં દમ તોડ્યો: મુળ એમપીનો યુવાન હટાણુ કરવા નીકળ્યો હતો: બે બહેનનો એકનો એક ભાઇ હતો: માસુમ પુત્રએ પિતાની છત્રછાંયા ગુમાવી: પરિવારમાં ગમગીની



રાજકોટ તા. ૨૭: વાહન અકસ્માતના વધુ એક બનાવમાં એક પરિવારના આધારસ્તંભ યુવાનનું મૃત્યુ થયું છે. ભેંસાણના ખજુરીયા હડમતીયા ગામ નજીક બાઈક સ્લીપ થઈ જતાં મુળ એમપીના ૨૬ વર્ષના યુવાનનું ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું છે. વાડીએથી હટાણુ કરવા માટે નીકળ્યો ત્યારે બનાવ બન્યો હતો. યુવાને સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડી દીધો હતો.

જાણવા મળ્યા મુજબ જુનાગઢના ભેંસાણ તાબેના ખજુરીયા હડમતીયા ગામે ગોવિંદભાઈની વાડીમાં ભાગીયુ વાવતો અને પરિવાર સાથે રહેતો સુનિલભાઈ સુભાષભાઈ જમરે (ઉ.વ.૨૬) તા. ૧૯ના રાતે નવેક વાગ્યે વાડીએથી ભેંસાણ તરફ ઘરની ચીજવસ્તુ લેવા જતો હતો ત્યારે ભેંસાણ રોડ પર પહોંચ્યો તે વખતે બાઈક સ્લીપ થઈ જતાં ગંભીર ઈજા થતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તેનું આજે વહેલી સવારે મૃત્યુ થયું હતું.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભેંસાણ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર સુનિલભાઈ બે બહેનનો એકનો એક નાનો ભાઈ હતો. સંતાનમાં એક દિકરો છે. પોતે પરિવારજનો સાથે ખજુરીયા હડમતીયા ગામે રહી ખેત મજૂરી કરતો હતો. યુવાન આધારસ્તંભ દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. (૧૪.૫)

સ્વરાજ મઝદા બસ વેચવાની છે
મોડેલ 2011, 40 સીટર બસ, નોન AC, કુલ ચાલેલ: 3,00,000 કિ.મી., રાજકોટ પાસિંગ, તમામ ડોક્યુમેન્ટ્સ અપડેટ
સંપર્ક: 80004 34440
સંપર્ક સમય: સવારે 10 થી સાંજે 4 વાગ્યા સુધી.
નોંધ: માત્ર ખરીદવાની ઇચ્છા ધરાવતા ગ્રાહકોએ જ સંપર્ક કરવો

ઓપરેશન વગર પથરી
ફક્ત ૬ ડોઝમાં ભૂકો થઈને નીકળી શકે સોનોગ્રાફીનો રીપોર્ટ જરૂરી છે
– સંજીવની ક્લિનીક –
◆ ડૉ. એમ. વી. ફીનાવા ◆
ગોંડલ: ગાયત્રી મંદિર પાસે, બસ સ્ટેન્ડ નજીક
રાજકોટ: ફ્રસ્ટ ફ્લોર, આલાપ હેરીટેજ સામે, સંત્યસાઈ હોસ્પિટલ રોડ, ઓફ હાલાવડ રોડ, રાજકોટ
મો. ૯૩૭૫૮ ૦૩૭૩૦
કુદીયરથી દવા મેળવી શકાશે
શનીવારે તથા રવિવારે રાજકોટ મળશે
sun ad

પ્લોટ લે-વેચ માટે મળો
વાગુદળ / છાપરા / દેવગામ
ઈશ્વરીયા / અમરેલી / બાલસર
બ્રો. 96015 72169

જોઈએ છે
૧૫૦ ફિટ રિંગ રોડ પર ડેન્ટલ આસિસ્ટન્ટની જરૂર છે
૯૬૮૭૨ ૨૨૧૯૮

ડ્રાયવર જોઈએ છે
ઉ.વ. ૩૫ થી ૪૫ સુધી અનુભવી/ લાયસન્સ હોવું જરૂરી
અરજી સાથે રૂબરૂ મળો: સાંજે ૪ થી ૫
આર.પી.ભાલોડીયા કોલેજ
૭-મનહર પ્લોટ, રાજકોટ
99248 44093

સેકસ સમસ્યાઓ માટે વર્ષોના અનુભવી
ડો. પ્રકાશ શેઠ
(ગુજરાતના અગ્રગણ્ય સેકસોલોજીસ્ટ)
લગ્ન પહેલા-લગ્ન પછીના પ્રશ્નો, શુદ્ધાણુંની કમી નિઃસંતાનતા, સેકસ સ્ત્રી-પુરૂષના ગુપ્તરોગ અને સેકસની તમામ સમસ્યાઓ અને તકલીફો માટે
સમય: સવારે ૧૧ થી ૨, સાંજે ૬ થી ૯
(એપોઈન્ટમેન્ટ લઈને મળવું)
હેપી સેકસ કયોર
ગ્રામશિલ્પ ખાદી ભંડાર સામે, શ્રેયસ હોસ્પિટલ સામે, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ
૯૮૯૮૦ ૭૯૫૭૭

Raymond શુટ રૂા. ૩૫૦૦
કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂા. ૧૫૫૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફક્ત રૂા. ૩૦૦૦ શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂા. ૧૨૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા. ૧૩૫૦
ભાડે મળશે શુટ-સેરવાની
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ન્યુ ફ્રેશ કલેક્શન
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેક્શન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ.
મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

ગ્રીન-ટીના શોખીનો માટે
શેઠ બ્રધર્સ લાવ્યા છે
પ્રતિકાર ડિટોક્સ ગ્રીન ટી
તાજગીભર્યો ટેસ્ટી સ્વાદ
આયુર્વેદિક ગુણોથી ભરપૂર
અશ્વગંધા, તુલસી અને હલ્દી યુક્ત
વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો
પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામા ચમક લાવવામાં, વજન નિયંત્રીત કરવામાં, કોલેસ્ટ્રોલ તથા હૃદય માટે ગુણકારી છે. શરદીમા રાહત આપે છે.

જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી

રાજકોટ શહેર પુર્વના રાજકોટ-૧ ગામના રેવન્યુ સર્વે નંબર: ૭૧પૈકી ૪, ૭૧પૈકી૬ અને ૭૧/૧ પૈકીર ની ખેતીની જમીન સંબધે

આથી અમો નીચે સહી કરનાર **શૈલેન્દ્રસિંહ આર. જાડેજા - એડવોકેટ** તે મારા અસીલ **શ્રી મધુભાઈ દેવજીભાઈ કોળી** રહે: રાજકોટ વતી આ જાહેર ચેતવણી આપી લાગતા વળગતા સૌ ને જણાવવાનું કે, અમારા અસીલની માલિકીની અને કબ્જા ભોગવટાની ખેડવાણ જમીન કે જે રાજકોટ શહેર પુર્વના રાજકોટ-૧ ગામના **રેવન્યુ સર્વે નંબર: ૭૧પૈકી ૪, ૭૧પૈકી૬ અને ૭૧/૧ પૈકીર** ની ખેતીની જમીન આવેલ છે.

રાજકોટ શહેર પુર્વના રાજકોટ-૧ ગામના રેવન્યુ સર્વે નંબર: ૭૧પૈકી ૪, ૭૧પૈકી૬ અને ૭૧/૧ પૈકીર વાળી ખેડવાણ જમીન અમારા અસીલ તથા અન્ય વારસોને વારસાઈ નોંધ નંબર: ૩૮૧૭ તા: ૦૨-૦૬-૧૯૭૯ થી **દેવજીભાઈ નાનજીભાઈ** ના કાયદેશરના વારસદાર દરજ્જે પ્રાપ્ત થયેલ છે.ત્યારથી સદરહું જમીનનો અવિરત પણે કબ્જો - ભોગવટો અમારા અસીલ ધરાવે છે.ત્યારબાદ **રઘુભાઈ દેવજીભાઈ અને અરવિંદભાઈ દેવજીભાઈ** નું અવસાન થતા તેમના વારસોની વારસાઈ નોંધ પ્રમાણિત થયેલ છે. તાજેતરમાં સદરહુ ખેડવાણ જમીનમાં અમારા અસીલના રેવન્યુ રેકર્ડમાં કોઈ જાદવભાઈના વારસોએ ઉભા કરેલ દસ્તાવેજોના આધારે આશરે ૪૬ વર્ષ બાદ વર્ષ-૧૯૭૯ ની કાયદેશરની વારસાઈ નોંધને પ્રાંત અધિકારીશ્રી, રાજકોટ શહેર-૧ સમક્ષ તકરારી બનાવી ગેરકાયદેશર અને ગેરકાનુની રીતે અમારા અસીલની વારસાઈ નોંધ ને રદ કરવાનો હુકમ મેળવી ત્રાહિતનુ હીત ઉત્પન્ન થાય તે રીતે ખોટી અને ગેરકાયદેશર રીતે બોગસ વારસાઈ નોંધ દાખલ કરાવી ત્રાહિત નું હીત ઉતપન્ન કરવાનું શડયંત્ર ઘડતા હોવાનુ ધ્યાને આવતા અમારા અસીલે નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ સમક્ષ અપીલ/રીવીઝન અરજી ના કામે યથાસ્થિતિ જાળવી રાખવા અંગે મનાઈહુકમ મેળવવા માટે અરજી કરેલ હતી જે અરજી નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ દ્વારા મંજુર કરવામાં આવેલ છે અને સદરહું જમીનમાં તબદીલી,ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ વ્યવહારો થવા ન પામે એટલા સારુ સદરહું કેસનો આખરી નિર્ણય ન આવે ત્યા સુધીનો મનાઈહુકમ ફરમાવવામાં આવેલ છે જેની લાગતા વળગતા સૌ એ ખાસ નોંધ લેવી.

અમારા અસીલની ખેડવાણ જમીનના ટાઈટલ દુષિત કરવા અને યેનકેન પ્રકારે ત્રાહીતનું હીત ઉતપન્ન કરી કપટપુર્વક અમારા અસીલ પાસેથી આર્થિક ગેરલાભ મેળવવા માટે ઉંચી પંહોચ ધરાવતા ચોક્કસ લોકોનો ડોળો મંડાણો છે અને જમીન કૌભાંડીયાઓ સક્રિય થયેલ છે અને યેનકેન પ્રકારે અમારા અસીલ પાસેથી ગેરકાયેશર રીતે કબ્જો મેળવવાના જુદાજુદા હથકંડા ઓ અપનાવી રહ્યા છે. અમારા અસીલની કાયદેશરની વારસાઈ નોંધ ને ૪૬ વર્ષ બાદ ખોટી રીતે રદ કરાવી ખોટી અને ગેરકાયદેશર રીતે બોગસ વારસાઈ દાખલ કરવામાં આવતા અમારા અસીલની નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ સમક્ષ ધોરણસરની અપીલ/રીવીઝન સહીતની કાનુની કાર્યવાહી હાલ ચાલુ છે. વધુમાં અમારા અસીલના રેવન્યુ રેકર્ડમાં કોઈ જાદવભાઈ નું નામ ન હોવા છતા ઉભા કરેલ દસ્તાવેજો ને આધારે અમારા અસીલની ખેતીની જમીનમાં કહેવાતા જાદવભાઈ ના વારસો એ ખોટી નોંધ દાખલ કરાવી અમારા અસીલના ટાઈટલને દુષિત કરેલ છે જેથી અમારા અસીલ જાદવભાઈ ના તમામ વારસો વિરુધ્ધ તથા તેમને સીધી અને આડકતરી રીતે મદદ કરતા તમામ ઈસમો સામે કાયદેશરની કાર્યવાહી કરી રહ્યા છે. જેથી આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે ઉપરોક્ત જણાવેલ ખેડવાણ જમીન નો કબ્જો ભોગવટો અને માલિકી અમારા અસીલની હોય અને નામ.કલેકટરસાહેબશ્રી, રાજકોટ દ્વારા સદરહું જમીન સંબધે મનાઈ હુકમ કરવામાં આવેલ હોય કોઈએ સદરહું જમીન સંબધે કોઈપણ જાતનો આર્થિક વ્યવહાર કે ત્રાહિત વ્યક્તિનું હીત ઉતપન્ન થાય તેવો કોઈ વ્યવહાર કરવો નહી અને આવો કોઈ વ્યવહાર અમારા અસીલને બંધન કર્તા નથી. તેમ છતા વ્યવહાર થયેલ માલુમ પડશે તો અમારા અસીલ આવા તમામ કૌભાંડકારો વિરુધ્ધ ધોરણસરની કાનુની કાર્યવાહી કરશે અને તેના ખર્ચ અને પરીણામની જવાબદારી તેમના શીરે રહેશે જેની સર્વે એ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૭/૧૧/૨૦૨૬

મારી સુચના, સંમતિ અનુસાર
શ્રી મધુભાઈ દેવજીભાઈ કોળી

અમારા મારફત:
LAWMATIX ASSOCIATES

શૈલેન્દ્રસિંહ આર. જાડેજા
એડવોકેટ
સંદિપ આર. જોષી - રશ્મિન એ. પટેલ
શુભમ આર. જોષી - દેવેન્દ્રસિંહ એસ. જાડેજા
ઓફીસ નં. ૨૧૭-૨૧૮-૨૧૯ લેન્ડમાર્ક બિલ્ડીંગ, એસ્ટ્રોન ચોક, રાજકોટ. મો. ૯૮૨૫૧ ૯૭૯૭૩

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત

સરદાર ભવન, બ્લોક નં.૭, રજો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
વેબસાઈટ: https://ceo.gujarat.gov.in/

મતદાર યાદી
ખાસ સંક્ષિપ્ત સુધારણા (SSR) - ૨૦૨૭

સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ ૨૭.૧૧.૨૦૨૬

મુસદ્દા મતદારયાદીમાં તમારૂં નામ અને વિગતો તપાસો

મુસદ્દા મતદારયાદી અહી પ્રદર્શિત કરવામાં આવી છે:

- તમારૂ મતદાન મથક
- મતદાર નોંધણી અધિકારીની કચેરી
- ચૂંટણી પંચની વેબસાઈટ: https://voters.eci.gov.in/
- મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની વેબસાઈટ: https://ceo.gujarat.gov.in/

હક્કા-દાવા અને વાંધા અરજીઓ: ૨૭ નવેમ્બર થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૬ સુધી

તમારે શું કરવાની જરૂર છે?

ફોર્મ ૬ સબમીટ કરો
મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા માટે અરજી કરવા

ફોર્મ ૬(એ) સબમીટ કરો
વિદેશ વસતા ભારતીય નાગરીકોએ મતદાર તરીકે મતદાર યાદીમાં સમાવેશ કરાવવા માટે અરજી કરવા

ફોર્મ ૭ સબમીટ કરો
નામ દાખલ કરવા પર વાંધો અથવા નોંધાયેલ નામ રદ કરવાની અરજી કરવા

ફોર્મ ૮ સબમીટ કરો
સરનામું બદલવા, વિગતો સુધારવા, EPIC બદલવા અથવા દિવ્યાંગતા ચિહ્નિત કરવા

તમારી અરજી કેવી રીતે સબમિટ કરવી

- ઓનલાઈન: https://voters.eci.gov.in/ અથવા ECINET એપ દ્વારા.
- ઓફલાઈન: તમારા બૂથ લેવલ ઓફિસર (BLO) અથવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીની કચેરીનો સંપર્ક કરો.

ખાસ ઝુંબેશની તારીખો
૨૯ નવેમ્બર, ૬ & ૧૩ ડિસેમ્બર ૨૦૨૬

મદદની જરૂર છે? કૉલ કરો | મતદાર હેલ્પલાઇન: 1950

@CEOGujarat | Chief Elecoral OfficerGujaat | gujaratceo | @CEOGujaratState

જેતપર છાવણીએ ખેડૂતોને નહિ જવા દેવા ભાજપ નેતાના પ્રયાસો? સોશ્યલ મીડિયા વોર શરૂ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૭: મોરબીના જેતપર ગામે ગુજરાત સત્યાગ્રહ છાવણી ખાતે ખેડૂતો વીજલાઈન વળતર મામલે છ માસથી લડત ચલાવી રહ્યા છે ખેડૂત આંદોલન દરમિયાન વિવિધ કાર્યક્રમો થકી લડત ચાલી રહી છે અને જેતપર છાવણી ખાતે આગામી જાન્યુઆરી માસમાં ખેડૂત મહાપંચાયતની જાહેરાત કરવામાં આવી છે જે ખેડૂત મહા પંચાયત પૂર્વે જ સોશ્યલ મીડિયા વોર શરુ થઈ ગયું છે.

ખેડૂતોના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાં પોસ્ટર વોર શરુ કરવામાં આવી છે જેમાં લખવામાં આવ્યું છે કે ખેડૂતોને જેતપર છાવણીએ નહિ જાવા દેવા માટે ભાજપ નેતાના પ્રયાસો ચાલુ થયા છે પણ ખેડૂતો હવે આપને બહુ સારી રીતે ઓળખી ગયા છે હવે નહિ છેતરાય. ખેડૂતો પરિવાર સાથે કિસાન અધિકાર મહાપંચાયતમાં જશે લાખોની સંખ્યામાં ખેડૂતો જોડાશે તેવો હુંકાર કરવામાં આવ્યો છે.

ખેડૂતોએ ભાજપ નેતાઓ મહાપંચાયતમાં નહિ જવા દેવાના પ્રયાસો શરુ કરવામાં આવ્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે જોકે ક્યાં નેતાએ આવા પ્રયાસ કર્યા છે તેનું નામ આપવામાં આવ્યું નથી મહા પંચાયતને હજુ તો દોઢ મહિના જેટલો સમય બાકી છે પરંતુ ખેડૂતોએ અત્યારથી સોશ્યલ મીડિયા વોર શરુ કરી દીધું છે અને મહા પંચાયતમાં લાખોની સંખ્યામાં ખેડૂતોને એકત્ર કરી સરકારને ખેડૂતોની તાકાત બતાવી દેવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે. (૨૨.૭)

પોરબંદરના યુવાને બેકીંગ પાસવર્ડનો દુરોપયોગ કરીને કંપનીને ૧,૬૨ કરોડનો ચુનો લગાવ્યો

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા., ૨૭: બેકીંગ પાસવર્ડનો દુરોપયોગ કરીને સરકારી લેણા અને પેમેન્ટના બોગસ રેકર્ડ બનાવીને ખાનગી કંપનીમાં ચીફ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા સાવન અનિલકુમાર બથીયા પોતાના અંગત એકાઉન્ટ નાણા ટ્રાન્સફર કરીને કંપનીને ૧,૬૨ કરોડનો ચુનો લગાવ્યાની પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

ખાનગી કંપનીઓમાં ચીફ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા કર્મચારી સાવન અનિલભાઈ બથીયાએ કંપનીના બેંકિંગ એક્સેસ અને પાસવર્ડનો દુરુપયોગ કરી રૂ. ૧,૬૨,૨૮,૨૭૯ની ઉચાપત કરી હતી. આરોપીએ કંપનીના કોમ્પ્યુટર રેકર્ડમાં છેડછાડ કરી સરકારી લેણાં અને લેણદારોને પેમેન્ટ ચૂકવ્યા હોવાના બોગસ રેકર્ડ ઊભા કર્યા હતા. એટલું જ નહીં, અન્ય કંપનીને ચૂકવવાની થતી રકમ પોતાના અંગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરી ખાતાનું નિકનેમ પણ મળતું આવતું રાખ્યું હતું.

જુલાઈ ૨૦૨૬માં કર્મચારીઓના પીએફની રકમ જમા ન થઈ હોવાનું ધ્યાન પર આવતાં તપાસ શરૂ થઈ હતી. દરમિયાન કર્મચારી પાંચ દિવસ સુધી ઓફિસે આવ્યો ન હતો અને ફોન પણ ઉપાડતો ન હતો. ત્યારબાદ આંતરિક તપાસ અને જામનગરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવતાં સમગ્ર ઉચાપતનો ભાંડો ફૂટ્યો હતો.

અમર પોલીફિલ્સ પ્રા.લિ.તથા અમર એક્વાટિક પ્રા.લિ.ના ડાયરેક્ટર અનિલભાઈ રણછોડભાઈ મોતીવરસે આ બાબતે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં કમલાબાગ સામે વસુંધરા કોમ્પ્લેક્સમાં રહેતા સાવન અનિલકુમાર બથીયાનું નામ ખુલ્યું છે, જે વર્ષ ૨૦૧૭થી બંને કંપનીમાં ચીફ એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો.

આરોપીએ ૧ એપ્રિલ ૨૦૨૫થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન બંને કંપનીના યુકો બેંકનાં ખાતામાંથી પોતાના યુકો, એક્સિસ અને એચડીએફસી બેંકનાં ખાતામાં રકમ ટ્રાન્સફર કરી હતી. જેમાં અમર પોલીફિલ્સમાંથી રૂ. ૧,૪૩,૭૮,૪૫૫ અને અમર એક્વાટિકમાંથી રૂ. ૧૮,૪૯,૮૨૪ મળી કુલ રૂ. ૧.૬૨ કરોડની ઉચાપત થઈ હતી. કમલાબાગ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એસ.જી.સોલંકી વધુ તપાસ ચલાવે છે. (૪.૯)

મોરબી: શનિવારના રોજ વિજ પુરવઠો બંધ રહેશે

મોરબી, તા.૨૭: પટેલ બોર્ડિંગ અને તેની પાસે, દેના બેંક અને તેની પાસે, કલેકટર બંગલો અને જજ બંગલા પાસેનો વિસ્તાર, શક્તિ ચોક અને તેની પાસે, પોસ્ટ ઓફિસ અને તેની પાસે, શક્તિ ચોકથી નહેરુ ગેટ વાળો રોડ અને તેની પાસે, શાકમાર્કેટ પાસેનો વિસ્તાર, વાંકાનેર દરવાજા પાસેનો વિસ્તાર, લુહાણા પરા, લખધીરવાસ, સીટી પોલીસ લાઈન, સીટી પોલીસ સ્ટેશનમાં, શિક્ષણ અધિકારીની ઓફિસ, તાલુકા ઓફિસ, ખાટસી વાસ, મણી મંદિર, જેલ રોડ, બુઢા બાવાની શેરી, નહેરુ ગેટથી ગ્રીન ચોક વચ્ચેનો વિસ્તાર મહેન્દ્ર ડ્રાઈવ રોડ, હીરો હોન્ડાના શો રૂમની પાછળનો ભાગ, દરબાર ગઢ, ઝુલતા પુલ પાસે, રામાનંદી સમાજની વાડી, વ્હોરા સમાજની દરગાહ પાસે, જેલ ચોક પાસેના મકરાણી વાસ, અશોકલયના ઢાળ પાસેનો વિસ્તાર, નાની હનુમાન ડેરી અને મોટી હનુમાન ડેરી શેરી, નાની બજાર, વેરાઈ શેરી, નાગનાથ શેરી, નાની અને મોટી પારેખ શેરી, લુહાર શેરી, મોચી શેરી, સંઘવી શેરી, દેરાસર શેરી, ખોખાણી શેરી, કંસારા શેરી, દરબાર ગઢ ચોક થી ગ્રીન ચોક સુધી ની બંને બાજુ એ આવતો વિસ્તાર, મચ્છુ માં ના મંદિરની બાજુનો વિસ્તાર, ખોખણી સેરી, વાંકાનેર દરવાજા, ચોહાણ શેરી, સાંકળી શેરી, બુઢા બાવા વાળી શેરી, સુથાર શેરી, નાની અને મોટી માધાણી શેરી, ભોંય વાળો, દફતરી શેરી, જાની શેરી, સાઈ વાળો ખાંચો, રામજીયાની શેરી, મોટી શેરી, તેમજ ઉપર વાળા વિસ્તારની આસપાસના તમામ વિસ્તારોમાં કાલે શનિવારે સવારે ૭:૩૦ થી બપોરે ૩:૩૦ સુધી વિજ પુરવઠો બંધ રહેશે. તેમ નાયબ ઈજનેર શહેર પેટા વિભાગ -૦૩ મોરબીની યાદીમાં જણાવાયુ છે. (૨૨.૯)

મોરબીમાં ૨૭ નવેમ્બર થી ૦૬ ડિસેમ્બર સુધી ખેલ મહાકુંભ

મોરબી, તા.૨૭: રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મોરબી દ્વારા સંચાલિત દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલમહાકુંભ-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે.

ખેલમહાકુંભ-૨૦૨૬ અંતર્ગત પાર્ટ-૨ની વિવિધ રમત-સ્પર્ધાઓ તા. ૨૭/૧૧/૨૦૨૬ થી તા. ૦૬/૧૨/૨૦૨૬ સુધી યોજાનાર છે. ખેલમહાકુંભ-૨૦૨૬ પાર્ટ-૨ અંતર્ગત યોજાનારી વિવિધ રમત-સ્પર્ધાઓનો વિગતવાર કાર્યક્રમ, તારીખ, સ્થળ તથા અન્ય માહિતી ખેલમહાકુંભની સત્તાવાર વેબસાઈટ પરથી મેળવી શકાશે. સ્પર્ધાઓ અંગે વધુ માહિતી મેળવવા માટે સંબંધિત રમતના કન્વીનરશ્રી અથવા કચેરીનો સંપર્ક કરવો રહેશે. (૨૨.૯)

મોરબીના મહેન્દ્રનગર ગામે ડાયાબીટીશની બિમારીથી કંટાળી મહિલાનો આપઘાત

મોરબી, તા.૨૭: મહેન્દ્રનગર ગામમાં રહેતા ૫૫ વર્ષીય મહિલા દશેક વર્ષથી ડાયાબીટીસ બીમારીથી પીડાતા હોય. બીમારીથી કંટાળી પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના મહેન્દ્રનગર ગામે સીએનજી પંપ પાછળ રહેતા કૈલાશબેન રમણીકભાઈ પરમાર (ઉ.વ.૫૫) નામની મહિલા ગત તા.૨૫ ના રોજ પોતાના ઘરે રૂમમાં સીલીંગ ફેન સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૃતક કૈલાશબેન છેલ્લા દશેક વર્ષથી ડાયાબીટીસની બીમારીથી પીડાતા હતા અને બીમારીથી કંટાળી અંતિમ પગલું ભરી લીધાનું ખુલ્યું છે પોલીસે આપઘાતના બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે. (૨૨.૧૪)

કાલે આમરણ ગૌશાળા યુવક મંડળ દ્વારા મોરબીમાં નાટક

(મહેશ પંડ્યા દ્વારા) આમરણ તા. ૨૭:.. મોરબી ખાતે વસવાટ કરતા સમસ્ત આમરણ ગામ પરિવારના ઉપક્રમે આમરણ ગૌશાળાના લાભાર્થે મોરબી મુકામે આમરણ ગૌશાળા યુવક મંડળ આયોજીત નાટકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

મોરબી મુકામે તા.૨૮-૧૧ શનિવારે રાત્રે ૯ કલાકે, ક્લાસિક પાર્ટી પ્લોટ (કેનાલ રોડ) ખાતે 'રાજા ભરથરી' નામનું નાટક તેમજ 'નાથાબાપાનો ઘર સંસાર' એ નામનું હાસ્યરસથી ભરપુર કોમિક ભજવવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન એકત્રીત થનાર ધનરાશિ આમરણ ગૌશાળામાં અર્પણ કરવામાં આવશે. વતનપ્રેમીઓ દ્વારા ગામની ગૌશાળાના લાભાર્થે આયોજીત આ કાર્યક્રમમાં મોરબીમાં વસવાટ કરતા તમામ જ્ઞાતિના સેંકડો પરિવાર સહિત વરિષ્ઠ સીરામિક ઉદ્યોગપતિઓ પણ ખાસ હાજરી આપશે. આમ જનતાને સહભાગી થવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. (૫-૯)

મોરબીમાં નજરબાગ રેલવે ફાટકથી ભડિયાદ સુધી સીસી રોડ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૭: નજરબાગ રેલવે સ્ટેશન (ફાટક)થી ભડિયાદ ગામ સુધીનો માર્ગનો પ્રારંભ.આ વિસ્તારના ૧૫,૦૦૦થી વધુ રહીશો માટે રાહતના સમાચાર આવ્યા છે. અંદાજે રૂ.૪ કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર આ સીસી રોડના કામનો આજથી વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ માર્ગની વિગતો મુજબ, અગાઉ અહીં ડામર રોડ મંજૂર કરવામાં આવ્યો હતો, પરંતુ મુખ્યમંત્રીના આદેશ મુજબ ડામર રોડ રદ કરીને ટકાઉ એવા સીસી રોડની મંજૂરી આપવામાં આવી હતી. આ કામનું ખાતમુહૂર્ત અગાઉ મુખ્યમંત્રીના હસ્તે થઈ ગયું હોવાથી, આજે સ્થાનિક પદાધિકારીઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રત્યક્ષ કામગીરી શરૂ કરવામાં આવી હતી. નજરબાગ રેલવે ફાટકથી ભડિયાદ ગામ સુધી કુલ ૨૨૦૦ મીટરની લંબાઈમાં આ સીસી રોડ બનાવવામાં આવશે. મૂળ આયોજન મુજબ આ રોડ ૧૦ મીટર પહોળો બનાવવાનો



છે, પરંતુ ભવિષ્યમાં પાણી, ડ્રેનેજ અને સ્ટ્રોમ વોટરની લાઈનો નાખવાની કામગીરીને ધ્યાનમાં રાખીને હાલ બંને બાજુ જગ્યા છોડવામાં આવશે. હાલના તબક્કે સેન્ટરથી બંને બાજુ ૩-૩ મીટર એટલે કે કુલ ૬ મીટર પહોળો સિંગલ પટ્ટી જેવો સીસી રોડ તૈયાર કરાશે, અને પાણીની લાઈન નખાઈ ગયા બાદ બાકીની બંને બાજુની જગ્યા પર રોડનું નિર્માણ પૂર્ણ કરાશે. આ સમગ્ર કામગીરી આગામી ૪ થી ૫ મહિનામાં પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી છે. આજે રોડના કામના પ્રારંભ પ્રસંગે મોરબીના મેયર ઉત્તમ સુરાણી, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયંતીભાઈ પડસુંબિયા, દંડક, શાસક પક્ષના નેતા, બાંધકામ સમિતિ ચેરમેન રવિ સનાવડા, શિક્ષણ સમિતિના ચેરમેન ભગીરથ બરાસરા, તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (૨૨.૧૧)

ધોરાજીમાં ખ્વાજાના મેળાનો પ્રારંભ

ધોરાજી, તા.૨૭: ધોરાજીમાં શહેનશાહે સૌરાષ્ટ્ર અતા એ રસુલ ગરીબોના સહારા અને દુ ખિયાના બેલી હઝરત ખ્વાજા મોહકમુદ્દીન સૈરાની બાદશાહનો ૨૫૦ મો ઐતિહાસિક ઉર્સ શરીફની ઉજવણી માટે દરગાહ શરીફના ખાદીમોએ જણાવ્યું છે કે ભારતભરમાં કોમી એકતાની મિસાલ કાયમ જીવંત રાખતું એક ધાર્મિક સ્થળ છે આ ઉર્સ મેળામાં હિન્દુ, મુસ્લિમાં કોઈપણ જાતના ભેદભાવ વગર દરગાહ શરીફ પર શીશ ઝુકાવતાં હોય છે. સાથો સાથ લોકમેળાની પણ ખંભેથી ખંભા મિલાવી મજા માણતા હોય છે.

ઉર્સના પ્રથમ દિવસ તમામ ખાદીમોની ઉપસ્થિતિમાં સાલતો સલામ અને વિશ્વ



શાંતિ માટે દુઆ એ ખેર કરી હતી અને બાદમા વડવાઓની પરંપરા મુજબ તમામ ખાદીમોનું સાફા બંધાવી અને ફૂલહાર કરી અને સન્માન કરવામાં આવ્યા હતા. બાદમાં વિશાળ સંદલ શરીફ સાનો સોકતથી નીકળ્યો હતો જેમાં સંદલ શરીફમાં ખાદીમ મુસ્લિમ સમાજના આગેવાનો લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા જેમાં વિશ્વ પ્રખ્યાત સુપ્રસિદ્ધ જાંબુરના સીદીબાદશાહનું આદિવાસી નૃત્ય લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતો. આ સંદલ શરીફ દરગાહ શરીફ ખાતે રાત્રે ૮ કલાકે પૂર્ણ થયેલ હતો ઉર્સ શરીફના દિવસ દરરોજ રાત્રે ૧૦ કલાકે દરગાહ શરીફમાં ખાદીમ દ્વારા મહેફિલએ નાત સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવેલ છે. દરગાહ શરીફ ખાતે ખાદીમોની ઉપસ્થિતિમાં દરગાહ શરીફને રંગબેરંગી લાઈટિંગની રોશનીથી શણગારવાનું કામ કરવામાં આવ્યો હતો. ઉર્ષ શરીફ નિયમિત એ દરગાહ શરીફના મેદાનમાં મેળાના આયોજકોઈમરાન ભાઈ સમા ગ્રુપ દ્વારા લોકમેળો આયોજન કરવામાં આવેલો છે જેમાં વિવિધ પ્રકારની રાઈડ જલપરી બાળકો માટે મેરીગ્રાઉન્ડ લોકોને મનોરંજન પૂરું પાડેલો હતો. સાથોસાથ આઈસ્ક્રીમ ખાણીપીણી અને જવેલરીના રમકડાના સ્ટોલ પણ રાખવામાં આવેલ છે જે લોક મેળાનું આકર્ષણ કેન્દ્ર બનશે. (૨૨.૪)

મોરબીમાં રવાપર ચોકડીએ કેનાલ ઓવરફ્લો: રોડ પર પાણીની રેલમછેલ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૭: મોરબી શહેરમાંથી પસાર થતી મચ્છુ-૨ કેનાલમાં શિયાળુ પાક માટે પાણી છોડવામાં આવતા જ તંત્રની પ્રિ-સફાઈ કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. રવાપર કેનાલ ચોકડી પાસે કેનાલ ઓવરફ્લો થતાં તેના પાણી મુખ્ય રોડ પર ફરી વળ્યા હતા, જેના કારણે શિયાળામાં જ ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, મચ્છુ-૨ કેનાલમાં પાણી છોડવાના થોડા દિવસ પહેલા જ તંત્ર દ્વારા કેનાલની સફાઈ કરવામાં આવી હતી. જોકે, આ સફાઈ યોગ્ય રીતે ન થવાથી, પાણી છોડાતા જ કેનાલ ઓવરફ્લો થઈ ગઈ હતી અને રવાપર કેનાલ ચોકડી પરના મુખ્ય માર્ગ પર પાણીની રેલમછેલ થઈ ગઈ હતી. જેના કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

લોકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા કેનાલની યોગ્ય રીતે સફાઈ કરવામાં આવી નથી, જેના પરિણામે ખેડૂતો માટે છોડવામાં આવેલું મહામૂલું પાણી રોડ પર વહીને વેડફાઈ રહ્યું છે. તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. (૨૨.૧૨)



મોરબીના ઉમા સંસ્કાર ધામના દ્વિતિય પાટોત્સવમાં ૨૬૦ પ્રતિભાશાળીઓ અને ૨૫૦ દાતાઓનું સન્માન કરાયું

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૭: વિરપર પાસે કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ દ્વારા સંચાલિત ઉમા સંસ્કારધામના દ્વિતિય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ સંચાલિત ઉમા સંસ્કાર ધામનું નિર્માણ થયેલું છે, આ ધામ દ્વારા વર્ષ દરમ્યાન અનેકવિધ સેવાકીય પ્રકલ્પો દ્વારા જનસેવા કરવામાં આવે છે, ઉમા સંસ્કાર ધામના દ્વિતિય પાટોત્સવમાં ૧૧ કુંડી યગ્ન જપ તપ યજ્ઞ, તેમજ સરકારી તલાટીથી માંડી ક્લાસ - ૧ સુધી નોકરીમાં નિયુક્ત થયેલા તેમજ ગ્રેજ્યુએશનથી માંડી પી.જી.માસ્ટર ડિગ્રી તેમજ રાજ્ય, રાષ્ટ્રીયકક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ૨૬૦ જેટલા પ્રતિભા શાલીઓનું અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું બપોરના સમયે સંન્યાસીની આત્માનંદજી ભચાઉ - કચ્છ આશ્રમ દ્વારા સત્સંગ કરવામાં આવ્યો હતો,આ દરમિયાન નવા બનેલા વિરપર - લીલાપર રોડને જીલ્લા પંચાયત દ્વારા ઓ.આર.પટેલ માર્ગ નામાંકરણ કરેલ હોય અજંતા - ઓરેવા ગ્રુપના સૌજન્યથી સુંદર સર્કલ બનાવવા આવ્યું છે ત્યાં ઓ.આર. પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું, સાંજે સ્નેહમિલન યોજાયુ જેમાં ઉમા સંસ્કાર ધામના સેવાકીય પ્રકલ્પોને જેવા કે ઉમા આદર્શ લગ્નની પ્રથમ વર્ષે જ ૫૫૦ જેટલા લગ્નો સાથે સફળતા મેળવી એમાંથી પ્રેરણા લઈ અન્ય જિલ્લાઓમાં પણ લોકો આજ પેટનથી લગ્નો યોજવા લાગ્યા,વર્ષ દરમિયાન ઉમા હોલમાં અનેક લગ્ન પ્રસંગ,રાંદલ ઉત્સવ જેવા પ્રસંગો લેવાયા જેની આવક ઉમા આદર્શ લગ્નમાં વાપરવામાં આવલ છે,૩૬ જેટલા એસી રૂમ ધરાવતું ગેસ્ટ હાઉસ,ઉમા મેડિકલ સ્ટોરમાં રાહત દરે દવા, ઉમા લેબોરેટરી રાહત દરે રિપોર્ટ, ઉમા ક્લિનિકમાં રાહતદરે સારવાર, ઉમા રંગ ભવન, કોરોના કાળમાં ૨૦૦૦ જેટલા દર્દીઓની કરેલ સેવા સુસુશ્રા, અમદવાદ ખાતે પ્રાઈમ લોકેશનમાં સેફટી અને સિક્યુરિટીમાં ૧૪૦ દિકરીઓ નિવાસ કરી શકે એવી આધુનિક હોસ્ટેલનું નિર્માણ કરેલ છે, તેમજ આગામી દિવસોમાં આવી જ રીતે ૭૦૦ દિકરા-દિકરીઓ નિવાસ કરી શકે એવા છત્રાલયના નિર્માણનું કાર્ય ચાલુ છે, પાટીદાર કેરિયર એકેડમીમાં ટૂંકમાં ગાળામાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અનેક વિદ્યાર્થીઓએ વિવિધ પરીક્ષાઓ આપેલ છે, ઈમ્પોર્ટ એક્સપોર્ટ ટ્રેનીંગમાં, બ્યુટી પાર્લરની ટ્રેનિંગ,બેઝિક કમ્પ્યુટર ટ્રેનિંગમાં ભાઈ બહેનોએ લાભ લીધેલ છે તેમજ ધો.૯ થી જ્ઞાતક અનુજ્ઞાતકમાં ૭૦૦૦ જેટલી સર્વ સમાજની દિકરીઓ આ સંસ્થામાં અભ્યાસ



કરી રહી છે, તેમજ પાટીદાર જન સેવા કેન્દ્રમાં જુદી જુદી સરકારી યોજનાઓના ખૂબ બધા અરજદારોને ફોર્મ ભરી આપેલ છે.

સંસ્કાર ધામ દ્વારા થતા વિવિધ સેવાકીય પ્રકલ્પોની વિગતો, સામાજિક ઉત્થાન માટેના લેખો, પ્રેરક પ્રસંગો,વિશિષ્ટ પ્રતિભા, પાટીદાર સમાજની જુદી જુદી સંસ્થાઓનો પરિચય વગેરે લેખો સાથેનો ઉમા સંસ્કાર દર્શન ત્રિમાસિક અંક બહાર પાડવામાં આવે છે એની વિગતો રજૂ કરવામાં આવી હતી, આ પ્રસંગે ઉમિયા ધામ સિદસર તેમજ અમદાવાદથી અખીલ ભારતીય પાટીદાર સમાજના અગ્રણીઓ પધાર્યા હતા, કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાની ગતિ ગરિમાની જાણકારી આપતા દિનેશભાઈ વડસોલાએ સેવાકીય પ્રકલ્પોના હેતુ, જરૂરિયાત આઉટ પુટ વિશેની વાત કરી આંકડાકીય વિગતો રજૂ કરી હતી, પરષોત્તમભાઈ રૂપાલા પૂર્વ કેન્દ્રીય મંત્રી, મોહનભાઈ કુંડારીયા પૂર્વ કેન્દ્રીય મંત્રી જેરામભાઈ વાંસજાળિયા, જયસુખભાઈ પટેલ, પ્રકાશભાઈ વરમોરા, દુર્લભજીભાઈ દેથરીયા ધારાસભ્ય, કાંતિભાઈ અમૃતિયા મંત્રી ગુજરાત સરકાર, બ્રિજેશભાઈ મેરજા પૂર્વ મંત્રી જયંતિભાઈ કવાડિયા પૂર્વ મંત્રી વગેરેએ મોરબી કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ દ્વારા સંચાલિત ઉમા સંસ્કાર ધામની સેવાને બિરદાવી હતી,

આ તકે આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓ જેમના આર્થિક યોગદાન થકી ચાલે છે એવા ૨૫૦, જેટલા દિલેર દતાઓનું મહાનુભાવોના હસ્તે અદકેરું સન્માન કરાયું હતું, તેમજ મોટીવેશન સ્પીકર શૈલેષ સગપરીયાએ સંસ્થાની તમામ પ્રવૃત્તિઓ, વર્તમાન સમયમાં અમદાવાદ ખાતે દિકરી દિકરાઓ માટે હોસ્ટેલની જરૂરિયાત વિશે વાતો કરી હતી, સમગ્ર કાર્યક્રમમાં સમગ્ર મોરબી જિલ્લામાંથી ખુબજરુ બહોળી સંખ્યામાં કડવા પાટીદાર પરિવારના શ્રેષ્ઠીઓ, સમાજના દિલેર દાતાઓ, મોરબી જિલ્લાની તમામ પાટીદાર સંસ્થાના અગ્રણીઓ, સિરામિક એસોસિએશનના અગ્રણીઓ, ભાઈઓ બહેનો વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો, કાર્યક્રમના અંતે જયસુખભાઈ પટેલના સૌજન્યથી આયોજીત મહાપ્રસાદનો લાભ લીધો હતો, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળના તમામ ટ્રસ્ટીઓએ અને સમાજના તમામ કાર્યકર્તાઓ ભારે જહેમત ઉઠાવી હતી. (૨૨.૧૩)

મોરબીમાં ગૌશાળા ફિલ્ટર પ્લાન્ટની કામગીરીની સમીક્ષા કરતા પદાધિકારીઓ અને અધિકારીઓ:



મોરબી, પાણી પુરવઠાની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા માટે વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત લીલાપર રોડ ખાતે આવેલા ગૌશાળા ફિલ્ટર પ્લાન્ટ ખાતે ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરવા માટે મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા સ્થળ વિઝીટ કરવામાં આવી હતી. ગૌશાળા ફિલ્ટર પ્લાન્ટ ખાતે હાલ ૪૩ MLD WTP ના રીનોવેશનનું કામ તેમજ ૧૦.૫ MLD નો નવો પ્લાન્ટ બનાવવાની કામગીરી ચાલી રહી છે. મેયર, વોટર વર્કસ વિભાગના ચેરમેન, ડ્રેનેજ શાખાના ચેરમેન અને ડેપ્યુટી કમિશનર સહિત લગત વોર્ડના કોર્પોરેટર અને અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. બંને પ્રોજેક્ટની પ્રગતિ અને કામગીરીની સમીક્ષા કરી હતી, તેમજ કામગીરી યોગ્ય ગુણવત્તા સાથે ઝડપથી પૂર્ણ થાય તે અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. (૨૨.૧૦)



પોરબંદર ટ્રાફિક બ્રિગેડની પ્રમાણીકતા

પોરબંદર: ટ્રાફિક બ્રિગેડના જવાનો અક્ષય અપારનાથી તથા શક્તિસિંહ જેઠવા ફરજ પર હાજર હતા. તે દરમિયાન નયનાબેન કારીયા, રહે. મહારાજબાગ, ને એક પર્સ મળી આવતા તેઓએ પર્સ મળવા અંગેની હકીકત ટ્રાફિક બ્રિગેડના ઉપરોક્ત જવાનોને જણાવી પર્સ સોંપ્યું હતું. અને ટ્રાફિક ઓફિસ ખાતે જાણ કરતા ટ્રાફિક સ્ટાફ દ્વારા પર્સના મૂળ માલિકની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ પર્સ મંજુબેન માડું, રહે. રવિપાર્ક, પોરબંદરનું હોવાનું જાણવા મળતા તેમનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. મંજુબેન દ્વારા પર્સની ઓળખ તેમજ પર્સમાં રહેલ રકમ અંગેની વિગતો જણાવવામાં આવી હતી. ત્યારબાદ મંજુબેનની પુત્રી સુજાતાબેન માડુને ટ્રાફિક ઓફિસ ખાતે બોલાવી, પર્સમાં રહેલ રૂ. ૪,૬૦૦/- રોકડ રકમ સહિતનું પર્સ પરત સોંપવામાં આવ્યું હતું. તે તસ્વીર (તસ્વીર: પરેશ પારેખ-પોરબંદર) (ઉપ-૫)

સહકાર ભારતી ગુજરાતના પ્રદેશ સંપર્ક પ્રમુખ તરીકે નિમણુંક



(જયેશ ભટ્ટાસણા દ્વારા) ટંકારા તા.૨૭: સહકાર ભારતી ગુજરાત ના કાર્યકર્તાઓની ગુજરાત અર્બન બેંક ફેડરેશન માં મળેલ મિટિંગ કે જેમાં ગુજરાત ના દરેક જિલ્લાઓમાંથી ૮૦ કરતા વધારે કાર્યકર્તાઓ તેમજ રાષ્ટ્રીય પદાધિકારીઓ કાંતિભાઈ પટેલ (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ), સંજયશ્રી પાંચપોર (રાષ્ટ્રીય સંગઠન મંત્રી), વિનોદભાઈ બરોડિયા (રાષ્ટ્રીય સંગઠન પ્રમુખ), જીવનભાઈ ગોળે (ક્ષેત્રીય સંગઠન પ્રમુખ) તેમજ પ્રદેશના મહામંત્રી જયંતીભાઈ કેવટ ની હાજરીમાં પ્રદેશ ના અધ્યક્ષ મહેશભાઈ પટેલ દ્વારા ગુજરાતના સહકારી આગેવાન પરેશભાઈ રણછોડભાઈ પટેલની પ્રદેશના સંપર્ક પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી. શ્રી પરેશભાઈ પટેલ ગુજરાતની વિવિધ પ્રાયમરી મંડળીઓ, જિલ્લા કક્ષાની, રાજ્ય કક્ષાની સંસ્થાઓ તેમજ રાષ્ટ્રીય સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ કરે છે અને સહકારી ક્ષેત્ર ના અગ્રગણ્ય આગેવાન છે. રાષ્ટ્રીય સંસ્થાઓમાં **KRIBHCO, NAFED,** નેશનલ કોઓપરેટીવ કન્ઝયુમર ફેડરેશન, ઈફ્કો વગેરેનો સમાવેશ થાય છે.(૨.૧૨)

પોરબંદર જિલ્લામાં પરપ્રાંતિયોને મકાન-દુકાન ભાડે આપવાની જાણ પોલીસને કરવી ફરજિયાત

પોરબંદર:તા.૨૭, જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એ.ડી. મિયાત્રા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે.

જાહેરનામાં અનુસાર પોરબંદર જિલ્લાના તમામ મકાન / ઔદ્યોગિક એકમ /ઓફીસ/ દુકાન /ગોડાઉન /કોલ્ડ સ્ટોરેજના માલિકોએ જાતે અથવા અધિકૃત વ્યકિતઓ મારફતે જો કોઈ પરપ્રાંતીય વ્યકિત અથવા

રાણાવાવ પાસે બરડામાં દેશી દારૂની ભઠ્ઠી ઉપર દરોડો: ૧૨૦ લીટર દારૂ તથા ૨૦૦ લીટર આથો ઝડપાયો

દરોડા દરમિયાન આરોપી ભોજા ભુરાભાઇ કટરા નાસી ગયો: ભઠ્ઠીના સાધનો સહિત ૩૧૭૭૫ નો મુદામાલ જપ્ત



(પરેશ પારેખ દ્વારા) પોરબંદર: તા.૨૭, રાણાવાવ પાસે બરડા ડુંગરમાં દેશી દારૂની ભઠ્ઠી ઉપર પોલીસે દરોડો પાડી ૧૨૦ લીટર તૈયાર દારૂ અને ૨૦૦ લીટર આથો પકડી પાડયો હતો. આ દરોડા દરમિયાન આરોપી ભોજા ભૂરાભાઈ કટરા નાસી ગયો હતો.

બાતમીના આધારે બરડા ડુંગર વિજફાડીયાનેશ થી પુર્વે આશરે ૦૧ કિ.મી. દુર પીરીયાધુના જરમાં રેઈડ કરતા ભોજા ભુરાભાઈ કટારા રહે.વિજફાડીયાનેશ તા.રાણાવાવ વાળાની દેશી દારૂની ભઠ્ઠી મળી આવેલ અને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી રાણાવાવ પો.સ્ટે.માં પ્રોહીબિશનનો ગુન્હોદાખલ કરેલ છે. દેશી દારૂની ભટ્ઠીથી દેશી દારૂ ૧૨૦ લીટર તથા દારૂ બનાવવાનો આથો લીટર ૨૦૦ ભટ્ઠીના સાધનો મળી કુલ કિ.રૂ. ૩૧,૭૭૫નો મુદામાલ પોલીસને મળ આવ્યો હતો.

દારૂ દરોડાની કામગીરી રાણાવાવ પો.સ્ટે.ના પો.ઈન્સ. બી.જી.ડાંગર તથા પો.સબ.ઈન્સ. આર.વી.મોરી તથા પો.હેડ.કોન્સ. બી.જે.દાસા, તથા એ.કે.લુવા તથા પો.કોન્સ. સંજય વાલાભાઈ, સરમણ દેવાયતભાઈ, જયમલ સામતભાઈ, ભરત કાનાભાઈ તથા ફોરેસ્ટ ગાર્ડ ડી.બી.ઓડેદરા દ્વારા કરવામાં આવેલ હતી

સૌરાષ્ટ્રની પ્રથમ એન્જિનિયરિંગ કોલેજનું બહુમાન મેળવનાર મોરબીની એલ.ઈ. કોલેજની લાઇબ્રેરીમાં જ્ઞાન અને ઇતિહાસનો અનોખો ખજાનો : ૪૨ હજાર પુસ્તકોનો દુર્લભ સંગ્રહ

૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ કર્યો છે ઇજનેરીનો અભ્યાસ: રાજાશાહી સમયના આશરે ૮૦ વર્ષ જૂનાં પુસ્તકો લાઇબ્રેરીની વિશેષ ઓળખ

મોરબી, તા.૨૭: ઈજનેરી શિક્ષણની સાથે જ્ઞાન, સંશોધન અને ઐતિહાસિક વારસાને સાચવતી એલ.ઈ. (લખધીરસિંહજી એન્જિનિયરિંગ) કોલેજની લાઈબ્રેરીનો પુસ્તકસંગ્રહ વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. લાઈબ્રેરીની મુલાકાત દરમિયાન કોલેજના પ્રિન્સિપાલશ્રી રાજુભાઈ કે. મેવાડાએ પુસ્તકાલયની વિશેષતાઓ, વિવિધ ઈજનેરી વિભાગો અને વિદ્યાર્થીઓ માટે લાઈબ્રેરીની ઉપયોગિતા અંગે માહિતી આપી હતી. તેઓએ કહ્યું હતું કે, આ કોલેજમાં ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઈજનેરીનો અભ્યાસ કરી ચૂક્યા છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થાય તે માટેનીઅહીંની એલ.ઈ. કોલેજની લાઈબ્રેરીમાં અંદાજે ૪૨ હજાર પુસ્તકોનો વિશાળ સંગ્રહ ઉપલબ્ધ છે. તેમાં ઈજનેરી તથા વિવિધ શૈક્ષણિક વિષયોને લગતાં પુસ્તકોનો સમાવેશ થાય છે. આ પુસ્તકસંગ્રહ વિદ્યાર્થીઓને અભ્યાસ, ટેક્નિકલ જ્ઞાન, સ્વઅધ્યયન અને સંશોધન માટે ઉપયોગી બને છે.

પ્રિન્સિપાલશ્રી રાજુભાઈ કે. મેવાડાએ જણાવ્યું હતું કે કોલેજમાં હાલમાં સિવિલ, ઈલેક્ટ્રિકલ, કેમિકલ અને આઈ.ટી. સહિતના ઈજનેરી વિભાગો કાર્યરત છે. આ ઉપરાંત, કોલેજમાં માસ્ટર ઓફ એન્જિનિયરિંગ (M.E.)ના અભ્યાસની સુવિધા પણ ઉપલબ્ધ છે. વિવિધ શાખાઓના વિદ્યાર્થીઓ માટે વિષયને અનુરૂપ પુસ્તકો અને અભ્યાસસામગ્રીનું મહત્ત્વ વિશેષ છે.

રાજાશાહી સમયનાં પુસ્તકો જ્ઞાનના વારસાની સાક્ષી

લાઈબ્રેરીની સૌથી નોંધપાત્ર વિશેષતા એ છે કે અહીં આધુનિક શૈક્ષણિક પુસ્તકોની



સાથે રાજાશાહીના સમયનાં પુસ્તકો તેમજ આશરે ૮૦ વર્ષ જૂનાં પુસ્તકો પણ સચવાયેલાં છે. આ પુસ્તકો તે સમયની જ્ઞાનપરંપરા, પ્રકાશનશૈલી અને અભ્યાસની પદ્ધતિઓની ઝાંખી કરાવે છે. જૂનાં પુસ્તકોના કાગળ અને છાપકામની વિશેષતાઓ પણ આ સંગ્રહને ઐતિહાસિક દૃષ્ટિએ રસપ્રદ બનાવે છે.

લાઈબ્રેરીના ઈન્ચાર્જ અને આસી. પ્રોફેસર શ્રી પાર્થ શાહ એ પણ પુસ્તકસંગ્રહની જાળવણી અને લાઈબ્રેરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા છે. જૂનાં અને નવાં પુસ્તકોનો સંગ્રહ જાળવી રાખવો એ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સંસાધનો ઉપલબ્ધ કરાવવા ઉપરાંત જ્ઞાનના વારસાને સાચવવાની દિશામાં પણ મહત્ત્વપૂર્ણ છે.

વિદ્યાર્થીઓ માટે જ્ઞાન અને સંશોધનનું કેન્દ્ર

એલ.ઈ. કોલેજની લાઈબ્રેરીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી પુસ્તકો અને જ્ઞાનસામગ્રી ઉપલબ્ધ કરાવવાનો છે. વિવિધ ઈજનેરી શાખાઓના વિદ્યાર્થીઓ માટે ટેક્નિકલ પુસ્તકોની ઉપલબ્ધતા અભ્યાસને વધુ સુવ્યવસ્થિત બનાવે છે. સાથે જ, જૂનાં અને ઐતિહાસિક પુસ્તકોનો સંગ્રહ વાચન તથા સંશોધન માટે એક વિશેષ તક પૂરી પાડે છે.

લાઈબ્રેરી માત્ર પુસ્તકો રાખવાનું સ્થળ નથી, પરંતુ તે જ્ઞાન, સંશોધન અને શૈક્ષણિક વિકાસનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. આશરે ૪૨ હજાર ઈજનેરી પુસ્તકોનો સંગ્રહ જાળવણી એલ.ઈ. કોલેજની શૈક્ષણિક પરંપરાને ઉજાગર કરે છે.

આમ, એલ.ઈ. કોલેજની લાઈબ્રેરી આધુનિક ઈજનેરી શિક્ષણ અને ઐતિહાસિક પુસ્તકવારસાનો સમન્વય રજૂ કરે છે, જે વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રાપ્તિ અને સંશોધનના ક્ષેત્રે ઉપયોગી સાબિત થાય છે.(-પારૂલ આડેસરા-હરસુર જીલરિયા-માહિતી ખાતુ-મોરબી) (૩.૫)

ધોરાજીમાં કે. ઓ. શાહ કોલેજ ગ્રાઉન્ડ બચાવો આંદોલન

તમામ રાજકીય પાર્ટીઓ તેમજ સામાજિક સંસ્થાઓ એક મંચ ઉપર લડાઈ કરશે



(કિશોર રાઠોડ દ્વારા) ધોરાજી, તા.૨૭: ધોરાજી નગરપાલિકાની હદમાં એકમાત્ર સાર્વજનિક ગ્રાઉન્ડ ઉપર સરકારી અધિકારીઓના બંગલા બનાવવાનો નિર્ણય કરતા સમગ્ર ધોરાજીની જનતામાં રોશ વ્યાપી ગયો છે.

ધોરાજી નગરપાલિકા સંચાલિત કે ઓ શાહ કોલેજ જેમનું સાર્વજનિક ગ્રાઉન્ડ ઉપર રામ નવમી નો લોકમેળો તેમજ તમામ ધાર્મિક કથાઓ સહિત વિવિધ કાર્યક્રમો તેમજ રાજકીય સભાઓ થતી હોય છે ત્યારે અમુક સરકારી બંગલા બનાવવા માટે રાજ્ય સરકારને આ પ્રકારની જાણ કર્યા વગર ગ્રાઉન્ડ ઉપર બંગલા બનાવવાનું ટેન્ડર જાહેર કરતા સમગ્ર ધોરાજીની જનતામાં રોસ ફાટી નીકળ્યો છે. જો આ ગ્રાઉન્ડ માં સરકારી ક્વાર્ટર બનશે તો આ બધા ધાર્મિક પ્રસંગો સમહ અને વિદ્યાર્થીઓ રમવા કયા જશે ?

જે બાબતે લેઉવા પટેલ સમાજ, જમનાવડ રોડ ધોરાજી ખાતે સર્વ પક્ષી તેમજ ધોરાજી શહેરના સામાજિક સંસ્થાઓ તેમજ વિવિધ સમાજના જ્ઞાતિના પ્રમુખો આગેવાનો શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો વિગેરે ધોરાજી શહેરના નામે અનામી તમામ આગેવાનો ને કોલેજ ગ્રાઉન્ડ બચાવવા આંદોલનમાં ખાસ હાજરી આપવા સમિતિએ જણાવેલું છે.

ઉપરોક્ત કોલેજ બચાઓ આંદોલન બાબતે ધોરાજીના ધારાસભ્ય તેમજ પોરબંદરના સંસદ સભ્ય આ બાબતે સરકારમાં તાત્કાલિક રજૂઆત કરીને અટકાવી દેવો જોઈએ તે બાબતે પણ ધોરાજીમાં ભારે ચર્ચા છે.(૬.૬)



મોરબી જિલ્લા અનુસૂચિત જાતિ સમાજ દ્વારા સંવિધાન દિવસની ઉજવણી:

મોરબી, જિલ્લા અનુસૂચિત જાતિ સમાજ દ્વારા પણ સંવિધાન દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી જિલ્લા અનુસૂચિત જાતિ સમાજના આગેવાનો અને જ્ઞાતિજનોએ એકત્રિત થઈને બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરીને વંદના કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ ભારતીય સંવિધાનના આમુખનું વાંચન કર્યું હતું અને બંધારણીય મૂલ્યો, સમાનતા તથા નાગરિક ફરજો પ્રત્યેની નિષ્ઠા વ્યક્ત કરી હતી.

હું ડરપોક છું તેવી વાત કેમ કરે છે, મોરબીમાં યુવાનને જાતિ પ્રત્યે અપમાનીત કરી માર માર્યો

મોરબી, તા.૨૭: મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં મિત્રની ઓફિસે બેઠેલા સેલ્સમેન યુવાનને ગાળો આપી, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી માર મારવામાં આવતા ઘટના અંગે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં એટ્રોસીટી એકટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ મોરબી શહેરના વિપુલનગરમાં રહેતા અને માર્કેટિંગનું કામ કરતા મોહિતભાઈ મુકેશભાઈ પરમાર ઉ.૨૪નામના યુવકે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે, તેઓ મહેન્દ્રસિંહજી હોસ્પિટલ પાસેના શિવાલિક પ્લાઝામાં ચોથા માળે હોથલ ફાયનાન્સ ઓફિસે બેઠા હતા. ત્યારે ત્રાજપરના પ્રકાશભાઈ ગોલતર ત્યાં આવ્યો હતો અને કહ્યું હતું કે, તું બીજાને હું ડરું છું એવી વાતો કરે છે, બાદમાં ઉશ્કેરાઈ ગયેલા પ્રકાશે ફરિયાદીને ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી લાફો મારી દીધો હતો.

બનાવ અંગે પોલીસે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. (૨૨.૧૫)

પોરબંદરના એસપી ભગીરથસિંહ જાડેજા દ્વારા દરીયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ



(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા., ૨૭ : ૨૬-૧૧ના મુંબઈ આતંકી હુમલા બાદ દેશની દરીયાઈ સુરક્ષા વ્યવસ્થા મજબુત બનાવવા વિવિધ પગલા લેવામાં આવી રહયા છે. પોરબંદર જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા દ્વારા ગઈકાલે જેટી સહિત દરીયા કાંઠાની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપીને સુરક્ષા વ્યવસ્થા વધુ મજબુત બનાવવા કહયું હતું. દરિયાકાંઠાના સંરક્ષણ/સુરક્ષાને વધારવા માટે સ્થાપિત કરાયેલા વિવિધ પગલાંઓની ચકાસણી કરવા માટે, એક્સ સી વિજિલ દરમ્યાન પોરબંદર પોલીસ દ્વારા રાખવામાં આવેલ બંદોબસ્ત તેમજ દરિયાઈ પેટ્રોલિંગ ચકાસણી કરવા જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા દ્વારા જેટી ખાતે બંદોબસ્ત નિરીક્ષણ તેમજ દરિયાઈ પેટ્રોલિંગ કરી સંકળાયેલ પોલીસ અધિકારી કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામા આવેલ હતી.(૪.૫)

ધોરાજી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરનો ૧૦મો પાટોત્સવ રવિવારે દિવ્યતાથી ઉજવાશે: ૫૦૦થી વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ





(કિશોર રાઠોડ-ધર્મેન્દ્ર બાબરીયા દ્વારા)ધોરાજી તા.૨૭: ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિરનો ૧૦મો પાટોત્સવ ૨૯ને રવિવારે ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવવામાં આવશે, આ પાટોત્સવમાં સારંગપુરથી પૂજ્ય આત્મતૃપ્ત સ્વામી સાળંગપુરથી પૂજ્ય આત્મતૃપ્ત સ્વામી આપશે સત્સંગ પ્રવચનનો લાભ: સવારે ૮થી ૯.૩૦ મહાપૂજા, ૧૧ વાગ્યે અન્નકૂટ-મહાઆરતી, સાંજે ૫ વાગ્યે મુખ્ય સભા, ૭ વાગ્યે આરતી અને આતશબાજી





કે જેઓ PHD છે, સંત તાલીમ કેન્દ્ર સારંગપુર અને સારંગપુરમાં ચાલતા સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાન આચાર્ય છે, તેઓ ખાસ સત્સંગ પ્રવચનનો લાભ આપવાના છે.

જૂનાગઢ BAPS સ્વામિનારાયણ મંદિરના સંત નિર્દેશક પૂજ્ય કલ્યાણમૂર્તિ સ્વામીએ માહિતી આપતા જણાવેલ કે ધોરાજી ગ્ભ્લ્ સ્વામિનારાયણ મંદિરનો ૧૦મો પાટોત્સવ ૨૯ને રવિવારે ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવવામાં આવશે, પાટોત્સવમાં સવારે ૮.૦૦થી ૯.૩૦ સુધી મહાપૂજા યોજાશે અને ૧૧.૦૦ વાગ્યે ૫૦૦થી વધારે વાનગીઓનો ધોરાજી સત્સંગ મંડળનો દિવ્યભાવથી ભવ્ય અન્નકૂટ ઠાકોરજીને ધરાવવામાં આવશે અને તેની મહાઆરતી સવારે ૧૧.૦૦ વાગ્યે અને સાંજે ૭.૦૦ થશે.

સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજના ૭.૦૦ સુધી ધોરાજીની ધર્મપ્રેમી જનતા માટે આ ભવ્ય અન્નકૂટના દર્શન ખુલ્લા રહેશે અને સાંજે ૭.૦૦ વાગે ફરી વખત ભવ્ય આરતી અને આતશબાજી યોજાશે, સાંજે ૫.૦૦ વાગ્યે પાટોત્સવની મુખ્ય સભા યોજાશે જેમાં પૂજ્ય આત્મતૃપ્ત સ્વામી ખાસ સભાનો લાભ આપશે. પૂજ્ય આત્મતૃપ્ત સ્વામીને સાંભળવા એ એક લ્હાવો છે, તો તેઓની સભાનો પરિવાર સાથે લાભ લેવા માટે ધોરાજીની તમામ ધર્મપ્રેમી જનતાને ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિરનું ખાસ ખાસ આમંત્રણ છે.

આ પાટોત્સવને સફળ બનાવવા માટે સંત નિર્દેશક પૂજ્ય કલ્યાણમૂર્તિ સ્વામી અને પૂજ્ય અક્ષરમંગલ સ્વામીના દેખરેખ નીચે સમગ્ર સત્સંગ મંડળ ભાઈઓ-બહેનો, સંયુક્ત મંડળ, મહિલા મંડળ, યુવતી મંડળ, યુવક મંડળ, બાળ મંડળ, બાલિકા મંડળ તેમજ જમનાવડ, જાલણસર, મોટીમારડ, સુપેડી વગેરે મંડળના હરિભક્તો પણ જહેમત ઉઠાવી રહ્યા છે.(૨.૭)

મોરબીમાં 'એનપીએસ સંચય આઉટરીચ' કાર્યક્રમ યોજાયો: ખેડૂતો, ગ્રામ્ય ઉદ્યોગકારો અને શ્રમિકોને પેન્શન સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયુ

પીએફઆરડીએ અને લીડ બેંક - એસબીઆઇ દ્વારા આયોજિત સેમિનારમાં ઓન-ધ-સ્પોટ રજિસ્ટ્રેશન તેમજ વિશેષ તાલીમ સત્ર યોજાયું :એનપીએસ સંચય યોજનાની વિશેષતાઓ, નિયમિત બચત, પેન્શન આયોજન અને નોંધણી પ્રક્રિયા અંગે સવિસ્તર માહિતી અપાઈ



(માહિતી ખાતુ)મોરબી,તા.૨૬: પેન્શન ફંડ રેગ્યુલેટર એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા તથા લીડ બેંક - સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા - મોરબી દ્વારા મોરબીની ધ ફર્ન રેસીડેન્સી ખાતે 'એનપીએસ સંચય આઉટરીચ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાત રાજ્યમાં ૬ જિલ્લાઓમાં યોજાનાર આ વિશેષ અભિયાન અંતર્ગત મોરબી જિલ્લાની પસંદગી કરવામાં આવી છે, જેના ભાગરૂપે ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO), ગ્રામ્ય ઉદ્યોગકારો, નાના વ્યવસાયકારો, શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રના નાગરિકોને એનપીએસ - રાષ્ટ્રીય પેન્શન યોજના સાથે જોડી નિવૃત્તિ બાદ નાણાકીય સુરક્ષા પૂરી પાડવાના હેતુથી આ સેમિનાર યોજાયો હતો.

મોરબી ખાતે યોજાયેલા NPS સંચય આઉટરીચ કાર્યક્રમમાં સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીના ડીજીએમ વીણાબેન શાહે જણાવ્યું હતું કે 'વિકસિત ગુજરાત થી વિકસિત ભારત ૨૦૪૭' હેઠળ છેવાડાના વ્યક્તિ સુધી લાભ પહોંચાડવા, વીમા લાભાર્થીઓ વધારવા અને મહિલા સશક્તિકરણ માટે નાણાકીય સમાવેશની યોજનાઓ મહત્વની છે, જેમાં મોરબી રાજ્યના ૬ જિલ્લાઓમાં પોતાની અલગ ઓળખ સાથે આગળ વધી રહ્યો છે.

કાર્યક્રમમાં મોરબીના નાબાર્ડના ડીડીએમ આદિત્ય નિકમે એસએચજી મહિલાઓ અને સહકારી મંડળીઓની ભૂમિકા તથા ગ્રામીણ-કૃષિ કલ્યાણ યોજનાઓ, બેંક ઓફ બરોડાના એજીએમ અવિનાશ કુમારે એનપીએસસંચય અને એમએસએમઈ માટે સુરક્ષા કવચ તથા નાની બચત, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એફઆઈ મેનેજર અશોક કુમારે જનધન, પીએમ જીવન જ્યોતિ વીમા યોજના, પીએમ સુરક્ષા વીમા યોજના, ડિજિટલ ધ્દ અને નિષ્ક્રિય ખાતા શરૂ કરવા તેમજ બેંક ઓફ બરોડાના એજીએમ મનીષ માકરીયાએ એનપીએસ સંચયમાં જોડાવાની પાત્રતા અને રોકાણ અંગે માર્ગદર્શન આપી લાભ લેવા અનુરોધ કર્યો હતો.

પેન્શન ફંડ રેગ્યુલેટર એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાથી આવેલા ટ્રેઈનર શુભમ ખંડેલવાલ અને ટ્રેઈનરશ્રી ઋત્વિક ભાવસાર દ્વારા એનપીએસ સંચય યોજના વિશે વિસ્તૃત માહિતી આપતા આ યોજના હેઠળ કેટલા લોકોએ નોંધણી કરાવી છે, તેમાંથી કેટલી આવક થાય છે, ક્યાં રોકાણ કરવામાં આવે છે વગેરે વિશે છણાવટ કરવામાં આવી હતી અને લોકોની મૂંઝવણ અને પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મોરબી લીડ બેંક મેનેજર નરેશ કુમારે કર્યું હતું, જ્યારે આભારવિધિ રાજકોટ લીડ બેંક મેનેજર પવન કુમારે કરી હતી.

આ કાર્યક્રમમાં એનપીએસ સંચય યોજનાની વિશેષતાઓ, નિયમિત બચત, પેન્શન આયોજન અને નોંધણી પ્રક્રિયા અંગે સવિસ્તર માહિતી આપવામાં આવી હતી તેમજ લાભાર્થીઓ માટે સ્થળ પર જ 'ઓન-ધ-સ્પોટ રજિસ્ટ્રેશન'ની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ હતી. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પેન્શન યોજનાની પહોંચ વધારવા માટે બિઝનેસ કોરસ્પોન્ડન્ટ તથા કોમન સર્વિસ સેન્ટરના વિલેજ લેવલ એન્ટ્રેપ્રિન્યોર્સ માટે વિશેષ તાલીમ સત્ર યોજાયું હતું.

આ કાર્યક્રમમાં બેંકિંગ ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, તથા મહિલાઓ, સહકારી મંડળીના સભ્યો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.(-પારૂલ આડેસરા-માહિતી ખાતુ-મોરબી) (૩.૪)

મોરબીમાં જુગાર રમતા 3 પકડાયા

ગાંધી ચોકમાં મોબાઇલમાં લુડો ગેમમાં જુગાર રમતા બે પકડાયા

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૨૭: મોરબી એ ડીવીઝન પોલીસ ટીમે કંડલા બાયપાસ માજીતિનંદન એપાર્ટમેન્ટ વાળી શેરીમાં જાહેરમાં તીનપત્તી જુગાર રમતા ધર્મેન્દ્ર દાનાભાઈ જારીયા, કરીમ હુશેન ચાનિયા અને રમેશ ઉર્ફે મિથુન લીલાધર કાનાબાર એમ ત્રણને ઝડપી લઈને રોકડ રૂ ૭૫૦૦ જપ્ત કરી છે.

બીજી રેડમાં ગાંધી ચોકમાં જાહેરમાં મોબાઈલ એપમાં લૂડો ગેમમાં જુગાર રમતા મકબુલ નિઝામ ચાનિયા અને મુસ્તાક અબ્દુલ સુમરાને ઝડપી લઈને રોકડ રૂ ૭૦૦ અને મોબાઈલ કીમત રૂ ૫૦૦૦ સહીત કુલ રૂ.૫૭૦૦ નો મુદામાલ જપ્ત કર્યો છે. (૨૨.૧૫)

રાણાવાવ ગામે મારકૂટ કરી ગંભીર ઇજાના કેસમાં પકડાયેલ આરોપીને બે વર્ષની સજા

પોરબંદર તા. ૨૭ :.. રાણા કંડોરણા ગામે ખેતરમાં ચાલવાના રસ્તા બાબતે ફરીયાદી હમીરભાઈ ગીગાભાઈ કારાવદરા ને માર મારી પગ તથા માથાના ભાગે ઈજા કરનાર આરોપીઓને બે વર્ષની સજા તથા રૂ.૩૦,૦૦૦/- નો દંડ રાણાવાવની અદાલતે ફટકાર્યો હતો.

ગઈ તા.૩૦/૦૭/૨૦૨૪ ના રોજ રાણાવાવ તાલુકાના રાણા કંડોરણા ગામે ફરીયાદી હમીરભાઈ ગીગાભાઈ કારાવદરા જાતે-મેર ઉ.વ-૫૭ ધંધો, ખેતિ રહે.રાણા-કંડોરણા ગામ ઠોયાણા રોડ વાડી વિસ્તાર તા.રાણાવાવ જી.પોરબંદર વાળાને આ કામના આરોપીઓ(૧)દેવસી અરજનભાઈ કેશવાલા ઉ.વ.૪૨

હાર્દીક દેવસી કેશવાલા ઉ.વ.૨૦ રહે.બંન્ને રાણા કંડોરણા ગામ ઠોયાણા રોડ વાડી વિસ્તાર તા.રાણાવાવ વાળાઓએ આ કામના ફરીયાદી સાથે જમીનના રસ્તા બાબતે બોલાચાલી કરી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી આરોપી દેવસી અરજનભાઈ કેશવાલા એ લાકડીનો એક ઘા માથાના ભાગે મારતા ત્રણ ટાંકા તથા આરોપી હાર્દીક દેવસી કેશવાલા એ એક લાકડીનો ઘા ડાબા પગમાં મારી મુઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ એક બીજાને મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટના પોરબંદરના હથીયાર બંધી જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરેલ.

આ બાબતે રાણાવાવ પો.સ્ટે. માં બી.એન.એસ.કલમ ૧૧૫(૨),૧૧૮(૧), ૩૫૨,૩૫૧(૩),૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ નો ગુન્હો દાખલ થયેલ જે કેસ રાણાવાવ કોર્ટમાં ચાલી જતાં સરકાર તરફે રાણાવાવ કોર્ટના એ.પી.પી. જે.એલ.ઓડેદરાએ સદરહુ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ સદરહુ ગુન્હો સમાજમાં ભય ફેલાવે તેવો હોય અને સરકાર શ્રી દ્વારા માથાભારે ઈસમો સમાજમાં ભય ફેલાવતા હોય અને આરોપીઓએ જમીનનો રસ્તો પચાવી પાડવા માટે ફરીયાદીને માર મારતાં અને અને ફરીયાદ પક્ષે રજુ તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી આરોપીઓ સામેનો કેસ નિઁશંકપણે પુરવાર થાય તેવી દલીલો કરતાં જે દલીલો માન્ય રાખી આરોપીને રાણાવાવ કોર્ટના જ્યુ.ફ.ક.મેજી. સંજયકુમાર ઓ. ગર્ગ દ્વારા આરોપીને બે વર્ષની સખત કેદની સજા તથા રૂ.૩૦,૦૦૦/- નો દંડ ફટકારવામાં આવેલ છે.(૫-૧૪)

પોરબંદર આઇટીઆઇમાં કાલે રોજગાર ભરતી મેળો

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર તા. ૨૭: જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૨૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આઈ.ટી.આઈ., (જવાહર નવોદય સ્કૂલ પાસે, નેશનલ હાઈ-વે, વનાણા) ખાતે રોજગાર ઇચ્છુકો ઉમેદવારો માટે ઓપન ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્થાનિક નોકરીદાતા સૌરાષ્ટ્ર કેલ્સિન & બોક્સાઈટ-પોરબંદર, શ્રી ભવાની ફેબ્રીકેટર & એન્જિનિયર-પોરબંદર અને અમર ફૂડ પ્રોડક્ટ-પોરબંદર ના પ્રતિનિધિઓ રૂબરૂમાં તેમજ આઈસીઆઈસીઆઈ બેન્ક ના નોકરીદાતા ઓનલાઈન માધ્યમથી ઈન્ટરવ્યૂ કરશે.

આ ભરતી મેળામાં વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ જેવી કે આઈ.ટી.આઈ. (ફિટર, વેલ્ડર, ઈલેક્ટ્રીશિયન), ડિપ્લોમા અને બી.ઈ. મિકેનિકલ, બી.એસ.સી. તેમજ એમ.એસ.સી., બી.કોમ., કોઈ પણ ગ્રેજ્યુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારો માટે વિવિધ જગ્યાઓ જેવી કે મિકેનિકલ એન્જિનિયર, આઈ.ટી.આઈ. ફિટર, કેમિસ્ટ, ઈલેક્ટ્રીશિયન, ઓફિસ ક્લાર્ક, સાઈટ સુપરવાઈઝર, સ્ટોર કિપર, વેલ્ડર, એકાઉન્ટન્ટ્ એડમીન એક્ઝ્યુકેટીવ, પ્લાન્ટ ટેકનીશીયન તથા અન્ય જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ યોજાશે.

આ ઓપન જોબફેર હોવાથી જે ઉમેદવારોને કોલલેટર મળ્યા ન હોય અથવા રોજગાર કચેરીમાં નામ નોંધણી કરાવેલ ન હોય તેવા તમામ લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉમેદવારોએ પોતાના તમામ શૈક્ષણિક લાયકાત અને અનુભવના અસલ પ્રમાણપત્રો તથા તેની નકલ, લિવિંગ સર્ટિફિકેટ, માર્કશીટ, આધારકાર્ડ અથવા ચૂંટણી કાર્ડ, ૪ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તથા બાયોડેટા સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે અને વધુ માહિતી માટે કચેરીના ઈ-મેઈલ આઈ.ડી. ojt.gj@gmail.com પેજ MCC_PORBANDAR ની વિઝીટ કરવા યાદીમાં જણાવાયું છે.(૭.૨૨)

સુરક્ષાથી શાંતિ અને શાંતિથી આર્થિક વિકાસને વેગ: કમલેશભાઇ પટેલ

દરીયાઇ અને હવાઇ સુરક્ષા મજબુત બનાવવા અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ અનિવાર્ય : અર્જુનભાઇ

પોરબંદરના કુછડી મરીન ટાસ્ક ફોર્સ કેમ્પસ અને ખાસ જેલના ૧૭ કરોડથી વધુ વિકાસકામોનું લોકાર્પણ : પર્યાવરણ મંત્રી અર્જુનભાઇ મોઢવાડીયા અને જેલ અને પોલીસ હાઉસીંગ રાજયમંત્રી કમલેશભાઇ પટેલની ઉપસ્થિતીમાં કાર્યક્રમ



પોરબંદર, તા., ૨૭ : પોરબંદર જિલ્લામાં દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તેમજ પોલીસ અને જેલ વિભાગના માળખાકીય સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી કુછડી મરીન ટાસ્ક ફોર્સ કેમ્પસ અને ખાસ જેલ ખાતે રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા આશરે રૂ. ૧૭ કરોડથી વધુના ખર્ચે નિર્મિત વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૨૬

બુલિયન માર્કેટમાં સતત બીજા દિ'એ તેજી ચાંદીમાં ૬૦૦૦ અને સોનામાં ૨૩૦૦ રૂા.વધ્યા

હાજરમાં ચાંદી ૧ કિલોના ભાવ વધીને ૧,૫૬,૦૦૦ અને સોનાના ભાવ ૧,૨૯,૪૦૦ રૂા. થયા

રાજકોટ તા.૨૭: બુલિયન માર્કેટમાં સતત બીજા દિવસે તેજી જોવા મળી હતી. ચાંદીમાં ૬,૦૦૦ અને સોનામાં ૨૩૦૦ રૂા.નો ઉછાળો થયો હતો.

બુલિયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનિક બજારમાં ચાંદીમાં આજે વધુ ૬૦૦૦રૂા.નો ભાવવધારો થયો છે.ગઈકાલે ચાંદી ૧ કિલોના ભાવ ૧,૫૦,૦૦૦ રૂા. હતા તે વધીને ૧,૫૬,૦૦૦રૂા. થઈ ગયા છે.

ચાંદીની સાથે સોનામાં પણ તેજી જોવા મળી હતી. બુલિયન માર્કેટમાં ડોલરમાં તેજીને પગલે સ્થાનિક બજારમાં આજે સોનામાં ૨૩૦૦ રૂા. વધ્યા હતા. ગઈકાલે સોનુ સ્ટાન્ર્ડ (૧૦ ગ્રામ)ના ભાવ ૧,૨૭,૧૦૦ રૂા. હતા તે વધીને



૧,૨૯,૪૦૦ રૂા. થઈ ગયા છે. સોનાના બિસ્કીટમાં ૨૩૦૦ રૂા.નો ઉછાળો થયો છે. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ)ના ભાવ ૧૨,૭૧, ૦૦૦ રૂા. હતા તે વધીને ૧૨,૯૪,૦૦૦ રૂા.ની સપાટી પહોંચ્યા છે. છેલ્લા બે દિવસમાં ચાંદીમાં ૧૪૦૦૦ રૂા. અને સોનામાં ૮,૫૦૦ રૂા.નો નોંધપાત્ર ભાવવધારો થયો છે.

વિશ્વ માર્કેટમાં અમેરીકન ડોલર નબળો પડતા અને વ્યાજદરમાં ઘટાડાની શકયતાએ સોના-ચાંદીના ભાવમાં વધારો થયાનું ઝવેરી બજારના સુત્રોએ જણાવ્યુ હતું.(૨.૧૫)

જી.જી.હોસ્પિટલના સુપરસ્પેશ્યાલિસ્ટ ઓ.પી.ડી.નું જૂની ઓ.પી.ડી.ના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થળાંતર

જામનગર, તા.૨૭: જી.જી. હોસ્પિટલની જૂની બિલ્ડિંગ ખાલી કરવાની પ્રક્રિયાના ભાગરૂપે જૂના ડાયાલીસીસ વિભાગમાં કાર્યરત સુપરસ્પેશ્યાલિસ્ટ ઓ.પી.ડી.નું સ્થળાંતર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત હાલ જૂના ડાયાલીસીસ વિભાગમાં કાર્યરત સુપરસ્પેશ્યાલિસ્ટ ઓ.પી.ડી. હવે જૂની ઓ.પી.ડી. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ઓ.પી.ડી. નંબર-૭ ખાતે કાર્યરત કરવામાં આવશે.

આ સ્થળાંતર બાદ સોમવારથી નવા નિર્ધારિત સ્થળે સુપરસ્પેશ્યાલિસ્ટ ઓ.પી.ડી.ની સેવાઓ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે. જેથી દર્દીઓએ હવે સુપરસ્પેશ્યાલિસ્ટ ઓ.પી.ડી.ની તબીબી સેવાઓ મેળવવા માટે જૂની ઓ.પી.ડી.ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ઓ.પી.ડી. નંબર-૭ ખાતે જવાનું રહેશે. તેમ જી.જી. હોસ્પિટલના તબીબી અધિક્ષકશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે. (૨૨.૧૮)

સરગવાળામાં ખેડૂતો પર અત્યાચારનો આમ આદમી પાર્ટીનો આક્ષેપ

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર તા.૨૭:.. જામનગર જિલ્લાના સરગવાળા ગામમાં ખેડૂતો પર કરવામાં આવેલા અત્યાચાર અંગે આમ આદમી પાર્ટી, જામનગરના કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે, આમ આદમી પાર્ટી, જામનગરના પ્રમુખ વશરામભાઈ રાઠોડ અને યુવા પ્રમુખ મયુર ચાવડા દ્વારા આપવામાં આવેલા આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે સરગવાળા ગામમાં ખેડૂતોની સંમતિ લીધા વગર અને તેમની સાથે યોગ્ય ચર્ચા કર્યા વિના તેમની જમીનોમાંથી ગેસ પાઈપલાઈન નાખવામાં આવી રહી છે, ખેડૂતોને તેમની જમીનના નુકસાન પ્રમાણે યોગ્ય વળતર પણ આપવામાં આવતું નથી અને ખૂબ ઓછું વળતર આપવામાં આવી રહ્યું છે, આ અન્યાય સામે ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવતા સાત લોકોની ધરપકડ કરવામાં આવી, મહિલાઓ સાથે મારપીટ કરવામાં આવી અને ખેડૂતો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.



આથી આમ આદમી પાર્ટી દ્વારા પ માંગણીઓ કરવામાં આવી છે, જેમાં ૧. ખેડૂતોની સંમતિ અને યોગ્ય ચર્ચા તાત્કાલિક ધોરણે કરવામાં આવે, ૨. ખેડૂતોને તેમની જમીનના નુકસાન પ્રમાણે યોગ્ય વળતર આપવામાં આવે, ૩. મહિલાઓ સાથે થયેલી મારપીટ અને ખેડૂતો પર થયેલા લાઠીચાર્જની તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે, ૪. ધરપકડ કરાયેલા સાત લોકોને ન્યાય મળે તે માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને ૫. ખેડૂતોની સમસ્યાનો ઉકેલ ન આવે ત્યાં સુધી પાઈપલાઈનનું વિવાદિત કામ અટકાવવા કાયદેસર પગલાં લેવામાં આવે, તેનો સમાવેશ થાય છે, અંતમાં ખેડૂતોની આ મુશ્કેલીને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી કરી સરગવાળા ગામના ખેડૂતોને ન્યાય અપાવવા વિનંતી કરવામાં આવી છે. (૫-૧૦)

દેવભુમી દ્વારકા જીલ્લાના ગ્રામ વિસ્તારોની મુલાકાતે કલેકટર રાજેશ તન્ના

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા, તા. ૨૭: દેવભુમી દ્વારકા જિલ્લા કલેકટર રાજેશ તન્ના દ્વારા દેવભુમી દ્વારકા જિલ્લો જ નહીં પણ સમગ્ર ગુજરાતમાં કોઈ જિલ્લા કલેકટરે ના લીધી હોય તેટલી ગામડાઓની રૂબરૂ મુલાકાતો લીધી છે અને ગ્રામ્ય સમસ્યાઓ ગ્રામજનોની પરેશાની હલ કરવા કાર્યવાહી કરી છે.

તાજેતરમાં તેમણે દ્વારકા તાલુકાના જુની દેવાડ ગામ, મોટા તાવડા ગામ, ધ્રાસા ગયેલ ગામ તથા દ્વારકાના ગઠેચી તથા કલ્યાણપુર ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી તથા ગ્રામજનો તલાટી મંત્રી, સરપંચ સાથે ગામના પ્રશ્નોની ચર્ચાઓ કરી હતી તથા સરકારની વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી હતી તથા પાણીની સ્થિતીની સમીક્ષા કરી હતી.

કબુતરનો બચાવ

ખંભાળિયા શહેરમાં નગર ગેઈટ ફીડરમાં ૧૧ કે.વી. ની હેવી વીજલાઈનમાં એક કબુતર ફસાઈ ગયુ હતું. જેથી પીજીવીસીએલના લાઈન ઈન્સપેકટર અનીલભાઈ વાડીયા તથા મદદનીશ પરમારભાઈ દ્વારા ૧૧ કેવીનો વીજ ફીડર બંધ કરીને જહેમતથી ફસાઈ ગયેલા આ કબુતરને બચાવીને બહાર કાઢી મુકત કર્યુ હતું.(૬.૧૦)

મોબાઇલ ચોરીના આરોપીને પકડી પાડતી દ્વારકા સર્વેલન્સ પોલીસ



ખંભાળિયા: દ્વારકા પો.સ્ટે પાર્ટ-અ કલમ ૩૦૩(૨) મુજબના મોબાઈલ ચોરીના આરોપીને હકીકત મળતા દ્વારકા લક્ષ્મી મારબલ રોડ ગુરુકૃપા ધાબા પાસેથી ચોરાયેલ બે મોબાઈલ ફોન (૧) સેકેન્ડ કલરનો કી.રૂ.૨૦,૦૦૦/-નો તથા (૨) કાળા કલરનો કી.રૂ. ૨૦,૦૦૦/-નો મળી કુલ કી.રૂ.૪૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથ રકશન અરથોન એન સંગમા, ખ્રીસ્તી ઉ.વ.૨૨, ધંધો.ગોકુલધામ ભવનમાં સફાઇ કામ રહે. મોઇપરા મવસ્યનરૂટ વેસ્ટ કાશી હીલ્સ રેઇનગડો બજાર રાજય મેઘાલયને પકડી પાડેલ છે.

આ કામગીરી(૧)પોલીસ ઇન્સપેકટર એમ.જી.જાડેજા, (૨) પો.સબ.ઇન્સ આર.એલ. ચોપડા,(૩) એ.એસ.આઈ રાણાભાઈ રણમલભાઈ વાઘેલા, (૪) હરપાલસિંહ ધનશ્યામસિંહ ઝાલા(૫) થારીયાભાઈ કેશુભાઈ સુમણીયા(૬) પો.હેડ કોન્સ જીવાભાઈ કરણાભાઈ ગોજીયા(૭) હરપાલસિંહ ચતુરસિંહ જાડેજા(૮)કુલદીપભાઈ કનુભાઈ ખુમાણ (૯) જેસાભાઈ મસરીભાઈ આંબલીયા એ કરી હતી. (૩૫-૧૨)

જામનગરના આમરા ગામે બળદ આડો ઉતરતા મોટર સાયકલ ચાલકનું મોત

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૧૭: જિલ્લાના આમરા ગામે રૂકનશાપીરની દરગાહ પાસે રહેતા દિલીપ જીતુભાઈ ચંદ્રપાલ એ સિક્કા પોલીસ સ્ટેશનમાં જાહેર કરેલ છે કે, જીતુભાઈ ભીખાભાઈ ચંદ્રપાલ, ઉ.વ.૪૨ વાળા પોતાનું મોટરસાયકલ જી.જે.૧૦-ડીકયુ-૮૦૭૩ લઈને જતા હોય તે દરમ્યાન જીવાપર ગામની વચ્ચે ઈસ્માઈલ પીરની દરગાહની પહેલા રોડ ઉપર ખુટીયો(બળદ) આડો ઉતરતા મોટરસાયકલ ભટકાતા અકસ્માત થતા સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ છે.

સુમેર કલબ રોડ પર ૨૪ ચપટા સાથે ઝડપાયો

અહીં સીટી એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ. વિનાયકભાઈ જગદીશભાઈ વાઘેલા એ ફરીયાદ નોંધાવી છે કે, મયુર મેડીકલ થી આગળ સુમેર કલબ રોડ પાસે જાહેરમાં આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ટફી ભીખુભા જાડેજા વિદેશી દારૂના શીલબંધ ચપટા નંગ-૨૪, કિંમત રૂ.૨૪૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયેલ છે.

માટેલ ચોકમાં ૪૦ ચપલા સાથે બે ઝડપાયા

અહીં સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં કોન્સ. ધર્મેન્દ્રસિંહ ઘેલુભા વાઢેર એ ફરીયાદ નોધાવી છે કે, માટેલ ચોક, રામેશ્વરનગર, માટેલ પાનથી આગળ રોડ ઉપર આરોપીઓ મિહીર પ્રતાપભાઈ સોઢા, કિશન સામતભાઈ મકવાણા દારૂના અલગ અલગ કંપનીના ચપલા નંગ-૪૦, કિંમત રૂ.૧૨,૦૦૦/- નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન ઝડપાઈ ગયેલ છે.

ફલ્લા ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

પંચ એ પોલીસ સ્ટેશનમાં કોન્સ. કમલેશભાઈ અમુભાઈ ખીમાણીયા એ ફરીયાદ નોંધાવી છે કે, ફલ્લા ગામે વડવાળા હોટલ પાછળ, કંકાવટી નદીના કાઠે જાહેરમાં આરોપીઓ સમીર નુરમામદ જુણેજા, બસીર કાસમભાઈ ખીરા, રફીક જાફરભાઈ સોટા, રસીદ હનીફભાઈ શેખ, હારૂન ઈબ્રાહીમ આમરણીયા રેઈડ દરમ્યાન રોકડા રૂ.૧૩,૨૯૦/- ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયેલ છે.(૨૩.૧૧)

જામનગરના શાપર ગામે નવી ગ્રામ પંચાયત કચેરીનું લોકાપર્ણ

જામનગર: તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસ અને ગ્રામજનોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સાપર, ગાગવાધાર (મોટી ખાવડી) અને બેડ ગામે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ તથા ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાયા હતા.

આ પ્રસંગે સાપર ગામે નવીન ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે ગાગવાધાર (મોટી ખાવડી) ગામે ભૂગર્ભ ગટર યોજના તથા પેવર બ્લોકના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ બેડ ગામે રાહત શિબિર હોલના નિર્માણકાર્યનો પણ વિધિવત્ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓનું વિસ્તરણ અને જનસુવિધાઓનું મજબૂતીકરણ એ વિકાસની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

આ કાર્યક્રમોમાં જામનગર જીલ્લા ભાજપ મહામંત્રી કુમારપાલસિંહ રાણા, સીક્કા પ્રભારી પ્રદિપસિંહ જાડેજા, જામનગર જીલ્લા ન્યાય સમિતિના ચેરમેન લક્ષ્મીબેન વારસાકીયા. જીલ્લા ભાજપ યુવા પ્રમુખ ગીરીરાજસિંહ જાડેજા, જીલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના સદસ્યઓ ગામોના સરપંચઓ તેમજ ગામોના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.(૩૫-૧૩)

જામનગરમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

જામનગર, તા. ૨૭ : જામનગર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. આ બેઠકમાં કલેક્ટરએ નાગરિકોની રજૂઆતોને ગંભીરતાથી સાંભળીને નિયમોનુસાર ત્વરિત કાર્યવાહી કરવા તથા તમામ પ્રશ્નો નિર્ધારિત સમયમર્યાદામાં સંતોષકારક નિકાલ લાવવા સંબંધિત વિભાગના અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.અને બેઠકમાં ઉપસ્થિત નાગરિકો દ્વારા રજૂ કરવામાં આવેલા મહત્તમ પ્રશ્નો સકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમ દરમિયાન નાગરિકો દ્વારા જર્જરિત ઈમારતો દૂર કરવી, સૌની યોજનાની પાઈપલાઈનમાં પાણીનો વાલ્વ મૂકવો, જૂના માર્ગોને ડામર રોડમાં રૂપાંતરિત કરવા, ખુલ્લી ગટરો અને ઉભરાતી ગટરની સમસ્યાનું નિરાકરણ લાવવું તેમજ રોડ પર સ્પીડબ્રેકર મૂકવા અને રેલિંગની ચાઈ ઘટાડવા વગેરે અંગે રજૂઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગૌચરની જમીનનાં દબાણો દૂર કરવા, ગૌચરની જમીન સરકારી ખરાબામાંથી પરત ગૌચર હસ્તે કરવી, કૂવા માટે જમીન ફાળવવી, જાહેર રોડ પરની દબાયેલી કુંડીઓ ખુલ્લી કરાવવી, નદી પરના પુલનું રિપેરિંગ કરવું તથા માનવીના પ્રશ્નોનો પારદર્શક અને સંવેદનશીલ અભિગમ સાથે ઝડપી નિકાલ થાય તે સુનિશ્ચિત કરવું એ આપણી સૌની મુખ્ય પ્રાથમિકતા છે. સ્વાગત કાર્યક્રમના માધ્યમથી અરજદારોને રૂબરૂ ન્યાય અને રાહત મળતી હોવાથી તમામ કચેરીઓએ સંકલનમાં રહીને કામગીરી કરવા તેમણે ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુ નિશા, ઈ.પોલીસ અધિક્ષક સુ પ્રતિભા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, સર્વે પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ વિવિધ સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (૯.૨૧)

ભાણવડ નજીક ટ્રેક્ટરની ઠોકરે કાર

જામ ખંભાળિયા તા. ૨૭ :.. ખંભાળિયાની મહાપ્રભુજી બેઠકની પાછળ રહેતા રાજનકુમાર લાલજીભાઈ ઠાકર નામના ૩૩ વર્ષના બ્રાહ્મણ યુવાન જી.જે. ૧૦ એપી ૪૭૫૬ નંબરની આઈ-૨૦ મોટરકારમાં બેસીને જામનગરથી માણાવદર ખાતે જઈ રહ્યા હતા. ત્યારે ભાણવડ નજીક આવેલી બાપુની વાવ આગળ પહોંચતા આ આવી રહેલા જી.જે. ૩૭ ટી ૧૨૭૧ નંબરના એક ટ્રેક્ટરના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. જેના કારણે તેમને નાનીમોટી ઈજાઓ સાથે સ્થાનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ અંગે ભાણવડ પોલીસે ટ્રેક્ટરના ચાલક સામે ગુનો નોંધ્યો છે. (૫-૧૪)



જામનગરના સિક્કા ટીપીએસ ખાતે એજીવિકેએસ યુનિયનનું સ્નેહમિલન

જામનગર : સિક્કા ખાતે જીએસઈસીએલ થર્મલ પાવર સ્ટેશન ના કર્મચારી યુનિયન અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ નું સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ગુજરાત ના સૌથી મોટા વીજ કર્મચારી યુનિયન એવા એજીવિકેએસ ના સિક્કા ખાતે ના હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહેલ. સિક્કા ટીપીએસ ના રિટાયર્ડ કર્મચારી અને સંનિષ્ટ હોદેદાર એન.ડી.ત્રિવેદી ની હાજરી એ કાર્યક્રમ દીપાવ્યો હતો. સિક્કા ના એજીવિકેએસ ના સિનિયર હોદેદારો આર.આર.મહેતા- વાઈસ પ્રેસિડેન્ટ, કે.પી.અમરેલીયા - જોઈન્ટ પ્રેસિડેન્ટ, એચ.જી.જાડેજા-એ.જી.એસ, એ વક્તવ્ય આપેલ સંગઠન મજબૂત બનાવવા અપીલ કરેલ હતી. સાથે જ બલદેવ ગઢવી, જે.ડી.પંડ્યા, મોહિતસિંહ કંચવા, અભિષેક વાછાણી, આર.ડી.હનોરા, એલ.આર.ડેર, એ.જી.પંડ્યા, જીગ્નેશ રાવલ,નયન જોષી, આર.એન.જાડેજા, યોગીરાજસિંહ જાડેજા, પી.એચ. જાવિયા, કેયુર બડમલીયા તેમજ અન્ય હોદેદારો અને કાર્યકરો હાજર રહેલ હતા. તેમ સંજય દવે ની યાદી માં જણાવેલ છે.(૯.૨૧)

જામનગર ગ્રામ્યમાં વિકાસકાર્યોને વેગ: રાઘવજીભાઈ પટેલના હસ્તે વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત



(સંજય ડાંગર દ્વારા) ધ્રોલ, તા. ૨૭: જામનગર ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારમાં માળખાકીય સુવિધાઓના વિકાસને આગળ ધપાવવાના ભાગરૂપે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલના હસ્તે વિવિધ ગામોમાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાયા હતા. આ અંતર્ગત સાપર ગામે નવનિર્મિત ગ્રામ પંચાયત કચેરીનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવીન કચેરીના નિર્માણથી ગ્રામજનોને સ્થાનિક કક્ષાએ વહીવટી કામગીરીમાં વધુ સુવિધા મળશે.

જ્યારે ગાગવાધાર (મોટી ખાવડી) ગામે સ્વચ્છતા અને પાયાની સુવિધાઓને ધ્યાનમાં રાખીને ભૂગર્ભ ગટર યોજના તેમજ પેવર બ્લોકના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામો પૂર્ણ થતાં ગ્રામજનોને સ્વચ્છતા, આંતરિક સુવિધાઓ અને સામૂહિક પ્રવૃત્તિઓ માટે વધુ સગવડ પ્રાપ્ત થશે. તેવા રાહત શિબિર હોલના નિર્માણકાર્યનો પણ વિધિવત્ પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓનું મજબૂતીકરણ અને વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવાની દિશામાં આ કાર્યો મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું. આ કામો પૂર્ણ થતાં ગ્રામજનોને સ્વચ્છતા, આંતરિક સુવિધાઓ અને સામૂહિક પ્રવૃત્તિઓ માટે વધુ સગવડ પ્રાપ્ત થશે. કાર્યક્રમમાં જામનગર જિલ્લા ભાજપ મહામંત્રી કુમારપાલસિંહ રાણા, સિક્કા પ્રભારી પ્રદિપસિંહ જાડેજા, જિલ્લા ન્યાય સમિતિના ચેરમેન લક્ષ્મીબેન વારસાકીયા, જિલ્લા ભાજપ યુવા પ્રમુખ ગીરીરાજસિંહ જાડેજા સહિત જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, સ્થાનિક સરપંચો, આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.(૬.૫)

જામનગરમાં ABVP ગુજરાત પ્રદેશના ૫૮મા પ્રદેશ અધિવેશન કાર્યાલયનું ઉદ્ઘાટનઃ આગામી જાન્યુઆરીમાં યોજાશે ત્રિદિવસીય અધિવેશન

સુમેર ક્લબ રોડ પર સેન્ટર પોઈન્ટ ખાતે કાર્યાલયનો શુભારંભઃ પ્રદેશ અધ્યક્ષ ડો. લક્ષ્મણભાઈ ભૂતડિયા અને પ્રદેશ મંત્રી દેવાંશભાઈ બ્રહ્મભટ્ટ વિશેષ ઉપસ્થિત, ૮ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન જામનગરમાં યોજાશે અધિવેશન



(મુકુંદ બદિયાણી દ્વારા)જામનગર, તા. ૨૭ :.. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ગુજરાત પ્રદેશના આગામી ૫૮મા પ્રદેશ અધિવેશનના આયોજનના ભાગરૂપે જામનગર ખાતે પ્રદેશ અધિવેશન કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જામનગરના સુમેર ક્લબ રોડ પર આવેલા સેન્ટર પોઈન્ટ ખાતે (SBI બેંકની ઉપર, પ્રથમ માળે) આ કાર્યાલયનો શુભારંભ કરાયો હતો, આ ઉદ્ઘાટન સમારોહમાં ABVP ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ ડો. લક્ષ્મણભાઈ ભૂતડિયા અને પ્રદેશ મંત્રી દેવાંશભાઈ બ્રહ્મ ભટ્ટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા, આ ઉપરાંત ધારાસભ્ય દિવ્યેશ અકબરી, અગ્રણી જીતુભાઈ લાલ, ભાવેશભાઈ ગગીયા તેમજ ૫૮મા પ્રદેશ અધિવેશનના વ્યવસ્થા પ્રમુખ ડો.કિશોરભાઈ નડિયાપરા, જામનગર નગર અધ્યક્ષ પ્રા. મનીષભાઈ ચતવાણી અને નગર મંત્રી રાજવીર ગઢવી સહિતના હોદેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા, આ અંગે માહિતી આપતા ABVP ગુજરાતના પ્રદેશ સહમંત્રી ઋત્વિક ભીલાએ જણાવ્યું હતું કે, જામનગરમાં આગામી જાન્યુઆરી માસની ૮ થી ૧૦ તારીખ દરમિયાન ત્રિદિવસીય ૫૮મું પ્રદેશ અધિવેશન યોજાવા જઈ રહ્યું છે, આ અધિવેશનની તૈયારીઓ અને આયોજનને વેગ આપવા માટે શરૂ કરાયેલા આ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ABVPના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. (તસ્વીર :.. કિંજલ કારસરિયા-જામનગર)



ખંભાળિયામાં સફાઇ કામદારો દ્વારા કામગીરીઃ

ખંભાળિયા: સફાઇ કામદારોનું ૩૦ દિવસ ઉપવાસ આંદોલન અને ૮ દિવસ સફાઇ કામદારોની હડતાલ બાદ સમાધાન થતાં ૧૧૦ સફાઇ કર્મચારીઓ કામે ચડયા છે દરેક વોર્ડમાં ૧૧પુરૂષો અને ૧૨ મહિલાઓ દ્વારા રાત્રી સફાઇ ઝુંબેશ શરૂ કરીને ખંભાળિયાને ગંદકીના ગંજમાંથી મુકિત અપાવવા કામગીરી કરી છે. (તસ્વીર અહેવાલ: કૌશલ સવજાણી-ખંભાળીયા.

ધ્રાંગધ્રા હોસ્પિટલમાં તબીબોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા માંગણી

વઢવાણ, તા.૨૭: ધ્રાંગધ્રાશહેર ખાતેની સરકારી હોસ્પિટલમાં લાંબા સમયથી મહત્વના ડોકટરોની ખાલી જગ્યાઓના કારણે શહેર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓને પારાવાર મુશ્કેલી પડતી હોવાથી પુર્વ મંત્રીએ આરોગ્ય મંત્રીને સમસ્યા ઉકેલવા રજુઆત કરી છે.

હોસ્પીટલમાં લાંબા સમયથી સ્ત્રી રોગ નિષ્ણાંત, કાનના ડોકટર, આંખ વિભાગમાં મશીનરી, એકસરે મશીન, પેથોલોજીના સાધનો અને ટેકનીશીયનના અભાવે હજારો દર્દીઓને ભારે મુસ્કેલી ભોગવવી પડી રહી છે. દર્દીઓને ખાનગી હોસ્પીટલમાં ઉંચા ખર્ચ કરી કે સુરેન્દ્રનગર સુધી જઈને નાણા અને સમયનો વ્યય કરી સારવાર કરાવવી પડે છે.

આ ગંભીર સમસ્યા ઉકેલવા માટે પુર્વ મંત્રી આઈ. કે. જાડેજાએ ગાંધીનગર આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાને સમસ્યા ઉકેલવા માટે લેખિતમાં રજૂઆત કરી છે. આ ઉપરાંત તાલુકા મથકની સરકારી હોસ્પિટલમાં પુર્ણ સમયના સ્ત્રી રોગ નિષ્ણાંત તબીબના અભાવે સરકારી હોસ્પિટલમાંથી મહિલા દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં હજારો રૂપિયા ખર્ચીને સારવાર લેવી પડતી હોવાથી સામાન્ય પરીવારજનોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે.

રાજકોટ વેસણ

વેસણ (૫૦ કિલો)	૪૯૦૦-૫૪૦૦
ચણા	૭૯૦૦-૮૦૦૦
ચણા દાળ	૯૪૦૦-૯૯૦૦

ટેકસપેઇડ સીંગતેલ

નવા ટીન (૧૫ કીલો)	૩૦૧૫-૩૧૦૫
કપાસીયા ટીન	૨૪૦૦-૨૪૭૦
વનસ્પતી ઘી	૨૦૭૦-૨૧૦૦



એક કદમ સ્વચ્છતા કી ઓર ગિરનારની લીલી પરિક્રમા બાદ બોરદેવી રૂટ પર ભાજપ યુવા મોરચાનું સ્વચ્છતા અભિયાન

જૂનાગઢ : ભાજપા જુનાગઢ મહાનગર યુવા મોરચા દ્વારા સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીના સંદેશને જનજન સુધી પહોંચાડવાના ઉમદા આશય સાથે એક કદમ સ્વચ્છતા કી ઓર અભિયાન અંતર્ગત ગિરનાર ક્ષેત્રમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગૌરવ રૂપારેલિયાના માર્ગદર્શન હેઠળ અને ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના અધ્યક્ષ અભય રીબડીયાના નેતૃત્વમાં યુવા કાર્યકરો દ્વારા બોરદેવી રૂટ પર સફાઈ કામગીરી કરવામાં આવી હતી. પરિક્રમા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ ગિરનારની પાવન ધરતી પર પ્રકૃતિના સાનિધ્યમાં ભક્તિભાવ સાથે પગલાં ભરી ગયા હતા. આ ધાર્મિક અને આધ્યાત્મિક યાત્રા પૂર્ણ થયા બાદ પરિક્રમા માર્ગ તથા જંગલ વિસ્તાર ફરી સ્વચ્છ બને, પ્રકૃતિનું સૌંદર્ય જળવાઈ રહે અને જંગલમાં વસતા વન્ય પ્રાણીઓ માટે કોઈ પ્રકારની અડચણ કે જોખમ ઊભું ન થાય તેવા સંવેદનશીલ વિચાર સાથે ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. (૪.૮)

જેતપુર ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટની શુભેચ્છા મુલાકાત લેતા જૂનાગઢના હરસુખભાઈ વઘાસિયા



(વિનુ જોશી દ્વારા) જૂનાગઢ, તા.,૨૭ : સામાજિક અગ્રણી અને સમૂહ લગ્નના પ્રણેતા હરસુખભાઈ વઘાસિયાએ જેતપુર ખાતે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી.

દરમિયાન પ્રશાંતભાઈ કોરાટના માતૃશ્રી અને પૂર્વ કેબિનેટ મંત્રી જશુમતીબેન કોરાટ પણ ઉપસ્થિત રહ્યા હતા. હરસુખભાઈ વઘાસિયાએ જશુમતીબેન કોરાટની પણ શુભેચ્છા મુલાકાત લઈ તેમના ખબરઅંતર પૂછ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આજે પ્રશાંતભાઈ કોરાટના પિતા અને પૂર્વ કેબિનેટ મંત્રી સ્વર્ગીય સવજીભાઈ કોરાટની પુણ્યતિથિ હોવાથી આ અવસરે હરસુખભાઈ વઘાસિયાએ સ્વ. સવજીભાઈ કોરાટને શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમના જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમણે સ્વ. સવજીભાઈની કાર્યશૈલીને યાદ કરતા જણાવ્યું હતું કે, રાજ્યના મંત્રીમંડળમાં માર્ગ અને મકાન વિભાગના મંત્રી તરીકે તેમણે કરેલી વિકાસલક્ષી અને લોકઉપયોગી કામગીરી આજે પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતની જનતા માટે પ્રેરણારૂપ છે.

દરમિયાન સામાજિક અને વિકાસલક્ષી કાર્યો અંગે પણ બંને અગ્રણીઓ વચ્ચે સકારાત્મક ચર્ચા થઈ હતી. આ ચર્ચા દરમિયાન હરસુખભાઈ વઘાસીયા જણાવ્યું હતું કે નવા યુવાનો રાજકીય ક્ષેત્રે આગળ આવે અને સેવાકીય કાર્યોમાં ભાગ લે તે પણ જરૂરી છે. યુવાનોને રાજનીતિમાં જોડાવા માટેનો અનુરોધ કર્યો હતો. શુભેચ્છા મુલાકાત દરમિયાન સુરતના અગ્રણી બિલ્ડર ગોવિંદભાઈ ભીમાણી, કેશોદના સી.એ. કુભાણી, અગ્રણી વેપારી દીપકભાઈ પાચાણી અને મેંદરડાના યુવા અગ્રણી ધ્રુવ ગઢીયા સહિતના અગ્રણીઓ પણ સાથે જોડાયા હતા.(૪.૭)

વેરાવળમાં વિરબાઈ માં ની પુણ્યતિથી નિમીતે લોહાણા સમુહજ્ઞાતિ ભોજન પ્રસાદીનું આયોજન

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૨૭: શહેરમાં જલ્યાણ ગ્રુપ દ્વારા સૌ પ્રથમવાર પુજય શ્રી વિરબાઈ માંની પુણ્યતિથી નીમીતે લોહાણા જ્ઞાતિજનો માટે સમુહજ્ઞાતિ ભોજન પ્રસાદીનું આયોજન કરાયેલ છે જેમાં સીનીયર સીટીઝન ભાઈઓ બહેનો માટે ટેબલ ખુરશી વ્યવસ્થા રખાયેલ છે આ ઉમદાકાર્ય માં સહયોગ આપવા માંગતા જ્ઞાતિજનોએ સંપર્ક કરવા જણાવેલ છે.

વેરાવળ જલ્યાણ ગ્રુપ ના ચેરમેન તેમજ લોહાણા મહાજન પ્રમુખ દીપકભાઈ કક્કડે જણાવેલ હતું કે સૌ -થમવાર તા.૨/૧૨/૨૦૨૬ ને બુધવારે સોમનાથ તથા તાલુકાના દરેક લોહાણા જ્ઞાતિજનો એ પરીવાર સાથે ભોજન પ્રસાદીનો લાભ લેવા અપીલ કરાયેલ છે.

ભકિત પરંપરાની દિવ્યજયોત પરમ પુજય માતૃશ્રી વિરબાઈ માં ની ૧૫૦ મી પુણ્યતિથી સૌ પ્રથમવાર યોજાય રહેલ છે જેથી જ્ઞાતિનજનો માં પણ ધારે થનગનાટ જોવા મળે છે લોહાણા બોર્ડીંગના વિશાળ ગાઉન્ડમાં સુંદર આયોજન કરાયેલ છે જેમાં સીનીયર સીટીઝન ભાઈઓ બહેનો માટે ટેબલ ખુરશી ની વ્યવસ્થા રાખેલ છે સૌથી મોટા કાર્યમાં જે કોઈ જ્ઞાતિજનો કાચી સામગ્રી અથવા આર્થિક સહયોગ આપવા ઈચ્છા હોય તેમને જલ્યાણ ગ્રુપ ની પ્રોજેકટ ટીમ ના સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.(૨૩.૧૫)

જિલ્લા સરકારી વકીલની કચેરી જુનાગઢ દ્વારા બંધારણ દિવસની ઉજવણી

જૂનાગઢ : જિલ્લામાં ડાયરેકટર ઓફ પ્રોસીકયુસનની કચેરી,ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા મળેલી માર્ગદર્શીકા અનુસંધાને જિલ્લા સરકારી વકીલશ્રીની કચેરી ધ્વારા આલ્ફા સ્કુલ-૩, મોતીબાગ, જુનાગઢ ખાતે બંધારણ દિવસની ઉજવણી નો કાર્યક્રમ યોજવામાં આવેલો હતો. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન જિલ્લા સરકારી વકીલશ્રી નિરવભાઈ પુરોહિત દ્વારા પ્રવચન કરવામાં આવેલ હતુ, જયારે બંધારણના વિષય અન્વયે એ.પી.પી. શ્રી સૈયદ દ્વારા વકતવ્ય આપવામાં આવેલ હતુ, તેમજ કાર્યક્રમમાં સંસ્થાના સંચાલક જી. પી. કાઠી દ્વારા બંધારણ ઉપરના તેમના મુકત વિચારો રજુ કર્યા હતા અને અંતમાં એ.ડી.પી.પી. જે. એમ. દેવાણીએ આભારવિધી કરેલી હતી અને આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય ગીત વંદેમાતરમ કરવામાં આવેલ ત્યારબાદ બંધારણના આમુખનુ પઠન કરવામાં આવેલ અને અંતમાં રાષ્ટ્રગાન કરીને સૌએ દેશભક્તિ રજુ કરેલી હતી. માટે એ.ડી.પી.પી. વિ. એન. માઢકએ એન્કર તરીકે સેવા આપેલી હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહેલા. (૪.૭)



૪૧મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા તા. 3 જાન્યુઆરીએ યોજાશે

જૂનાગઢ, તા.૨૭: ગરવા ગિરનારની ૪૧મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન તા. ૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કરવામાં આવનાર છે. સ્પર્ધાના સુચારુ અને સલામત આયોજનના ભાગરૂપે જિલ્લા કલેકટર શ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ રાજ્યભરમાંથી સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધકો માટે રહેવા-જમવાની સુવિધા સહિતની વ્યવસ્થાઓની વિગતવાર સમીક્ષા કરી હતી. ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા પડકારજનક અને જોખમી હોવાથી સ્પર્ધકોની સુરક્ષા અને આરોગ્યને ધ્યાને રાખીને સમગ્ર સ્પર્ધા દરમિયાન પૂરતી મેડિકલ ટીમ અને એમ્બ્યુલન્સ તૈનાત રાખવા તેમજ જરૂરિયાતના સમયે તાત્કાલિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત ગિરનારની સીડીના જરૂરી રીપેરીંગ, સાફ-સફાઈ તેમજ અવિરત વીજ પુરવઠો સહિતની સુવિધાઓ સમયસર સુનિશ્ચિત્રે ઉલ્લેખનીય છે કે, આગામી તા. ૭ ફેબ્રુઆરીના રોજ યોજાનારી ૧૯મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ સ્પર્ધાના આયોજન અંગે પણ બેઠકમાં જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાએ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓ અંગે વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. બેઠકમાં કમિશનર આઈ.આર. વાળા, નિવાસી અધિક કલેકટર બી.એસ. બારડ, પ્રાંત અધિકારી વૃશાલી કાંબલે સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (૭.૨૩)

વેરાવળ ખાતે 'સંવિધાન દિવસ' ની ઉજવણી

કલેક્ટરશ્રી, જિલ્લા પોલીસ વડા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પરિસંવાદ યોજાયો



(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૨૭: નાગરિકોમાં બંધારણીય મૂલ્યો અને તેના પાલન અંગે જનજાગૃતિ લાવવાના સંનિષ્ઠ હેતુથી ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ગાંધીનગર અને સરકાર સરકારી વકીલની કચેરી, વેરાવળના સંયુક્ત ઉપક્રમે આજે વેરાવળની ક્રિસ્ટલ સ્કૂલ ખાતે 'બંધારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લા કક્ષાના 'સંવિધાન દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવાની સાથે જ બંધારણ અંગે વિશેષ પરિસંવાદમાં તજજ્ઞો દ્વારા આમુખ, બંધારણનો હાર્દ અને વિવિધ કલમોની ઉપયોગીતા વિસ્તૃત રીતે સમજાવવામાં આવી હતી.

સંવિધાન દિવસની શુભકામના પાઠવતાં કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ભારતીય બંધારણ વિશ્વમાં સૌથી મોટું, વિષદ અને લેખિત બંધારણ છે. ન્યાયતંત્ર, સંસદ, કારોબારી અને પ્રેસના ચાર સ્તંભો એકબીજાના પૂરક બને અને દેશની પ્રગતિ થાય, દેશના છેવાડાના માનવી સુધી ન્યાય પહોંચી વિકાસની ધારામાં જોડાય તેવું આપણું બંધારણ છે.

આ ઉજવણીમાં જિલ્લા પોલીસ વડા સેકેટરી જે.એન.પટેલ, ક્રિસ્ટલ સ્કૂલના આચાર્ય હાર્દિક જયસ્વાલ, જિલ્લાના યુનિવર્સિટીના કુલપતિ નરેન્દ્રભાઈ કાનૂનવિદો, કાયદા શાખા સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ અને અગ્રણ્ય નાગરિકો સહભાગી થયાં હતાં.(૨૩.૧૬)

અમરેલીમાં જીલ્લામાં વધુ ત્રણ અપમૃત્યુ

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી, તા.૨૭: બાબરા તાલુકાના ગોખલાણા - વાવડા રોડ વાવડા ગામની સીમમાં નાનજીભાઈ ગગજીભાઈ મકવાણા ઉ.વ.૭૦ રહે.વાવડા વાળાના બાઈક આડે કુતરૂ ઉતરતા બાઈકને અચાનક બ્રેક મારતા બાઈક સ્લીપ થઈ જતા પોતે રોડ ઉપર ફંગોળાઈ જતા માથા તથા શરીરે ઈજાઓ થતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પુત્ર રમેશભાઈ નાનજીભાઈ મકવાણાએ બાબરા પોલીસ મથકમાં જાહેર કરેલછે. બીજા બનાવમાં લીલીયા તાલુકાના ભોરીંગડા ગામે હાલસુરત રહેતા પ્રકાશભાઈ હિંમતભાઈ ચૌહાણ ઉ.વ.૩૭ને છેલ્લા છયેક મહિનાથી કમળાની બિમારી હોય. ખાવા પીવાનું બંધ કરી દીધેલ અને છાતીમાં દુખાવો થતો હોય. જેના કારણે હદય બંધ પડી જતા મોત નિપજયાનું મુકેશભાઈ દેવજીભાઈ ચૌહાણે લીલીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. ત્રીજા બનાવમાં અમરેલી ચિતલ રોડ પોસ્ટલ કોલોનીમાં રહેતા શૈલેષભાઈ બુધાભાઈ ગોયલ ઉ.વ.૨૮ ધંધાથી તેમજ માનસીક બીમારીની દવા ચાલુ હોય. જેનાથી કંટાળી જઈ પોતે પોતાની મેળે એસીડ પી જતા ભાવનગર વેદા આઈ.સી.યુ. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજયાનું પિતા બુધાભાઈ નાનુભાઈ ગોયલે અમરેલી સીટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

અકસ્માત

સાવરકુંડલા કૃષ્ણગઢ રોડ ઉપર તા.૨૩-૧૧ સવારના ૧૧ કલાકે આરોપીએ પોતાની કેરી વાહનજી.જે.૩૬વી. ૧૮૬૨ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી માણસી જીંદગી જોખમાઈતે રીતે ચલાવી ફરિયાદી રફીકભાઈ મહમદભાઈ દલના દિકરા સમીરભાઈના બાઈક સાથે અથડાવી માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા મોઢાના ભાગે દાઢી ગાલ તથા કપાળના ભાગે, છાતીના ભાગે અને ખંભા પાસે હાંસડીના ભાગે ફેકચર કરી શરીરે નાની મોટી ઈજા કરી ગુન્હો કર્યાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રૌઢને ઈજા

ખાંભા તાલુકાના ધુંધવાણા ગામે મધુભાઈભગવાનભાઈ મકવાણા ઉ.વ.૪૦ રહે. કંટાળા તથા તેની સાથેના પોતાનું બાઈક લઈને ધુંધવાણા ગામના ભુરાભાઈ રાઠોડની દુકાન પાસે પહોચતા આરોપી બજાજ કંપનીની મેકસીમાં ભાર રીક્ષા જી.જે.૩૨ સી. ૫૯૦૭ પુર ઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે અથડાવી જમણા પગના ગોઠણા ભાગે ઓપરેશન લાવી ફેકચર કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી નાસી ગયાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બગસરામાં યુવાન ઉપર હુમલો

બગસરા નાયરા પેટ્રોલ પંપ પાસે રહેતા ઉમેશભાઈ મનહરભાઈથળેસા (મકવાણા) ઉ.વ.૨૩ને સાગરભાઈ અરવિંદભાઈ જીંજુવાડીયા સાથે મજુરીના પૈસા લેવા બાબતે માથાકુટ થયેલ હોય. તેનું મનદુ:ખ રાખી તેના ભાણીયા ભાવીનકાંતીભાઈ નાગપરા, કરણ ડાબી, મિલન તથા ગોપાલ ઉર્ફેરવી રહે.ડુંગરપુરજી. જુનાગઢ વાળાઓએ આવી ઉમેશભાઈને ભાવીને માથામાં કપાળના ભાગે બેઝબોલના ધોકા વડે મારમારી ત્રણ ટાંકા લાવી તેમજ કરણ, મિલન તથા ગોપાલ ઉર્ફે રવીએ ઉમેશભાઈ તથા તેના ભાઈ જગદિશભાઈને ઢીકાપાટુ વડે મારમારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુન્હો કર્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

છેતરપીંડી કરી

અમરેલી ચકકરગઢ રોડ ઉપર રહેતા વિજયભાઈ જીણાભાઈ ઉ.વ.૪૮ના મોબાઈલમાં ઈ-ચલણ નામની એપીકે ફાઈલ આવતા વિજયભાઈ દ્વારા એપીકે ફાઈલ ડાઉનલોડ કરતા ઈલેકટ્રોનિક માધ્યમ દ્વારા અપ્રમાણીકતાથી અલગ અલગ ટ્રાન્જેકશન દ્વારા આરોપીએ પોતાના બેંક ઓફ બરોડાના એકાઉન્ટ નં.૩૯૩૪૦૬૦૦૦૧૧૧ ૮૧૨૪ના ધારકે વિજયભાઈના ખાતામાંથી કુલ રૂ.૯૮,૦૦૦ મેળવી લઈછેતરપીંડી કરી ગુન્હો કર્યાની અમરેલી સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. (૨૨.૧૭)

વેરાવળ એસ.ટી.ડેપોને લીલી પરિક્રમા-કાર્તિકી પૂનમનો મેળો ફળ્યો

મુસાફરોને સુગમ પરિવહન સેવા પૂરી પાડી સાત દિવસમાં રૂ. એક કરોડથી વધુની આવક રળી

(દિપક કક્કડ દ્વારા)ગીરનારની લીલી પરિક્રમા અને સોમનાથ જ્યોર્તિલિંગના આંગણે યોજાયેલા કાર્તિકી પૂર્ણિમાના મેળાના અવસરે વેરાવળ એસ.ટી.ડેપોમાં મહત્તમ ટ્રાફિક નોંધાયો હતો. આ બન્ને અવસરે એકસ્ટ્રા સંચાલન થકી એસ.ટી.એ મુસાફરોને સરળ અને સુગમ પરિવહન સેવા સુવિધા પૂરી પાડી સાત દિવસમાં રુ. એક કરોડથી વધુની આવક રળી હતી.

તા.૧૯/૧૧/૨૦૨૬ થી તા.૨૫/૧૧/૨૦૨૬ દરમિયાન તમામ વાહનોમાં મહત્તમ ટ્રાફિક રહેવાના કારણે આ દિવસો દરમિયાન વેરાવળ ડેપોની કુલ આવક રૂ. ૧,૦૫,૧૧,૯૦૮ જેટલી થઈ હતી એમ એસ.ટી.ડેપો મેનેજર દિલીપ શામળા દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

એસ.ટી.ડેપો મેનેજર દિલીપ શામળાએ જણાવ્યું હતું કે, ડ્રાઈવર અને કન્ડકટર્સે સતત સંચાલન અને એક પણ અકસ્માત કે એક પણ બ્રેક ડાઉન થયા વગર સલામત સંચાલન કર્યું હતું. તેમજ મિકેનિક સુપર વાઈઝરો, મિકેનીકલ સ્ટાફ દ્વારા વાહનોની યોગ્ય જાળવણી કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર ૨૭,૮૮,૫૬૭ વધારાની આવક મેળવી નિગમના વેરાવળ એસ.ટી. ડેપો દ્વારા હતી. ડ્રાઈવર્સ અને કંડકટરની મહેનતનો ૧૦૫ વાહનોનો ઉપયોગ કરીને ૪૪૨ ટ્રીપ ફાળો આ વધારાની આવકમાં મહત્તમ સાથે ૫૭,૭૪૮ વધારાના કિલોમીટરનું રહ્યો હતો. આ તમામ ડ્રાઈવર-કંડકટરની સંચાલન કરી અને ૨૦,૪૨૫ મુસાફરોને ઉત્કૃષ્ટ કામગીરી માટે ડેપો મેનેજરશ્રીએ વધારાની સુવિધા પૂરી પાડી અને રૂ. ગૌરવની લાગણી વ્યકત કરી હતી.(૨૩.૧૭)

જુનાગઢ

મગફળી	૨૯૭૦૦
સીંગખોળ	૪૮૫૦૦
લાઈન તેલીયા	૨૭૬૦

ધોરાજી

મગફળી	૨૯૬૦૦
સીંગખોળ	૪૯૦૦૦
લાઈન તેલીયા	૨૭૫૫

જામનગર

મગફળી	૧૧૦૦-૧૭૫૦
કામકાજ:	૨૦,૦૦૦ ગુણી
સીંગખોળ	૪૯૦૦૦
તેલીયા ટીન	૨૭૬૦
સીંગતેલ લુઝ	૧૭૭૫
છૂટક ૧ કિ.ગ્રા.	

કોપરેલ-દિવેલ

કોપરેલ	૩૯૫૦-૪૧૫૦
દિવેલ	૨૬૦૦-૨૭૫૦

રાજકોટ મગફળી

મગફળી	૧૧૦૦-૧૮૦૦
આવક:	
,, ઝીણી:	૧૧૦૦-૧૮૦૦
,, મોટી:	૧૧૦૦-૧૭૨૦
,, નવી:	

કપાસીયા ખોળ

કપા. વરાડી છાલા	
૫૦ કિલો	૨૧૦૦-૨૩૦૦

કેશોદ-વેરાવળ

મગફળી	૨૯૬૦૦
સીંગખોળ	૪૮૩૦૦
લાઈન તેલીયા	૨૭૫૫

મુંબઇ ખાંડ

ખાંડ સી	૫૪૦૦-૫૫૦૦
ખાંડ ડી	૫૩૦૦-૫૪૦૦

અમદાવાદ ખાંડ

ખાંડ સી	૫૫૦૦-૫૬૦૦
ખાંડ ડી	૫૪૦૦-૫૫૦૦

રાજકોટ ખાંડ

ચલાવ સી	૫૫૦૦-૫૬૦૦
ચલાવ ડી	૫૪૦૦-૫૫૦૦
આવક	૫૦૦૦ ગુણી

મહારાષ્ટ્ર

મીલ ડીલી. સી	૫૦૦૦-૫૧૦૦
મીલ ડીલી.ડી.	૪૯૦૦-૫૦૦૦

દીવ ટાપુ પર પ્રથમ વખત 'વર્લ્ડ સિંધિ મેળો' વિશ્વભરના સિંધીઓ એકત્રિત થયા



જૂનાગઢ, તા.૨૭: દીવના ઐતિહાસિક અને રમણીય ટાપુ પર પ્રથમ વખત 'વર્લ્ડ સિંધિ મેળા - દુનિયા જે સિંધિયુન જો મેળો દરિયા તે'નુ આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન હોટેલ ગેટવે બાય તાજ, દીવ ખાતે યોજાયેલા આ ચાર દિવસીય કાર્યક્રમમાં વિશ્વભરમાંથી મોટી સંખ્યામાં સિંધીઓએ ભાગ લીધો હતો. આ મેળો સિંધિ સંસ્કૃતિ, પરંપરા, એકતા અને ભાઈચારાનું અનોખું પ્રતીક બની રહ્યો હતો.

કાર્યક્રમનું આયોજન શ્રી સિંધિ સમાજ (ઉના) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો કોન્સેપ્ટ અને ડિઝાઈન મુંબઈના જાણીતા ગાયક, ઈતિહાસકાર અને સિંધિ સંસ્કૃતિના જાણકાર પ્રેમ ભારતીય (**Singer & Historian, Mumbai**) દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. સંચાલન દીવના લોકેશ કારિયા દ્વારા સંભાળવામાં આવ્યું હતું, આયોજનમાં વિવિધ મહાનુભાવો, મહેમાનો અને તમામ ટીમો વચ્ચે સંકલન કરવાની મહત્વપૂર્ણ જવાબદારી જૈનિલ જેઠવાણી દ્વારા નિભાવવામાં આવી હતી.

આ મેળામાં રાજસ્થાન વિધાનસભાના અધ્યક્ષ વાસુદેવ દેવનાનીજી, લોકસભાના સાંસદ શંકર લાલવાણીજી, દીવના કલેક્ટર રાહુલ બોરાજી, ડેપ્યુટી કલેક્ટર શિવમ મિશ્રાજી તથા પ્રિન્સિપાલ નિતિન ગજવાણીજી સહિત અનેક ઉપસ્થિત રહ્યા હતા.

આ ભવ્ય આયોજનમાં સિંધિ સમાજ (ઉના)ના આગેવાનો ભાગચંદ સુખવાણી (કાળુભાઈ), જૂનાગઢ, ઈશ્વર યુ. જેઠવાણી, લોકેશ કારિયા અને ભાવિક ઠક્કરનો ફાળો રહ્યો હતો.

શ્રી ભાગચંદ સુખવાણી (કાળુભાઈ), જૂનાગઢને સિંધિ સમાજની વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક કરેલી અમૂલ્ય સેવા, સમાજ પ્રત્યેના સમર્પણ અને યોગદાન બદલ આ કાર્યક્રમ દરમિયાન વિશેષ રીતે 'લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જલગાંવથી પૂર્વ વિધાન પરિષદ સભ્ય (**EX-MLC**) ડો. ગુરમુખ જગવાણી, પુણેથી પીતાંબર (પીટર) દલવાણી તથા દુબઈથી સતીશ ચાંદવાણીનું પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ સમગ્ર આયોજનમાં દીવના લોકેશ કારિયાનો સહયોગ રહ્યો હતો. તેમના સતત પ્રયાસો, આયોજન અને વ્યવસ્થાપનના કારણે સફળતા પ્રાપ્ત થઈ હતી.

મેળા દરમિયાન સિંધિ સંસ્કૃતિ, લોકસંગીત, પરંપરાગત ભોજન, ધાર્મિક કાર્યક્રમો, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ દ્વારા સિંધિયતની ઝલક રજૂ કરવામાં આવી હતી. દેશ-વિદેશમાંથી આવેલા સિંધિ પરિવારોએ એકબીજા સાથે મુલાકાત કરી, પોતાની સંસ્કૃતિ અને વારસાને માણ્યો અને નવી પેઢીને સિંધિ પરંપરાઓ સાથે જોડવાનો સુંદર પ્રયાસ કર્યો.

આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વભરના સિંધીઓને એક મંચ પર લાવવાનો, સિંધિ ભાષા, સંસ્કૃતિ અને વારસાનું જતન કરવાનો તથા સમાજમાં એકતા, પ્રેમ અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો હતો.

'વર્લ્ડ સિંધિ મેળો' માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ વિશ્વભરના સિંધીઓને એક પરિવાર તરીકે જોડતો સંસ્કૃતિ, એકતા અને સિંધિયતનો ભવ્ય ઉત્સવ બની રહ્યો હતો. દીવના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાયેલો આ મેળો ભવિષ્યમાં પણ આવી જ રીતે વિશ્વભરના સિંધીઓને એકત્રિત કરવાની નવી પરંપરાની શરૂઆત બની રહેશે.

આયોજક: શ્રી સિંધિ સમાજ (ઉના), કોન્સેપ્ટ અને ડિઝાઈન: પ્રેમ ભારતીય - સિંગર અને હિસ્ટોરિયન, (મુંબઈ), કાર્યક્રમનું સંચાલન: લોકેશ કારિયા, દીવ, કો-ઓર્ડિનેશન: જૈનિલ જેઠવાણીએ કર્યું હતું.(૨૩.૧૮)

જૂનાગઢ ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે યાત્રા યોજાઈ

જૂનાગઢ: સંવિધાન ગૌરવ દિવસ' નિમિત્તે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર અધ્યક્ષ ગૌરવ રૂપારેલિયા ના માર્ગદર્શન હેઠળ ગૌરવપૂર્ણ સંવિધાન ગૌરવ દિવસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ''આપણું સંવિધાન, આપણું સ્વાભિમાન''ના ભાવ સાથે યોજાયેલી આ યાત્રામાં ભાજપના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના હોદેદારો અને કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. યાત્રાનો પ્રારંભ શહીદ પાર્ક, નરસિંહ મહેતા તળાવ ખાતેથી થયો હતો અને ત્યાંથી ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા સુધી યાત્રા યોજાઈ હતી.કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંધારણના ઘડતરમાં ડો. આંબેડકરજીના અવિસ્મરણીય યોગદાનને સ્મરણ કરીને તેમના વિચારો, સમાનતાના સિદ્ધાંતો, ન્યાય, સ્વતંત્રતા અને બંધુત્વના મૂલ્યોને જીવનમાં ઉતારવાનો

સાવરકુંડલાના મેકડામા ત્રિવિધ કાર્યક્રમો

મહેશ કસવાલાની અધ્યક્ષતામાં ખાતુમુર્હૂત, લોકાર્પણ, સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ



(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા, તા. ૨૭ : મેકડા ગામમાં ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને મેકડા-ઈગોરાળા રોડનું ખાતમુહૂર્ત, ગામના મુખ્ય ચોકમાં સરદાર પટેલ સાહેબની પૂર્ણ કદની પ્રતિમા અનાવરણ અને નાણાપંચની યોજનામાંથી નિર્મિત બસ સ્ટેશનનું લોકાર્પણ કરાયું હતું. સરપંચ લાખાભાઈ સાટીયા અને એ.પી.એમ.સી. સાવરકુંડલાના વા. ચેરમેન મહેશભાઈ લખાણીના માર્ગદર્શનથી વિવિધ વિકાસ કામોનો સમાવેશ થયેલ છે.

આ પ્રસંગે મેકડા લાલજી મંદીરના મહંત શ્રી સેવાદાસ બાપુ એ.પી.એમ.સી. સાવરકુંડલા ચેરમેન દિપકભાઈ માલાણી, લાખાભાઈ સાટીયા, મહેશભાઈ લખાણી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવેલ કે સરદાર પટેલ સાહેબ એક એવું જીવન છે કે જો તે ન હોત તો આજનું ભારત છે કે કેમ તે એક પ્રશ્ન છે. ખેડૂતોને પોતાના રાઈટ ઓફ રેકર્ડ પ્રાપ્ત થાય હોય કે કેમ ? તે પણ એક પ્રશ્ન છે. તે વખતના ભારતના ૫૬૨ થી વધુ રજવાડાઓને ભારત સંઘમાં એકીકરણ કરાવના સરદાર સાહેબને લીધેલ નિર્ણયો અને કાર્યવાહીની વિસ્તૃત વિગતે માહિતી રજુ કરેલ. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધી મુકેશભાઈ મહીડા,જિ.પં.બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ પાનસુરીયા, જિ. પં. સદસ્ય પ્રતિનિધિ મુકેશભાઈ આદ્રોઝા, વંડા ગ્રામ પંચાયતના સરપંચ, વાલાભાઈ સાટીયા, તેમજ ગામના નાગરીકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમ જેઠાભાઈ સાટીયાની યાદીમાં જણાયું છે. (૯.૨૨)



ઠંડીના સુસવાટા સાથે તસ્કરો સક્રિય થતા ફફડાટ

વઢવાણની વિધવા મહિલાના મકાનમાં સવા લાખની ઘરફોડી

વઢવાણ તા.૨૭: વઢવાણની સુડવેલ સોસાયટીમાં રહેતા વિધવા મહિલાના મકાનને તસ્કરોએ નીશાન બનાવ્યુ હતુ. અને સોના-ચાંદીના આભુષણો તથા રોકડ મળી કુલ રૂપીયા ૧,૧૧,૫૦૦ની મત્તા ચોરાયાની વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. વઢવાણની સુડવેલ સોસાયટીમાં આવેલ હુસૈની મસ્જીદ પાછળ ૫૬ વર્ષીય સુભાનબેન રઝાકભાઈ ઠાસરીયા રહે છે. તેમના પતિ તથા પુત્રનું મરણ થયેલ છે.

અને તેઓ પોતાના ૧૦ વર્ષના પૌત્ર સાથે રહી રસોડાકામની મજુરી કરે છે. દસાડાના અણીયારી ગામે ખોળો ભરવાનો પ્રસંગ હોઈ તા. ૧૪-૧૧ના રોજ સાંજે તેઓ રસોડાકામે ગયા હતા. જયાંથી તા. ૧૫-૧૧ના રોજ ઘરે પરત ફર્યા હતા. અને ઘરનો મેઈન દરવાજો ખોલી અંદર જતા રૂમના દરવાજા ખુલ્લા જોવા મળ્યા હતા. જયારે ઘરમાં સામાન અસ્તવ્યસ્ત હતો. ઘરની તીજોરી ખુલ્લી હતી અને તેમાંથી રોકડ ચોરાઈ હતી. જયારે ઘરમાં રહેલ એક લીલા કલરનો લોખંડનો ટંક નજરે પડયો ન હતો. આથી આજુબાજુમાંથી પડોશીઓ ભેગા થતા અને તપાસ કરતા ઘર પાછળ બાવળમાં ટંક નકુચા તુટેલી હાલતમાં હતો અને તેમાં રહેલ કપડા વીખેર હતા જયારે તેમાં મુકેલ ઘરેણા તસ્કરો લઈ ગયા હતા.

તપાસ એએસઆઈ આર.એન. જોગરાણા ચલાવી રહયા છે.(૨.૨)

જુનાગઢમાં રવિવારે શ્રી ગુરૂનાનક સાહેબજીનો છઠ્ઠી ઉત્સવ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ, તા.૨૭: દર વર્ષની જેમ આ વર્ષ પણ શ્રી ગુરૂનાનક સાહેબજીનો છઠ્ઠી ઉત્સવ સંધાડીયા બજારમાં આવેલ જૂના ગુરૂનાનક મંદિરમાં ધામધૂમથી તા.૨૯.૧૧.૨૦૨૬, રવિવારના રોજ ઉજવવામાં આવશે. આ છઠ્ઠી ઉત્સવમાં સર્વ સાદ સંગતને લાભ લેવા મંદિરના પુજારી મહંતશ્રી ભાઈ સાહેબ ગુરૂમુખદાસ વાસવાણીની યાદીમાં જણાવેલ છે. તા.૨૯.૧૧.૨૦૨૬ રવિવારના રોજ સાંજે ૬ થી ૭ શ્રી સુખમની સાહેબશ્રીનો પાઠ સાહેબ સાંજે ૭ થી ૯ પરેશ પંજવાણી અને મહેશ ખંઢેરીયા મ્યુઝીકલ પાર્ટીનો પ્રોગ્રામ રાખેલ છે. ત્યારબાદ ૯ કલાકે આમ ભંડાળાનો આયોજન કરેલ છે. (૨૨.૧૮)



કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે નેશનલ મિલ્ક ડે ની ઉજવણી

જુનાગઢ: પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢનાં લાઈવસ્ટોક પ્રોડકટસ ટેકનોલોજી વિભાગ દ્વારા ''નેશનલ મિલ્ક ડે - ૨૦૨૬'' ની ઉજવણી કરવામાં આવેલી. એલ.પી.ટી. વિભાગમાં આચાર્યશ્રી ડો. એમ. ડી. ઓડેદરા, વિભાગીય વડાશ્રીઓ તેમજ સમગ્ર શિક્ષકગણ દ્વારા ડો. વર્ગીસ કુરિયનની પ્રતિમાને માલ્યાર્પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ વેટરનરી કોલેજના સ્નાતક કક્ષાના વિધાર્થીઓ માટે ''પોષણથી પણ વિશેષ દૂધનું મહત્ત્વ'' વિષય પર લેખ લેખન સ્પર્ધા તથા ક્વીઝ સ્પર્ધા યોજવામાં આવેલી. આ સ્પર્ધાઓમાં સ્નાતક કક્ષાના કુલ ૬૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૫૬ વિધાર્થીઓએ ક્વીઝ માં ભાગ લીધેલ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન સહયોગી બનેલ. નેશનલ મિલ્ક ડે ની ઉજવણીના ભાગરૂપે પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે આચાર્ય શ્રી ડો.એમ. ડી. ઓડેદરાના વડપણ હેઠળ ડો.એ.આર. બારીયા, સહ પ્રાધ્યાપક અને વડા, ડો. બેદીકા બોરા, ડો. આર.ડી. સિંગ, ડો. તાપસ કુમાર પાટબંધા, ડો. કે. કે. સોરઠીયા, ડો. ભાવિન ગૌસ્વામી અને ડો. ડી.વી. કાબરીયાની ટીમ દ્વારા લેખન સ્પર્ધા તથા ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જીસીએમએમએફના પ્રતિનિધિ નંદ મોહન ગુરુમૈતા, દિનેશભાઈ ગજેરા અને અક્ષયભાઈ ચુડાસમા, જીતેશ પરમાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા. (૭.૨૪)

૧૨ કરોડના ખર્ચે અમરેલીની ગટની રાંગના રીનોવેશન અને રીસ્ટોરેશન મંજૂર

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી તા. ૨૭ :.. અમરેલી, વડિયા, કુંકાવાવ વિધાનસભાના ધારાસભ્યશ્રી કૌશિક વેકરિયાએ 'વિરાસત ભી ઔર વિકાસ ભી' ના સંકલ્પને સાકાર કરતા રૂા. ૧૨ કરોડના ખર્ચે અમરેલી શહેરની મધ્યમાં આવેલી રાજાશાહી વખતની ઐતિહાસિક ધરોહર ગઢની રાંગના રીનોવેશન તથા પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે સરકારમાં સતત રજૂઆત કરેલ. જેના અનુસંધાને રૂા. ૧૨ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે શ્રી કૌશિક વેકરિયાના પ્રયાસોથી ટાવર ચોક, રાજમહેલ જેવા અમરેલીની ઓળખ સમાન હેરીટેજ સ્થળો રીસ્ટોર થયા છે. એજ દિશામાં અમરેલીના ઐતિહાસિક વારસાનું પ્રતીક એવી ગઢની રાંગનું રીનોવેશન જવા જઈ રહ્યું છે. આ કામગીરી અંતર્ગત તેનો મૂળ ઐતિહાસિક વારસો જળવાઈ રહે તે રીતે રીનોવેશન કરાશે અને મુલાકાતીઓ માટે જરૂરી આધુનિક પ્રવાસન સુવિધાઓ ઊભી કરવામાં આવશે.

ગઢની રાંગની બરાબર સામે ઠેબી નદીના કિનારે સરકારશ્રી દ્વારા રિવરફ્રન્ટ ડ્રોજેક્ટ વિકસાવવામાં આવી રહ્યો છે. રિવરફ્રન્ટની સાથે ગઢની રાંગનો વિકાસ થવાથી સમગ્ર વિસ્તારનો સંકલિત વિકાસ થશે અને શહેરની શોભામાં અભિવૃદ્ધિ થશે.

તુલસીશ્યામ અને આંબરડી સફારી પાર્કની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે અમરેલીના ઐતિહાસિક વારસાને નિહાળવાની એક નવી તક ઉપલબ્ધ થશે. જેના પરિણામે જિલ્લામાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ મળશે અને સ્થાનિક સ્તરે આર્થિક તથા રોજગારીની તકોમાં નોંધપાત્ર વધારો થશે. (૫-૧૬)

સાવરકુંડલામાં જેસર રોડ ફાટક અંડરબ્રિજનું કામ તાબડતોબ શરૂ કરવા માંગણી

મહેશ કસવાળાને કોંગ્રેસના પૂર્વ પ્રમુખ કનુભાઇ ડોડીયાની રજૂઆત



(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા તા. ૨૭: સાવરકુંડલા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ કનુભાઈ ડોડીયા એ સાવરકુંડલા લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ને કરેલ રજૂઆતમાં જણાવેલ હતું કે જેસર રોડ રેલવે ફાટક અંદર બ્રિજ કામ અત્યંત ઝડપી શરૂ કરાવવા આવે ફાટક બંધ રહેવા ના કારણે ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને હજારો નાગરિકો ટ્રાફિક ફસાય છે જેનાથી જાનહાનિ નું જોખમ રહેલું છે આ ગંભીર સમસ્યા ને પ્રાથમિકતા આપી યુધ્ધ ના ધોરણે કામગીરી પૂર્ણ કરવા માં આવે.તે લોક હિતાર્થે ગણાય તો અમારી રજૂઆત ને ધ્યાને લઈ યોગ્ય નિરાકરણ લાવવા કનુભાઈ ડોડીયા એ અંતમાં જણાવેલ હતું.(૭.૨૧)

મજેવડીમાં ચાલતા જુગારધામ પર દરોડો ૪ મહિલા સહિત ૬ પકડાયા

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ, તા.૨૭ : મજેવડી ગામે રહેતો વિમલ ગોવિંદભાઈ ચાવડા નામનો પોતાનામાં બહારથી લોકોને બોલાવી જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસે દરોડો પાડ્યો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે મકાન માલિક અને જુગાર ધામનો સંચાલક વિમલ ચાવડા તેમજ તેની સાથે જુગાર રમી રહેલા શોભનાબેન જગદીશભાઈ સંતોકી (વધાવી), મીનાક્ષીબેન પ્રવીણભાઈ સોજીત્રા (વાલાસીમડી), કીજલબેન મહેન્દ્રભાઈ દેત્રોજા, ભાવનાબેન હીરપરા (અગતરાય) તેમજ સાગર કિશોરભાઈ સોલંકી (જોષીપરા)ને ઝડપી પાડ્યા હતા.

દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂપિયા ૨૨,૦૦૦ની રોકડ રૂપિયા ૨,૪૦૦ મળી કુલ રૂપિયા ૨૪,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.(૨૩.૧૪)

જૂનાગઢના વેપારી પાસેથી ખજૂર મંગાવી સાડાતેર લાખનો વિશ્વાઘાત

જે તે શખ્સે ખોટી ઓળખાણ આપી ઘૂંબો લગાવતા પોલીસ ફરિયાદ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ, તા.૨૭: જૂનાગઢના મીરાનગર વિસ્તારમાં રહેતા અને શહેરની દાણાપીઠમાં પાવન ટ્રેડિંગ નામની પેઢી ધરાવતા ખજૂરના વેપારી જયપ્રકાશ અમૃતલાલ સોઢા સાથે રૂપિયા ૧૩,૪૩,૭૩૯નો વિશ્વાસઘાત થયાની ફરિયાદ થતા એ-ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

વિગતો એવી છે કે, વેપારી જય-કાશ સોઢાને બે વર્ષ અગાઉ મહેસાણાના અમિત લક્ષ્મણભાઈ સીંધીએ યશ એન્ટરપ્રાઈઝની ઓળખાણ આપી વિશ્વાસ કેળવ્યો હતો.

તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ મહેસાણાની ખીમજીભાઈ હરજીભાઈ શેઠીયાની ખોડિયાર ટ્રેડર્સ અને યોગેશભાઈ રાવલની ઓમ ટ્રેડર્સના નામની પેઢીમાં ખજૂરનો માલ મોકલવાનું કહેતા સૌરઠ ટ્રાન્સપોર્ટ મારફતે માલ મોકલાયો હતો. બંને પેઢીના બિલ મુજબ ખજૂરના માલના કુલ રૂપિયા ૧૩,૪૩,૭૩૯ નીકળતા હતા.

પાર્ટીઓને ફોન કરતા અમિતભાઈ સાથે વાત કરવાનું જણાવાતું અને તે ઉઘરાણી ટાળતા હતા.

આ બાબતમાં ગઈકાલે વેપારીએ ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ વાય. એન. સોલંકીએ વધુ તપાસ હાથ ધરી હતી.(૨૩.૧૩)

છેવાડાના વિસ્તારના ગરીબ વ્યક્તિ સુધી મફત અનાજ પહોંચે તેવા સરકારના પ્રયાસો વચ્ચે ડિજિટલ સિસ્ટમ બની રહી છે વિક્ષેપ રૂપ

રાશન વિતરણમાં Mantra L1ના નવા અપડેટ થી સ્થિતિ બની વધુ કફોડી: હજારો ગ્રાહકો અને દુકાનદારો પરેશાન

૧.૫.૨ અપડેટ બાદ ફિંગરપ્રિન્ટ લેવામાં ભારે મુશ્કેલી: સતત સર્વર ડાઉન અને સિસ્ટમની ધીમી ગતિના કારણે ગ્રાહક અને દુકાનદાર વચ્ચે થાય છે ઘર્ષણ: રાશન કાર્ડ ધારકોએ કામ ધંધા છોડી વારંવાર ધક્કા પડે છે ધક્કા: C.B.D.C. એપ પણ સદંતર નિષ્ફળ: તંત્ર તાત્કાલિક ઉકેલ લાવે તેવી માંગ

(સંજય દેવાણી દ્વારા) કેશોદ તા.૨૭: મફત રાશન યોજના હેઠળ છેવાડાના વિસ્તારના ગરીબ વ્યક્તિ સુધી અનાજ પહોંચે તેવા સરકાર ના પ્રયાસો વચ્ચે ડિજિટલ સિસ્ટમ અવરોધ રૂપ બની રહેલ હોય તેવું સ્થિતિ પરથી જણાઈ રહ્યું છે. રાશન વિતરણ વ્યવસ્થામાં ઉપયોગમાં લેવાતા **Mantra L1** ડિવાઈસના નવા ૧.૫.૨ અપડેટ બાદ સર્વર ડાઉન તથા સિસ્ટમની ધીમી ગતિ ના કારણે ફિંગરપ્રિન્ટ લેવામાં મુશ્કેલી ઊભી થતાં તેમજ સી.બી.ડી. સી. એપ ની સાઈટ નહીં ખુલતા હજારો રાશનકાર્ડ ધારકો તેમજ ફેર પ્રાઈસ શોપ ના દુકાનદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે. આ સ્થિતિ વચ્ચે રેશનકાર્ડ ધારકોએ વારંવાર ધક્કા ખાવા પડે છે જેના કારણે ગ્રાહકો અને દુકાનદારો વચ્ચે ક્યારેક ઘર્ષણ થતું પણ જોવા મળે છે.

ગ્રામ્ય તથા નાના શહેરી વિસ્તારોમાં રાશનકાર્ડ ધારકોમાં મોટાભાગે ખેતમજૂર અને શ્રમિક વર્ગના લોકોનો સમાવેશ થાય છે. શિયાળાની ઠંડીમાં તેમની આંગળીઓ ઠંડી પડી જવી અથવા ચામડી ખેંચાઈ જવી, સતત મજૂરીના કારણે આંગળીઓ ના ટેરવાં ઘસાઈ જવા કે ખરબચડાં થઈ જવા જેવી સમસ્યાઓ સામાન્ય છે. આ સંજોગોમાં ''આંગળીઓની છાપ'' (ફિંગરપ્રિન્ટ) અનેક વખતના પ્રયત્નો બાદ પણ આવતી ન હોય આ સ્થિતિ વચ્ચે રાશન ધારક તથા દુકાનદારે સમયની બરબાદી સાથે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

પ્રાપ્ત માહિતી મુજબ ફિંગરપ્રિન્ટ લેવામાં લાંબો સમય લાગે છે, માત્ર બે ફિંગરપ્રિન્ટ લેવામાં પણ પાંચ મિનિટથી પણ વધુ સમય પસાર થઈ જાય છે, છતાં અનેક ગ્રાહકોની ફિંગરપ્રિન્ટ કેપ્ચર થતી નથી. પરિણામે રાશન વિતરણમાં વિલંબ થાય છે આ સ્થિતિ વચ્ચે પોતાનો કામ ધંધો છોડીને અનાજ લેવા માટે આવેલ અસંખ્ય ગ્રાહકો ને કલાકો સુધી રાહ જોવાની ફરજ પડે છે. બીજી તરફ **C. B. D. C.** એપ. નો પણ સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આ એપ ખૂલતી ન હોય જાણકારો આ એપ સદંતર નિષ્ફળ નીવડેલ હોવાનું જણાવી રહેલ છે.

રાશનકાર્ડમાં દર્શાવેલ અન્ય સભ્યોના ફિંગરપ્રિન્ટથી અનાજ મળતું નથી. પરિણામે સ્થિતિ એવી ઊભી થાય છે કે, આ અંગે પસંદગી પામેલ નંબર વાળો મોબાઈલ ધરાવતા પરિવારના દીકરા દીકરીઓ કે અન્ય સભ્યો અભ્યાસ અર્થે અથવા સર્વિસ કે કામ ધંધા માટે બહારગામ રહેતા હોય પરિણામે આવા રાશનકાર્ડ ધારકો એ સરકારશ્રી ની આ યોજના ના લાભ થી વંચિત રહેવું પડે છે. જોકે આ ઉદ્ભવેલ સમસ્યા ના સમાધાન ના વિકલ્પ રૂપે દર માસની તારીખ ૨૬ થી ૩૦ કે ૩૧ દરમિયાન માત્ર ચાર-પાંચ દિવસ માટે રાશનકાર્ડ માં નામ ધરાવતા પરિવારના અન્ય સભ્યો માટે ફિંગર પ્રિન્ટની વ્યવસ્થા કરવાની તંત્રએ ફરજ પડેલ છે. પરંતુ આ એપ ક્યારેક તો ૨૬ તારીખ બાદ પણ ખુલતી ન હોય લોકોએ રેશનીંગ ની દુકાને વારંવાર ધક્કા ખાવા પડે છે.

સામાન્ય રીતે નબળી આર્થિક સ્થિતિ ધરાવતા લોકોને સરકારશ્રીની આ મફત રાશન યોજના નો લાભ મળે છે. પોતાના કામ-ધંધા બંધ પાડીને રાશન મેળવવા માટે ગ્રાહકો રાશનની દુકાને કલાકો સુધી લાઈનમાં ઉભતા હોય છે. આ સ્થિતિ વચ્ચે સર્વર ડાઉન સહિત ના ટેક્નિકલ ક્ષતિ ના કારણોસર ખાસ્સો સમય બગાડતા અને રાશન ન મળતાં તેઓ સ્વાભાવિક રીતે દુકાનદારો સામે રોષ વ્યક્ત કરે છે. ટેકનિકલ ખામી હોવા છતાં પણ દુકાનદારો એ ગ્રાહકોના ગુસ્સા અને ફરિયાદોનો સામનો કરવો પડે છે. આમ, ગ્રાહકો અને દુકાનદારો બન્ને ભારે પરેશાની અનુભવી રહ્યા છે. ત્યારે સંબંધિત તંત્ર દ્વારા સ્થિતિનો તાત્કાલિક અસરથી ઉકેલ લાવવા માંગણી ઉઠાવી છે.(૨.૫)

સાવરકુંડલામાં ગેસ સિલિન્ડરની અપૂરતી સપ્લાય અંગે મહેશ કસવાલાની કલેકટર અને IOC અધિકારીઓને તાત્કાલિક રજૂઆત

એક વર્ષથી ગેસ સપ્લાયની સમસ્યાથી લોકો પરેશાન, નિયમિત અને પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા ધારાસભ્યની માંગણી

(ઈકબાલ ગોરી, દિપક પાંધી દ્વારા,) સાવરકુંડલા, તા.૨૭: છેલ્લા એક વર્ષથી ગેસ સિલિન્ડરના પુરવઠા અંગે વારંવાર સમસ્યાઓ ઊભી થઈ રહી છે. સવારના વહેલા સમયે પણ નાગરિકો ગેસ સિલિન્ડરની અછત અને વિતરણની મુશ્કેલીઓ અંગે ફોન કરીને પોતાની ફરિયાદો અને વ્યથા રજૂ કરી રહ્યા છે. મળી રહ્યો નથી તે અંગે સામાન્ય નાગરિકોને રોજિંદી જીવનની આવશ્યકતા એવા ગેસ સિલિન્ડર માટે આ રીતે પરેશાન થવું પડે તે યોગ્ય



ન પડે તે સુનિશ્ચિત કરવામાં આવે.

ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું છે કે નાગરિકોની રોજિંદી જરૂરિયાતો સાથે જોડાયેલી આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ આવે અને સાવરકુંડલામાં ગેસ સિલિન્ડરનો પૂરતો તથા નિયમિત પુરવઠો સુનિશ્ચિત થાય તે માટે સંબંધિત તંત્રએ ગંભીરતાથી કાર્યવાહી કરવી જોઈએ.

સાથે જ ગેસ એજન્સીના ટ્રાન્સફર સંબંધિત પ્રક્રિયા પણ સરળ, સુવ્યવસ્થિત અને અવિરત રીતે થાય તે જરૂરી છે. એજન્સી ટ્રાન્સફરની પ્રક્રિયા દરમિયાન ગેસ વિતરણ વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય અને લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે અંગે પણ ખાસ તકેદારી રાખવા માંગ કરવામાં આવી છે. (૨૨.૩)

વિસાવદર નજીક મોટા કોટડા પાસે ટ્રકમાં ૭૬૫૯ બોટલ ઈંગ્લીશ ૧૨ લાખનો દારૂ ઝડપાયો

ટાટા ટોરસ ટ્રકમા લોખંડ-લાકડાની પ્લેટથી બનાવ્યું હતું ગુપ્ત ચોરખાનું, ચાલકની ઝડપી પૂછપરછમાં ભાંડો ફૂટ્યો: બગસરાથી બિલખા આવતો'તો: ભાણવડ પંથકનો શખ્સ પકડાયો

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૨૭: જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ દેશી-વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા અને ગેરકાયદે પ્રવૃત્તિને સંપૂર્ણપણે ડામી દેવા કડક સૂચના આપેલી હોય, તે અનુસંધાને જૂનાગઢ રેન્જના પોલીસ ઈન્સ્પેકટર વાય.બી. રાણા તથા પો.સ.ઈ. આર.જી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. બી.ડી. માવદિયા તથા કચેરીના પોલીસ સ્ટાફ વિસાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મોટા કોટડા ગામ નજીક પહોંચતા બાતમી મળી હતી કે, એક ટાટા કંપનીના ટોરસ ટ્રક જીજે-૨૫-યુ-૮૮૮૨માં ઠાઠાના ભાગે ઈંગ્લીશ દારૂ ભરેલો છે, જે ટ્રક બગસરા તરફથી આવીને બીલખા તરફના રોડ બાજુ થનાર છે.

બાતમી મુજબના વાહનની વોચમાં હતા તે દરમિયાન બાતમી મુજબનું વાહન ટોરસ ટ્રક બગસરા ગામ તરફથી બીલખા તરફ આવતા વાહન રોકાવી લીધું હતું અને ટ્રકના ચાલકને ટ્રકમાંથી ઉતારીને ટોરસ ટ્રક જોતા પ્રથમ નજરે ટ્રકનો ઠાઠાનો ભાગ ખાલી અને માત્ર લોખંડ અને લાકડાના પતરાવાળું તળિયું જોવામાં આવ્યું હતું અને ટ્રક ચાલકને ટ્રકમાં દારૂ કઈ જગ્યાએ મૂકી સંતાડી રાખેલ છે તે બાબતે પૂછતા ટ્રકમાં કોઈ જગ્યાએ દારૂ નહીં હોવાનું જણાવી પોલીસને ગુમરાહ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, બાદમાં તેની ખોટી જણાવેલી હકીકતમાં વિશ્વાસમાં ન આવી ટ્રક ચાલકની સઘન અને યુક્તિપૂર્વકની પૂછપરછ કરતા આ ટ્રકના ઠાઠાના મૂળ તળિયાની ઉપર લોખંડ તથા લાકડાની પ્લેટોને સ્ક્રુ, નટ-બોલ્ટથી ખાસ રીતે ફીટ કરી બહારથી સામાન્ય રીતે ન જણાય આવે તેવું વેલ્ડિંગ કરી તથા પતરાં-પાટિયાં ગોઠવીને આખા તળિયામાં એક ગુપ્ત ચોરખાનું બનાવવામાં આવ્યું છે, તેમાં ઈંગ્લીશ દારૂ સંતાડેલો છે તેમ જણાવ્યું હતું. જેથી સ્થળ ઉપર હાજર મળી આવેલા ટોરસ ટ્રક રજી. જીજે-૨૫-યુ-૮૮૮૨ના ટ્રક ચાલક તથા ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનાર હાજર નહીં મળી આવનાર આરોપી તથા વાપી ટોલનાકા પાસે ટ્રકના ઠાઠામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર અજાણ્યા ઈસમ તથા પોલીસ તપાસમાં ખુલે તે તમામ આરોપીઓ વિરુદ્ધ વિસાવદર પોલીસ સ્ટેશનમાં ગુનો રજી. કરાવી તપાસ હાથ ધરવામાં આવી છે.

પકડાયેલા આરોપીનું નામ આલાભાઈ મેપાભાઈ સાવધારીયા રહે. મોખાણા ગામ વાડી વિસ્તાર, શિવ મંદિરની બાજુમાં, તા. ભાણવડ. જ્યારે હાજર નહીં મળી આવનાર આરોપીઓમાં (૧) દેવાભાઈ નારણભાઈ સાવધારીયા રહે. મોખાણા (૨) અજાણ્યો ઈસમ (વાપી ટોલનાકા પાસે ટ્રક મેળવી ટ્રકના ઠાઠામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર), (૩) પોલીસ તપાસમાં ખુલવા પામે તે તમામનો સમાવેશ થાય છે, કબજે કરાયેલા મુદ્દામાલમાં રોયલ ચેલેન્જ ફાઈનેસ્ટ પ્રીમિયમ વ્હિસ્કી પ્લાસ્ટિકની ૧૮૦ એમ.એલ.ની ૫૨૮ બોટલ રૂ.૯૮,૭૩૬, ઓલ સીઝન્સ ગોલ્ડન કલેક્શન રિઝર્વ વ્હિસ્કી ૪૮૦ બોટલ રૂ. ૮૯,૭૬૦, મેજિક મોમેન્ટ્સ સ્મૂથ ઓરેન્જ ફ્લેવર્ડ વોડકા ૧૯૧ બોટલ રૂ. ૨૯,૯૮૭, મોમેન્ટ્સ સ્મૂથ ગ્રીન એપલ ફ્લેવર્ડ વોડકા ૩૩૬ બોટલ રૂ. ૫૨,૭૫૨, સ્ટર્લિંગ રિઝર્વ **B7** રેર બ્લેન્ડ વ્હિસ્કી ૧૦૦૩ બોટલ રૂ. ૧,૫૭,૪૭૧, આઈકોનિક વ્હાઈટ ફાઈનેસ્ટ ઈન્ટરનેશનલ ગ્રેઈન વ્હિસ્કી ૫૦૨૮ બોટલ રૂ. ૮,૦૪,૪૮૦, રોયલ સ્ટેગ ક્લાસિક વ્હિસ્કી ૯૩ બોટલ રૂ. ૧૫,૯૯૬, એક ટાટા કંપનીનો ટોરસ ટ્રક રજી. નંબર જીજે-૨૫-યુ-૮૮૮૨ રૂ. ૧૦,૦૦,૦૦૦ અને મોબાઈલ ફોન નંગ-૦૨ રૂ. ૧૫,૦૦૦ મળી કુલ ૭૬૫૯ બોટલ સહિત કુલ રૂ. ૨૨,૬૪,૧૮૨નો મુદ્દામાલ કબજે કરાયો છે.

આ સારી કામગીરી કરનાર પોલીસ અધિકારી-કર્મચારીઓમાં પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. રાણા, પો.સ.ઈ. આર.જી. ચુડાસમા, બી.ડી. માવદિયા તથા એ.એસ.આઈ. રામદેવસિંહ ઈન્દુભા, હરદેવસિંહ અમરસિંહ, ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ, પ્રદ્યુમનસિંહ રતુભા, પો.હેડ કોન્સ. કનકસિંહ નાનુભાઈ, પ્રવીણસિંહ બાલુભાઈ, જગદીશભાઈ રામસિંગભાઈ, હરેન્દ્રસિંહ ભીખુભા, મહેન્દ્રભાઈ દાનાભાઈ, વિપુલસિંહ કિરણસિંહ, આઝાદસિંહ મૂળુભાઈ, પો.કોન્સ. ભુપતસિંહ ડોલરસિંહ, પ્રવિણસિંહ પોઠાભાઈ, ડાયાભાઈ કાનાભાઈ, અમિતભાઈ કરશનભાઈ, જીતેન્દ્રભાઈ દેસાભાઈ, અરવિંદભાઈ રસિકભાઈ વિગેરેનો સમાવેશ થાય છે.(તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ)(૨.૮)

સાવરકુંડલા: ભરતભાઇ સોલંકીના જન્મદિનની ઉજવણી



(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા તા. ૨૭: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીય ના રેલવે મંત્રી ભરતભાઈ સોલંકી ના જન્મ દિવસ નિમિતે આણંદ મુકામે યોજાયેલ મિલન કાર્યક્રમ માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી ઈકબાલભાઈ શેખ એડવોકેટ. પૂર્વ કોર્પોરેટર ઈમ્તિયાઝ કાદરી મ્યુ કાઉન્સિલર ફૈઝ મોહમ્મદ મારફતિયા. તથા સંનિષ્ઠ અગ્રણી કોંગ્રેસી આગેવાન રફિકભાઈ નગરી તથા કાર્યકર અકિલભાઈ શેખ વિગેરે મુસ્લિમ અગ્રણી ઓ એ પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતભાઈ સોલંકીનું શાલ અને કુલહાર થી સ્વાગત કરી ને અભિનંદન આપ્યા હતા અને જન્મ દિવસ ની શુભેચ્છા ઓ પાઠવી હતી. (૭.૨૧)

સાવરકુંડલામાં ગૌચર બચાવવાની વાતો વચ્ચે ડુંગરા ખોદનારા સામે પગલા ભરાશે?



(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા, તા